गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]
अनुक्रमांक ૧૫૦૯૮ वर्गांक
पुस्तकनुं नाम મણિ રત્નમાળા
विषय [illegible]

श्री

मणिरत्नमाला.

(ગુર્જરભાષામાં)

મૂલ, અક્ષરાર્થ તથા વિવેચન સાથે.

લખનાર,

કલ્યાણજી રણછોડજી વ્યાસ.

પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણ દરવાજા-અમદાવાદ.

આવૃત્તિ ત્રીજી પ્રત ૧૨૦૦

સંવત ૧૯૮૫ સને ૧૯૨૯

કીં. રૂ. ૧-૮-૦

આ પુસ્તકનો કુલ હક્ક લખનાર પાસેથી વેચાણ લઈ
પ્રસિદ્ધ કર્ત્તાએ સર્વ હક્ક સ્વાધિન રાખેલ છે.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

यस्य प्रसादादहमेव विष्णुर्मय्येव सर्वं परिकल्पितं च ।
इत्थं विजानामि सदात्मरूपं तस्यांघ्रि पद्मं प्रणतोऽस्मि नित्यं ॥

મુદ્રણસ્થાન: આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ–અમદાવાદ
મુદ્રક: ગજાનન વિ. પાઠક

॥ ॐ—तत्—सत् ॥

ઉપોદ્ઘાત.

श्रीगुरुचरणद्वन्द्वं वन्देहं, मथितदु:सह द्वन्द्वम् ।
भ्रान्तिग्रहोपशान्तिं, पांसुमयं यस्य भसितमातनुते ॥

સંસાર સમુદ્ર મહા ગહન છે, એમાં જે તોફાન અને પવન લાગે છે તે, એવા તો અસાધ્ય હોય છે કે, તેમાંથી કુશલપૂર્વક આવેલાં ઘણાં થોડાં વહાંણ કોઇની દૃષ્ટિએ આવે છે. મહાત્મા ઋષિ-મહર્ષિઓનાં વચન વિચારતાં તે કેવળ અનુભવની ખાણો ઠરે છે. તેઓનાં વૃત્તાંત તથા તેઓનું શિક્ષણ કોઇ પણ વહાણને સુખપૂર્વક સંસાર સમુદ્ર તરાવવાનો સિદ્ધ ઉપાય છે, એમ તલ્સ્પર્શ વિચાર કરતાં સમજાય છે. આ ગ્રન્થનાં વચનો એક અનુભવી મહાત્માનાં છે. અદ્વૈત જ્ઞાનયુક્ત આત્મતત્ત્વને ઉદ્દેશીને આમાંના પ્રસંગો મુમુક્ષુઓને અવશ્ય જાણવા યોગ્ય છે. બીજા કલ્પિત નકામાં પુસ્તકો વાંચવા કરતાં આવાં પુસ્તકનું રટણ કરવું, એ જ આ ક્ષણભંગુર સંસારમાં અક્ષય આનંદદાતા છે. આ ગ્રન્થ જેમ જેમ વાંચવામાં આવે, તેનું જેમ જેમ મનન કરવામાં આવે, એકાન્તમાં તેના અર્થમાં જ વિચાર માત્રને વિલીન કરી, તદાકાર થવાય, તેમ તેમ નિત્ય નવીન નવીન રમણીયતા, રચના અને ઉપદેશ એમાંથી પ્રતીત થાય છે, અને તે સમયનો આનંદ અવર્ણનીય છે. અભેદભાવની ચમત્કૃતિ જ એવી છે જેમ જેમ તલ્સ્પર્શ વિચાર કરીએ. તેમ

તેમ નિત્ય તે નવીન જણાય છે. આ પુસ્તકના મનનથી અપૂર્વ આનંદ થાય છે. જીવનને પવિત્રતા લાગે છે, તથા હૃદયમાં જે વિસ્તાર આપે છે, તે અકથનીય છે.

ગ્રન્થ, વિષય, સમ્બન્ધ, પ્રયોજન અને અધિકાર એમ ચાર પ્રકારના અનુબન્ધ યુક્ત હોય તો જ તે પ્રશસ્ય મનાય છે, તો તે ચારે પ્રકાર આ ગ્રન્થમાં આવી જાય છે. આ સર્વોત્તમ ગ્રન્થ વાચકોને પરમાનંદ તથા નિર્વૃતિ સુખમાં તદાકાર કરી નાખે છે, વિદ્વાનો આ ગ્રન્થને વિચારી મનન કરી પરમાનન્દમાં નિમગ્ન થઇ જાય છે.

આ ગ્રન્થનું ભાષાન્તર મુમુક્ષુઓ આગળ ધરતાં પહેલાં સવિનય પ્રાર્થના એટલી જ છે કે, જો કાંઇ દૃષ્ટિ દોષથી ભૂલ રહી ગઇ હોય, તો તે પ્રત્યે દૃષ્ટિ ન કરતાં અનુભવી વિદ્વાનો સુધારીને વાંચશે; કારણ કે જે કાંઇ ભ્રાન્તિને લીધે અશુદ્ધ લેખ થયો હોય, તો તેમાં કોઇ રીતે લેખકનો દોષ ન ગણવો, પણ પૃથિવી ઉપર જન્મેલા સર્વ લોકમાં ભ્રાન્તિ નામનો જે એક ધર્મ રહેલો છે, તેનો જ એ દોષ રહેલો છે. ' સર્વ: સર્વં ન જાનાતિ. '

રાજપુર-અમદાવાદ.
રામનવમી. વિક્રમ સંવત્
૧૯૫૬

કલ્યાણજી રણછોડજી વ્યાસ
ભાષાન્તર કર્ત્તા.

×मणिरत्नमाला.

अपारसंसारसमुद्रमध्ये
निमज्जतो मे शरणं किमस्ति ॥
गुरो कृपालो कृपया वदैत-
द्विश्वेशपादांबुजदीर्घनौका ॥ १ ॥

શિષ્ય પુછે છે કે—હે કૃપાલુ ગુરૂ ! આ અપાર એવા સંસાર-સમુદ્રમાં ડૂબતો એવો જે હું છું, તેને સંસારરૂપી સમુદ્રથી પાર ઉતરવાને માટે શરણ શું છે ? અર્થાત્ કયા ઉપાય-દ્વારા હું પાર ઉતરી શકું તેમ છું ? તે કૃપા કરીને કહો.

×આ ગ્રન્થ એવો તો વિશ્વવિખ્યાત છે કે-તેના ઉત્તમ વિષય વિષે યત્કિંચિત્ પણ વિવેચન કરવાની અગત્ય નથી; પરન્તુ એટલું તો કહીએ છીએ કે સંક્ષેપથી સર્વ શાસ્ત્રનો વિષય આમાં દર્શાવેલ છે. સંસારસાગરથી તરવાને આ ઉત્તમ નૌકા છે. વેદાન્તની પ્રક્રિયાની પ્રાપ્તિને માટે આ ચિન્તામણિ છે. પરમહંસોને વિશ્રાંતિને માટે આ માનસરોવર છે. આનંદ અનુભવના સંકલ્પને પૂર્ણ કરનાર આ કલ્પવૃક્ષ છે. મોક્ષની જીજ્ઞાસાવાળા મુમુક્ષુઓને આ કામધેનુ છે, અને અનેક અધ્યાસરૂપ પરિવાર સહિત અજ્ઞાનરૂપ હાથીનું મર્દન કરવામાં આ ગ્રન્થ સિંહ છે.

ગુરૂ કહે છે કે,—વિશ્વેશ! પાદાંબુજ રૂપ જે મોટું વાહાણ છે, તે તારે શરણ છે; અર્થાત્ વિશ્વેશ એટલે વિશ્વ જે જગત્ તેના ઈશ, પરમેશ્વર અથવા વિશ્વેશ તે સદ્ગુરૂ તેનાં પાદાંબુજનું સેવન કરવાથી, તે દ્વારા જ્ઞાનપ્રાપ્તિ થતાં ભવ-સંસારથી પાર ઉતરી શકીશ: એટલે કે ગુરૂના પાદારવિન્દ રૂપી વહાણ ભવાબ્ધિથી પાર ઉતારનાર છે.

વિવેચન.

આ સંસાર સમુદ્ર રુપ કહેલ છે, તે એ માટે કે, સમુદ્રમાં જેમ ગ્રાહ અને નક્ર વિગેરે છે, તેમ આ સંસાર રૂપી સમુદ્રમાં પૃથિવ્યાદિ પાંચભૂતથી બનેલ દેહમાં, ઇન્દ્રિયાદિ જડ વર્ગ રૂપી અગાધ જળમાં, જન્મ-મરણ રૂપી પરંપરાના પ્રવાહમાં એહિકામુષ્મિક્ ભોગ અને તૃષ્ણા રૂપી ગ્રાહ તથા કામ, ક્રોધ, લોભ અને મોહાદિ નક્ર છે. એવા સંસાર વિષે રમણ કરતો અજ્ઞાની જીવ પ્રબલ પ્રધાન મહા-મોહરૂપ માયાથી ગ્રસ્ત થઇ ગએલ છે. તે અજ્ઞાની જીવ પોતાની બુદ્ધિના બળથી વા મંત્રકર્મ હઠ યોગાદિક બાહ્યો-પચારથી મુક્ત થવાને અસમર્થ છે, પણ જો તે અજ્ઞાની જીવ પરબ્રહ્મનિષ્ટ ગુરુ કે જે કેવળ હરિથી અભિન્ન છે, તેને શ્રદ્ધાપૂર્વક તન મન અને ધન અર્પણ સેવારૂપ સ્તુતિથી પ્રસન્ન કરે, તો તેના આપેલા જ્ઞાનોપદેશથી તત્કાળ મુક્ત થાય, એ નિઃસંશય છે. જ્ઞાનોપદેશનો સમ્યક્ અભ્યાસ કરીને; અર્થાત્ તેના અર્થ વિષે દૃઢ નિષ્ટા રાખવામાં આવે, તો તો સર્વ દુઃખોના કારણભૂત અજ્ઞાનનો નાશ કરે એ નિર્વિ-

વાદ છે. જેમ અંધકાર અન્ય કોઈ પણ ઉપચારથી નિવૃત્ત થતો નથી; પરન્તુ માત્ર તેના વિરોધી પ્રકાશથીજ નિવૃત્ત થાય છે, તેમ આ અજ્ઞાન પણ કર્મ ઉપાસના યોગાદિક ઉપચારથી નિવૃત્ત થતું નથી; પરંતુ તેનાં વિરોધી જ્ઞાનથીજ નિવૃત્ત થાય છે. એવા સંસારિક સમુદ્રમાં પડેલાં પ્રાણિયો મધ્યે, કેટલાક પુણ્યવાન્ ભગવદ કૃપાપાત્ર; ઉત્તમાધિકારી, શાસ્ત્ર, વિચારથી અને મન્દાધિકારી, ભક્તિ, વૈરાગ્ય–આદિ સાધન પૂર્વક સંસાર સાગરથી પાર ઉતરે છે; એટલે કે જળના સમુદ્રનો પાર જેમ વાહાણ વગર આવતો નથી; અર્થાત્ જો વાહાણ રૂપી સાધન ન હોય તો, સમુદ્રમાં પડેલો મનુષ્ય પાર ન ઉતરતાં તેમાંને તેમાં તેના પ્રચન્ડ તરંગોના સપાટામાં સપડાઈને ગોથાં ખાધાં કરે; તેમજ સંસાર સમુદ્રમાં પડેલો જીવ પણ સંસારસમુદ્રથી પાર થવાના સાધન રૂપ નૌકા–વાહાણ પ્રાપ્ત ન થવાથી સંસારિક પ્રચન્ડ વાસનાઓ રૂપી તરંગનાં સપાટામાં સપડાઈ ગોથાં ખાધાં કરે છે; અર્થાત્ વારમ્વાર જન્મ–મરણ પામ્યા કરે છે. સમુદ્રમાં પડેલાને જો પાર ઉતારવાને માટે કોઈ પણ સાધન મળે, તોજ તે પાર ઉતરી શકે છે, પણ જો તેને સાધન મળે નહિ, તો તે પાણીમાં ડુબે છે, ને બાહાર આવે છે એમ ગોથાં ખાય છે. તેમજ સંસાર સમુદ્રમાં જો ખરે-ખરૂં સાધન પ્રાપ્ત થાય; તોજ જન્મ મરણના ફેરાથી મુક્ત થવાય છે. અને જો સાધન હાથ ન લાગે તો તો જન્મ–મરણ થયાજ કરે છે. માટે સંસાર સમુદ્રથી પાર થનારને, પાર થવા માટે ગુરુના ચરણકમળનો આશ્રય સર્વોત્કૃષ્ટ છે.

જેમ અપાર એવા સાગરથી વાહાણદ્વારા પાર ઉતરવાને માટે જેમ ચતુર ખલાસીની આવશ્યકતા છે; તેવીજ નહિ પણ તે કરતાં વિશેષ આવશ્યકતા સંસાર સમુદ્રથી પાર ઉતરવાને માટે ગુરુની છે; કારણ કે સંસાર સમુદ્ર અપાર છે, તેનો પાર આવવો અશક્ય છે. કરોડો જન્મ થઇ જાય પણ તેનો પાર ક્યારે આવશે, તેની ગમ પડતી નથી. જળનો જે સમુદ્ર છે તે પણ અગાધ છે, પણ તે આટલા વિસ્તારનો છે એમ તેનો માપ છે, તે કથા શ્રીમદ્‌ભાગવતના પંચમસ્કન્ધના વિશમા અધ્યાયમાં છે, જેથી તેનો તો કાળે કરીને વાહાણદ્વારા પાર લઇ શકાય, પણ સંસારરૂપી સમુદ્રથી તો જો ચોક સશરણ મળે તોજ પાર ઉતરી શકાય તેમ છે. સામાન્ય રીતે તેનો પાર આવે તેમ નથી. સંસારમાં વારમ્વાર જન્મવું અને મરવું એજ તેમાં ગોથાં મારવાનું છે, માટે જ્યારે તે ઉપાધિથી જે ઉપાયદ્વારા નિવૃત્ત થઇ જવાય, તે ઉપાય ગુરૂ કહે છે કે,—હે શિષ્ય! તારનારૂં શરણ કહેવાય, પણ જેમ સમુદ્રથી પાર ઉતરવાને માટે વાહાણઆદિ જોઇએ છીએ, દ્રવ્ય જોઇએ છીએ, તેમજ સંસાર સાગરથી પાર ઉતરવાને માટે ગુરુની અત્યાવશ્યકતા છે. ગુરુના ચરણ કમળરૂપી દૃઢ વાહાણ છે અને ગુરુના ચરણ કમળમાં અનન્ય ભાવથી પ્રેમ કરવો એ દ્રવ્ય છે. આ પ્રમાણે જ્યારે મનુષ્ય અનુસરે, તોજ સંસાર સાગરથી પાર થઇ શકે છે.

ઉપર શ્લોકમાં ‘ વિશ્વેશ ’ શબ્દ છે, તેનો અર્થ આ પ્રમાણે છે કે,—વિશ્વ એટલે જગત્ તેના જે ઇશ એટલે

નિયન્તા તે વિશ્વેશ છે. એ વિશ્વેશ તે ઇશ્વર તેનાં પાદા-મ્બુજ, ભવસાગરથી પાર ઉતરવાને માટે સર્વોત્તમ નૌકા-વાહાણ છે. ઇશ્વરનાં ચરણકમળ વાહાણ છે એ તો ખરૂં પણ તે શી રીતે વાહાણ છે? તે સમજવાની ઘણી અગત્ય છે. ઇશ્વરનાં ચરણકમળ એ રીતે વાહાણ છે કે,-સર્વ મનુષ્યે પોતપોતાનાં શાસ્ત્રોક્ત વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે અનુસરી, ઇશ્વર જે પ્રકારે પુજનાદિથી પ્રસન્ન થાય, તેવાં શુભ કર્મો કરીને, તે કર્મો ઇશ્વરાર્પણ કરી તે પરાયણ થવું તોજ સંસાર સાગર તરી શકાય છે. કહ્યું છે કે—

> ब्रह्मनिष्टो गृहस्थः स्यात् तत्व ज्ञान परायणः ॥
> यत् यत् कर्म प्रकुर्वीत तद् ब्रह्मणि समर्पयेन् ॥

ગૃહસ્થ મનુષ્યે બ્રહ્મનિષ્ટ તથા તત્ત્વજ્ઞાન પરાયણ થવું જોઇએ અને જે કાંઇ કર્મ કરવામાં આવે, તે તેણે પરબ્રહ્મને અર્પણ કરવું જોઇએ.

એ પ્રમાણેજ શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૪ થા ના ૨૪ મા શ્લોકમાં શ્રીકૃષ્ણે, અર્જુનને કહ્યું છે કે,—

> ब्रह्मार्पणं ब्रह्महवि र्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम ।
> ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्म कर्म समाधिना ॥

(જ્ઞાનીનાં સમગ્ર કર્મ શા કારણથી લીન થઇ જાય છે, તે કહે છે.) જે યજ્ઞ કર્મમાં, વેદમાં કહેલા આહવનીયાદિ અગ્નિમાં વા વેદોક્ત રીતિથી આધાન કરેલા અગ્નિમાં, ચાર વેદના તત્ત્વાર્થને જાણવાવાળા પુરૂષે હોમ કરવો, વેદોક્ત સંસ્કૃત ઘૃતાદિ હવિષ્ય, પરમેશ્વરની પ્રસન્નતા વા તેની આજ્ઞાનું

પાલન કરવું, એ અમારો નિષ્કારણ ધર્મ છે, એવું માનીને જે સમર્પણ કરે છે પણ ફળ પ્રાપ્તિની ઇચ્છાથી નહિ. અને વેદોક્ત કર્મમાંજ જેનું ચિત્ત નિર્વિકલ્પ અવસ્થિત છે. એવા પુરૂષની બ્રહ્મપ્રાપ્તિરૂપ મુક્તિ અવશ્ય થાય છે; પરન્તુ ફલ ભોગની તૃષ્ણા છુટી જવાથી પુનઃ જગતમાં તેને બદ્ધ થવાનો વા બદ્ધ રહેવાનો સમ્ભવ નથી.

કોઇપણ ફળ પ્રાપ્તિનો ઉદ્દેશ મનમાં રાખીને કરેલું કર્મ સકામ કહેવાય છે. તે કર્મના ફળાનુસન્ધાનની વાસનાનો સંચય બન્ધનનો હેતુ થાય છે, અને ફળોદ્દેશ રહિત નિષ્કારણ કર્મ મુક્તિનો હેતુ બ્રહ્મપ્રાપ્તિનું સાધન થાય છે.

ઈશ્વરના પાદારવિન્દરૂપ નૌકા (વાહાણ) સંસારસાગરથી પાર ઉતરવાનું સાધન છે, એમ કહેવાનો તાત્પર્ય એ છે કે,–મલીનાન્તઃ કરણ: અધિકારીને મૂર્તિપૂજન–આદિથી પણ ઇષ્ટ પ્રાપ્તિ થવાનો આશય દર્શાવ્યો છે. માટે અધિકાર પ્રમાણે પરમેશ્વરની સેવા કરો, અને તેમાંજ તદાકાર મનોવૃત્તિ કરી, ભવસાગરથી પાર ઉતરવું એજ સંસારમાં જન્મ લઇને અવશ્ય કર્ત્તવ્ય છે.

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वंदनं दास्यं सख्य मात्म निवेदनम् ॥

નારાયણની કથાનું શ્રવણ, વિષ્ણુનું કીર્ત્તન, વિષ્ણુ ભગવાનનું સ્મરણ, જનાર્દન ભગવાનનું પાદસેવન, ચક્રપાણિનું અર્ચન, પરમેશ્વરનું વન્દન, વૃન્દાવન વિહારીનું દાસપણું, શ્રીકૃષ્ણચન્દ્ર આનન્દકન્દનું સખાપણું અને વિશ્વનાથ

વિશ્વમ્ભરને આત્મ નિવેદન આ નવ પ્રકારની ભક્તિ છે, અને તે નવ ભક્તિના નવ ભક્ત નીચેના શ્લોકમાં કહેલા છે.

श्रीविष्णोः श्रवणे परीक्षिद् भवद्वैयासकिः कीर्त्तने ।
प्रह्लादः स्मरणे तदंघ्रिभजने लक्ष्मीः पृथुः पूजने ॥
अक्रूर स्त्व भिवंदने कपिपतिर्दास्येऽस्थ सख्येर्ज्जुनः ।
सर्वस्वात्म निवेदने बलिरभूत् कृष्णाप्ति रेषांपरा ॥

આ પણ ભક્તિના નવ પ્રકાર છે.

૧ સત્પુરૂષોનો સંગ, એ ભક્તિનો પહેલો પ્રકાર છે.

૨ ઇશ્વરની કથાના પ્રસંગમાં રૂચિ કરવી, એ બીજો પ્રકાર છે.

૩ અહંકારનો ત્યાગ કરી, ગુરૂના ચરણકમળોની સેવા કરવી, એ ત્રીજો પ્રકાર છે.

૪ કપટનો ત્યાગ કરી, ઇશ્વરના ગુણાનુવાદ ગાવા, એ ચોથો પ્રકાર છે.

૫ દૃઢ વિશ્વાસથી ઇશ્વરના નામોચ્ચારણરૂપ મંત્રનો જપ કરવો એ વેદ સિદ્ધ પાંચમો પ્રકાર છે.

૬ જીતેન્દ્રિયપણું, સારો સ્વભાવ, ઘણાં કર્મો કરવામાં વૈરાગ્ય અને સર્વદા સજ્જનોના ધર્મમાં અભિરૂચી એ છઠ્ઠો પ્રકાર છે.

૭ સર્વ જગતને ઇશ્વરમય જોવું, અને સન્તજનોને ઇશ્વરથી પણ અધિક ગણવા, એ સાતમો પ્રકાર છે.

૮ જે કાંઇ પોતાને પ્રાપ્ત થાય, તેટલાથી સન્તોષ રાખવો અને સ્વપ્ને પણ પારકા દોષો જોવા નહિ, એ આઠમો પ્રકાર છે.

૯ સર્વ સાથે છળ વગર વર્ત્તવું, ઈશ્વરનોજ ભરોંસો રાખવો, અને મનમાં હર્ષથી તથા શોકથી રહિત રહેવું, એ નવમો પ્રકાર છે.

આ સઘળા પ્રકાર જેના અન્તઃકરણમાં દઢ હોય છે, તેઓ યોગિયોને પણ દુર્લભ એવી ગતિને પામે છે, અર્થાત્ બ્રહ્મભાવને પામે છે.

ઈશ્વરના આરાધનમાં માત્ર દઢભાવ અને નિર્મળ અન્તઃકરણથી ભક્તિની જરૂર છે, અને એવા દઢ નિર્મળાન્તઃકરણની દઢભક્તિથી કેટલાક ઉત્તમ ગતિને પામ્યા છે, એ વાર્તા શાસ્ત્ર સિદ્ધ છે. જેવી અધિકારીની યોગ્યતા, તે પ્રમાણે સાકાર—નિરાકાર પક્ષ માન્ય કરવાનો આધાર અધિકારીની યોગ્યતા ઉપર રહે છે; કારણ કે યોગ્યતાના પ્રમાણમાં હૃદયની ઉર્મીઓ ઉદ્ભવે છે. પાદાંબુજ શબ્દ નિરાકારને લાગુ પડે તેમ નથી, પણ સાકારને લાગુ પડે છે.

આ પુસ્તક ગુરુ, શિષ્યના સમ્વાદરૂપે છે, માટે શિષ્યને પ્રથમ જ્ઞાનમાર્ગે વિચરાવવા સારૂ નિરાકાર પક્ષ ન લેતાં સાકાર પક્ષે સમજાવવાની આવશ્યક્તા છે; કેમકે એકદમ નિરાકાર પક્ષ અપૂર્ણ જ્ઞાનવાળાના અન્તઃકરણમાં ઉતરતો નથી, તથા પાદામ્બુજ શબ્દ સાર્થક થવા માટે આ પ્રમાણે અર્થની યોજના છે.

સાંસારિક અને વ્યાવહારિક પ્રસંગે વડિલો પરમેશ્વર સમાન છે, જેમકે પાતિવ્રત પરાયણ સ્ત્રીને તેનો પતિ, સત્પુત્રોને મા-બાપ, અને શિષ્યને, જ્ઞાનોપદેશ આપનાર ગુરુ પરમેશ્વર છે.

આ પ્રથમ શ્લોકના ચોથા ચરણમાં પહેલો શબ્દ જે 'વિશ્વેશ' છે, તે પરમાત્મા વાચક છે, તેમ ગુરુવાચક પણ થાય છે, ગુરુગીતામાં કહ્યું છે કે,—

गुरुर्विश्वेश्वरः साक्षात्तारकं ब्रह्म निश्चितं ।
शिरःपादांकितं मृत्वा गयायां साक्षयोवट ॥

સાક્ષાત્ વિશ્વેશ્વર તે સદ્ગુરુ—નિશ્ચળ બ્રહ્મરૂપ અને સંસારથી પાર ઉતારનાર જે ગુરુ તે સાક્ષાત્ વિશ્વેશ્વર છે. ગુરુનાં ચરણારવિન્દને જળ તથા ચન્દનયુક્ત કરીને શિષ્યે પોતાના શિર ઉપર ચિન્હ કરવું. આ પ્રમાણે ગુરુના ચરણારવિન્દથી અંકિત થયેલું શિષ્યનું શિર ગયાજીના અક્ષય વટ સમાન થયું. આ પ્રમાણે ગુરુના ચરણોનો અપાર, અવર્ણનીય અને અપરિમિત મહિમા છે. માટે જે જપ, તપાદિક સાધનોદ્વારા નિર્મળાન્તઃકરણ મુમુક્ષુ છે, તેને તો બ્રહ્મવેત્તા ગુરુ સાક્ષાત્ વિશ્વેશ છે. જે કાંઇ ભય નિવારણ કરે તે પણ પરમેશ્વર છે. અને તેથી જ ગુરુને પરમેશ્વર કહેલ છે; કારણકે સંસારના આવાગમનરૂપ મહાભયને ગુરુ જ્ઞાનોપદેશવડે દૂર કરી, શિષ્યને મુક્તિનો અધિકારી કરે છે, તેથી તે પરમેશ્વર છે અને તેથી જ ગુરુનાં ચરણારવિન્દ પણ નૌકા—વાહાણરુપ છે. મનોનિગ્રહ કરનાર બ્રહ્મવેત્તા ગુરુનાં પાદારવિન્દ ત્રિવિધ તાપને દૂર કરી, બ્રહ્મપ્રાપ્તિ કરાવે છે, અને તે બ્રહ્મપ્રાપ્તિ થવાથી પુનઃ આવાગમન રહેતું નથી, માટે જેમ વહાણથી સાગર તરી શકાય છે, તેમ જેને સંસારરુપી મહાસાગરથી પાર થવાની, અર્થાત્ જન્મ—મરણના મહા સંકટમાંથી મુકત થવાની જિજ્ઞાસા હોય,

તેઓને તો ગુરુનાં ચરણકમળો સંસારસાગર તરવા માટે દ્રઢનૌકા–વહાણરૂપ છે. ગુરુને કૃપાળુ શબ્દ લગાડયો છે, તે એ માટે કે જેઓ કૃપાયુક્ત હોય છે, તેઓ જ આવો સન્માર્ગ દર્શાવી તે માર્ગે વિચરવા શિષ્યને સુબોધ આપે છે. અને ગુરુ જે બોધ આપે છે તે બોધ પણ જો નિર્મળાન્તઃકરણનો શિષ્ય હોય તો જ તે એવા અમૂલ્ય બોધને અન્તઃકરણમાં ધારણ કરી શકે છે. આવાં કારણોને લીધે કૃપાળુ એ શબ્દથી શિષ્ય બીજા અનેક પ્રશ્નો કે જે વડે જગતનું શ્રેય થાય, તથા પોતે મુક્ત થાય, એવાં પુછે છે.

बद्धो हि को या विषयानुरागी
को वा विमुक्तो विषये विरक्तः ॥
को वाऽस्ति घोरो नरकः स्वदेह
स्तृष्णाक्षयःस्वर्गपदंकिमस्ति ॥ २ ॥

(શિષ્ય પોતાના બંધની નિવૃતિ માટે બદ્ધ લક્ષણ પુછે છે.)

અક્ષરાર્થ.

શિષ્ય—બદ્ધ કોણ કહેવાય ?

ગુરૂ—જે વિષયોમાં અનુરાગવાળો છે તે.

શિષ્ય—વિમુક્ત કોણ ?

ગુરૂ—વિષયોથી જે વિરક્ત છે તે.

શિષ્ય—ઘોર નરક કયું છે ?

ગુરૂ—પોતાનો દેહ છે તે.

શિષ્ય—સ્વર્ગપદ શું કહેવાય ?

ગુરૂ—તૃષ્ણાનો ક્ષય તે.

વિવેચન.

'જે વિષયોમાં અનુરાગવાળો તે' બદ્ધ એમ જે ઉપર કહેવામાં આવ્યું છે, તો તે વિષય તે શું? તે જાણવાની પ્રથમ વિશેષ અગત્ય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચ વિષયો છે. અને તે પાંચ વિષયને ગ્રહણ કરનાર પાંચ જ્ઞાનેન્દ્રિય, શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જીહ્વા અને ઘ્રાણ એવાં નામથી છે. અને તે પાંચે અનુક્રમે વિષયોમાં આસકત થાય છે: એટલે કે શ્રોત, શબ્દ વિષયમાં, ત્વચા, સ્પર્શ વિષયમાં, ચક્ષુ, રૂપ વિષયમાં, જીહ્વા, રસ વિષયમાં અને ઘ્રાણ, ગન્ધ વિષયમાં અસકત થાય છે. આ પ્રમાણે આશકત થવાથી બંધન થાય છે. માટે એ બન્ધન-કારક સાંસારિક વિષયોથી વેગળા રહેવાની જરૂર છે; કારણ કે તેમાં આશકત થવાથી, હું દેહ છું. હું સ્થૂળ છું, હું દુર્બળ છું, હું ગૌર છું, આ મારૂં શરીર છે, હું કાણો છું, હું બેહેરો છું, હું કર્ત્તા છું, હું ભોકતા છું. આ પ્રમાણે દેહાદિમાં જે અહંભાવ તે બન્ધન કહેવાય છે. અને એ પ્રમાણે બન્ધન થવાથી નાના પ્રકારની યોનિયોમાં ભમવું પડે છે. અષ્ટાવક્રજી અષ્ટાવક્ર ગીતાના પહેલા જ આત્માનું ભવોપદેશ નામના પ્રકરણના પહેલા શ્લોકમાં કથે છે કે—

मुक्ति मिच्छसि चेत्तात विषयान्विषवत्यज ।

क्षमार्जवदयातोष सत्यं पीयुषवद् भज ॥

હે તાત ! તારે જો મુક્તિની અભિલાષા હોય તો, શબ્દ, સ્પર્શ. રૂપ, રસ અને ગન્ધ એ પાંચ વિષયો છે, તેનો ત્યાગ કર. એ પાંચ વિષય પાંચ જ્ઞાનેન્દ્રિયના છે, અને તેમાં સકળ જીવ બન્ધાયલા છે. તેથી તેઓ મરણ પામે છે, જન્મે છે અને મહા દુઃખી થાય છે. જેમ કોઈ વિષ ખાય અને તેથી દુઃખ પામે તેમ વિષય ભોગવનારા દુઃખી થાય છે માટે વિષય છે તે મહા અનર્થનું મૂળ છે, માટે તેનો ત્યાગ કર. ભાવાર્થ એ છે કે–દેહાદિકમાં ‘ હું અને મારૂં, ’ એવો અધ્યાસ કરીશ નહિ. તેથી બાહ્ય ઇન્દ્રિય જીતવામાં આવશે, ત્યારે દમ નામની પ્રથમ સાધનની સમ્પતિ આવશે અને જયારે અન્તઃકરણ વશ કરીશ ત્યારે શમ એવા નામની બીજી સાધન સમ્પતિ પ્રાપ્ત થશે અને જ્યારે મન વશ થયું; એટલે કે મન જ્યારે બ્રહ્માકાર થયું. ત્યારે તેને નિર્વિકાર સમાધિ કહે છે.

કોઇ શંકા કરે કે–વિષયનો વિષના સમાન ત્યાગ શી રીતે થઇ શકે ? તો તેનું સમાધાન કે–શબ્દવિષય આકાશનો છે, તે આકાશમાંથી થાય છે અને આકાશના ભાગથી થયેલા કાન સાંભળે છે. સ્પર્શ વિષય વાયુમાંથી થાય છે, અને વાયુના ભાગની ત્વચા ઇન્દ્રિય તેને જાણે છે. રૂપ વિષય તેજમાંથી થાય છે, અને તેજનાં ભાગનાં ચક્ષુ તેને જાણે છે. રસ વિષય જળમાંથી થાય છે, અને તેને જળની જીંહ્વા જાણે છે અને ગન્ધ વિષય પૃથિવીમાંથી થાય છે; અને તેને પૃથિવીની ઘ્રાણ ઇન્દ્રિય જાણે છે. આ પ્રમાણે જો તેનું યથાર્થ જ્ઞાન થઇ જાય તો જીવને તેનો ત્યાગ

કરતાં કાંઇ વાર લાગે નહિ. જ્યાં સુધી વિષયોને પોતાનાજ જાણ્યા છે, ત્યાં સૂધી તેનો ત્યાગ અશક્ય છે, પણ જ્યારે તે પારકા છે એમ જણાઇ જાય છે, ત્યારે તે વિષય ત્યજવા કાંઈપણ કઠિણ નથી. શંકા–કે એ વિષયો વડે તો જીવ રહે છે, માટે જો વિષયનો ત્યાગ કરવામાં આવે; તો જીવ કોના અવલમ્બનથી રહે ? સામાધાન આ ઉપર દર્શાવેલા પાંચ વિષયોનો તો વિષના સમાન ત્યાગ કરે અને અન્ય પાંચનું ગ્રહણ કરે.

ઉપર જે નિર્વિકલ્પ સમાધિ કહેલ છે, તે સમાધિની સ્થિતિ માટે ક્ષમા, આર્જવ, દયા, સન્તોષ અને સત્ય એ પાંચ સાત્વિક ગુણની અગત્ય છે, તેમનું સેવન કર્યું.

જેમ કોઈ પુરૂષ અમૃત તુલ્ય ઔષધીનું સેવન કરે છે, તો તેના સઘળા રોગો નાશ પામે છે, તે પ્રમાણે જો તું આ ઉપર દર્શાવેલા પાંચ સાત્વિક ગુણોનું સેવન કરીશ તો તારા જન્મ–મરણરૂપી અસાધ્ય રોગ મટી જશે, માટે આ જગતને વિષે જેને મુક્તિની આકાંક્ષા હોય, તેણે વિષયોનો ત્યાગ કર્યો નથી. જ્યાં સુધી વિષયોનો ત્યાગ કર્યો નથી, ત્યાં સુધી મુક્તિ પ્રાપ્ત થતી નથી. મુક્તિ અનેક દુઃખને ટાળનારી અને પરમાન્દ આપનારી છે. અષ્ટાવક્રજી કહે છે કે—

न पृथ्वी न जलं नाग्नि र्नवायुर्द्यौर्न भवान् ।
एषां साक्षिण मात्मानं चिद्रूप विद्धि मुक्तये ॥

તું પૃથિવી નથી, જળ નથી, તેજ નથી, વાયુ નથી અને આકાશ પણ નથી, તું તો મુક્ત થવાને માટે એ

સર્વનો સાક્ષિરૂપ છો, એમ પોતાને જાણ, અને એમ જાણીને સર્વ વિષયોનો ત્યાગ કર્ય.

શિષ્ય શંકા કરે છે કે—હે ગુરુ! પંચભૂતનો દેહ એ જ આત્મા છે, અને પાંચ ભૂતના પાંચ વિષય છે, માટે એ પાંચ ભૂતનો જે સ્વભાવ છે, તેનો ત્યાગ ઘટતો નથી; કારણ કે ગન્ધ એ જ પૃથિવી છે, અને પૃથિવી ગન્ધનો ત્યાગ કરતી નથી, પણ તે બન્ને એક જ રૂપ છે એજ પ્રમાણે, રસ એજ જળ, અગ્નિ એજ રૂપ. વાયુ એજ સ્પર્શ અને શબ્દ એજ આકાશ છે. માટે પાંચ વિષયો ત્યજવાથી પાંચ ભૂતનો ત્યાગ થાય અને પાંચ ભૂતનો ત્યાગ થતાં દેહ પડી જાય તો પછી ઉપદેશનો લાભ લેનાર કોણ? મુક્તિ સુખને ભોગવનાર કોણ? આમ હોવાથી વિષય તો ત્યજાય નહિ. ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે—

इन्द्रियाणीन्द्रियार्थेषु वर्त्तन्त इति धारयन् ॥

ઇન્દ્રિયો ઇન્દ્રિયોના અર્થમાં પ્રવર્ત્તે છે એ શું?

સમાધાન કે—તત્વજ્ઞ પુરૂષ રાગદ્વેષને છોડી કર્મમાં પ્રવૃત્ત થાય છે, પણ સાધારણ મનુષ્ય રાગદ્વેષથી છોડી શકતો નથી. દુરાચરણ વા વિષયભોગથી ગ્લાનિ અને તત્વજ્ઞાન એ એ સાથે જ ઉત્પન્ન થાય છે, પણ દુરાચરણ છુટયા વગર કોઇ તત્વજ્ઞાનને જાણી શકતું નથી. તેમ જ તત્વજ્ઞાનને માટે તત્પર થયા વગર દુરાચરણ પણ છુટતાં નથી, આમ હોવાથી વ્યભિચાર, ચોરી આદિ કુકર્મ કરતાં છતાં કોઇ માને કે હું કુકર્મ કરતો નથી, પણ ઇન્દ્રિય પોતપોતાના વિષયમાં પ્રવર્તમાન છે, એ શંકા અહિં ઘતી નથી,

તો સમાધાન ક્યાંથી થાય ? કેમકે તત્ત્વજ્ઞ પુરૂષ એમ માને એમ કહેલ છે. અને વ્યભિચારાદિ કરવાવાળો તત્ત્વજ્ઞાની થતો જ નથી, અને જે તત્વજ્ઞાની છે તે વ્યભિચારાદિમાં ફસાતો નથી. ઉપરના વાક્યાનુસાર ઘણાક શુષ્ક વેદાન્તિઓ મનમાં કાંઇકિ સમજી રાખે છે, અને બાહારથી કાંઇક આચાર ચલાવે છે. અને ઇન્દ્રિયો ઇન્દ્રિયોના ભોગ કરે છે તેમાં મારે શું ! એમ બકે છે, પણ તેઓએ પૂજ્યપાદ શ્રી મચ્છંકર ગુરુનું વાક્ય વિસરવું નહિ. શ્રી મચ્છંકરાચાર્યજીએ ' અપરોક્ષાનુભૂતિ ' નામના ગ્રન્થમાં કહ્યું છે કે—

कुशलाब्रह्मवार्त्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेप्य ज्ञानि तयानूनं पुनरायांति यांतिच ॥

બ્રહ્મ વાર્ત્તામાં કૂશળ, પણ વૃત્તિહીન એવા જ્ઞાનિયો અત્યન્ત અજ્ઞાનિ છે, અને વારમ્વાર જન્મ-મરણની ઘટનામાં રખડનારા છે; અર્થાત્ ઇન્દ્રિયો પ્રવર્તે છે તેમાં મારે શું ? આવો દ્વૈતભાવ છે, ત્યાં સુધી એ બોલવાનો કે તેમ કરવાનો અધિકાર જ ક્યાં છે ? ખરૂં જ્ઞાન અને ખરો ભાવ તો સર્વ ભૂતાત્મ ભૂતાત્મા થવામાં છે. તેમાં તો હુંએ નથી અને ઇન્દ્રિયોએ નથી ને ભોગ પણ નથી; અર્થાત્ એ સ્થિતિ જ અવર્ણનીય છે, એનો આનન્દ તે આનન્દના જાણનારે જ જાણ્યો છે. કેનોપનિષદ્‌માં સ્પષ્ટ કહ્યું છે કે—

विज्ञात मविजानताम विज्ञातं विजानताम् ।

માટે ગુદા તથા ઉપસ્થ એ બે ઇન્દ્રિયોના એક વિસર્જન વિષય બતાવેલ છે. તત્વજ્ઞાનીને એ બે ઇન્દ્રિય મળમુત્રના ત્યાગનુંજ કેવળ કામ આપે છે; કિન્તુ ઉપસ્થેન્દ્રિયથી આનન્દ

વિષયનો ભોગ તેનો છુટી જાય છે. ચક્ષુ-આદિ ઇન્દ્રિયથી રૂપાદિ જોવાય છે અને જો તે ન હોય તો દેખાય નહિ. માટે નેત્રાદિ ઇન્દ્રિય જોવું ઈત્યાદિ કામ કરનાર છે. પણ આત્મા નહિ; કેમકે આંખ્યો વગર આત્મા છતાં પણ આંધળો મનુષ્ય જોઇ શકતો નથી. અહિં, જોવું, સાંભળવું, અડવું, સુઘવું તથા ખાવું એ પાંચ નેત્રાદિ જ્ઞાનેન્દ્રિયના વિષય છે. ચાલવું પગનો, સૂવું બુદ્ધિનો, શ્વાસ પ્રાણનો, બોલવું વાણીનો, ત્યાગ પાયુનો, તથા ઉપસ્થ પકડવું એ હાથનો તથા આંખ ઉઘાડવી, મીચવી એ કૂર્મ પ્રાણનો વિષય છે. જો કે ઉપસ્થેન્દ્રિયનો આનન્દ એ પણ મુખ્યત્વે વિષય છે; તો પણ સ્નેહ વા પ્રેમની ફાંસીના બંધનથી યુકત રાગ વગર તત્વજ્ઞાનીના ઉપસ્થની આનન્દભોગમાં પ્રવૃત્તિ રહેતી નથી. અને કોઇ સ્ત્રી સાથે જેને અનુરાગ છે તે તત્વજ્ઞ થઇ શકતો નથી; એવું જાણીને મળમુત્રનો ત્યાગ જ તત્વજ્ઞ પુરૂષને પાયુ વા ઉપસ્થનો વિષય દર્શાવ્યો પણ આનન્દ નહિ. જે દ્વેષને છોડીને શાન્તિમાં સ્થિર થાય છે, તેને કોઇ ગાળ આપે; તો પણ તે મનમા દુઃખિત તથા ક્રોધિત થતો નથી, એ જ સાંભળવાના અભિમાનનો ત્યાગ છે તેમ જ અન્ય ઈન્દ્રિયોના વિષયમાં જાણી લેવું.

પૃથિવી, જળ તેજ, વાયુ અને આકાશ અને તેઓના ધર્મ સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ રૂપ તું નથી. એ પંચભૂતરૂપ દેહમાં અજ્ઞાનતાથી તું, હુંપણું માને છે; માટે તેનો ત્યાગ કર્ય, અર્થાત તેનું અભિમાન છોડીદે, અને વિષયને અનાત્મધર્મ જાણીને પડ્યા મુકય.

શિષ્ય પુનઃ શંકા કરે છે કે–હે ગુરુ! હું તો દેહ-રૂપ જ છું; કેમકે ધોળો છું, જાડો છું, કરૂપડો છું અને ઠીંગણો છું તથા લામ્બો છું એવું જ્ઞાન અનાદિ કાળથી છે અને તમે તો કહો છો કે તું દેહ નથી તેનું શું કારણ?

ગુરુ કહે છે કે–અવિવેકથી એમ જણાય છે, પણ જો તું વિવેકથી જોઈશ તો તું દેહ ઇન્દ્રિયોનો દૃષ્ટા અને તેમ-નાથી ભિન્ન છો. જેમ ઘડાને જોનારો ઘડાથી ભિન્ન છે તેમ જ તું આત્માને સાક્ષિરૂપ જાણ્ય, અહિં ન્યાયશાસ્ત્ર-વાળાની શંકા એવા પ્રકારની છે કે, સાક્ષિપણું બુદ્ધિમાં રહેલું છે, માટે બુદ્ધિ છે તેજ આત્મા છે. તેનું સમાધાન એ પ્રમાણે છે કે; બુદ્ધિ તો જડ છે અને તે આત્માની શક્તિથી સચે-તન થાય છે, માટે જે જડ તે આત્મા હોય જ નહિ, પણ ચૈતન્યરૂપ આત્માને જાણ.

શિષ્ય પુછે છે કે–ચૈતન્યરૂપ આત્મા જાણ્યાનું ફળ શું?

ગુરૂ પ્રત્યુત્તર આપે છે કે–જેણે સાક્ષિ ચેતન્ય આત્મા જાણ્યો તે જીવન્મુક્ત પદને પામ્યો એજ તેનું ફળ છે, એથી અધિક ફળ બીજું શું છે?

આ સર્વ અર્થ ગુઢ છે, વિજયી જે હોય તે તો ગમે તેવા અર્થ કરે, પણ ઉપર દર્શાવેલાં ગીતાજીના વાકયમાં ઇન્દ્રિયનો ભગવાને આ પ્રમાણે અર્થ કરેલો છે. શ્રવણ તે આત્મજ્ઞાન સાંભળે, ત્વચા એ ગંગા, નર્મદા, ગોદાવરી, સરસ્વતી, યમુના અને સરયૂ આદિ પવિત્ર તીર્થનાં જળનો સ્પર્શ કરે વા સન્ત મહાત્માઓના ચરણકમળોનો સ્પર્શ કરે, નેત્ર પરમેશ્વરની મૂર્તિનાં અને ભકિત, જ્ઞાન અને

વૈરાગ્ય સંપન્ન હરિજનનાં દર્શન કરે, અને જીહ્વા પરમેશ્વરનું અખંડ સ્મરણ[1] કરે અને ઘ્રાણ પરમેશ્વરના નિર્માલ્યની સુગન્ધ લે. આ પ્રમાણે ઇન્દ્રિયોને સન્માર્ગે વિચરાવવી જોઈએ પણ જેઓને વિષય ઉપર અનુરાગ છે તે ગમે તેમ અર્થ કરે.

તે માટે બીજું દ્રષ્ટાન્ત અનુક્રમે કહું છું તે સાંભળ. જેમ ગધેડો ભૂંકે છે તે સાંભળવાથી આહ્લાદ ન થતાં કંટાળો આવે છે તેમજ અન્ય ગાયન–આદિને સાંભળે તો બાધ નહિ. તેમજ સ્પર્શ વિષયમાં સ્ત્રી આલિંગન, તૈલાદિક મર્દન તથા વસ્ત્રાદિ પરિધાનને ધગધગતા અંગારાના સ્પર્શ સમાન જાણે તો બાધ નહિ; કારણ કે ઇન્દ્રિયો તો જાણનારી છે, માનનારી નથી. કાંચનને વિષ્ઠાન સમાન નિરખે, કાગડા કૂતરાના વિષ્ઠાના સમાન જીહ્વાના સમગ્ર સ્વાદને જાણે, ગન્ધને શબના ધૂમાડા સમાન સમજે. આ પ્રમાણે ઈન્દ્રિય તો જાણનારી છે અને જીવ માનનારો છે. અને તેથી જ બન્ધન થાય છે, માટે વિષયો તરફ વળેલી જે બુદ્ધિ છે તેનો ત્યાગ

---

૧. ભગવાનના નામનું સ્મરણ એ યજ્ઞરૂપ છે, જેને માટે ભગવાને પોતે શ્રીમદ્ ભાગવદ્‌ગીતાનો અધ્યાય ૧૦ માના શ્લોક ૨૫ માં કહ્યું છે કે—

महर्षीणां भृगुरहं गिरामस्म्येक मक्षरम् ।
यज्ञानां जप यज्ञोऽस्मि स्थावरणाँ हिमालयः

મહર્ષિઓના મધ્યમાં હું ભૃગૂ છું. અર્થવાળા શબ્દોમાં એક અક્ષર તે હું છું, યજ્ઞોના મધ્યમાં જપમય યજ્ઞ હું છું અને સ્થાવર માત્રમાં હિમાલય તે હું છું.

કરી ઇન્દ્રિયોને વિષયોમાં જતી જ અટકાવવી. શ્રી ભગવાને ભગવદ્ગીતાના અધ્યાય બીજાના ૬૧ મા શ્લોકમાં અર્જુનને કહ્યું છે કે–

तानि सर्वाणि संयम्य युक्त आसीतमत्पर:
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिताः ॥

તે સર્વ ઇન્દ્રિયોને વશ કરી, હું ઈશ્વરજ, જેનો વાચ્ય વા ધ્યાન યોગ વસ્તુ છું, એવા યોગાભ્યાસમાં ચિત્ત લગાવવાવાળો ઈશ્વરનું ચિન્તન વા ધ્યાન કરતો સ્થિરતા પુર્વક બેસે. આ પ્રકારે જેના વશમાં ઇન્દ્રિય છે તેની બુદ્ધિ સ્થિત છે.

કંઠોપનિષદ્‌માં કહ્યું છે કે–પરમેશ્વર ઇન્દ્રિયોની વિષયોની તરફ વળનાર બતાવેલ છે. એ કારણથી મનુષ્યની ઇન્દ્રિયો વિષયો તરફ વળે છે. પણ અન્દરના વિચાર તરફ વળતી નથી; અર્થાત્ સૃષ્ટિ ક્રમાનુસાર જ વિષયોમાં વળનાર ઇન્દ્રિયો બતાવેલ છે. એ માટે જ મનુષ્ય બાહ્ય વિષયોનેજ દેખે છે, જેમ તૈજસ્ કારણથી બનેલ નેત્ર પોતાના સમ્બન્ધી તૈજસરૂપ ઉપર સ્વયમેવ પડે છે. એ કોઇથી થઇ શકતું નથી વા કોઇ કરી પણ શકતો નથી કે જોવાની શક્તિ છતાં, પણ આંખ્યોથી સારા–નરસા ઇષ્ટાનિષ્ટ સર્વ પ્રકારના વિષયોને ન દેખે; અર્થાત્ તેતો અવશ્ય જોવા પડેજ, અને જીતેન્દ્રિય થવા–આદિનો એ અભિપ્રાય નથી કે નેત્રાદિથી અવલોકન ન કરે, તે જીતેન્દ્રિય કહેવાય. જો એમ હોય તો તો આંધળા, બહેરા–આદિ પણ જીતેન્દ્રિય માનવા પડે. અને સ્વપ્નાવસ્થામાં સર્વ જીતેન્દ્રિય થઈ જાય. એ માટે

નેત્રાદિથી જોવું ઇત્યાદિ કામ છતાં પણ રાગ દ્વેષને ત્યાગી, ઇન્દ્રિયોથી વિષયોનું ગ્રહણ કરે અને કોઈપણ વિષયભોગની ઉત્કંઠા નહિ રાખતાં અનુકૂળ, પ્રતિકૂળની પ્રાપ્તિમાં હર્ષ શોકથી વ્યાકુળ થતો નથી, તે પુરૂષ જીતેન્દ્રિય છે, અર્થાત તેની ઇન્દ્રિયોથી વિષય ગ્રહણ કરવામાં સદા ઉદાસીન વૃત્તિ રહે છે. ઇન્દ્રિયોની સ્વાભાવિક ચાલ વિષયોના તરફ હોવાથી વિચારશીલ ઇન્દ્રિયોને જીતવાને ઉદ્યમ થયેલ પુરૂષની ઇન્દ્રિયો પણ પુનઃ પુનઃ વિષયોના ઉપર જ પડે છે. તે ઇન્દ્રિયોને મોટા મોટા યોગાભ્યાસાદિ નિરન્તર સેવન કરેલ ઉપાયોદ્વારા વશમાં કરીને ઈશ્વરના પ્રણિધાનમાં તત્પર થાય, ત્યારે બુદ્ધિ સ્થિત થઈ જાય છે.

માટે ઇન્દ્રિયના સર્વ ભોગનો ત્યાગ કરવો, કાનને સાંભળવાનો વિષય છે, તો જયારે તારી નિન્દા સાંભળે છે ત્યારે દુઃખ થાય છે તે કોણ? માટે ભગવત્ ગુણો સાંભળવા. સ્પર્શ ઇન્દ્રિયનો વિષય જે ટાઢું તથા ઉનું જાણે તે પણ તે જાણવાથી અરે હાસ! એમ કહે છે તે કોણ? નેત્ર ઈન્દ્રિયનો વિષય જોવું છે તો માર્ગમાં શબ મળતાં નીચે કેમ નિહાળે છે? જીહ્વા ઈન્દ્રિયનો ધર્મ રસ ચાખવાનો છે તો તે ઈન્દ્રવરણું ખાતાં મુખ કર્મ બગડે છે? નાસિકાનો ધર્મ સૂંઘવાનો છે તો વિષ્ટા–આદિની નઠારી વાસ આવતાં નાક આડું લુગડું કેમ રાખે છે? જો વાણી ઇન્દ્રિયનો ધર્મ બોલવાનો છે, તો પિતાને પુત્ર અને સ્રીને માતા કેમ કહેતો નથી? જો હાથનો વિષય લેવાનો અને આપવાનો છે, તો સુવર્ણ આપીને ધૂળ કેમ લેતો નથી? પગનો ધર્મ ચાલ-

વાનો છે, તો રસ્તામાં ખાડા આવે છે તેમાં કે કાંકરા કે કાંટાવાળા માર્ગમાં કેમ ચાલતો નથી? ઉપસ્થ ઇન્દ્રિયનો ધર્મ જે મૈથુન કરવાનો છે, તો જનેતાને કે ભગિનીને કેમ કરતો નથી? ગુહ્ ઇન્દ્રિયનો વિષય મળવિસર્ગ કરવાનો છે, તો પાઠશાળામાં કે દેવપૂજાના ઓરડામાં કેમ કરતો નથી? માટે આ ઉપરથી એમ સમજવાનું છે કે સર્વ ઇન્દ્રિયો પોતપોતાના વિષયો પ્રમાણે વિષયો ગ્રહણ કરે; પરન્તુ તે વિવેકથી યોગ્યાયોગ્યનો વિચાર કરીને કરે છે, માટે વિવેકથી સર્વ કાર્ય થાય, પણ 'ઇન્દ્રિયો ઇન્દ્રિયોના અર્થમાં પ્રવર્તે' એવો અવળો અર્થ કરી અવળે માર્ગે અનુસરવું નહિ, માટે વિષયોનો ત્યાગ કરવો તે માટે અષ્ટાવક્રજી તત્વોપદેશ-વિશંતિ નામના પનરમા પ્રકરણમાં કહે છે કે—

मोक्षो विषय वैरत्वं बंधो वैषयिकोरसः ।
एतावदेव विज्ञानं यथेच्छसि तथा कुरु ॥

વિષને વિષે અભાવ એજ મોક્ષ, અને વિષયમાં પ્રીતિ એજ બન્ધ, એટલું જ સમજવાનું છે, માટે હવે તારી નજરમાં આવે તેમ કર. ઉપરના શ્લોકના ચોથા ચરણમાં લખ્યું છે કે યથેચ્છાસિ તથા કુરૂ' એ ઇચ્છા હોય તે કર. એથી મોક્ષનો ઉપાય અને બન્ધનનો ઉપાય સમાન છે એમ સમજવાનું નથી, પણ તે વાકયથી તો અધિકારીનું પરિક્ષણ થાય તેમ છે. જેમ કોઇ વટેમાર્ગુને કોઇ કહેશે કે, પુર્વ દિશામાં તો અગ્નિ પ્રજવલિત થઇ રહેલો છે, અને ઉત્તરમાં હિમાલય હોવાથી બરફ છે અને પશ્ચીમમાં ભૂત, પ્રેત અને પિશાચાદિ રહે છે, અને દક્ષિણમાં તો રાક્ષસ છે અને યમ-

રાજાની સંયમની નગરી પણ તે દિશામાં જ છે, અને ચારે અન્તર દિશાઓમાં વ્યાઘ્રાદિ હિન્સક પ્રાણીઓ તથા તસ્કારોનો ઉપદ્રવ છે, માટે હવે જેમ તમારી મરજી હોય તેમ કરો. આ પ્રમાણે કહ્યું એટલે વટેમાર્ગુની મરજી ક્યાં જવાની થાય ? ક્યાંય નહિ. એતો મુંઝાઈ રહે તેમજ જે વિવેકી છે તે તો વિષય તરફ વલણ ન કરતાં વૈરાગ્ય તરફ વળે.

શિષ્ય પુછે છે—હે ગુરુ ! આપ વિષયનો ત્યાગ સાધન કાળે કહો છો. કે જ્ઞાનકાળે કહો છો ?

ગુરુ કહે છે કે—હે ભાઈ ! સાધનકાળે જો વિષયનો ત્યાગ કર્યો હોય તો જ્ઞાન થાય, અને પુનઃ તે પાછો જો વિષયોનું સેવન કરે તો તે અજ્ઞ છે. વાસિષ્ઠસારમાં કહ્યું છે કે—

> बुद्ध्वात्यन्तं वैरस्यं यः पदार्थेषु दुर्मतिः ॥
> बध्नाति भावनां भूयो नरो नासौ स गर्दभः ॥

જે મનુષ્ય સાધનકાળે વિષયનો ત્યાગ કરી, શ્રુતિ તથા સ્મૃતિ જાણીને જે દુર્મતિ વિષય ભોગવે તો તે ગધેડા છે. અને તે મુક્તિ પામતો નથી.

શિષ્ય શંકા કરે છે કે—હે ગુરુ ! જ્ઞાનીને તો ‘ હેયોપાદેય ’ હોય જ નહિ છતાં આપ ત્યાગનું કહો છો તે શું ?

ગુરુ કહે છે કે—હે ભાઇ ! જ્યાંસુધી યતકિંચિત્ આદર અને વિષય છે ત્યાં સુધી જ્ઞાનનો સમ્ભવ નથી અને જે ત્યાગ કરવાનું હતું તેનો ત્યાગ કર્યો અને ગ્રહણ કરવાનું હતું તે ગ્રહણ કર્યું. આ પ્રમાણે થયા પછી ‘ હેયોપાદેય ’ શું કરી શકે ? વગર ઇચ્છાએ જે આવે તેનું સેવન કરે પણ કોઇમાં આસક્તિ રાખે નહિ; કારણ કે મોટામાં મોટું બન્ધન વિષય

સાથે અનુરાગ છે. જેમ શૂદ્રને વેદ ભગવાનનો અધિકાર નથી. તથા હથેલીમાં વાળ હોતા નથી, તેમ વિષયાનુરાગીને મુક્તિ નથી, લોઢાના મજબૂત પાશથી બન્ધાયલો માણસ મુકત થઈ શકે છે પણ સ્ત્રી અને ધન આદિમાં આસકત કદિ પણ મુકત થઇ શકતો જ નથી.

શિષ્યે બીજો પ્રશ્ન પુછયો હતો કે-મુક્ત કોણ? ત્યારે ગુરૂએ કહ્યું કે વિષયથી વિરકત છે તે, એટલે કે આત્મા તો નિત્યમુકત છે, તેને વિષયનો બન્ધ થયો હતો તે ટળી ગયો એટલે મોક્ષ થયો. જેમકે સુવર્ણ કાદવયુકત થઇ ગયું હતું, તેને જયારે ધોઈ નાખ્યું એટલે શુદ્ધ, સ્વચ્છ સૂવર્ણ-રૂપ થયું; તેમજ જયારે વિષયનો ત્યાગ થયો કે તુરત જ મોક્ષ; એટલે કે આત્માનું નિર્મળ સ્વરૂપ જણાઇ આવે છે, ભોગમા આસકત છતાં પણ કેટલાક પોતપોતાના પક્ષને ગ્રહણ કરીને અમે મુકત છીએ, અમે મુકત છીએ એમ કથે છે તેઓ પશુ સમાન છે, જે શાસ્ત્ર સમ્મત અનુસરે છે તે મુકત છે. જે ઐહિકામુષ્મક્ ભોગથી વિરકત છે તે મુકત છે અને અન્ય તો બન્ધાયલા છે.

પોતાનો દેહ છે તે ઘોર નરક છે કે એમ જે પ્રથમ કહેલું છે તે વિષે ગુરૂ શિષ્યને સમજાવે છે કે હે શિષ્ય! સાવધાન મનથી શ્રવણ કર્ય. અહંતા મમતાયુકત પચીશ તત્વાત્મક્ જે સ્થૂળ દેહ છે તે નરક છે; કેમકે મુત્ર અને વિષ્ઠા-આદિથી ભરેલ તે પ્રત્યક્ષ છે. વસિષ્ઠસારમાં પણ કહ્યું છે કે-માંસ, મુત્ર, સ્નાયુ, મજ્જા અને અસ્થિ વિગેરેથી સંયુકત નરકરૂપ દેહમાં મુઢ લોકો મમતા રાખે છે. પુજ્ય-પાદ શ્રીમચ્છંકર ગુરુએ પણ મંડનમિશ્રને કહ્યું છે કે—

जहीहि देहादि गतमहं धियं
चिरार्जितां कर्म शटैः सदुस्त्यजां ।
विवेक बुद्ध्या परमेव संततं
ध्यायात्म भावेन यतो विमुक्तता ॥
साधारणं वपुषि काक सृगाल वहनि
मात्रादि कस्य ममतां त्यजदुःख हेतुं ।
तद्वज्जही हिबहिरथ गतांच विद्वान्
चित्तं बधान परमात्मनि निर्विशंकं ॥

તું લાંબાકાળથી પ્રાપ્ત થયેલી દેહાદિમાં અહંબુદ્ધિ કે જે કર્મ જડ પુરૂષોથી ત્યાગ કરી શકાય તેવી નથી તેને ત્યાગ કરી દે અને વિવેકબુદ્ધિ ધારણ કરીને નિરન્તર પરબ્રહ્મનુંજ આત્મભાવથી ચિંતન કર્ય, કે જેથી મુકતપણું પ્રાપ્ત થાય. *શરીર કે જે કાગડા, શીઆલ, અગ્નિ અને માતા

* જેમાં મમતા પણ યોગ્ય નથી તો તેમાં અહંતાની તો વાત જ શી કરવી એ અભિપ્રાયથી કહે છે. શ્રી ભાગવતના દશમ સ્કન્ધના દશમા અધ્યાયના અગ્યારમા શ્લોકમાં નારદજીએ કુબેરજીના પુત્રોને કહ્યું છે કે--

देहः किमन्न दाःतुस्वं निषेक्त्तु मातुरेवच ।
मातुः पितुर्वा बलितः क्रेतुरग्नेः शुनोपिवा ॥

આ દેહ કોનો કહેવો જોઈએ ? કેમકે જે અન્ન દેઇને એનું પાલન પોષણ કરે છે, તે પુરૂષ કહે છે કે મારો છે, તેનું કહેવું પણ સત્ય છે. માતા, પિતા કહે છે કે અમારો છે, મારા પેટથી અને મારા વીર્યથી ઉત્પન્ન થયેલ છે, તેઓનું કહેવું પણ સત્ય છે. નાનો કહે છે કે એ મારો દોહિત્ર છે, મારી કન્યાના ઉદરથી ઉત્પન્ન થયેલ છે.

ઇત્યાદિક સર્વને સહીઆરૂં છે તેમાં દુઃખના કારણ રૂપ જે મમતા છે તેને છોડી દે, અને તે પ્રમાણેજ ધનાદિ બાહ્યાર્ના પદાર્થોમાં રહેલી મમતાનો પણ ત્યાગ કર્ય. હે વિદ્વાન્! એ પ્રમાણે કરીને વિજાતીયની પ્રતીતિઓથી રહિત થયેલા ચિત્તને પરબ્રહ્મમાં બાંધી દે.

પોતાનો દેહ છે તે ઘોર નરક છે, તે માટે દૃષ્ટાન્ત કે–બાળાં ચામડાંનો કુડલો હોય અને જો તેમાં ઘી, ખાંડ, મધ વિગેરે રાખેલ હોય તો તે એક સંવત્સરપર્યન્ત બગડતાં નથી, અને શરીરમાં તો નાખતાંવેંત તુરત નરક થઇ જાય છે, માટે દેહ છે તે નરકની ખાણ્યરૂપ છે. આ સમ્બન્ધમાં સુરેશ્વરચાર્યનો વાર્ત્તિકમાં લેખ છે કે–પંચામૃતનું ભોજન કરીને શૌચ જઇ આવે, ત્યારે તેને વિષ્ઠા કહેવામાં આવે છે, તેથી કોઇને જરા પણ દુઃખ લાગતું નથી; કેમકે તેને નરક જાણેલ છે, અને દેહને તો બરાસ અને કંચનના

એનું આપેલું પાણી અને તેનું કરેલું શ્રાદ્ધ મને પ્રાપ્ત થઇ શકે છે. મને પુત્ર ન હોવાથી મારા મરણ પછી મારા ધનનો અધિકારી તે છે. આ પ્રમાણે નાનાનું કહેવું પણ અસત્ય નથી. વેચાણ લેનાર કહે છે કે મારો છે, તેનું કહેવું પણ કોઇ પ્રકારે અસત્ય નથી, કોઈ બળવાન્ પુરૂષ પોતાનો માણસ કે ચાકર બનાવીને રાખે અને તે કહે કે મારો છે, તો તેનું કહેવું પણ વૃથા નથી, અગ્નિ કહે કે એ મારો છે. કેમકે મારાજ તેજથી તે સર્વ કામ કરે છે તેનું કહેવું પણ સત્ય છે. પૃથ્વી-આદિ કહે છે કે અમારો છે અન્ત સમય અમારા વગર અન્ય સ્થળે કયાંય જઈ શકતો નથી. તેના કહેવામાં પણ જરા સંશય નથી, અને શ્વાનાદિક કહે છે કે અમારો છે એક દિવસ અમે એને ખાઇશું. તેનું કહેવું પણ જુઠું નથી.

જેવો જાણવામાં આવે છે, પણ તેણે જે પંચામૃતનું ભોજન કર્યું તેની તો વિષ્ઠા થઈ, પણ જો તેને કોઈ નરક કહે તો તુરત માઠું લાગે છે, પણ તે માઠું ક્યાં સુધી લાગે છે કે, જ્યાં સુધી વાસ્તવિક જ્ઞાન થયું નથી ત્યાં સુધી, પણ એટલું વિચારવાનું છે કે જે અન્નનો દેહ તેજ અન્નની વિષ્ઠા થાય છે, માટે તે નરકરૂપ છે, જ્યારથી આ દેહ ઉત્પન્ન થયેલ છે અને અન્ન ખાતો થયો છે, ત્યારથી દેહે કરેલી વિષ્ઠા એકત્ર કરી હોય તો દેહના જેવડુંજ તેનું પણ પુતળું થઇ શકે તેટલા થાય તેમ છે. માટે વાર્ત્તિકકાર સુરેશ્વરાચાર્યજી કહે છે કે, ઘોર નરક તે દેહ છે, માટે જે કોઇ દેહને દુઃખ પોતાને દુઃખ માને, સુખે સુખ માને, દેહને કષ્ટે કષ્ટ માને, દેહને દુબળે દુબળો માને, દેહને કાળે કાળો કાળો માને, દેહને ગોરે ગોરો માને, દેહને રોગે પોતાને રોગી માને, દેહ ખોડો હોવાથી પોતાને ખોડો માને, દેહને બહેરે બહેરો માને, દેહને કાણે કાણો માને, દેહની યુવાએ પોતાને યુવાન માને, દેહના વૃદ્ધપણાથી પોતાને વૃદ્ધ માને તે ઘોર નરકમાં પડેલો છે; કેમકે તે દેહમાં પોતાનાપણું માને છે. અને જેણે દેહાભિમાનનો ત્યાગ કર્યો છે તે તો જીવનમુક્ત છે. મહાત્માજી અષ્ટાવક્રજી કહે છે કે—

देहाभिमान पाशेन चिरं बद्धोऽसि पुत्रक ।
बोधोऽहं ज्ञानखड्गेन तन्निः कृत्य सुखीभव ॥

હે પુત્ર ! અનાદિકાળથી ચાલતા આવેલા દેહાભિમાનરૂપી પાશમાં તું દૃઢ બન્ધાયલો છું માટે શુદ્ધ વિચાર વારમ્વાર કરે કે ' હું તો બોધરૂપ, અખણ્ડ, પરિપૂર્ણ આત્મા-

રુપ છું. એવું જ્ઞાનરૂપી ખડ્ગ હાથમાં લઇને તે વડે પાપને કાપી સુખી થા. વળી કહે છે કે—

यदि देहं पृथक् कृत्य चिति विश्राम्य तिष्ठसि ।
अधुनैव सुखी शांतो बंध मुक्तो भविष्यसि ॥

મુકિતનું સ્વરૂપ કોઇના સમજવામાં આવતું નથી, માટે ષટ્ શાસ્ત્રવાળા પોતપોતાની બુદ્ધિ પ્રમાણે મુક્તિનું સ્વરૂપ કલ્પે છે. ન્યાયશાસ્ત્રવાળા એમ કહે છે કે, દુઃખ માત્રનો નાશ થાય તેજ મુકિત, પ્રભાકર મતવાળાઓનું એવું કહેવું છે કે, સકળ દુઃખ ઉત્પન્ન થતાં પુર્વે જે સુખ હતું તેજ મુકિત. બૌદ્ધમતવાળા એમ કહે છે કે, દેહ પડ્યા પછી મુકિતરૂપ છે. એ રીતે ભિન્નભિન્ન કલ્પે છે પણ યથાર્થ જાણતા નથી, માટે વેદાન્ત શાસ્ત્ર પ્રમાણે આત્મા જાણ્યો તેજ વાસ્તવિક મુકિત છે. એવું શ્રીમહાત્મા અષ્ટાવક્રજીનું કહેવું છે અને શિષ્ય કહે છે કે-જો તું દેહને તથા આત્માને વિવેકે કરીને જુદા જાણ, અને આત્મામાં વિશ્રામ કરીને એ- કાગ્ર ચિત્તવાળો થા. તો તું હમણાં જ મનુષ્ય દેહને વિષે પરમાનન્દ તથા શાન્તિ પામીશ. સારાંશ કે બન્ધ, મુકત, કર્ત્તવ્ય અને ભોક્તૃત્વાદિ અનેકાનર્થ રહિત થઇશ. બંધન- કારક દેહનું સ્વરુપ કેવું છે, તે સાંભળ. દેહ માતા, પિતાથી ઉત્પન્ન થયો છે, તેમાં માતાનું રૂધિર અને પિતાનું વીર્ય આ બે પદાર્થમાં કયો ઉત્તમ છે ? એકે નહિ. બે દુર્ગન્ધ યુકત છે. અને તે બે વસ્તુ રહી શેમાં ! આળાં ચામડાની કોથળીમાં, આ પ્રમાણે દુર્ગન્ધયુકત અપવિત્ર પદાર્થોથી ઉત્પન્ન થયેલ દેહ સપ્ત ધાતુનો કહેવાય છે, તે સપ્તધાતુમાં

પ્રથમ ત્વચા, બીજું રૂધીર, ત્રીજું માંસ, ચોથો મેદ, પાંચમાં અસ્થિ, છઠ્ઠી મજ્જા અને સાતમું શુક્ર એ સપ્તધાતુ કે જે દેહમાંથી બાહાર નિકળે, અને પછી જો તેનો સ્પર્શ કરીએ તો અભડાઇએ, શ્રીમદ્‌ભાગવતમાં શ્રી ભગવાન શ્રી કૃષ્ણચન્દ્રે ઉદ્ધવજીને વાત, પિત્ત અને કફ એ ત્રણ ધાતુ કહેલ છે. એ ત્રણે પદાર્થો પણ મહામલીન છે, ત્વચા, રૂધિર, માસ, મેદ, અસ્થિ અને મજ્જા એ ષટ્‌કોશ કહેવાય છે. આ દેહમાં એક નર્કનો, બીજો મૂત્રનો, ત્રીજો અગ્નિનો, ચોથો લાળનો, પાંસમો પીળા પિત્તનો, છઠ્ઠો લીટનો, અને સાતમો પોયાનો એ પ્રમાણે સાતે કુન્ડ નરકના છે, તથા કરમ–આદિ જન્તુ છે. આવા મલીન દેહમાં કયો પદાર્થ ઉત્તમ છે, કોઈ પણ નહિ. ઉત્તમ જે મુખ તેમાં જો આંગળી ઘાલે તો અજીઠી થાય છે. અધમ જે ગુદા તેમાં ઘાલીએ તો વિષ્ઠાવાળી થાય છે. ઉપસ્થને અડાડીએ તો મુત્રવાળી થાય છે. આંખને અડાડીએ તો પીયાવાળી થાય છે અને નાકને અડાડવાથી લીટવાળી થાય છે. આ પ્રમાણે બાહાર કે અન્દર દેહ ઉત્તમ નથી. આવો જે દેહ તેમાં અભિમાનથી પોતાપણું માને છે, તે ઘોર નરકમાં પડયો છે. જેમ કે દેહ જમ્યે પોતાને જમ્યો માને, દેહ ભુખ્યે પોતાને ભુખ્યો માને, દેહને મરણે મરણ માને, દેહને જનમે જનમ માને. આ પ્રમાણે માનનાર ઘોર નારકીને અધમાધમ છે, અને તે નિત્ય બન્ધાયેલ છે. અને તે થકી જે ન્યારો છે તે મુકત છે, માટે પોતાનો જે દેહ છે તે જ નરક છે.

'તૃષ્ણાનો ક્ષય તે સ્વર્ગ' એમ પ્રથમ કહેવામાં આવેલ છે. ઇન્દ્રના સ્વર્ગ કરતાં પણ તે વિશેષ છે. સ્વર્ગ

સત્ત્વગુણોદય. એ ભગવન્ મતને અનુસરીને ગુરૂ કહે છે. ઐહિકામુષ્મિક વિષયોની સ્પૃહાનો નાશ તેજ સ્વર્ગપદ છે. શ્રીમદ્ભારતમાં કથા છે કે-કોઈ વખત નહુષરાજાએ ઇન્દ્રાણીને કહ્યું કે, હમણાં હું ઇન્દ્ર છું, માટે તું મારી સેવા કર્ય. ઇન્દ્રાણીએ તે વાત બૃહસ્પતિજીને કરી; એટલે બૃહસ્પતિજીએ ઇન્દ્રાણીને કહ્યું કે, તારે નહુષ રાજાને કહેવું કે, તું બ્રાહ્મણો પાસે પાલખી ઉપડાવી તેમાં બેસીને આવે તો હું તને સેવું. આ પ્રમાણે નહુષ આવવાથી બ્રાહ્મણના શાપને લીધે ઇન્દ્રાસન ઉપરથી ભ્રષ્ટ થશે. આમ કહીને બૃહસ્પતિજી ગયા અને બીજે દિવસે નહુષે આવીને ફરી ઇંદ્રાણી પાસે માગણી કરી કે તું મારી સેવા કરીને મને રંજન કર્ય. એટલે ઇન્દ્રાણીએ કહ્યું કે, તું બ્રાહ્મણોએ ઉપાડેલી પાલખીમાં બેસીને આવ, એટલે હું તારી સેવા કરૂં. નહુષ તે પ્રમાણે અગસ્ત્યાદિ બ્રાહ્મણો પાસે પાલખી ઉપડાવી તેમાં બેસીને ઇન્દ્રાણી પાસે જવા નિકળ્યો. રસ્તે જતાં નહુષે ચાલ ચાલ એમ કહીને અગસ્ત્યને પગ અડાડયો, એટલે અગસ્ત્યે શાપ આપ્યો કે 'તું સર્પ થા' તે શાપથી નહુષ અજગર થયો હતો. માટે તૃષ્ણાનો પરાજય તે સ્વર્ગ કરતાં પણ ઉત્તમ છે, કેમકે નહુષ રાજાની તૃષ્ણાનો ક્ષય થયો ન હતો તેથી સ્વર્ગમાંથી પાછું પડવું પડયું હતું, માટે જેણે તૃષ્ણાને જીતી છે તે ઇન્દ્રનો પણ રાજા છે, અને નિત્ય મુકત છે. એ વિષે કહ્યું છે કે—

तृष्णा मात्रात्मकोबंध स्तन्नाशो मोक्ष उच्यते ।
बंध मोक्षौन विवेत निस्यमुक्तस्य चात्मनः ॥

આત્મા તો નિત્ય મુક્ત છે, તેને બન્ધ કે મોક્ષ કાંઇ નથી, માત્ર તૃષ્ણા એજ મોટો બન્ધ છે માટે તેનો નાશ થયે મોક્ષ સિદ્ધ થયો કહેવાય છે.

संसारहृत् कस्तु निजात्मबोधः ।
कोमोक्षहेतुः प्रथितः सएव ॥
द्वारं किमेकं नरकस्य नारी ।
कास्वर्गदा प्राण भृतामहिंसा ॥ ३ ॥

અર્થ.

શિષ્ય—હે ગુરૂ ! સંસારને કોણ હરે છે ?

ગુરૂ— નિજાત્મબોધ તે સંસારને હરે છે.

શિષ્ય—મોક્ષનો હેતુ કોણ ?

ગુરૂ—જે પ્રસિદ્ધ બોધ છે તે.

શિષ્ય—નરકનું દ્વાર શું છે ?

ગુરૂ—સ્ત્રી છે તે.

શિષ્ય—પ્રાણિયોને સ્વર્ગદાતા કોણ છે ?

ગુરૂ—અહિંસા

વિવેચન

સંસાર નિવૃત્તિનો ઉપાય કર્મોપાસન છે વા અન્ય છે ત્યાં ગુરુ કહે છે કે નિજાત્મબોધ છે તે; અર્થાત્ ‘ અહં-બ્રહ્માસ્મિ ’ એવું નિર્મળ જ્ઞાન થાય ત્યારે સંસાર ટળે છે, પણ પ્રથમ સંસાર તે શું ? એ સમજવાની અગત્ય છે અને

તે સમજાયા પછી નિજાત્મબોધ સમજાશે. પતિનું મન છે તે સંસાર છે. સ્ત્રી, પુત્ર, પુત્રી અને સમ્બન્ધી એ સંસાર નથી. એ બધાને ટાળવાં તો સુગમ છે, પણ અન્તરમાંથી ટળવાં બહુ કઠિન છે, જ્યારે મનુષ્ય મરણ પામે છે, ત્યારે ગમે તેવી સુખની અવસ્થા હોય પણ તેના મનમાંથી જ્યાં સુધી સંસાર ગયો નથી ત્યાં સુધી મુક્તિ થનાર નથી. મનમાંથી સંસાર ગયા વગર કોઇ કાષાય વસ્ત્રાદિ ધારણ કરીને વેશ બનાવે તો તેથી શું થયું ? કાંઇ જ નહિઃ અર્થાત્ જ્યાં સુધી મનમાંથી સંસાર ગયો નથી, એટલે કે મન વિરામ પામ્યું નથી, ત્યાં સુધી મોક્ષ થતો નથી કારણ કે જે વેશ તેજ સંસાર. વૈરાગી હશે તો સમ્પ્રદાય જોડશે, ગોસાંઈ હશે તો તેપણ તેમજ કરશે, શેવડો પણ તે પ્રમાણે અનુસરશે અને સંન્યાસી હોય અને સમ્પદાય બાંધે તો પછી તે સંસાર નહિ તો બીજું શું સમજવું ? જ્યારે ઘર-બારનો ત્યાગ કરીને ભેખ ધારણ કર્યો તો પછી સમ્પ્રદાય બાંધવાની શી અગત્ય છે ? ભેખ ધારણ કરીને પણ જો સ્ત્રી સંગ મળે તોપણ કરે; કારણ કે અન્તરમાંથી તે વાસના નિર્મૂળ થઇ નથી, માટે જ્યાં સુધી અન્તરમાંથી વાસના નિર્મૂળ થઇ નથી. અર્થાત્ વાસનાથી મન વિરકત થયું નથી, ત્યાં સુધી જે વેષ ધરે છે તે રૌખ નરકમાં પડે છે, માટે તે વાસનાને નિર્મૂળ કરવી જોઇએ છીએ. મહાત્મા શ્રી અષ્ટા-વક્રજી નિર્વેદાષ્ટક નામના પ્રકરણમાં કહે છે કે–

वासना एव संसार इति सर्वो विमुंचताः ॥
तत्त्यागो वासना त्यागो स्थितिरद्य यथातथा ॥

વિષયવાસના છે, ત્યાં સુધી સંસાર છે. એ વાસના પડી મુકવી એટલે આત્મનિષ્ઠા થાય અને ત્યારે સંસારનો ત્યાગ થાય, અને પછી જે સંસારમાં વર્ત્તવું તે પ્રારબ્ધ સમજવું. તે વિષે એક દૃષ્ટાન્ત છે કે—જેમ કોઇ વટેમાર્ગુ ચાલ્યો જતો હતો, તેને તરસ લાગી. ગ્રીષ્મઋતુના દિવસ, સૂર્ય મધ્યાહ્ન કાળનો માથા ઉપર આવેલો એટલે તે વટેમાર્ગુએ ઝાંઝવાનાં જળ દીઠાં તે જોઇ તરસ લાગેલી તેથી પ્રસન્ન થયો કે સરોવર કીનારે જઇ જળપાન કરીશ, સ્નાન કરીશ, વસ્ત્ર ધોઇશ તથા જો ત્યાં કોઈ પુરૂષ હશે તો સોબત થશે એવો વિચાર કરે છે; એટલામાં સામો એક પુરૂષ મળ્યો તેણે પુછયું કેમ ભાઇ ! શા વિચારમાં છો ? અને કેમ મકલાઓ છો ? ત્યારે પહેલા વટેમાર્ગુએ કહ્યું કે આ જળનું સરોવર દૃષ્ટિએ પડયું તેથી મકલાઉં છું. આ જળનું સરોવર એટલું સાંભળતાં જે સામો મળ્યો હતો તેણે માથું ધૂણાવ્યું, ત્યારે પહેલાએ પૂછયું કે તમે મસ્તક કેમ ધૂણાવ્યું ? ત્યારે સામાએ કહ્યું કે તમને જોઇને; કારણ કે ઝાંઝવાના જળ ઉપર આટલો સંકલ્પ કરો છો, તેથી ખરેખરા મૂર્ખ છો. એ તો જોવામાત્ર છે, પણ વાસ્તવિક રીતે સત્ય નથી.

આ પ્રમાણે જ્યારે પહેલા વટેમાર્ગુએ સાંભળ્યું ત્યારે તેને શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરતો તે સમ્યક જુઠું જણાયું. અને નિશ્ચય થયો કે જ્યાં સુધી સુર્યના કિરણો તપે છે ત્યાં સુધી તે પ્રમાણે જ દેખાશે.

આ દ્રષ્ટાન્ત ઉપરથી એમ સમજવાનું છે કે, સંસાર તે શું ? લક્ષચોરાશી અવતાર. તેમાં જન્મ તથા મરણ અને

સ્ત્રી, પુત્ર, દ્રવ્ય, ધાન્ય તથા વૈભવ એ સર્વ પોતાનાં માને છે. અને મનોરથ કરે છે કે જયારે પુત્ર મોટા થશે ત્યારે આપણું નામ રાખશે. તથા આ દ્રવ્યવડે પુત્રનો વિવાહ કરીશ. તે પુત્ર ગયા શ્રાદ્ધ કરશે, યજ્ઞ કરશે અને તેથી હું સ્વર્ગમાં જઇશ. ઇત્યાદિ અનેક સંકલ્પો કરે છે. તેનું નિજાત્મબોધ હરણ કરી લે, તે નિજાત્મબોધ તે શું ? તે કહું છું શિષ્ય, અધિકારી, સાધન, ચતુષ્ટય સંપન્ન થઇને ગુરુને શરણ જાય, ત્યારે ગુરુ મહાવાક્યનો ઉપદેશ કરે અને તે ઉપદેશથી જે જ્ઞાન-પોતાના સ્વરૂપનો બોધ થાય તે નિજાત્મબોધ કહેવાય, માટે જન્મ-મરણરૂપ સંસારના બન્ધનથી મુક્ત થવા માટે સદા યત્ન કર્યા જ કરવું જોઇએ. બોધ એ જ મોક્ષનો હેતુ એમ આગળ કહેલું છે, તો તેમાં એ સમજવાનું છે કે-તત તથા ત્વં અને અસિ એ ત્રણ પદનો ઉપદેશ કર્યો હોય તો ત્રણ પદનો વાચ્યાર્થ તથા લક્ષ્યાર્થ સમ્યક્ જાણે અને તત્ તથા ત્વમ્ એ બે પદનું વાચ્ય પડતું મુકીને બેનું લક્ષણ એક કરે અને પછી સમ્યક્ લક્ષણ જાણે તે મોક્ષનો હેતુ છે, અને તે જાણવા માટે સદ્ગુરુને શરણે જવું. ગુરુને શરણથી બોધ અને બોધથી મોક્ષ એટલે કે જન્મ-મરણ થતું નથી. તત્ અને ત્વમ્ એ બે પદનો અર્થ પરમાત્મા અને જીવ છે. અને અસિપદ એ બન્નેનો અભેદ જણાવે છે. ત્યાં કોઇ શંકા કરે કે ઇશ્વર સર્વજ્ઞ છે અને જીવ અલ્પજ્ઞ છે. તો તે બન્નેની એકતા શી રીતે થઇ શકે ? તો તેનો પ્રત્યુત્તર એ છે કે જીવમાં 'અહં' એ બુદ્ધિનું જાણવું તે ધર્મ છે અને ઇશ્વરમાં તે કોઇને દેખતો નથી એ ધર્મ છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન ધર્મોથી જીવાત્માનો પરમાત્માથી

વિરોધ થયેલો છે આ વિરોધ છોડીને તેના વિષયમાં ઉત્તમ પ્રકારથી વિચાર કરે. 'તત' અને 'ત્વમ્' એ પદોનો પ્રથમ કહેલા લક્ષણાનુસાર અર્થ લઇને એ બન્ને 'ઇશ્વર અને જીવ' ચૈતન્યરુપથી એક 'તત્' અને 'ત્વમ્' એ પદોના ઉદ્દિષ્ટ અર્થ છે, એમ જાણે. પછી પોતાનો આત્મા ચૈતન્યમય છે એમ સમજીને ચિદ્રુપમાં મળી ગયાના સમાન થાય, મૂળમાં તે બન્ને એક જ છે.

નારી છે તે નરકનું દ્વાર છે. સ્ત્રીઓમાં આસક્ત થવું એ જ નરકનો માર્ગ છે એ મુમુક્ષુએ જાણવું તેનો સર્વથા ત્યાગ કરે તો મોક્ષમાર્ગે જાય છે. નરકમાં જવાનું દ્વાર એક જ છે અને નીકળવાનું પણ તે જ છે. જેમકે કોઇ મોટો દુર્ગ છે, તેમાં જવાનું અને તેમાંથી બહાર નીકળવાનું એકજ દ્વાર છે. તેમાં બીજે રસ્તેથી જવાય કે નીકળાય તેમ નથી. તે પ્રમાણે જ નરકમાં જવાનું દ્વાર નારી છે. માટે જે પુરૂષ સ્ત્રીનો સંગ કરે છે, તે નરક છે અને તે સંગનો ત્યાગ કર્યો એટલે નરકમાંથી નિકળ્યો. માટે નરકનું સાક્ષાત્ સ્થાન જે સ્ત્રી તેનો સંગ રાખીને નરકને ટાળવાનો યત્ન કરે તે શી રીતે ટળે? બીજો રસ્તો જ નથી માટે નરકનું દ્વાર નારી છે એ માટે દત્ત ગીતામાં કહ્યું છે કે—

मद्यपाने महापाप नारी संगस्तथैवच्च ।

तस्मा द्वंद्वं परित्यज्य नतेद्य नरकं य ते ॥

મદ્યપાનમાં મોટું પાપ છે. તેમ જ સ્ત્રી સંગમાં પણ તેટલું જ પાપ છે. માટે તે બન્નેનો ત્યાગ કરવો કે જેથી નરકમાં પડવું [1]ન પડે. સ્વસ્ત્રીના સમાગમથી આટલો

---

૧ જે કોઇ ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તે છે અને અને પરસ્ત્રીમાં

દોષ તો પરસ્ત્રી ગામીનો કેટલો દોષ ગણાય. તેના તો પાપનો પાર જ નથી. શંકા કે જ્યારે સ્ત્રી નરકનું દ્વાર છે ત્યારે કુંવારા તો નરકમાં જતા જ નહિ હોય? સમાધાન કે–કુંવારાઓને તો ઘોર નરક છે; કારણ કે તેઓનું મન અખંડ પરણવામાં જ રહે છે. અને અહર્નિશ પારકી સ્ત્રીઓને તાકયા કરે છે માટે તે ઘોર નરક પામે છે તે માટે પરસ્વામીને મોક્ષ થવો કુંવારાઓને માટે મહાકઠિન છે માટે વગર પરણ્યે પણ રાજી થવું નહિ અને પરણીને સ્ત્રીનો ત્યાગ કરીને પણ રાજી થવું નહિ. જયારે સમ્યક્ બાહ્યાન્તરનો ત્યાગ થાય તો જ તે ખરો ત્યાગ છે. માટે મનથી સ્ત્રીનો ત્યાગ કરવો.

'અહિંસા સ્વર્ગદાતા છે' એ વિષે એમ સમજવાનું છે કે. અહિંસા તે સમભાવ, અને હિંસા એટલે વિષમભાવ, માટે પ્રાણીમાત્રની અહિંસા તે સ્વર્ગ દેનાર છે. જો આત્મા એક અનુભવ્યો હોય તો સર્વ પ્રાણીઓને વિષે સમભાવ રાખે અને જયારે આત્મા એક અનુભવ્યો તો પછી સ્વર્ગ તે વળી બીજું શું છે? અહિંસા એટલે સ્વર્ગના સુખને માટે પશુવધ કરે છે તો તે પશુ તો તત્કાળ સ્વર્ગમાં જાય છે અને તે પછી યજ્ઞકર્તા જાય છે. ત્યાં ગયા પછી તે પશુને અને યજ્ઞ કરનારને યુદ્ધ થાય છે, અને છેવટે ઘણાં દુઃખે અલ્પ સ્વર્ગનું સુખ ભોગવીને પુનઃ લક્ષચોરાશીમાં

માતૃબુદ્ધિ રાખે છે તે પણ બ્રહ્મચારી સમાન ગણાય છે. કાશીખંડમાં કહ્યું છે કે–પરદારાનો ત્યાગ અને સ્વદારામાં સન્તોષ અને ઋતુ કાળે જ ગમન કરનાર તે ગૃહસ્થી બ્રહ્મચારી કહેવાય છે. માટે આ પ્રમાણે અનુસરનાર ગૃહસ્થને બાધ આવતો નથી.

પડે છે. કહ્યુ છે કે–क्षीणेपुण्येमर्त्यलोकंविशंति–પુણ્ય ક્ષીણ થાય છે એટલે મૃત્યુ લોકમાં આવીને વસે છે. તે માટે કોઇ પ્રાણીમાત્રની હિંસા ન કરવી તે સ્વર્ગ દેનાર છે. અહિંસા એટલે કાયિક્, વાચિક્ અને માનસિક હિંસા કરવી નહિ. કહ્યું છે કે—

अहिंसापरमो धर्मो अहिंसापरमं तपः
अहिंसापरमं ज्ञान महिंसा परमागति ॥

અહિંસા એ પરમ ધર્મ છે, અહિંસા એ પરમ તપ છે, અહિંસા એ પરમ જ્ઞાન છે અને અહિંસા એ પરમ ગતિ છે. જેમ હાથિના પગમાં સર્વના પગ સમાઇ જાય છે, તેમ સર્વ ધર્મ અહિંસામાં સમાઇ જાય છે. અહિંસાના ચાર પ્રકાર છે, તે ગાય, બ્રાહ્મણ ઇત્યાદિને મારવા નહિ તે જાત્યા પરિછિન્ન હિંસા, તીર્થમાં કોઇને મારવું નહિ, તે દેશપરિછિન્ન હિંસા, ચતુર્દશ્યાદૌ કોઇને મારવાં નહિ તે કાળ પરિછિન્ન હિંસા અને બ્રાહ્મણોને માટે ભોજનાદિ સમય વગર કોઇને મારવું નહિં તે સમય પરિછિન્ન હિંસા કહેવાય છે. માટે અહિંસા છે તે સ્વર્ગનો આપનાર છે.

शेते सुखं कस्तु समाधि निष्ठो
जागर्त्ति कोवा सदसद्विवेकी ।
केशत्रवः संति निजेंद्रियाणि
तान्येव मित्राणि चितानिकानि ९

અર્થ.

શિષ્ય—હે ગુરૂ ! સુખે શયન કોણ કરે છે ?

ગુરૂ—જે સમાધિનિષ્ઠ છે તે.

શિષ્ય—જાગૃત કોણ છે ?

ગુરૂ—જે સદ્ અસત્ વિવેકી છે તે.

શિષ્ય—શત્રુ કોણ છે ?

ગુરૂ—પોતાની ઇન્દ્રિયો છે તે.

શિષ્ય—મિત્ર કોણ છે ?

ગુરૂ—ઇન્દ્રિયો જીતાણી એટલે તે જ મિત્ર છે.

વિવેચન

જે સમાધિનિષ્ઠ છે તે સુખે સૂવે છે. તે સમાધિ એક સવિકલ્પ અને બીજી નિર્વિકલ્પ એવી રીતે બે પ્રકારની છે, તેમાં સવિકલ્પ તે હઠની અને નિર્વિકલ્પ તે જ્ઞાનની છે; આ બે સમાધિમાં સુખ તો નિર્વિકલ્પક સમાધિમાં છે, અને સવિકલ્પક સમાધિમાં તો મહાક્લેશ છે. કેમકે મહાકષ્ટે પ્રાપ્ત થાય અને અને પ્રાપ્ત થયા પછી સર્વનો અભાવ થઈ જાય છે. આમ હોવાથી તે દુઃખરૂપ છે, અને નિર્વિકલ્પક સમાધિ સુખરૂપ છે. નિર્વિકલ્પક સમાધિ વિષે પંચદશીમાં કહ્યું છે કે—

ध्यातृ ध्यान परित्यज्य क्रमाद्ध्येयैक गोचरम् ।
निवात दीपवच्चितं समाधि रभिधीयते ॥

ધ્યાતા અને ધ્યાનને અનુક્રમે મૂકી દઈને, એક ધ્યેયજ

જેનો વિષય છે, એવું નિવાત દીપના જેવું ચિત્ત, સમાધિ કહેવાય છે. નિદિધ્યાસનની પરિપકવાવસ્થા તે સમાધિ, નિદિધ્યાસનનો અભ્યાસ વૃદ્ધિ પામતાં તેમાં ધ્યાતા ધ્યાન છે. તે ક્રમવાર મૂકાઇ જાય, અને તેની શુદ્ધિ રહે નહિ. અને 'તત્ત્વમસિ' એ મહાવાકયના અર્થથી નિઃસન્દેહ રહેલ બ્રહ્મ જે ધ્યેય છે તે ધ્યેય જ ચિત્તનો વિષય થઇ જાય અને તેમાં જ ચિત્ત સ્થિર થઇને પવન વગરના દીપકના જેવું થાય. શ્વાસોચ્છ્વાસ પણ સ્થિર થાય આવી ચિત્તની અવસ્થા તે સમાધિ કહેવાય છે. પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને આ વાત ગીતાજીના છઠા અધ્યાયના ૧૮ તથા ૧૯ મા શ્લોકમાં નિરુપણ કરી બતાવી છે કે—

यदावि नियतं चित्त मात्मन्ये वावतिष्ठते ।
निःस्पृहः सर्वं कामेभ्यो युक्त इत्युच्यते तदा ॥
यथादीपो निवातस्थोनेङ्ग ते सोपमास्मृता ॥
योगिनो यत चित्तस्य युञ्जतो योगमात्मनः ॥

જ્યારે વિશેષે કરી ચારેકોરથી રોકાયલું ચિત્ત આત્મામાં જ સ્થિર થઇ જાય છે, પણ કોઇ અન્ય એક વસ્તુ વા અન્ય વસ્તુ અને આત્મા બન્નેમાં નહિ. અને જ્યારે પરમાર્થી પુરૂષ મનોગત દ્રષ્ટ વા અદ્રષ્ટ સર્વ અભિલાષાઓની પ્રાપ્તિની તૃષ્ણાને છોડી દે છે, ત્યારે તે યુક્ત વા યોગી કહેવાય છે. જેમ વાયુરહિત સ્થળમાં બળતા દીપકની જ્યોતિ હાલ્યા ચાલ્યા વગર સીધી ઉપર બળ્યા કરે છે તેમ ચેતન શક્તિરૂપ આત્માને સમાહિત કરતાં મનને વશ કરવાવાળા યોગી પુરુષોની તે દીપ જ્યોતિની ઉપમા એટલે તુલ્યતા માનેલ છે.

યોગથી કરીને કેવળ વૃત્તિ શૂન્ય થયેલું અત્યન્ત અપરિણામી એવું ચિત્ત જ્યારે આત્માને વિષે જ સ્થિતિ કરે; અર્થાત્ આત્મરૂપ થઇ જાય, કેમકે બધું આત્મમય છે તેમાં ચિત્તની વૃત્તિઓને લીધે જ વિક્ષેપ સમજાય છે, તો જ્યારે વૃત્તિઓ શૂન્ય થઇ, ત્યારે તે આત્મમય છે તે આત્મમય જ જણાશે; એટલે કે ચિત્ત આત્માને વિષે સ્થિતિ કરીને આત્મરૂપ થઇ ગયું એમ કહેવાશે. વાસ્તવિક રીતે તો વૃત્તિ માત્રનો લય થવાથી આત્મા વગર અન્ય વિષય જ ચિત્તને રહેતો નથી; એટલે કે સર્વ આત્મમય અનુભવાય છે એ જ અસંપ્રજ્ઞાતની પરાકાષ્ટા છે. શ્રીકૃષ્ણે, ગીતાજીના અધ્યાય ૩ ના ૧૭ મા શ્લોકમાં અર્જુનને કહ્યું છે કે—

यस्त्वात्मरतिरेवस्यादात्मतृप्तश्चमानवः

आत्मन्येवचसंतुष्टस्तस्यकार्यंनविद्यते

જે (પુરુષ) આત્મસ્વરુપમાં જ આનન્દિત છે. અને આત્મસ્વરુપથી તૃપ્ત છે. આત્મામાં જ સન્તુષ્ટ છે તેને કાંઇ પણ કર્ત્તવ્ય નથી.

આ પ્રમાણે જ્યારે ચિત્તને આત્માને વિષે સ્થિતિ કરે ને એમ નિર્વૃત્તિક થાય એટલે કે સર્વ કામનાનો ત્યાગ કરે ત્યારે જ ખરો યોગ થયેલો ગણાય, અને તેવો થયે યુક્ત–યોગી કહેવાય. આવાં યુકત ચિત્તની કોની સાથે સમાનતા કરી શકાય? જેનું ચિત્ત આ પ્રમાણે યત છે, ને જે એ પ્રમાણે આત્મ સ્થિતિરૂપ યોગને નિરંતર યોજે છે એવા યોગીના આત્માને એવી ઉપમા આપી શકાય કે

તેનો આત્મા જરાપણ પવન ન આવતો હોય એવા નિવાત સ્થાનમાં મૂકેલા દીવાની જ્યોતિ જેવો સ્થિર છે. સ્થિર છતાં દીપવત્ પ્રકાશમાન્ છે. આ સ્થળે આત્મા શબ્દનો અર્થ ટીકાકારો અન્તઃકરણ અથવા ચિત્ત એમ કરે છે, પણ તેમ ન કરીએ તો પણ ચાલે, કેમકે જ્યારે અસંપ્રજ્ઞાત સમાધિથી ચિત્તનો કેવળ નાશ જ થઈ જાય છે. ત્યારે આત્મારુપ જ બધું એ પ્રકાશે છે એટલે શુદ્ધ આત્માને જ દીપજ્યોતિની ઉપમા અત્યંત સાર્થ છે. (કંઠોપનિષદ્‌માં કહેલા વિષયનું જ આ વ્યાખ્યાન છે.)

વળી વિચારથી જોઈએ તો જ્ઞાનનાં મુખ્ય અંતરંગ સાધન 'તત્વમસિ' આદિ મહાવાક્ય છે, શ્રવણાદિક પણ નથી; કેમકે યુક્તિથી વેદાન્ત વાકયના તાત્પર્યનો નિશ્ચય તે શ્રવણ. જીવ બ્રહ્મના અભેદની એકતા અને એ બેના ભેદનું જુદાપણું યુક્તિઓથી અદ્વિતીય બ્રહ્મનું જે ચિંતન તે મનન. અનાત્માકાર વૃત્તિના વ્યવધાન રહિત બ્રહ્માકાર વૃત્તિની સ્થિતિ તે નિદિધ્યાસન અને એ ત્રણેના દઢાભ્યાસથી સમાધિની સ્થિતિ સ્થિર રહી શકે છે, નિદિધ્યાસનની પરિપકવાવસ્થા તે સમાધિ છે, માટે સમાધિનો પણ નિદિધ્યાસનમાં અન્તરભાવ છે.

સવિકલ્પ સમાધિમાં આઠ અંગ છે અને નિર્વિકલ્પ સમાધિનાં અપરોક્ષાનુંભૂતિમાં પંદર અંગ કહેલાં છે.

यमोहि नियमस्त्यागो मौन देशश्च कालता ।
आसनं मूलबंधश्च देहसाम्यं च दृक् स्थितिः ॥

प्राणसंयमनं चैव प्रत्याहारश्च धारणा ।
आत्मध्यानं समाधिश्च प्रोक्तान्यंगानि वैक्रमात् ॥

યમ, નિયમ, ત્યાગ, મૌન, દેશ, કાળ, આસન, મૂલબન્ધ, દેહસામ્ય, દૃક્સ્થિતિ, પ્રાણસંયમન, પ્રત્યાહાર, ધારણ, આત્મધ્યાન અને સમાધિ આ પંદર અંગો ક્રમવાર કહેલાં છે.

સકળ જગત બ્રહ્મ છે, એ પ્રકારે નિશ્ચય કરીને સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો તે 'યમ' કહેવાય છે. તેનો અભ્યાસ વારમ્વાર કરવા યોગ્ય છે.

સજાતીય પ્રવાહ અર્થાત્ હું બ્રહ્મ છું, એ પ્રકારે જ્ઞાનનો પ્રવાહ અને વિજાતીય તિરસ્કૃતિ અર્થાત બ્રહ્મથી અતિરિક્ત સકળ સંસાર મિથ્યા છે, એ પ્રકારના જ્ઞાનને નિયમ કહે છે.

ચૈતન્ય સ્વરૂપ અવલોકન તત્ત્વને કરીને જે પ્રપંચનો અર્થાત ઘટપટાદિ નામથી વ્યવહૃત પદાર્થોનો ત્યાગ કરવો તે ત્યાગ કહેવાય છે. તેનો મહાત્માઓ મહાઆદર કરે છે, અને તે શીઘ્ર મોક્ષદાતા છે.

જેને વાણી અને મન પાસ થઇ શકતાં નથી અને યોગીલોકોને ઉપલબ્ધ હોય છે, એવા પરબ્રહ્મનુંજ નામ મૌન છે, પન્ડિતો તે બ્રહ્મનું હું બ્રહ્મ છું એ પ્રકારે અનુસન્ધાન કરે છે. જેને વાણી પ્રાપ્ત થઇ શકતી નથી તેનું વર્ણન કોણ કરી શકે? અર્થાત કોઇ નહિ. જો પ્રપંચનું વર્ણન કરવામાં આવે તો તે પણ શબ્દ રહિત છે; અર્થાત્ પ્રપંચમાં પણ સત્-અસત્ નાના પ્રકારના પદાર્થ જણાય છે, એ કાર-

ણથી પ્રપંચનું પણ વર્ણન થઈ શકતું નથી, તેથી તે પણ મૌન કહેવાય છે. એ મૌન સાધુપુરૂષોને સ્વભાવ સિદ્ધ હોય છે. બ્રહ્મવાદીઓ બાળકના મૌનને મૌન કહે છે.

જ્યાં આદિ, અન્ત અને મધ્યમાં ક્યાંય પણ જન ન હોય કે જે વડે નિરન્તર સંસારવ્યાપ્ત રહે તે દેશનું નામ નિર્જન દેશ છે સદા જનસૂન્ય સ્થાન જ યોગ સાધનને માટે ઉપયુક્ત છે.

જેના નિમેષ માત્રમાં બ્રહ્માદિ સર્વ ભૂતોની સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય થાય છે, એ કારણથી અખન્ડ, આનદસ્વરૂપ અદ્વય બ્રહ્મજ કાળશબ્દ કહેવાય છે.

જેમાં ઉત્તમ પ્રકારે સુખથી બ્રહ્મ વિચાર થાય તેને આસન કહે છે, તેનાથી અતિરિક્ત બ્રહ્મ વિચાર થતો નથી; એ માટે આસનથી અન્ય સુખકારક નથી, પણ સુખનાશક છે. તે આસન પદ્મ સ્વસ્તિકાદિક જાણવાં.

જેથી સિદ્ધ પુરૂષ સિદ્ધ કહેવાય છે. અને જેમાં સિદ્ધ પુરૂષ લીન રહે છે અને જે વિશ્વના અધિષ્ઠાન સ્વરૂપ અવ્યય છે, તે સિદ્ધાસન કહેવાય છે.

આકાશાદિ પંચભૂતોનું આદિકારણ અને જે ચિત્તકાગ્રયતાનું મૂળ છે તે મુળબન્ધ કહેવાય છે, તે મુળબન્ધ રાજયોગીયોને સદા સેવન કરવા યોગ્ય છે.

સર્વ પ્રાણિયોમાં સમદૃષ્ટિ કરીને જે સમાન બ્રહ્મમાં લીન થાય છે તે દેહ સામ્ય કહેવાય છે. શુષ્ક કાષ્ટની પેઠે, સમાન વસ્તુને સમતા કહેવાય નહિ.

દૃષ્ટિને જ્ઞાનમય કરીને, તે દ્રષ્ટિદ્વારા બ્રહ્મમય જે જગત્ તેને દેખે છે. તે દ્રષ્ટિ પરમોદાર મંગળની દેવાવાળી છે. નાસિકાના અગ્રભાગમાં જોવાને દ્રષ્ટિ કહેવાય નહિ; અથવા જેમાં દ્રષ્ટિ, દર્શન અને દ્રશ્યનો વિરામ થાય છે તેને પણ દ્રષ્ટિ કહેવાય છે, તે દ્રષ્ટિ કરવી યોગ્ય છે, નાસિકાના અગ્રભાગમાં જોવા માત્ર રૂપ જે દ્રષ્ટિ છે તે યોગ્ય નથી.

સિત્તને–આદિ લઇને સર્વ પ્રકારના પદાર્થોમાં બ્રહ્મભાવના કરી સર્વ પ્રકારની ઇન્દ્રિયોની વૃત્તિયોને જે રોકવી, તે પ્રાણાયામ કહેવાય છે. પ્રપંચનો નિષેધ અર્થાત મિથ્યાત્વને રેચક નામ પ્રાણાયામ કહે છે. એક બ્રહ્મજ સર્વરૂપ છે એવી જે વૃત્તિ છે, તે પૂરક પ્રાણાયામ કહેવાય છે. ત્યાર પછી નિશ્ચળતાથી એક બ્રહ્મજ સર્વ સ્વરૂપ છે, એવો નિશ્ચય થાય છે. તે કુમ્ભક, જ્ઞાનિયોને પ્રાણાયામ હોય છે. અજ્ઞાની પુરૂષ વાયુ રોકીને નાસિકાને દુઃખ દેવું તેને પ્રાણાયામ કહે છે.

સાવ વિષયોને વિષે આત્મત્વને જોઇને; અર્થાત્ સર્વ જગતને બ્રહ્મમય જોઇને અને ચૈતન્યસ્વરૂપ આત્મામાં ચિત્તને લગાડવું તે પ્રત્યાહાર કહેવાય છે. મોક્ષની આકાંક્ષા રાખવાવાળા પુરૂષોએ આ પ્રત્યાહારનો અવશ્ય અભ્યાસ કરવો યોગ્ય છે.

જ્યાં જ્યાં મન જાય, ત્યાં ત્યાં બ્રહ્મસ્વરૂપ દર્શન પૂર્વક જે મનને નિશ્ચળ કરવું છે તે સર્વોત્કૃષ્ટ ધારણ કહેવાય છે. સકળ બાધાઓને દૂર કરીને દેહાનુસન્ધાન પરિત્યાગ પૂર્વક સકળ બ્રહ્મમય છે, એ પ્રકારે જ્ઞાન કરીને જે બ્રહ્મસ્વરૂપ

અવલમ્બન કરીને સ્થિતિ કરવી એ આત્મધ્યાન કહેવાય છે, અને તે થવાથી પરમાનન્દની પ્રાપ્તિ થાય છે.

નિર્વિકાર ચિત્ત થઇને પોતાને બ્રહ્મસ્વરૂપ જ્ઞાનવડે સકળ પ્રપંચ ભાવનો પરિત્યાગ કરવો તે સમાધિ કહેવાય છે.

આ પ્રમાણે નિર્વિકલ્પ સમાધિવાળો સુખપુર્વક શયન કરે છે. અને તેના અનુભવને સમાધિવાળો જ જાણે છે. બીજા કોઇ જાણી શકતા નથી; કેમકે કાંઈ તેનાં પ્રત્યક્ષ ચિહ્ન નથી. સમાધિસ્થ બાહારની સર્વ ચેષ્ટાઓ કર્યા કરે છે, છતાં પણ સમાધી ઉતરતી નથી. જેમ ગાય ચરે છે, ચાલે છે, બહાર જાય છે, પાણી પીએ છે; તોપણ તેનું લક્ષ્ય વાછરડાંને વિષે તે જેમ નટ રમત કરતો હોય છે, ત્યારે કસરત નાના પ્રકારની કર્યા કરે છે; તોપણ તેનું લક્ષ્ય દોરડાં ઉપર હોય છે, વળી જેમ સ્ત્રી મસ્તક ઉપર પાણીનું બેડું ભરીને ચાલી જતી હોય, પોતાની સખીયો સાથે વાતો કરતી હોય, હાસ્ય કરતી હોય, તાળીયો લેતી હોય. રસ્તાના આવતા જતા લોકોને નિહાળતી હોય. પણ તેનું લક્ષ્ય બેડાંને વિષે હોય છે, તમે સમાધિવાળાનું શરીર સર્વ ક્રિયા કરે છતાં પણ તેનું લક્ષ્ય સમાધિમાં લાગ્યું રહે એવો સમાધિસ્થ સુખપુર્વક સૂતેલો સમજવો. અને તે વગર જે કોઇ સુવર્ણ અગર ચાંદીના રત્નજડીત પલંગ ઉપર રેશમી તળાઈઓ નાખી તે ઉપર દૂધના ફીણના સમાન સ્વચ્છ—શ્વેત ચાદર બિછાવી. અનન્ત વિષયનાં સુખ ભોગવે, પણ તેને સમાધિસ્થના સમાન સુખ નથી.

જાગતો કોણ છે એમ જે શિષ્યે પુછયું તેનો પ્રત્યુત્તર કે, જેણે સદ્—અસદ્નો વિવેક કર્યો તે જાગ્યો, સત્ તે આત્મા

અને અસત્ તે દેહ, આ પ્રમાણે જેણે આત્માને દેહથી ભિન્ન જાણ્યા તે જાણ્યો, ભગવદ્ગીતાના અધ્યાય ૨ જાના ૬૯ મા શ્લોકમાં કહ્યું છે કે—

यानिशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जागर्ति भूतानि सानिशा पश्य तो मुनेः ॥

સાંસારિક કાર્યોમાં આસક્ત બુદ્ધિ હોવાથી રાત્રિના જાગવાવાળા પ્રાણિયોની જે બ્રહ્મમુહુર્ત્ત-રાત્રિના ચોથા પ્રહર-રૂપ રાત્રિ છે. તે રાત્રિમાં જેની ઇન્દ્રિય અને ક્રિયા નિયત છે, તે અલૌકિક બુદ્ધિને પ્રાપ્ત પરીક્ષક પુરૂષ જાગે છે; અર્થાત નિદ્રા આલસ્ય અને પ્રમાદાદિનો ત્યાગ કરી, સચેત થઇ, ધર્માર્થાદિનું ચિન્તન અને ઇશ્વરની ઉપાસના કરે છે, અને પ્રથમની રાત્રિના ત્રણ પ્રહરમાં સાંસારિક કાર્યોમાં ફસાયલો પ્રાણી જાગે છે. તે જ્ઞાનરૂપ નેત્રથી ધર્માધર્મને જોતા નિયમ પુર્વક બહુજ થોડું બોલવાવાળા વા મોન રહેવાવાળા તપસ્વી પુરૂષની રાત્રિ છે.

આ શ્લોકનો બીજો આ પ્રમાણે પણ અર્થ થાય છે કે-જ્ઞાનીથી ભિન્ન સર્વ સાધારણ, કામ, ક્રોધ, લોભ, અને મોહાદિ દોષોમાં આસકત-લિપ્ત, સાંસારિક સુખ ભોગોને અભિલાષાઓમાં જ તત્પર અને ધર્મ સમ્બન્ધી કાર્યોથી વિરૂદ્ધ ચાલવાવાળા પ્રાણીઓની જે સત્-અસત, ધર્માધર્મ વા ઈશ્વર, જીવ, બન્ધન, મુકિત, જીવન. અને મરણાદિનો યોગ્ય વિવેક કરવારૂપ રાત્રિ છે. કે જેમાં સર્વ સાધારણ સૂતેલાં છે અને કાંઈપણ જેને સ્મરણ નથી કે અમારે શું કર્ત્તવ્ય છે ! તે સર્વનો રાત્રિમાં યોગ્ય વિચાર પૂર્વક નિય-

મમા ચાલવાવાળો પુરૂષ જાગે છે. તથા જે સ્ત્રી ધન પુત્રાદિ-રૂપ સાધનોને એકત્ર કરવારૂપ વા વિષય સુખભોગની ઉત્કંઠા-રૂપ રાત્રિમાં સર્વ સાધારણ પ્રાણી જાગે છે, તે સત્યાસત્યનો વિવેક કરવાવાળા પુરૂષની રાત્રિ છે; અર્થાત વિષયોની ભોગ-રૂપ રાત્રિમાં તે સૂતો છે.

સર્વ મનુષ્યોમાં એ પ્રત્યક્ષ છે કે, જે પ્રાતઃકાળરૂપ બ્રાહ્મમુહૂર્તની નિદ્રા અત્યન્ત પ્રબળ તથા પ્રિય હોય છે, તે સમય ઘણું કરીને લોકોનું ચિત્ત ઉઠવા ઇચ્છતું નથી. જે નગર વા ગ્રામ-આદિમાં ચોર-આદિથી પ્રજાની રક્ષા કરવાને માટે રાત્રિમાં ચોકીદાર ફરે છે, તેઓ પણ બ્રહ્મમુહુર્ત્તમાં સૂવે છે, અર્થાત આ પ્રકારે વિચારીને જુએ તો સામાન્ય બુદ્ધિથી રાત્રિના ચોથા પહોરમાં પ્રાયઃ સર્વ સૂવે છે. કોઇ સ્વાર્થ સમ્બન્ધી કાર્યોમાં આસકત બુદ્ધિવાળા જેઓને પ્રાતઃકાળમાં ઉઠવાનો અભ્યાસ છે, તેઓ સૂતેલાઓમાં શ્રેષ્ઠ છે. અને જે ધર્મ ઉપાસ્ય વા પરલોકનો વિચાર કરવાને માટે નિયમ પૂર્વક બ્રહ્મમુહૂર્તમાં જાગે છે, તે સર્વથી શ્રેષ્ઠ છે. અથવા બ્રહ્મમુહૂર્ત્તનો પણ કાંઇ નિયમ નથી પણ રાત્રિએ જ્યારે સર્વ પ્રાણી સૂવે છે, ત્યારે ચિત્તમાં વિઘ્ન નાખવાવાળા શબ્દાદિ ઉપદ્રવ રહિત દેશ વા કાળમાં યોગી ઓમ્‌પદવાચ્ય પરમેશ્વરમાં ચિત્તને યુકત કરે. તે સમય શબ્દાદિથી ઉપદ્રવ ન થવાને લીધે યોગની પ્રવૃત્તિ થવી ઉચિત્ છે, અને પક્ષા-ન્તરમાં જોઇએ તો લોકમાં બે પ્રકારના પુરૂષો છે. એક દેવ અને બીજા અસુર, દેવલોક ધર્માધર્મનો વિવેક કરી ધર્મ-માં જ રમણ કરે છે અને સદા વિચાર છે કે હું કોણ છું? શી રીતે ઉત્પન્ન થયો ? કોણે ઉત્પન્ન કર્યો ? ઉપાસ્ય ઇશ્વર

અને ઉપાસક જીવાત્મા કોણ છે ? ઇત્યાદિ પ્રકારથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિને માટે પ્રતિદિવસ જાગે છે. બીજા પ્રકારના અસુરલોક પોતાના પ્રાણના પુષ્ટિકારક વ્યવહારમાં જ રમે છે. તે ધર્માદિકના વિચારથી પતિત થયેલા સૂવે છે તેમાંથી દેવોની સ્વાર્થ સાધનરૂપ રાત્રિ છે તેમાં દેવતાઓ-વિવેકી મનુષ્યો સૂવે છે અને એ રાત્રિમાં અસુર જાગે છે, અને પરમાર્થ સિદ્ધ વા ધર્મનું ઉપાર્જન કરવારૂપ અસુરોની રાત્રિ છે તેમાં તે સૂવે છે, અને દેવતાઓ તેમાં જાગે છે. આ પ્રકારે બે પ્રકારનાં મનુષ્યોમાં બે પ્રકારની રાત્રિ અર્થાત અન્ધકાર છે.

આ પ્રમાણે મુમુક્ષુએ સ્થિર બુદ્ધિ થવા માટે ઇન્દ્રિય નિગ્રહ કરવો એમ કહ્યું, તો તેમ કરતાં ગુરૂ શાસ્ત્રાદિથી હું બ્રહ્મ છું એ સાક્ષાત્કાર થયો; એટલે ઇન્દ્રિય, મનાદિ સર્વ નિગૃહીત થઇ રહેવાનું, તેવા જ્ઞાનીને સકળ અવિદ્યા કાર્યનો નાશ થઇ જ્ઞાનમાત્ર જ પ્રકાશવાનું. જે પરમજ્ઞાન-બ્રહ્મસાક્ષાત્કાર-ને સર્વ લોક, પ્રકાશરુપ છતાં પણ ઘૂવડના સમાન જોઇ શકતાં નથી. જે તેઓના મનથી રાત્રીરૂપ છે. તેમાં એટલે કે તે રાત્રિમાં -જ્ઞાનીઓ જાગૃત છે, તેમને મન તે દિવસ છે. અવિદ્યાનો નાશ થયો એટલે બ્રહ્મસાક્ષાત્કાર સર્વદા સિદ્ધ થઇ દિવસરૂપ, પ્રકાશરુપ છે. અને જેને વિષે ભૂતમાત્ર જાગતાં ફરે છે; અર્થાત્ અવિદ્યા અને તેના કાર્યમાં અથડાયા કરે છે, તે ભૂતમાત્રનો દિવસ, જ્ઞાનીની બ્રહ્મદેવતા છતાં પણ રાત્રિ છે; અર્થાત જ્ઞાનીને તે અવિદ્યા સમૂળથી નષ્ટ થયેલી હોવાથી છે જ નહિ.

આત્મા નિત્ય મુક્ત, સત્ય, અજ, અવ્યય, અનન્ત, અજર, અમર, અભેદ્ય, અછેદ્ય, અક્ષર અને અનાકાર ઇત્યાદિ આત્માનાં અનન્ત નામ છે, માટે દેહ તે અસત્ય અને આત્મા સત્ય છે. દેહની તો શિશુ, કુમાર, યુવા અને વૃદ્ધા એવી ચાર અવસ્થા છે અને તે ષટ્વિકારને પામે છેઃ એટલે કે જનમે છે, વૃદ્ધિ પામે છે, ઘટે છે, વિપરીત થાય છે, અને નાશ પામે છે. આ પ્રમાણે ષટ્વિકારયુક્ત છે એટલું જ નહિ પણ પ્રપંચનો પહાડ, વિકારનો નિધિ, અને અનર્થનું મૂળ ઇત્યાદિ અનેક અવગુણયુક્ત છે. માટે જેણે આત્માને દેહથી ભિન્ન જાણ્યો; એટલે કે સત્ય તે આત્મા અને અસત્ય તે દેહ એમ જ્ઞાન જેને થયું છે, તે જગતમાં જાગૃત છે. અને જે આત્મા અને દેહને એક જાણે છે તે ઘોર નિદ્રામાં સૂનો છે. માટે ઉંઘવું તે અજ્ઞાન છે, અને જાગૃત થવું તે જ્ઞાન છે. અપરોક્ષાનુભૂતિમાં લેખ છે કે-

आत्मा विनिष्फलो ह्येको देहो बहुभि रावृतः ।
तयो रैक्यं प्रपश्यंति किमज्ञानमतः परम् ॥

(આત્મા વિનિષ્કળ અર્થાત અવયવહીન છે. એ કારણથી એક છે. અને દેહ બહુ જ અવયવોથી બનેલો છે; તો પણ સાંસારિક બન્ધનમાં ફસાયલા પુરૂષ આત્મા અને દેહની ઐક્યતા કરીને વ્યવહાર કરે છે, એથી અધિક બીજું શું અજ્ઞાન હશે ?

આત્મા જાગ્રત-આદિ ત્રણે અવસ્થામાં વર્ત્તનારો હોવાથી ત્રણે અવસ્થાઓના ભાવનો તથા તેમના અભાવનો સાક્ષી છે, તે તત્ પદ તથા ત્વં પદ બંનેનો લક્ષ્ય અર્થ

છે, તે નિરવયવ છે, જો સાવયવ હોય તો ઘડા—આદિના સમાન તેનો પણ નાશ સમ્ભવે. 'બ્રહ્મ એક તથા અદ્વિતીય છે, એમ શ્રુતિ કથે છે. માટે તે એક છે, લિંગદેહ કે જેને સૂક્ષ્મ શરીર કહે છે તે તેવું નથી. એતો સત્તર તત્વના સમૂહરૂપ છે. લિંગ શરીરનું કારણ અજ્ઞાન નાશ થવાથી તે નાશ પામે છે. જો લિંગ શરીર નિરવયવ હોય, તો તેની જ્ઞાન થકી નિવૃત્તિ ન થવાથી કોઇ દિવસ મોક્ષ જ થઈ શકે નહિ; માટે આત્મા તથા લિંગ શરીર તેજ તેમના સદૃશ અત્યન્ત વિલક્ષણ છે છતાં તાર્કિક આદિ બન્નેને એક જ માને છે એ તેમનાં વિપરીત આદર્શથી બીજું અજ્ઞાન કયું ? એક અજ્ઞાન છે. વિપરીત જ્ઞાનની ઉત્પત્તિ અજ્ઞાન વગર થતી નથી, માટે તેનું મૂળ કારણ અજ્ઞાન છે.)

आत्मा ज्ञानमयः पुण्यो देहो मांस मयो शुचिः ।
तयोरैक्यं प्रपश्यंति किमज्ञान मतः परम् ॥

આત્મા જ્ઞાનમય છે, પવિત્ર છે. અને દેહ માંસ, રૂધિર અસ્થિ અને ચરબી ઇત્યાદિકોથી બનેલો છે. એથી અપવિત્ર છે; તો પણ સંસાર બન્ધનમાં ફસેલો અજ્ઞાની પુરૂષ દેહ અને આત્માની સમતા કરીને વ્યવહાર કરે છે, એથી અધિક બીજું શું અજ્ઞાન હશે ?

आत्मा नित्यो हि सद्रुपो देहो नित्यो ह्यसन्मयः ।
तयो रैक्यं प्रपश्यंति किमज्ञान मतः परम् ॥

આત્મા નિત્ય છે; અર્થાત્ આદિ, મધ્ય અને અન્ત રહિત છે. એ માટે સદ્રૂપ છે; અર્થાત્ સદા એક રસ છે.

અને દેહ અનિત્ય છે; અર્થાત્ ઉત્પન્ન થઈને બાળક થાય છે, યુવા થાય છે, વૃદ્ધ થાય છે, રોગી થાય છે અને સુખ દુઃખથી ગ્રસિત હોય છે. અને અસત્—નાશવાન્ છે; તો પણ સંસારી પુરુષ દેહ અને આત્માની સમતા કરી વ્યવહાર કરે છે, માટે એથી અધિક બીજું શું અજ્ઞાન હશે ?

આ પ્રકારે આત્મા અને દેહ ભિન્ન છે, તેને યથાર્થ જાણવું તે જાગવું; અર્થાત્ જાગવું તે જ જ્ઞાન એ માટે અપરોક્ષાનુભૂતિમાં કહ્યું છે કેઃ—

ब्रह्मैवाहं समः शान्तः सच्चिदानन्द लक्षणः
नाहं देहो ह्यसद्रुपो ज्ञान मित्युच्यते बुधैः ॥

હું સમ અર્થાત્ સર્વમય પ્રકાશ દ્વારા છું, શાન્ત છું; અર્થાત્ નિર્વિકાર છું. ત્રણે કાળમાં વિદ્યમાન્, ચૈતન્ય સ્વરૂપ આનન્દમય સ્વરૂપ બ્રહ્મ છું. નાશવાન્ દેહ હું નથી. આ પ્રકારના જ્ઞાનને પંડિતો તત્ત્વજ્ઞાન કહે છે.

(હું-હું એવો શબ્દ, તથા હું એવી પ્રતીતિનો વિષય પ્રત્યેક્ આત્મા બ્રહ્મ જ છું. મારી સત્તા તથા પ્રકાશ વડે સર્વ વસ્તુઓને વિષે સ્થિત છું. સર્વ ઉપાધિયોથી મુક્ત હોવાથી વિક્ષેપ આદિ સર્વ વિકાર રહિત છું, તથા અસત્, જડ તથા દુઃખ એ વિરોધી અંશોનો ત્યાગ કરી ભાગ ત્યાગ લક્ષણાવડે મારૂં સ્વરૂપ જાણી શકાય છે.

વિધિદ્વારા તથા નિષેધદ્વારા આત્માનું સ્વરૂપ જાણી શકાય છે. ' આત્મા સત્ય છે, ચૈતન્ય સ્વરૂપ છે ' ઇત્યાદિ વિધિ છે. હવે નિષેધરૂપ દ્વાર શ્લોકના ત્રીજા ચરણવડે કહે છે.

નાહં ઇત્યાદિ. હું અહં શબ્દ તથા અહં એવી પ્ર-

તીતિનો આશ્રય સ્થૂળદેહ નથી. તેમ પ્રાણ ઇન્દ્રિયાદિ પણ હું નથી; કારણ કે તેઓ મિથ્યા છે. હું તો બ્રહ્મ છું. ઇત્યાદિ મહાવાક્યથી થયેલી અખંડ બ્રહ્માકાર વૃત્તિને વિવેકી પુરૂષો જ્ઞાન કહે છે; એથી અન્ય સર્વ વિચારને જ્ઞાનાભાસ કહે છે.)

निर्विकारो निराकारो निरवद्यो हमव्ययः।
नाहंदेहो ह्यसःद्रुपो ज्ञान मित्यु च्यते बुधैः ॥

હું નિર્વિકાર છું; અર્થાત્ સદા એકરૂપ છું. નિરાકાર; અર્થાત્ કોઈ મારો આકાર નથી. હું નિરવદ્ય છું; અર્થાત્ આધ્યાત્મિક્; આધિદૈવિક્ અને આધિભૌતિક્ એ ત્રણ તાપો થકી રહિત છું અને અવિનાશી છું. નાશવાન્ દેહ નથી. એ પ્રકારના જ્ઞાનને પંડિતો તત્વજ્ઞાન કહે છે.

હું પ્રત્યેક્ અને આત્મા, જન્મ–આદિ વિકારો રહિત છું. કારણ કે જન્મ–આદિ વિકાર શરીરના ધર્મ છે. હું શરીર આદિ આકાર રહિત છું; માટેજ વાત, પિત્તાદિ દોષથી થયેલા અધ્યાત્મ, અધિભૂત તથા આધિદૈવ એ ત્રિ-વિધ તાપ રહિત છું, તથા ક્ષય રહિત છું. હું મનુષ્ય છું, એવી પ્રતીતિ થાય છે; માટે આત્મા નિરાકાર શી રીતે !

છીપમાં રુપાનું જ્ઞાન જેમ ભ્રાન્તિરૂપ છે, તેમ 'હું મનુષ્ય છું' એ પણ ભ્રાંન્ત છે; કારણ કે હું 'બ્રહ્મ છું.' એવા જ્ઞાનથી 'હું મનુષ્ય છું' એ જ્ઞાન અસત્ય થાય છે. માટે હું આ મિથ્યા દેહરુપ નથી, એવા નિશ્ચયને વિદ્વાનો જ્ઞાન કથે છે.

પોતાની ઈન્દ્રિયોજ શત્રુ છે એમ કહ્યું, તે પોતાની જ

શ્રોત, ત્વક્ ચક્ષુ, જીહ્વા અને ઘ્રાણ તથા વાણી, હાથ, પગ, પાયુ અને ઉપસ્થ એ કર્મેન્દ્રિયો વિષયમાં જ આસકત થાય છે તે શત્રુ છે. શ્રેય માર્ગમાં વિઘ્ન કરનાર છે, માટે તે ઇન્દ્રિયોને વશ્ય કરી મનને જીતવાનો યત્ન કરવો જોઇએ. શ્રી ગીતાજીમાં ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રે અર્જુનને અધ્યાય બીજાના ૬૦ મા શ્લોકમાં કહ્યું છે કે—

यततो ह्यपि कौंतेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥

હે કૌંતેય ! મહા પ્રયત્ન કરતાં છતાં પણ બુદ્ધિમાન્ જ્ઞાનીના મનને, સર્વને મથી નાખનાર ઇન્દ્રિયો બળાત્કારે અવળે માર્ગે ખેંચી જાય છે.

ઇન્દ્રિયો બળવાન્ છે. તે મનને પરાણે હરે છે, માટે ઇન્દ્રિય ભોગેચ્છા કરે ત્યારે મન ત્યાં આકર્ષાય અને મનનું આકર્ષણ થતાં જીવનું આકર્ષણ થાય છે, અને તેમ થવાથી સંસારથી પાર થવું મહા અશકય છે.

જેમ કોઈ વ્યાપારી વાહાણમાં કેટલોએક માલ ભરીને બીજે બંદરે જવા નિકળ્યો, જેવો તે નાળમાંથી બાહાર નિકળે છે કે, તુરતજ તેના કીનારે લોહચુમ્બ પત્થર પડેલો હોવાથી, તેને જોતાંજ વાહાણના ખીલા તે તરફ ખેંચાયા, ખીલાઓનું ખેચાવું થતાં પાટીઆઓ પણ ખેંચાયાં, પાટીઆં તણાંતા તે માંહેનો સર્વ માલ અને તેનો ધણી પણ તણાયો. આ ઉપરથી આ સ્થળે એમ સમજવાનું છે કે-સમુદ્ર કહ્યો તે સંસાર સમજવો, વાહાણ તે દેહ, અને ખીલા તે ઇન્દ્રિયો, પાટીઆં તે મન, માલ એટલે જ્ઞાન—વિજ્ઞાન અને ધણી

એટલે જીવ અને ચમક પત્થર તે ઈન્દ્રિયોના ભોગ. જ્યારે ઇન્દ્રિયો ભોગને નિરખે છે, કે તુરતજ તે તરફ તણાય છે. અને ઇન્દ્રિયો આકર્ષાયાથી ક્રમવાર સર્વ આકર્ષાય છે; માટે જ્ઞાન સમ્પાદન કરવામાં ઈન્દ્રિયોજ શત્રુ છે. શ્રી સદાશીવજીએ શ્રી પાર્વતીજીને કહ્યું છે કે—

वंचिता शेष वित्तै स्तै नित्यं लोको विनाशितः ।
हा हंत विषयाकारै र्देहस्थेंद्रिय तस्करैः ॥

શોચનિય વાર્ત્તા છે કે,—વિષયોદ્વારા જ્ઞાનરૂપી ધનને દેહમાં રહેલ ઇંન્દ્રિયોરૂપી ચોર, લોકનો નાશ કરે છે. સમજવાનું એ છે કે—પુરૂષે અપરિમમિત ધન સમ્પાદન કર્યું હોય, અને તેને જાળવવાને અહર્નિશ યત્ન કરે છે કે રખેને કોઇ લઇ ન જાય, અને તે જાળવવા માટે પુષ્કળ યત્નો કરે છે, પણ વાસ્તવિક જે ધન વડે ભવસાગરમાં પુનઃ આવાગમન થતું નથી, એવાં અમૂલ્ય જ્ઞાનરૂપી દ્રવ્યને ઇન્દ્રિયોરૂપી શત્રુ નાશ કરી નાખે છે, તેને અજ્ઞાનતાથી જાણી શકતો નથી. કહ્યું છે કે—

मांसलुब्धो यथा मत्स्यो लोहशंकुं न पश्यति ।
सुखलुब्ध स्तथा देही यमबंधं न पश्यति ॥

જેમ મત્સ્ય માંસના લોભથી લોઢાના કાંટાને દેખતો નથી, તેમ સુખમાં લુબ્ધ થયેલો મનુષ્ય યમરાજના પાશને જોતો નથી. આ ઉપરથી સમજવાનું એ છે કે, જેમ માછલું માંસના લોભથી મરણ પામે છે; તેમ ઇન્દ્રિયો પણ વિષય ભોગના લોભથી, જ્ઞાન સમ્પાદન ન કરતાં પુનઃ પુનઃ જન્મ-મરણનાં અસહ્ય દુઃખને પામે છે, માટે ઇન્દ્રિયો છે તે જ મહાન્ શત્રુ છે.

મન, અને ઇન્દ્રિય જો જીતાય, તો તે જ મિત્ર છે. માટે મુમુક્ષુએ મહત્ પ્રયાસ વડે કરીને પણ તેનો જય કરવો. શ્રી ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણે, અર્જુનને અધ્યાય ત્રીજાના ૪૧ મા શ્લોકમાં કહ્યું છે કે—

तस्मात्त्व मिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञान नाशनम् ॥

હે ભરતર્ષભ ! તે માટે તું પ્રથમ ઇન્દ્રિયોને નિયમીને, જ્ઞાનવિજ્ઞાનનો નાશ કરનાર આ પાપીને હણ; અર્થાત્ તું પ્રથમ ઈન્દ્રિયોને કબ્જે કરીને, વિષયો તરફની ઇન્દ્રિયોની પ્રવૃત્તિને નિયમમાં લાવ. પ્રથમ ઇન્દ્રિયોનો નિયમ કરી, પછી મન તથા બુદ્ધિ–આદિનો પણ કરવો. જ્ઞાન એટલે પરોક્ષજ્ઞાન અને વિજ્ઞાન એટલે અપરોક્ષ જ્ઞાન તે બન્નેનો નાશ કરનાર કામરૂપી શત્રુને, પ્રથમ ઇન્દ્રિયોને, અને પછી મન આદિનો નિગ્રહ કરીને હણ્ય. માટે ઈન્દ્રિય દશ અને અગ્યારમું મન જીતાય તો તે જ મિત્ર છે. જેમ કોઇ રાજા અન્ય દેશ જીતવાને જાય, ત્યારે સામે લડવાવાળો રાજા જો પરાજય પામે, તો તેની તરફના લોકો પણ જય મેળવનારને માન આપે છે, માટે જેમ સૈન્યમાં મુખ્યઆધાર રાજા ઉપર છે. શતરંજની રમતમાં પણ જેમ પાદશાહ કેદ થયો, તો રમત પૂર્ણ થઈ ગઇ; તેમ જો મુખ્ય એવું જે મન છે તે જો કબ્જે થાય, તો ઇંદ્રિયો એની મેળેજ વશ્ય થઇ જાય છે. માટે વિશેષાધાર મનને વશ્ય કરવા ઉપર છે. મન વશ્ય થવાથી ઇન્દ્રિયો મિત્રના સમાન આચરણ કરે છે. શ્રવણેન્દ્રિય અખન્ડ ઈશ્વરને સાંભળે

છે. હાથ હરિજનની સેવા કરે છે. પગ પ્રદક્ષિણા કરે છે. નેત્ર દર્શન કરે છે. મન સ્વરૂપનો સંકલ્પ કરે છે. બુદ્ધિ બ્રહ્મવિચાર કરે છે. ચિત્ત અચ્યખન્ડ સ્વરૂપને ચિન્તવે છે, અને અહંકાર બ્રહ્માભિમાનને ધારણ કરે છે; માટે મનનેજ જીતવાની આવશ્યક્તા છે. જો મન જીતાય નહિ તો સર્વ ઇન્દ્રિયો અવળે માર્ગે અનુસરે છે. જેમ કોઇ વ્યાપારી પુષ્કળ માલ લઈને ચાલ્યો જાય છે, તેને રસ્તામાં કોઇ ઠગ મળે તે મનમાં વ્યાપારીનો ઘાટ ઘડવાનું ધારે, એટલામાં તો તે બન્નેને, એટલે કે વ્યાપારીને અને ઠગને ઓળખનારો ત્રીજો આવી ચડે, તે ત્રીજો સારો માણસ હોવાથી વ્યાપારીને એકાન્તમાં ઠગની રીતભાત માટે જાણીતો કરે; એટલામાં ઠગ સમજી જાય કે, આણે મારી વાર્ત્તા કહી; માટે હવે જો તેને બીજો કોઇ કદાચ વ્યથા કરશે; તોપણ મારા ઉપર પડશે, માટે તે તોહોમતમાંથી મુક્ત થવા માટે તેને સહીસલામત સામા ગામ સુધી પહોંચાડવો જોઇએ. આ પ્રમાણે આપણે વ્યાપારી, ઇન્દ્રિયો તે ઠગ અને સદ્ગુરુ એ બન્નેને ઓળખનાર છે. માટે જ્યારે આપણને સદ્ગુરુ દ્વારા જ્ઞાન થાય કે ઇન્દ્રિયોજ આપણી શત્રુ છે, અને તેમ જ્યારે નિશ્ચય થાય તોજ સુખ થાય છે, માટે ઇન્દ્રિયો જીતાય તોજ તે મિત્ર છે.

कोवा दरिद्रो हि विशाल तृष्णाः
श्रीमांश्चको यस्य समस्ति तोषः ।
जीवन्मृतो कस्तु निरुद्यमो यः
कोवाऽमृतास्या त्सुखदा निराशा ॥ ५ ॥

અર્થ.

શિષ્ય—દરિદ્રી કોણ?
ગુરુ—વિશાળ તૃષ્ણાવાળો તે.
શિષ્ય—લક્ષ્મીવાળો કોણ?
ગુરુ—જે સન્તોષી છે તે.
શિષ્ય—જીવતે મૂવો કોણ?
ગુરુ—નિરુદ્યમી જીવતે મૂવો છે.
શિષ્ય—અમૃત સમાન સુખદાતા કોણ છે?
ગુરુ—નિરાશા અમૃત સમાન સુખદાતા છે.

વિવેચન.

દુષ્ટ વિષય ભોગની તૃષ્ણાવાળો દરિદ્રી છે. તૃષ્ણા મહામોહદાયિની, ભયકારિણી, અને વિપલતારુપ છે. જેમકે પોતાની પાસે દ્રવ્ય છતાં પણ બીજા પાસેથી સમ્પાદન કરવાની ઇચ્છા કરવી અને મુદલમાં વ્યાજ વગેરેથી વધારો કરવો તે તૃષ્ણા છે. આથી અધિક તૃષ્ણાવાળો દરિદ્રી છે. અને તેને કંગાળના સમાન જાણવો. જે પોતાનો ચરિતાર્થ ચાલી શકે તેટલું પોતાની પાસે છે છતાં પણ વિશેષ દ્રવ્ય સમ્પાદન કરવાની ઇચ્છાથી પ્રભાતે ઉઠીને ધંધાને વશ્ય થાય તેજ દરિદ્રી, તેજ મૂર્ખ અને તેજ પશુસમાન છે. જેમકે—એક કીડી કેટલાક ચોખાના દાણા, તથા ગોળ દરમાં તાણી લાવી તેનો તો ઉપયોગ હજી કર્યો નથી; એટલામાં તો મરણ પામેલી માંખને તાણવા ગઈ; તેટલામાં

કોઇ લઘુશંકા કરતો હતો તેમાં તે તણાઇ. તેમાંથી જેમ તેમ કરીને બચીને પણ માંખને લેવા ગઇ, પણ દર પાસે આવી નહિ. એ ઉપરથી સમજવાનું એ છે કે-કોઇના ઘરમાં સર્વ ષટ્રસ સમ્પૂર્ણ ભરેલા છે છતાં તેનો ઉપયોગ ન કરતાં નવીન રસ સમ્પાદન કરવા જાય છે, અને મહા દુઃખ પામે છે; તો પણ પાછો વળતો નથી એવો જે મનુષ્ય છે તે મનુષ્ય નહિ પણ કીડીના સમાન છે. અને તે મહાતૃષ્ણા કહેવાય છે. અને તે દરિદ્રી છે. બ્રાહ્મણે તો તેવી તૃષ્ણાનો ત્યાગ જ કરવો જોઇએ. ચાણાકયે કહ્યું છે કે-

असंतुष्टा द्विजानष्टाः संतुष्टाश्च महीभुजः
सलज्जा गणिकानष्टा निर्लज्जाच कुलांगना ॥

અસન્તોષી બ્રાહ્મણ, સન્તોષી રાજા, લાજયુક્ત ગણિકા અને નિર્લજ્જ કુલાંગના એ નષ્ટ છે; એટલે કે બ્રાહ્મણ અસન્તોષી છે, તે નાશ પામેલો જ છે. રાજા, જે હોય તેમાં જ સન્તોષ રાખી અન્ય દેશ જીતવા ઇચ્છા કરતો નથી, તો તે નાશ પામેલો છે. ગણિકા લાજવાળી હોય, તો તે નાશ પામેલી છે અને પરણેલી સ્ત્રી જો નિર્લજ્જ હોય, તો તે પણ નાશ પામેલી જ સમજવી. માટે બ્રાહ્મણે તો જો એક દિવસનું અનાજ ઘરમાં હોય, તો અન્ય ધંધા પ્રત્યે લક્ષ ન રાખતાં ઇશ્વરાધના કરવી અને જો ખાવાનું ન હોય તો એક પ્રહર ઇશ્વર ભક્તિમાં વ્યતીત કરી, પછી ઉદર નિમિત્તે ધંધો કરવો જોઇએ. આ પ્રમાણે શાસ્ત્રની આજ્ઞાનું જે પાલન ન કરે તે અધમાધમ છે. માટે વિશાળ તૃષ્ણા યુક્ત જે છે, તે દરિદ્રી છે.

જેને સંતોષ છે તે લક્ષ્મીવાન્ છે—જે પુરૂષને સમ્યક્ તોષઃતૃપ્તિ છે તે શ્રીમાન્ છે, જેણે ઘણું અન્ન ભર્યું હોય, તે અન્નને ઈચ્છતો નથી. જેની પાસે પુષ્કળ વસ્ત્રો છે તે વસ્ત્રને ઇચ્છતો નથી, અને અગણિત દ્રવ્ય છે તે દ્રવ્યને ઈચ્છતો નથી. તેની વ્યાવહારિક પક્ષે સંતોષીમાં ગણના થાય છે, પણ જેની પાસ કાંઇ પણ નથી છતાં પણ કોઈ પદાર્થની ઇચ્છા ન કરે તે ખરેખરો સંતોષી છે. સંતોષના સમાન એક પણ સુખ નથી, અને અસંતોષના સમાન એકે દુઃખ નથી. બ્રાહ્મણને તો સંતોષ સુખ સાથે પવિત્રતા આપનાર છે. ચાણાકયે કહ્યું છે કે—

शुचि भूमि गतं तोयं शुचिर्नारी पतिव्रता ।
शुचिः क्षेमकरो राजा संतोषी ब्राह्मणः शुचिः ॥

પૃથિવી ઉપર વહેતું પાણી પવિત્ર છે, પતિવૃતા સ્ત્રી પવિત્ર છે. ક્ષમાવાન્ રાજા પવિત્ર છે અને સંતોષી બ્રાહ્મણ પવિત્ર છે. માટે સંતોષ છે તેજ સુખ છે, અને તેજ શ્રીમાન્ છે. બ્રાહ્મણના સમાન અન્ય પણ જો સંતોષ રાખે, તો તેઓ બ્રાહ્મણના સમાન પવિત્ર છે માટે બ્રાહ્મણે તો સંતોષ જ રાખવો ઘટે છે.

ઉદ્યમહીન જીવતો મુવો છે; એટલે કે જે પરમેશ્વરને ઓળખતો નથી, તે જીવતો મૂવો છે. પરલોકને માટે, અંતઃકરણ શુદ્ધિ માટે તો પોતાના વર્ણોચિત ધર્માચરણ અને બ્રહ્માનુભવ માટે જે શ્રવણાદિક કરતો નથી તે જીવતે મૂવો છે. પરમેશ્વરને ઓળખતો નથી અને સાંસારિક કૃત્યો કરે છે, જેવાં કે દ્રવ્યોપાર્જન કરૂં, તે વડે હવેલી કરાવું.

બાગબગીચા કરાવું, ગાડીઓ કરાવું, દીકરા–દીકરી પરણાવું. નાતમાં નામ કહાડુ અને મને સર્વ વાહ વાહ અને મોટો કહે; આ પ્રમાણે કરવા માટે મહા પ્રપંચો કર્યો કરે, દ્રવ્યના લોભથી કર્મ ચૂકી જાય, અધર્મ કરે, પાપથી ડરે નહિ એ કાંઇ ઉદ્યમ કહેવાય નહિ. અને તેમ જે કરે છે તે જીવતે મૂવો છે. શ્રીમદ્‌ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે કે–ધનને મેળવતાં, અને મેળવેલા ધનને વધારતાં, રક્ષણ કરતાં, વાપરતાં, નાશ થતાં તથા તેનો ઉપભોગ કરતાં મનુષ્યોને પરિશ્રમ, ત્રાસ, ચિંતા તથા ભ્રમ, થાય છે. ચોરી, હિંસા, મિથ્યા ભાષણ, દમ્ભ, કામ, ક્રોધ વિસ્મય, મદ, ભેદ, વૈર, અવિશ્વાસ, સ્પર્દ્ધા, સ્ત્રીઓનું વ્યસન, જુગારનું વ્યસન અને મદિરાપાનનું વ્યસન આ પંદર અનર્થો પણ ધનથી જ થાય છે; માટે આવાં દુઃખદાયક દ્રવ્ય માટે ઉદ્યમ કરે અને પરમેશ્વરને ઓળખવાનો ઉદ્યમ કરે નહિ તે જીવતે મૂવો છે.

જે આશા વગરનો છે તે મહા સુખી છે. વિષય ભોગની દુષ્ટ દુરાશા જ્યારે નષ્ટ થાય છે ત્યારે મહાસુખી થાય છે. ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે કે–

आशाहि परमं दुःखं नैराश्यं परमं सुखम् ।
इति संछिद्यकांता शां सुखं सुष्वाप पिंगला ॥

આશા રાખવી એ જ મોટું દુઃખ છે અને નિરાશા રાખવી એ જ મોટું સુખ છે, કારણ કે પિંગળા વૈશ્યા જારની આશાનો ત્યાગ કર્યો પછી જ સુખે કરીને સૂતી;

માટે નિરાશા એ અમૃતના સમાન સુખ છે, અને જેણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પણ આશાનો ત્યાગ કર્યો છે, એવો જે નિરાશાયુક્ત છે તે જ સુખે સૂવે છે. માટે દુઃખદાયક આશાનો ત્યાગ કરવો.

पाशोहि को यो ममता भिधान;
समाह यत्येव सुरेव कास्त्री ।
कोवा महांधो मदनातुरोयो
मृत्युश्च को वापयशः स्वकीयम् ॥ ६ ॥

અર્થ.

શિષ્ય—પાશ શું છે ?

ગુરૂ—મમતા છે તે પાશ છે.

શિષ્ય—મદિરા સમાન મોહ કોણ ઉપજાવે છે ?

ગુરૂ—સ્ત્રી મદિરા સમાન મોહ ઉપજાવનાર છે.

શિષ્ય—મોહાન્ધ કોણ છે ?

ગુરૂ—મદનાતુર છે તે.

શિષ્ય—મૃત્યુ તે શું ?

ગુરૂ—પોતાનો અપયશ તે મૃત્યુ.

વિવેચન

મમતા છે તે પાશ છે. અહંતા મમતાના લક્ષણથી જે

અભિમાન તે જ મુખ્ય પાશ છે, બીજો નથી. ઘૃણા, લજ્જા, ભય, શોક, જુગુપ્સા, કુળ, શીળ અને જાતિ એ આઠ પાશ છે. આ શાસ્ત્રકારોએ કહેલાં આઠ પાશ મમતારૂપી પાશના અંતર્ગત છે. સર્વ દોષોનું મૂળ અહંકાર છે; અને તેથી સંસારનાં દુઃખ થાય છે. ગળામાં ફાંસો નાખે છે તે પાશ સમજવો, અને મમતા છે, તે પણ પાશ છે. સર્વ કાર્યમાં હુંપદ કરે છે તે પાશ છે. મારા સમાન કોઇ નથી, હું સ્વરૂપવાન્ છું. હું પૈસાવાળો છું. હું કુટુમ્બવાળો છું. હું સગાં સહોદરના જથ્થાવાળો છું. હું લાગવગ ધરાવનારો છું. હુંજ ડાહ્યો છું. હું જ ઘરબારવાળો છું. હું જ નાત જાતમાં મોટો છું. જ્ઞાતિમાં વિગ્રહ કરી તડ પાડવાં, નીચને નમવું પણ બરાબરીઆને નમવું નહિ, પોતાનો મોભો જાળવવા માટે મહા કષ્ટ વહન કરવાં પણ અભિમાનનો ત્યાગ કરવો નહિ, તેજ મમતા અને તે જ પાશ છે. તેજ મમતા સંસારમાં આવાગમન કરાવનાર છે, તે મમતાનો ત્યાગ કરાય તો જ સુખ થાય છે; કારણ કે સર્વ દુઃખને જન્મ આપનાર મમતા છે. મમતાથી નાના પ્રકારના છળ પ્રપંચો કરવા પડે છે. પાંડવો અને કૌરવોનો ક્ષય થયો તે મમતાથી જ. રાવણને પાછળ કોઇ જલાંજલી દેનાર ન રહ્યું તે પણ મમતાથી જ; ટુંકામાં સર્વ દુઃખોનું મૂળ મમતા જ છે, માટે સુખની આશા રાખનારે મમતાનો મૂળમાંથી નાશ કરવો ઘટે છે કારણ કે અહંતા મમતા તે જ પાશ છે.

સ્ત્રી મદિરાના સમાન મોહ ઉપજાવનાર છે. જેમ મદિરા, પીનારને વિહ્‌વળ કરે છે, તેમ સ્ત્રી પણ વિષયરૂ

દૃષ્ટિથી મોહિત કરે છે અને તેથી ધર્માધર્મ, કર્ત્તવ્યાકર્ત્તવ્ય અને સદસદ્વિવેક રહિત કરી દે છે. દત્તગીતામાં કહ્યું છે કે–

गौडी माघ्वी तथा पैष्टी विज्ञेया त्रिविधासुरा ।
चतुर्थी सा सुराज्ञेया येन संमोहित जगत् ॥

મદિરા, ગોળની, મહુડાની અને લોટની એમ ત્રણ પ્રકારની છે, અને તેનું તો પાન કરવાથી તે વિહ્વળ કરે છે; પણ ચોથી મદિરારુપી જે સ્ત્રી છે, તે તો જોવાથીજ વિહ્વળ બનાવી દે છે, માટે સ્ત્રીના સન્મુખ જોવુંજ નહિ. મહાયોગેશ્વરોને પણ સ્ત્રી યોગભ્રષ્ટ કરી નાખે છે; અર્થાત્ સંભ્રમ કરનારા સર્વ પદાર્થો કરતાં સ્ત્રીરુપી મદિરા વિશેષ સંભ્રમ કરનાર છે. સ્ત્રીરુપી મદિરા સ્મરણથી, દર્શનથી, વચનથી, સ્પર્શથી, ભાષણથી અને વિલાસથી સંભ્રમ કરી નાખે છે, અને અહર્નિશ તેનુંજ ચિન્તવન થયા કરે છે. પીવાની મદિરાનો કેફ તો થોડા કાળ પછી ઉતરી જાય છે, પણ સ્ત્રીરુપી મદિરાનો કેફ ઉતરતોજ નથી અને તેથી પુરુષ ભ્રષ્ટ થઇ જાય છે. સ્ત્રીના મોહથી ડાહ્યા છતાં પણ મૂર્ખ થયા છે. ચતુર છતાં ગમાર થયા છે. છતી આંખે અંધ થઇ જાય છે. કાન છતાં સાંભળતા નથી, અને તેનો એવો કેફ ચડે છે કે જરા ભાન રહેતું નથી, પોતાની આબરુ પર્યન્ત ખોઇ બેસે છે, અને તેથી ખાવું, પીવું સુજતું નથી. રાત્રે નિંદ્રા આવતી નથી. કામમાં પ્રવૃત્તિ થતી નથી. કોઇની વાત ગમતી નથી, અને અહર્નિશ તેનુંજ ચિન્તવન થયા કરે છે. અર્થાત્ મહામોહ કરનારી સ્ત્રી છે અને તેના સપાટામાં સપડાયાથી પુરુષ કદિ મુક્ત થતો

નથી, માટે સ્ત્રી, મદિરાના કરતાં પણ વિશેષ મોહ ઉપજાવનારી છે.

સ્ત્રીના મોહથી આ જન્મમાં તો ખરાબખસ્ત થઇ જાય છે; એટલુંજ નહિ, પણ અન્ય જન્મમાં પણ તેની અસરથી મહાકષ્ટ ભોગવવાં પડે છે. અહાહા ! હાડકાં રુધિર અને ત્વચા વિગેરેથી મહા મલીન દેહ કે જેનું જઘન સ્થળ મુત્રસ્રાવયુક્ત છે, આવી નિંદ્ય, મલીન સ્ત્રીરુપી મદિરાએ આખા જગત્‌ને સ્વાધીન કરી લીધેલ છે, અને સ્ત્રીરુપી મદિરાના મોહથી મોટા મોટા રાજા–મહારાજાઓ અને યોગેશ્વરો પણ ભ્રષ્ટ અરે ! પાયમાલ થઇ ગયા છે. રાવણની ખરાબી પણ તેથીજ થઈ. આપણા આ આર્યાવૃત્તની અધમાવસ્થા પણ તેથીજ થઇ; કારણ કે મહાપ્રતાપી પૃથીરાજ, સંયુક્તાના મોહપાશમાં સપડયો અને યવનદળ ચડી આવતાં આપણી આ માતૃભૂમિ યવનોના હાથમાં ગઈ. મહર્ષિ ભર્તૃહરિ પણ સ્ત્રીના મોહમાં લુબ્ધ હતો, અને તેથી પોતાના નાનાભાઇ વિક્રમાદિત્યને દેશવટો આપ્યો હતો. આતો સામાન્ય પુરુષો હતા પણ શ્રી વેદવ્યાસજીના પિતા પારાશરજી તે પણ સ્ત્રીના મોહમાં સપડાઈ ગયા હતા, માટે સર્વ દુઃખનું કારણ સ્ત્રી છે, તેથી સર્વથા તેનાથી દૂર રહેવું જોઈએ. જો તેના મોહમાં સપડાયા નહિ તો સંસારના આવાગમનથી મુક્ત થઇ શકાય છે, અને જે તેના મોહરુપી વાહમાં તણાયો, તે ચોરાસી લક્ષ યોનિના મહા અસહ્ય કષ્ટને પામે છે. સાંસારિક રીતે પરમાત્મા શ્રી રામચન્દ્રજી પણ સ્ત્રીના વિયોગથી મહાદુઃખ પામ્યા છે, તો આપણની વાતજ શી ?

સ્ત્રી સમાન મોહ કરનાર કોઇ નથી. સ્ત્રીનું બોલવું, સ્ત્રીના નૂપુરનો શબ્દ, તેનાં કટાક્ષ, તેનું હાસ્ય, તેની ગતિ, તેની કટિ; અર્થાત્ તેનાં સર્વ અવયવો મોહ પમાડનારાં છે. બ્રહ્માના પુત્ર નારદજી પણ વિશ્વમોહિનીથી મોહ પામ્યા છે. શિવજી ભિલડીને જોઇ મોહ પામ્યા છે. બ્રહ્માજી સરસ્વતીની પાછળ દોડયા છે. ઇન્દ્ર ગૌતમની સ્ત્રી અહલ્યા ઉપર મોહ પામેલ છે, તો આવા કે જેઓ દેવતા છે, તેઓની સ્ત્રીથી આવી દશા થયેલી છે તો આપણી શી વાત છે? માટે આ સંસારથી પાર થવાની ઇચ્છા રાખનારે કદિ પણ સ્ત્રીના મોહમાં ફસાવું નહિ.

વિવેકી પુરુષના હૃદયમાં નિર્મળ વિવેક દીપક જ્યાં સુધી સ્ત્રીઓનાં ચંચળ નેત્ર કટાક્ષ વાગ્યાં ન હોય, ત્યાં સુધીજ બળે છે; અર્થાત્ સ્ત્રી વિવેકીને વિવેકભ્રષ્ટ કરી નાખે છે. મોટા મોટા યોદ્ધાઓ રણભૂમિમાં મહા પરાક્રમ કરી શત્રુનો પરાજય કરે છે, પણ સ્ત્રીનો પરાજય તેઓ કરી શકતા નથી. સ્ત્રીના મોહથી પુરૂષો ભ્રમરના સમાન સપડાઇને મહાદુઃખ પામે છે. ભ્રમર કમળના સુગન્ધની લાલચથી બેસે છે, પણ જ્યારે કમળ સંકોચાઇ જાય છે, ત્યારે તે તેમાંજ સપડાઈ જાય છે, તેમ પુરુષો પણ સ્ત્રીના મોહથી ખરાબખસ્ત થઇ જાય છે. સંસારમાં નાખનાર સ્ત્રી જ છે, માટે વૈરાગ્યની ઇચ્છાવાળાએ સ્ત્રીનો સંગ તજવો; કારણ કે નરકદ્વાર ઉઘાડવામાં કુંચી જેવી સ્ત્રીઓની ભૃકુટિ જ્યાં સુધી જગતમાં છે, ત્યાં સુધી શાસ્ત્ર જાણનારાઓ પણ સદ્ગતિ પામતા નથી. પુરુષ જ્યાં સુધી સ્ત્રીના મોહમાં

ફસાતો નથી, ત્યાં સુધી જ તેવામાં સર્વ ગુણો રહે છે. ત્યાં સુધી જ તેમાં મહત્વ, પંડિતાઇ, વિવેક અને કુલીનતા રહે છે. જો કાળો નાગ કરડેલો હોય, તો તેનો ઔષધે કરીને ઉપાય થઈ શકે છે, પણ સ્રીરુપી કાળી નાગણથી ડસાયલાનો તો ઉપાય જ નથી. સ્રીના સ્મરણથી પાપ, જોવાથી ઉન્માદ અને સ્પર્શથી મોહ થાય છે, આવી નિંદ્ય સ્રીનો સર્વથા ત્યાગ કરવો.

મહાન્ધ કોણ છે? મદનાતુર છે તે મહા અન્ધ છે. કલત્ર અને પુત્રાદિ અભિલાષાવાળો, રોગી જેમ રોગથી વિહ્વળ છે, તેમ તે વિહ્વળ છે. તેને બે નેત્ર વિદ્યમાન્ છતાં પણ વિવેકરુપી નેત્ર ન હોવાથી તે મહાન્ધ છે. જેમ આંધળો કાટાવાળા માર્ગે ચાલવાથી કષ્ટ પામે છે, તેમ વિવેકરુપી નેત્ર વગરનો મનુષ્ય સંસારમાર્ગમાં ભ્રમણ કર્યો કરે છે. જે પુરુષને વા સ્રીને ઉપસ્થ ઇન્દ્રિયનો ભોગ નિવૃત્ત થયો નથી તે મોટો આંધળો છે. તે પાપથી ડરતો નથી. નિંદ્ય કર્મ કરવાથી ડરતો નથી. અભક્ષ્યાભક્ષ્યથી ડરતો નથી. સુરાપાનથી ડરતો નથી અને ચોરીથી પણ ડરતો નથી. મદનાતુર ચન્દ્રે ગૂરુપત્ની સાથે ગમન કર્યું. વિશ્વામિત્ર ઉર્વશીના વશ્ય થયા. આવા આવા મોટાઓ પણ મદનાતુર થવાથી વિવેકહીન થઇ ગયા, તો સામાન્યની તો વાત જ શી કરવી? રાજર્ષિ ભર્તૃહરિએ કહ્યું છે કે—

कृशः काणः खञ्जः श्रवण रहितः पुच्छ विकलो ।
व्रणी पुय क्लिन्नः कृमिकुल शतैरावृततनुः ।

क्षुधा क्षामो जीर्णः पिठर कक पालार्पित गलः ।
शुनीमन्येति श्वा हतमपि निहन्त्येव मदनः ॥

કૃશ, કાણો, લંગડો, કાન વગરનો, પુછડા વગરનો, વ્રણવાળો, પરુથી ખરડાયલો, સેંકડો કીડીઓથી ભરેલાં શરીરવાળો, ક્ષુધાથી દુબળો, અને ઘડાના કાંઠલામાં જેણે ગળું ઘાલેલું છે, એવો ઘરડો કુતરો, કુતરીની પાછળ જાય છે. આ પ્રભાવ કુતરી કે કુતરાનો નથી, પણ કામદેવનો છે; કારણ કે કામદેવ મરેલાંને પણ મારે છે.

ભરતખંડના એક દેશના એક રાજાનો પ્રધાન હતો, તે મહા કામી હતો. તે એવો કામી હતો કે, પોતાની સ્ત્રી સગર્ભા છતાં પણ તે અવિવેકી નવ માસ પર્યન્ત મૈથુનથી વિરામ પામ્યો નહિ. વિરામ પામ્યો નહિ એટલુંજ નહિ, પણ બાળકના જન્મથી બાળક, માતાના સ્તનનું પાન કરે, તો તેથી તે સ્તન શિથિલ થઈ જાય અને પછી તે ઉપભોગમાં આવે એવાં રહે નહિ, આવા દુષ્ટ વિચારથી તે વાણીઆએ સ્ત્રીને ફરજ પાડી કે, તને જ્યારે પ્રસવ થાય કે તુરત જ તું બાળકને મારી નાંખજે, કારણ કે જો તે જીવતું રહેશે અને તને ધાવશે તો તારાં સ્તન બગડી જશે તથા કામક્રિડા સમય તે રૂદન કરશે, માટે તેને મારી નાખજે. જો તું મારીશ નહિ, તો હું તારો ત્યાગ કરીને બીજી સ્ત્રી પરણીશ. આવું પોતાના પતિનું બોલવું સાંભળી સ્ત્રી વિચારમાં પડી, અને શોકયના સાલથી ડરવા લાગી. સ્ત્રીઓમાં સ્વાભાવિક્ કહેવત છે કે, 'ચિત્રમાં પણ સોકય સારી નહિ' આવા વિચારથી તે સ્ત્રી પરાણે પોતાના પતિની

આજ્ઞાને તાબે થઇ, ટુંક બુદ્ધિથી પ્રસવ થતાં તેણે બાળકને મારી નાખવાનું નિંદ્ય કામ કર્યું. અહાહા! કેવી શોચનિય વાર્ત્તા! ખરૂં છે કે—' कामांधो नैंव पश्यन्ति ' તે બન્ને સ્ત્રી પુરુષે આ શું ગજબ કરીએ છીએ, તે જાણ્યુંજ નહિ. બાળહત્યાથી જરા પણ ડર્યો નહિ, માટે તે મહા અંધ છે. વ્યભિચારી પુરુષો કેટલીક વિધવાઓ સાથે ગમન કરે છે, અને પછી બાળહત્યા કરે છે તેઓ મહા અંધ છે, તેઓ જરા પણ વિચાર કરતા નથી કે અમારી શી ગતિ થશે? મનુષ્યદેહ પરમાત્માને ઓળખવા માટે જ છે, કાંઇ વિષય-ભોગ ભોગવવાને અને ગાડી, લાડી અને વાડીમાં તલ્લીન રહેવા માટે નથી. ખરી રીતે વિચાર કરીએ તો પોતાની સ્ત્રીમાં પણ જો વિશેષ આસક્તિ થાય, તો તે બંધનકારક છે, તો પારકી સ્ત્રી પાછળ અંધ થઇને ફરનારાઓનું કલ્યાણ કયાંય પણ થતું નથી. પ્રજાના ધિઃકારને પાત્ર થાય છે. સારા માણસો પોતાને ત્યાં આવવા દેતા નથી, અને ક્ષુદ્ર જીવોના સમાન પોતાનું આયુ વ્યતીત કરે છે, માટે કામાંધ થવું નહિ; એટલુંજ નહિ પણ જે વિષયી છે, અને જેઓ વિષયીના સ્નેહિયો છે, તેઓને પડછાયે પણ ઉભા રહેવું નહિ. ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે—

परयोनि पतितो बिंदुः कोटि पुजा विनश्यति ।

जपहानि तपहानि ब्रह्महत्या पदे पदे ॥

કરોડો પૂજા કરેલી હોય, કરોડો જપ કર્યા હોય, તપ કરેલ હોય, પણ જો તે પરયોનિમાં બિંદુ નાખે, તો તે સર્વ જપ, તપ તથા પૂજાનો નાશ થઇ જાય છે અને

પગલે પગલે બ્રહ્મહત્યા લાગે છે માટે જે આંખે આંધળો છે તેને વાસ્તવિક આંધળો નહિ, પણ જે મદનાતુર છે તે જ આંધળો છે.

પોતાનો અપયશ એનું નામ મૃત્યુ છે; એટલે કે પોતાનો દુષ્કીર્ત્તિ તે દેહ જીવતા છતાં પણ મરણથી અધિક છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયના ૩૪ માં શ્લોકમાં શ્રીકૃષ્ણે, અર્જુનને કહ્યું છે કે—

अकीर्त्तिं चापि भूतानि कथ यिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चा कीर्त्ति र्मरणा दति रिच्यते ॥

વળી ભૂતમાત્ર તારી નિરન્તર અકીર્તિ ગાશે, ને સંભાવિતને અકીર્ત્તિ એ મરણ કરતાં પણ અધિક છે; અર્થાત્ અપકીર્તિ સહિત જીવવા કરતાં વિચારશીલને મરી જવું એ સારું છે. સંસારમાં મનુષ્યનું મુખ્ય તે કર્તવ્ય છે, કે પોતાના ધર્મના સેવનથી ઘણા કાળ પર્યન્ત રહેવાવાળા યશરુપ ઉજ્જવળ ચન્દ્રમાનો ઉદય થાય, એથી વિશેષ પરલોકમાં સુખ નથી, માટે કીર્તિની હાનિ કરવી જોઇએ નહિ.

માટે પોતાના વર્ણાશ્રમોચિત ધર્મનો ત્યાગ કરી. મદ્યપાન, માંસભક્ષણ, પરસ્ત્રીસંગ, અને તે કરનારાઓની સોબત તથા પારકાને પીડા આપવી ઇત્યાદિ દુષ્ટાચરણોથી અકીર્ત્તિ થાય છે, માટે તે દુષ્ટાચરણોનો ત્યાગ કરવો અને તે કરનારની સોબત પણ કરવી નહિ. સન્માર્ગે ચાલનારાઓના ગુણાનુવાદ ગવાય છે, અને નઠારાઓની અપકીર્ત્તિ ગવાય છે. પોતાની અપકીર્ત્તિ કાંને સાંભળવી તે કરતાં મરવું એ સારું છે; કારણ કે અપયશજ મરણનું કાર્ય કરે છે. જેની

કીર્ત્તિ છે તેનો સ્થૂળ દેહ પડી ગયા છતાં પણ અમર છે, અને જેની અકીર્ત્તિ છે તેનું સ્થૂળ શરીર છતાં પણ તે મૂવેલોજ છે. અપકીર્તિવાળાને કોઇ આદર આપતું નથી. તેનો કોઇ વિશ્વાસ કરતું નથી, તેને કોઇ પોતાને ત્યાં આવવા દેતું નથી, સર્વ તેના તરફ તિરસ્કારની નજરે નિહાળે છે, માટે અકીર્ત્તિ એ મરણ કરતાં પણ અધિક છે. તત્ત્વસ્પર્શી વિચાર કરી જોઈએ છીએ તો આખું જગત્ ક્ષણભંગુર છે, અને કીર્ત્તિ અમર છે, માટે પ્રત્યેક મનુષ્યે જેમ બને તેમ કીર્તિ સમ્પાદન કરવી; અર્થાત્ સન્માર્ગે વિચરવું; તેમજ આત્મશ્લાઘા કરવી એ પણ મૃત્યુરૂપ છે, માટે આત્મશ્લાઘા કદિ પણ કરવી નહિ, અને કીર્ત્તિ મેળવવી એ મૂખ્ય અગત્યનું કર્ત્તવ્ય કર્મ છે.

कोवा गुरुर्यो हि हितोपदेष्टा
शिष्यस्तु को यो गुरुभक्त एव ।
कोदीर्घ रोगो भव एव साधो
किमौषधं तस्य विचार एव ॥ ७ ॥

અર્થ.

શિષ્ય—ગુરૂ કોણ ?

ગુરૂ—હિતોપદેશ દેનાર તે.

શિષ્ય—શિષ્ય કોણ કહેવાય ?

ગુરૂ—ગુરૂભક્ત હોય તે.

શિષ્ય—હે સાધો ! મોટો રોગ કયો ?

ગુરૂ—સંસાર.

શિષ્ય—તેનું ઔષધ શું છે ?

ગુરૂ—સંસારનો વિચાર કરવો તે.

વિવેચન.

હિતનો ઉપદેશ કરે તે ગુરૂ. સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ જેથી થાય તે હિતોપદેશ કહેવાય. હિતનો ઉપદેશ તે કે, 'તત્ત્વમસિ'—આદિ મહાવાકય વિચારજન્ય, બ્રહ્માત્મૈક્ય વિષયને જાણવો, અને બંધ લક્ષણ સંસાર નિવર્ત્તક જે જ્ઞાન, તેને વૈરાગ્યાદિ સાધન સમ્પન્નાધિકારીને જે ઉપદેશ કરે છે, તે શ્રુતિ સ્મૃતિમાં કહેલ લક્ષણ પ્રમાણે મુખ્ય ગુરૂ છે. તેવા ગુરૂ મહાપુણ્યથી મળે છે. અને તેથી ભિન્ન કામના કિંકર, વેદ, મર્યાદા શૂન્ય અને જગત સત્ય કહેવાવાળા, સ્ત્રી લંપટ ગુરૂ તેને અજાના ગળે વળગેલાં સ્તનના સમાન મુમુક્ષિ વ્યર્થ સમજે છે. ચોરાસી લાખ યોનિમાં ફરવું, તેના સમાન એકે દુઃખ નથી, અને કૈવલ્ય મુક્તિને પામવાનાં સમાન એકે સુખ નથી. વેદાન્ત શાસ્ત્રના અધિકારી, વિષય, સંબંધ અને પ્રયોજન એ [૧]ચાર અનુબંધ છે.

---

૧ ચાર સાધન આ પ્રમાણે છે—વિવેક, વિરાગ, શમાદિ ષટ્ સમ્પત્તિ અને મુમુક્ષુતાઃ તેમાં વિવેક એટલે આત્મા અવિનાશી, ક્રિયારહિત છે અને જગત્ તેથી વિપરીત સ્વભાવવાળું છે એવું જે જ્ઞાન તે વિવેક વિરાગ એટલે બ્રહ્મલોક પર્યન્તના સકળ ભોગનો

પુરૂષ માત્રના અન્તઃકરણ વિષે ત્રણ દોષ હોય છે, એક તો મળ, બીજો વિક્ષેપ, અને ત્રીજો આવર્ણ હોય છે. એ ત્રણેનો નાશ કર્મ, ઉપાસના અને જ્ઞાનથી થાય છે. નિષ્કામ કર્મથી અન્તઃકરણનો મળ દોષ દૂરથાય છે. ઉપાસનાથી વિક્ષેપ અને જ્ઞાનથી આવર્ણ દોષ દૂર થાય છે, માટે જેણે નિષ્કામ કર્મ અને ઉપાસના કરીને, મળ અને વિક્ષેપ દોષ દૂર કર્યા છે અને એક જ્ઞાન એટલે સ્વરૂપનું આવણું જેના ચિત્તમાં હોય, અને ચાર સાધન સંયુક્ત હોય, તે અધિકારી છે.

જીવ અને બ્રહ્મ એ બેની એકતા તે વિષય.

અધિકારીનો અને વિચારનો કર્ત્તા કર્ત્તવ્ય ભાવ સંબંધ છે. અધિકારી કર્ત્તા છે, અને વિચાર કર્ત્તવ્ય છે.

પ્રયોજન એટલે પ્રપંચનું કારણ બે અજ્ઞાન અને પ્રપંચ એ બે જન્મ—મરણરૂપી દુઃખના હેતુ છે, માટે તેને અનર્થ કહીએ છીએ. તે અનર્થની નિવૃત્તિ અને પરમાનન્દની પ્રાપ્તિ તે મોક્ષ અને તેજ પ્રયોજન છે. આ પ્રમાણે જે ઉપદેશ કરી જીવનમુક્ત કરે તે હિતોપદેશ. કોઇ શંકા કરે કે ગુરુ હોય તે તો એજ ઉપદેશ કરે, તો આવી રીતે કહેવાનું કારણ શું ? અને કૈવલ્ય મુક્તિ કહી તો બીજી મુક્તિ હોવી જોઇએ, તો તેમાં પ્રથમ મુક્તિનું વિવેચન કરે છે. મુક્તિ ઘણા પ્રકારની છે, તેમાં સાલોક્ય, સામીપ્ય, સારુપ્ય અને

ત્યાગ. શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપશમ અને તિતિક્ષા, એ સમાદિ ષટ્ સમ્પત્તિ, અને મુમુક્ષુતા એટલે બ્રહ્મની પ્રાપ્તિ અને અનર્થની નિવૃત્તિ મોક્ષનું સ્વરૂપ છે. તે મોક્ષની ઇચ્છા તે મુમુક્ષુતા.

સાયુજ્ય એ ચાર પ્રકારની મુક્તિ શ્રેષ્ટ છે, તેમાં પણ સાયુજ્ય સર્વોત્તમ છે, પણ તેનાથી અન્તે પુનરાવર્ત્તન તો ખરુંજ, માટે જેથી પાછું આવાગમન થાય નહિ, તેમ કૈવલ્ય મુક્તિ કહેવાય છે. શ્રીમદ્દ ભગવદ્દગીતામાં ભગવાન્ શ્રી કૃષ્ણે અર્જુનને પન્નરમા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં કહ્યું છે કે—

नतद्भासयते सूर्यो नशंशाको नपावकः ।
यद्गत्वा न निवर्त्तंते तद्धाम परमं मम ॥

તેને સૂર્ય, શંશાક કે પાવક ભાસ કરતો નથી. જઇને પાછું આવવાનું નથી એજ મારું પરમ ધામ છે; અર્થાત્ એ પદ સર્વમય છે, નિત્ય છે, સર્વનું અવભાસક છતાં કોઈથી અવભાસ્ય નથી. શ્રુતિમાં કહ્યું છે કે—

न तत्र सूर्यो भाति नचंद्र तारकं ।
नेमाविद्युतो भांति कुतोऽय मग्निः ॥

એ શ્રુતિના અર્થને અનુસરી કહે છે કે—એ પદને સૂર્ય અવભાસતો નથી. ચન્દ્રમા કે અગ્નિ પણ અવભાસતો નથી; અર્થાત્ સર્વનું અવભાસક બ્રહ્મ છે, ને પોતે તો સ્વયંપ્રકાશ છે, એનો સાક્ષાત્કાર થયા પછી પાછું આવવું થતું નથી. કદાપિ અજ્ઞાન જાળદ્વારા દુઃખાનુભવ થતો નથી, એજ મારૂં પરબ્રહ્મનું ધામ તેજ છે. ધામ શબ્દ કહીને જ પરમાત્મા સર્વના અવભાસક છે, કશાથી અવભાસ્ય નથી, એમ સહજ સૂચવેલું છે, આવો સાક્ષાત્કાર પામનાર અત્યંત મુકત થઈ કદાપિ ભવમાં પડતો નથી, માટે કૈવલ્ય મુકિત શ્રેષ્ઠ છે. શ્રીમદ્દ ભગવદ્દગીતામાં ભગવાને અર્જુનને અધ્યાય આઠમાના એકવિશમા શ્લોકમાં કહ્યું છે કે—

अव्यक्तोऽक्षर इत्युक्त स्तमाहुः परमां गतिम्।
यंमाप्य न निवर्तंत्ते तद्धाम परमं मम ॥

અવ્યકત છે તે અક્ષર કહેવાય છે, એનેજ પરમગતિ કહે છે, જેને પામીને પાછું અવાતું નથી એજ મારૂં પરમ ધામ છે; અર્થાત્ અવ્યકતથી પણ અવ્યકત એવું વિલક્ષણ ભાવ રુપે છે. સનાતન છે, નિત્ય છે, એને અક્ષર એટલે કદાપિ જેને ઉત્પત્તિ, વિનાશ કે વિકાર નથી, એવું કહે છે. એજ પરમગતિ એટલે સર્વને પરમાર્થરૂપે અનુભવવા યોગ્યને એટલા માટે એજ મારૂં એટલે પરમાત્મા અથવા બ્રહ્મનું પરમધામ એટલે પરમ સ્વરૂપ, પરમ પ્રકાશમય તેજ છે, હુંજ છું, મારૂં ધામ એમ વિભાગ પાડીને દ્વૈતભાવથી લખ્યું છે તે 'રાહુનું માથુ' એ વાકયની પેઠે સમજવાનું નથી પરમ અભેદરૂપ એકતામાં ભેદ છે નહિ, ને ધામ પણ નથી એમ શ્રી મધુસૂદનસ્વામી લખે છે.

આ પરમધામ રુપ કૈવલ્ય મુકિત છતે દેહે જીવન્મુકત દશા થઇ જાય ત્યારે પમાય છે, અને તે જ સર્વોત્તમ મુક્તિ છે.

હવે વ્યવહારિક્ ગુરૂ કહું છું તે શ્રવણ કર. ગુરૂ પોતાના સ્વાર્થથી ઉપદેશ કરે છે, કેટલાક શાસ્ત્રાભ્યાસ કરીને વિદ્વાન્ કહેવાયા છે, પણ ઇન્દ્રિયના વિષયો ત્યાગ કર્યા નથી, અને જ્ઞાનાનુભવ થયો નથી, તેઓ શિષ્યને વિષયભોગનો ઉપદેશ કરે છે અને કહે છે કે, ભય તે બન્ધ અને નિર્ભય વિષયભોગ તે મુકિત. મહાત્મા અષ્ટાવક્રજીએ અષ્ટાવક્રગીતાના શિષ્ય પ્રોકતાનુભવોલ્લાસષટ્કના છઠ્ઠા શ્લોકમાં કહ્યું છે કે–

आतमा न मद्वयं कश्चि ज्जानाति जगदीश्वरम् ।
यद्वेत्ति तत्स कुरुते नभयं तस्य कुत्रचित् ॥

આત્મજ્ઞાને કરીને દ્વૈત પ્રપંચ ટાળ્યો છે, માટે જ્ઞાનીને ભય નહિ પણ અદ્વૈત આત્મસ્વરૂપને હજારમાં કોઈ એક જાણે છે ને તે પછી કાંઇ કર્મ કરે અથવા ન કરે; તો પણ આ લોકમાં તેને ભય નથી. જેમ કોઈ રાજાના બાળક કુંવરને ચોર લઇ ગયા, અને તે કુંવર ચોરોના સહવાસથી ચોરી કરવા લાગ્યો. જ્યારે તે મોટો થયો અને તેને ભાટ-ચારણે તેના બાપ-દાદાની વંશાવળી સંભળાવતાં તે ચોરના સહવાસનો ત્યાગ કરી, રાજ્ય સમ્પાદન કરી રાજ્યસુખ અનુભવે, અને ચોરને શિક્ષા આપે. હવે એ ઉપરથી સમજવાનું એ છે કે રાજકુમાર તે જીવ, તે અજ્ઞાનતાથી અવિદ્યામાં ફસાયલો છે. ચોર તે ઇન્દ્રિયો, અને બ્રહ્મનિરૂપણ કરનાર વેદશાસ્ત્ર રુપી ભાટ-ચારણ તે દ્વારા બ્રહ્મસ્વસ્વરૂપ સાંભળી પોતાનું રાજ્ય જે બ્રહ્મસ્વસ્વરુપ પામીને ઇચ્છાનુસાર કરે, એટલે કે માયા, અવિદ્યા, કર્મ તથા ત્રિગુણ તેને મિથ્યા જાણી, એક બ્રહ્મનો જ નિશ્ચય કરે, પણ વિષયો ભોગવે નહિ. પણ જે વિષયી ગુરુ હોય તેઓ તો વિષયને જ પ્રમાણ કરે. યોગવાસિષ્ટમાં લખે છે કે, જે ગુરૂ વિષય ભોગવાવે તે ગુરૂ તથા તેના શિષ્યની શી દશા થાય છે? ગુરૂ દેહ ત્યાગ કર્યા પછી કુતરો થાય છે અને શિષ્ય ગીંગોડો થાય છે; કારણ કે શિષ્યને અસત્ય ઉપદેશ કરીને તેનું સર્વસ્વ ખાધું માટે શિષ્ય ગીંગોડો અવતરી તેના શરીરે વળગી તેનું રૂધિર ચૂસે છે, તે અવતાર પછી વૃક્ષના અવતારને પામે છે અને

શિષ્ય વાગોળના અવતારને પામે છે. માટે જે વિષયનો ત્યાગ કરાવે તે જ ખરો ગુરૂ છે. ગુરૂ લોભરહિત, જ્ઞાનમૂર્તિ, વિષયનો ત્યાગી અને શિષ્યોને મોક્ષોપદેશ કરે તે ગુરૂ છે.

ગુરૂની ભક્તિ કરે તે શિષ્ય છે—ગુરૂ જે તત્ત્વોપદેશ કરે તે પ્રમાણે મન, વાણી તથા કાયાથી પ્રવર્તે એવા લક્ષણ-વાળો ભક્તિમાન્ હોય, તે ગુરૂના ઉપદેશ પાત્ર શિષ્ય કહેવાય છે. જેવી દેવમાં ભક્તિ હોય છે તેવી જ ગુરૂમાં રાખવી જોઇએ. શાસ્ત્રમાં કહ્યું છે કે—

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देव महेश्वरः ।
गुरुरेव परंब्रह्म तस्मै श्रीगुरुवे नम ॥

ગુરૂજ બ્રહ્મા છે, ગુરુ એજ વિષ્ણુ છે, ગુરુ છે તેજ મહેશ્વર છે, ગુરુ એજ પરબ્રહ્મ છે, માટે શ્રી ગુરુને નમસ્કાર છે. આ પ્રમાણે જ્યારે ગુરુને માને, ત્યારે શિષ્ય આધ્યાત્મ શાસ્ત્રનું શ્રવણ કરવાનો અધિકારી થાય છે. ગુરુની ભક્તિ કરવી મહા કઠિણ છે. અન્ય પ્રતિમા આદિની ભક્તિ થાય તેમ છે; કારણ કે તેમાં તો પોતાની ઇચ્છાનુસાર વર્તાય છે, અને ગુરુ પાસે તો મરજી પ્રમાણે ચલાય નહિ, જેને પરમાત્માની પૂર્ણ કૃપા હશે તે ગુરુ આજ્ઞા પાળે છે, બીજો પાળતો નથી. ગુરૂગીતામાં કહ્યું છે કે—

देव किन्नर गन्धर्वाः पित्तरो यक्ष चारणाः ।
मनुयोपि नजानंति गुरु शुश्रूषणे विधिम् ॥

દેવ, કિન્નર, ગન્ધર્વ, પિતૃ, યક્ષ, ચારણ અને મુનિયો એ કોઇ પણ ગુરૂની સેવા કરવાના વિધિને જાણતા નથી.

ગુરૂનો મહિમા અપાર અકથ્ય છે. ગુરૂની ભક્તિ કર્યા વગર અન્ય ભક્તિથી ઇશ્વરપ્રાપ્તિ થતી નથી, કહ્યું છે કે–

गुरुवक्त्रे स्थिरता विद्या गुरु भक्त्या सुलभ्यते ।
त्रिलोके सातुवक्तव्या देवाद्यै सुरपन्नगैः ॥

ગુરૂના મુખમાં રહેલી વિદ્યા ગુરૂની ભક્તિ કરવાથી પ્રાપ્ત થાય છે. ત્રૈલોકયમાં, દેવ, અસુર અને પન્નગ કોઇપણ ગુરૂના સમાન સ્પષ્ટ રીતે વિદ્યા કહી શકતા નથી, માટે ગુરૂની ભક્તિ કરવી. ગુરૂની ભક્તિ મુમુક્ષુ હોય છે તે કરે છે, અને અભિમાનીઓ તો ગુરૂભક્તિ કરતા નથી. કહ્યું છે કે–

महाहंकार गर्वेण तपोविद्या बलेनच्च ।
संसार कुहरावर्त्ते भ्रमंति घटियंत्रवत् ॥

વિદ્યા, તપ અને વૈભવ તેથી પૂર્ણ અહંકારી, સંસારરૂપી કુવામાં જેમ ઘટમાલ વારંવાર ભરાય છે ને ઠલવાય છે, તેમ વારંવાર જન્મ અને મરણ પામે છે, માટે જે ગુરૂની ભક્તિ કરે છે તે પરમપદને પામે છે, અને જે ગુરૂની ભક્તિ ન કરતાં અન્યની કરે તો તે નિરર્થક છે, માટે ગુરૂની ભક્તિ કરવી જોઈએ. કહ્યું છે કે–

ब्रह्मा विष्णु महेशादि देवर्षि पित्र किन्नराः ।
सिद्ध चारण यक्षाश्च अन्येपि मुनयो जनाः ॥
गुरुदैवात्परंतीर्थं सर्वमेव निरर्थकं ॥

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશાદિ, દેવર્ષિ, પિતૃ, કિન્નર, સિદ્ધ, ચારણ, યક્ષ, અને બીજા પણ મુનિલોકો, તે કરતાં પણ ગુરૂ શ્રેષ્ઠ છે. સર્વ તીર્થો કરતાં ગુરૂ એ ઉત્તમ તીર્થ

છે. બીજા સર્વે નિરર્થક છે. ગુરૂ તો શિવ કરતાં પણ અધિક છે. કહ્યું છે કે—

शिवेरुष्टे गुरुस्त्राता गुरौरुष्टे न कश्चन ।

જો શ્રી શિવજીનો કોપ થયો હોય, તો તે થકી ગુરુ સંરક્ષણ કરે છે, પણ જો ગુરૂનો કોપ થયો હોય તો કોઇ સંરક્ષણ કરી શકતું નથી. આ વાર્ત્તા શ્રી તુલસીકૃત રામાયણના ઉત્તરકાંડમાં કાકભુશુંડિ તથા ગરૂડજીના સમ્વાદમાં વર્ણવેલી છે, માટે શિષ્યે પ્રેમપૂર્વક ગુરૂને ભજવા જોઇએ; જો શિષ્ય ગુરુનો પરિત્યાગ કરી અન્યનું ભજન કરે, તો તે નરકમાં પડે છે. તેનાં સર્વ પુણ્યનો ક્ષય થાય છે. જેમ કે કોઈએક વૃક્ષ છે, તેમાં જે ફળ થાય છે, તે ફળ ઝાડ ઉપર જ પરિપકવ પણ થાય છે; તે ઝાડ ઉપર જ જળ તથા પૃથિવીના બળથી પાકે છે, જો કે તે પૃથિવી અને જળના બળવડે પાકે છે; તોપણ જો તે કે પાકીને વૃક્ષ ઉપરથી પાણીમાં કે પૃથિવી ઉપર પડે છે, તો તે શુષ્ક થઇ જાય છે, વા કોહી જાય છે તે પ્રમાણે જ ગુરુ અને શિષ્યના સંબંધમાં સમજવાનું છે, કેમકે—ગુરુ છે તે વૃક્ષ છે, અને શિષ્ય છે તે ફળ છે, ઇશ્વર છે તે જળ છે, અને શાસ્ત્ર તે પૃથિવી છે અને અભિમાનથી ગુરૂ પ્રત્યે દોષારોપણ કરવું તે સૂકાવું છે, ગુરૂ ઉપર દોષારોપણ થતાં ગુરૂનો જે કોપ તે કોહાવુ છે. આ ઉપરથી સમજવાનું તો માત્ર એટલું જ છે કે—ગુરૂ વગર શાસ્ત્રાભ્યાસ કરવા છતાં અભિમાનનાં અંકુરો ઉદ્ભવે છે, અને તેમ થવાથી એટલે કે, અભિમાન આવવાથી નરકમાં જવું પડે છે, જેમ મક્ષિકા આખા શરીરનો ત્યાગ કરી જે ગડ—ગુમડવાળો ભાગ

શરીરમાં હોય છે તે સ્થળે જ આવીને બેસે છે, તેમ નિંદ્ય શિષ્ય પણ, ગુરૂના અગણિત ગુણો પ્રત્યે લક્ષ ન ખેંચતાં દોષને જ જોયા કરે છે. તેવા શિષ્ય ખળ—કૃતઘ્ની કહેવાય છે. કહ્યું છે કે—

खलः सर्सव मात्राणि परंछिद्राणि पश्यति ।
आत्मनो बिल्व मात्राणि पश्यन्नपिन पश्यति ॥

ખળ પુરૂષો પારકાંના સરસવના દાણા જેવડાં છિદ્રોને પણ જુએ છે, અને પોતાનાં બિલાં જેવડાં છિદ્રોને જોયા છતાં પણ જોતા નથી.

એવા ખળ પુરૂષો પરમેશ્વરનું સ્મરણ કરવા જાય, તો પરમેશ્વર પણ કોપ કરે છે; કેમકે તેઓ તો ઈશ્વરના સ્વરૂપથી પૃથક્ છે. કેમકે પરમેશ્વર તો નામરૂપથી ભિન્ન, નિર્ગુણ અને નિરાકાર છે. તે પરમેશ્વરરૂપ સાક્ષાત્ ગુરૂ છે, તે ગુરૂનું સેવન કરવાથી પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે; માટે તેવા ગુરૂનો ત્યાગ કરી જે પરમેશ્વરનું ભજન કરે તે જ કૃતઘ્ની છે. જેમ કે ચારણી સાર વસ્તુનો પરિત્યાગ કરી માત્ર કચરાને રાખે છે, તે પ્રકારે નિંદ્ય શિષ્યો ગુરૂના સર્વ ગુણોનો પરિત્યાગ કરી દોષને જ ગ્રહણ કરે છે, જેથી ઈશ્વરનો તેઓના ઉપર કોપ થાય છે. જે ઉપદેશનાં વચનરૂપી શસ્ત્ર ગુરૂએ આપેલ હોય, તેજ વચનરૂપ શસ્ત્રથી ગુરૂનો વધ કરે એથી બીજો કયો અવગુણ અને પાપ છે? અને તેવા કૃતઘ્ની ઉપર ઈશ્વરનો પણ કેમ કોપ ન થાય? કેમકે ગુરૂનાં જે વચન છે, તેજ ભક્ત અને સત્પુરૂષોનાં વચન છે; માટે જે ગુરૂનાં વચનોનું [illegible]વન કરે છે, તેણે વેદ, શાસ્ત્ર, અને ઈશ્વરનાં

વચનનું ઉલ્લંઘન કર્યું એમ સમજવું. ઈશ્વરની પ્રતિમા તો જડ છે, અને ગુરૂ તો ચૈતન્ય છે; માટે શિષ્યે પ્રથમતઃ ગુરૂનું સેવન કરવું જોઈએ. તે ગુરૂ પણ કેવા જોઈએ કે-જે પોતાના કામને અર્થે દ્રવ્યની તો યાચના કરે જ નહિ. એક ફૂટી બદામ સરખી પોતાની પાસે રાખે નહિ; વ્યવહારિક ઉપાધિઓ જેને પ્રતિબંધ કરતી ન હોય, અને ષટ્ શાસ્ત્ર સંપન્ન હોય, શંકા-સમાધાન સ્પષ્ટ રીતે કરી શકતા હોય, તે ગુરૂ શિક્ષણ આપવા યોગ્ય છે. કહ્યું છે કે—

> संस्कृतैः प्राकृतै श्चैव गद्य पद्या क्षरैस्तथा ।
> शिष्यं यो देश भाषाभि र्बोधयेत्सगुरुः स्मृतः ॥

સંસ્કૃત, પ્રાકૃત, ગદ્ય અને પદ્યનાં વાક્યોથી તથા દેશભાષાથી જે સદુપદેશ કરે, તે ગુરૂ કહેવાય. શિષ્યની શંકાનું સ્પષ્ટ રીતે સમાધાન કરે, શાસ્ત્ર સંપન્ન, પૂર્ણ ત્યાગી, વૈરાગી, સ્ત્રી સંગની અભિલાષા સ્વપ્નામાં પણ ન થાય, સારા સ્વભાવવાળો તે ગુરૂ કહેવાય છે. મહાત્મા શ્રી અષ્ટાવક્રજીએ શાન્તિ શતકનામના પ્રકરણના ૨૧ મા શ્લોકમાં કહ્યું છે કેઃ-

> निर्वासनो निरालंबः स्वच्छंदो मुक्त बंधनः ।
> क्षिप्तः संस्कारवातेन चेष्टते शुष्क पर्णवत् ॥

જ્ઞાનીને વાસના નથી, તેને કોઇનો આધાર કરવો પડતો નથી. માટે સ્વાધીન છે, તેમ તેને રાગ દ્વેષ નથી; માટે જેવું પ્રારબ્ધ આવે છે તેવી તે ચેષ્ટા કરે છે. જેમ પૃથિવી ઉપર પડેલાં સૂકાં પાંદડાંને ક્યાંય પણ જવાની અથવા રહેવાની વાસના નથી, પણ જે દિશાનો વાયુ લાગે

તે દિશા પ્રત્યે ઉડે છે, તેમ જ્ઞાની પણ પ્રારબ્ધાનુસાર ભોગ ચેષ્ટા કરે છે.

માટે આદર રહિત, કામ રહિત, ક્રોધ રહિત, લોભ રહિત, અને ઉપાધિ રહિત હોય તે સદ્‌ગુરૂ કહેવાય છે. શ્રીમદ્‌ભવદ્‌ગીતાના તેરમા અધ્યાયના શ્લોક ૭ થી ૧૧ સુધીમાં કહ્યું છે કે—

अमानित्व मदंभित्व महिन्सा क्षांति रार्जवम् ।
आचार्यो पासनं शौच स्थैर्य मात्म विनग्रहः ॥
इन्द्रियार्थेषु वैराग्य मनहंकार एवच ।
जन्म मृत्यु जराव्याधि दुःख दोषानुदर्शनम् ॥
असक्ति रन भिष्वंगः पुत्रदार गृहादिषु ।
नित्यंच सम चित्तत्व मिष्टानिष्टो पपत्तिषु ॥
मयाचानन्य योगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेश सेवित्व मरतिर्जन संसदि ॥
अध्यात्म ज्ञान नित्यत्वं तत्वज्ञानार्थ दर्शनम् ।
एतज्ज्ञान मितिप्रोक्तमज्ञानं यदतोन्यथा ॥

ગર્વ રહિત થઈ રહેવું, નિષ્કપટપણું, અહિંસા, શાંતિ, આર્જવ, ગુરૂની સેવા, પવિત્રતા, સ્થિરતા, પોતાના મનનો નિગ્રહ, ઇન્દ્રિયોના વિષય શબ્દાદિમાં વૈરાગ્ય, દેહાભિમાન રહિતપણું, જન્મ, મૃત્યુ, શરીર શૈથિલ્ય અને શરીરપીડા એ વડે કરીને દુઃખરૂપ જે અવર્જનીય દોષ તેને જોવા. આત્માથી વ્યતિરિક્ત વિષયોમાં આસક્તિ કરવી નહિ, પુત્ર, સ્રી અને ગૃહ ઇત્યાદિકોમાં આસક્તિ કરવી નહિ, અને ઇષ્ટ

-અનિષ્ટની પ્રાપ્તિમાં હર્ષ-વિષાદ રહિત રહેવું. મારા વિષે અનન્ય યોગથી અવ્યભિચારિણી ભકિત, વિજન દેશમાં નિવાસ (અને) પ્રાકૃત જનોની સભામાં અરૂચિ, આત્મજ્ઞાન વિષે અવિચ્છિન્ન નિષ્ટા કરવી, અને તત્ત્વજ્ઞાનનું જે પ્રયોજન છે, તેમાંજ નિરન્તર તર રહેવું, એ સકળ આત્મજ્ઞાનને ઉપયોગી છે, એથી વ્યતિરિકત ક્ષેત્રકાર્ય માત્ર આત્મજ્ઞાનનું વિરોધી અજ્ઞાન છે. આટલાં લક્ષણો જેનામાં હોય તે જ્ઞાની કહેવાય છે, અને તેવા જ્ઞાની જે હોય તે ગુરૂ કરવા યોગ્ય છે.

કહ્યું છે કે-ગુરૂનો આવો મહિમા છે, માટે શિષ્યે સર્વથા સદ્‌ગુરૂની સેવા કરવી જોઇએ.

સંસાર છે એજ મહા અસાધ્ય રોગ છે. આ શરીર છે તે આધિ-વ્યાધિ અને ઉપાધિનો નિધિ છે, જેથી તેમાં અનેકાનેક રોગો ઉદ્‌ભવે છે. કોય કાણો, કોય આંધળો, કોય લુલો, કોય ઠુંઠો, કોય કોડવાળો, કોય પતવાળો, કોય અતિસારવાળો, કોય ભગંદરવાળો, કોય ક્ષયવાળો, કોય જ્વરવાળો, કોય નેત્રરોગવાળો, કોય નાસિકાના રોગવાળો, કોય બધિર, કોય ઉપદંશવાળો, કોય પ્રમેહવાળો, કોય ગ્રહિણીવાળો, અને કોય વિષૂચિકાવાળો એમ નાના પ્રકારના રોગથી મનુષ્યો પીડા પામે છે, પણ તે સર્વ રોગ ક્ષુદ્ર છે; કારણ કે વિશેષે કરી તે રોગોપદ્રવ શરીર રહે ત્યાં સુધી જ રહે છે, શરીર પડયાની સાથે તેઓનો પણ નાશ થઇ જાય છે, પણ ભવરુપી રોગ એવો તો અસાધ્ય છે કે તેથી ચોરાશીલક્ષ યોનિમાં જન્મ-મરણનાં અસહ્ય દુઃખો અનુભવવાં પડે છે; માટે જેનો જન્મ-મરણરૂપ સંસાર ટળી ગયો

નથી, તે ભલે અશ્વ ઉપર બેસે, ગજની સ્વારી કરે, પાલખીમાં બેસે, મહાબળવાન્ હોય, શરીર પુષ્ટ હોય, પાંચશેર અન્નને પચાવતો હોય, પર્વતને ઉપાડતો હોય, ગાડી ઘોડામાં બેસી ફરતો હોય, અનુચરો 'ખમા ખમા' શબ્દોચ્ચાર કરી રહેલા હોય, સુંદર પર્યન્કમાં શયન કરતો હોય, અને આપ્તમંડળ નિરન્તર વેષ્ટિત રહેતું હોય, છતાં પણ તે મહારોગી છે; જેમકે કોઇએ એક માસ પર્યન્ત ઉપવાસ કર્યો હોય, અને તે ખાટલે પડયો હોય, અને તેને અન્ય મનુષ્ય બેસાડતું કે ઉઠાડતું હોય, આવો છેક અશકત થઇ ગયેલો મનુષ્ય છે તે સ્વપ્નમાં જુએ કે—'હું ઘોડે ચડયો છું, મિષ્ટાનનો પ્રસાદ લઉં છું, કુસ્તી લડું છું અને મહા બળવાન છું, આવું સ્વપ્ન આવતાં તે અત્યાનંદ પામે છે, પણ તે અત્યાનંદ કયાં સુધી કે જ્યાં સુધી નિંદ્રા હોય છે ત્યાં સુધી જ, નિંદ્રા ગઈ કે તે માંહેનું કશું નથી. તેમ કોઇ પુરૂષ એમ જાણે કે હું મહા ભાગ્યશાળી છું, મારે પુત્ર, પુત્રી, ઘર, દ્રવ્ય અને નાના પ્રકારનાં વાહન છે, તથા અનુચરો છે, વિગેરે જે થાય છે તે કયાં સુધી છે, માત્ર પ્રારબ્ધ છે ત્યાં સુધી જ છે. જેમ ઉપર કહી દર્શાવેલા માંદા મનુષ્યને જે સ્વપ્ન આવ્યું હતું, તે નિંદ્રા જતાં સ્વપ્ન સુખનો લય થયો, તેમ પ્રારબ્ધનો લય થતાં આ શારીરિક સુખનો પણ લય થઇ જાય છે, અને જેમ નિંદ્રાનો ત્યાગ થયા પછી માંદો મનુષ્ય દુઃખાનુભવ કરે છે, તેમજ આ શરીર પડયા પછી ચોરાશી લક્ષયોનિમાં દુઃખો અનુભવવાં પડે છે, માટે આ મહાન્ રોગને નિર્મૂળ કરવાની અત્યાવશ્યકતા છે. આ સંસાર-

રૂપી મહારોગથી મુક્ત શી રીતે થવાય ? તે નિરન્તર વિચાર કરવો. વાસિષ્ઠ સારમાં કહ્યું છે કે—

संसार दीर्घ रोगस्य सुविचारो महौषधम् ।
कोहं कस्य च संसारो विवेकेन विलीयते ॥

સંસારરૂપ દીર્ઘ મહારોગનું ઔષધ સારો વિચાર કરવો તે છે, હું કોણ છું ? અને સંસાર કોને છે ? આ પ્રમાણે વિવેક થતાંની સાથે જ સંસાર ટળી જાય છે. વિવેક ચૂડામણિમાં કહ્યું છે કે—

चित्तस्य शुद्धये कर्म नतु वस्तूप लब्धये ।
वस्तु सिद्धिर्विचारेण नकिञ्चित् कर्म कोटिभि ॥

કર્મો કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે, પણ યથાર્થ રીતે આત્મજ્ઞાન થતું નથી. આત્મજ્ઞાન તો વિચારથી જ મળે છે, કરોડો કર્મ કરવાથી જરા પણ મળતું નથી. વળી કહ્યું છે કે—

अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।
न स्नाने न दानेन प्राणायामशतेनवा ॥
अतो विचारः कर्तव्यो जिज्ञासो रात्म वस्तुनः ।
समासाद्य दयासिन्धुं गुरुंब्रह्म विदुत्तमम् ॥

સદ્ગુરૂના વચનથી અને વિચારથી સ્વરૂપનો નિશ્ચય થાય છે. પણ સ્નાનથી, દાનથી કે સેંકડો પ્રાણાયામ કરવાથી થતો નથી. એટલા માટે આત્માના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળાએ દયાના સમુદ્રરૂપ અને બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ ગુરૂના સમીપ જઇને આત્માનો વિચાર કરવો જોઇએ.

હું કોણ એ વિચાર કરવાની અગત્ય છે. તેનો વિચાર કરતા જો હું નામ હોઉં તો તે નામ તો માતા–પિતા અને ફઇ, જ્યોતિષને આધારે પાડે છે, તે જોતાં તો નામ હું નહિ. જ્યારે નામ હું નહિ ત્યારે હું કોણ? એ વિચાર થતાં, શું પૃથિવી છે તે હું છું? શું જળ હું છું? શું તેજ તે હું છું? શું વાયુ તે હું છું? શું આકાશ તે હું છું? શું સોળ અંગ તે હું છું? શું સપ્તધાતુ તે હું છું? કે ત્રણ ગુણ તે હું છું? આ સર્વનાં તો નામ, રૂપ અને લક્ષણ ભિન્ન ભિન્ન છે, અને હું તો સર્વથી ન્યારો છું, માટે હું તે નહિ. હવે સંસાર એટલે શું? શું મનુષ્ય છે તે સંસાર છે? પશુ પક્ષી સંસાર છે? શું સ્થાવર સંસાર છે? શું ચૌદ લોક તે સંસાર છે? સંસાર એ શું? અને મારે ને તેને શો સમ્બન્ધ છે? એ વિચાર કરવાનો છે. જન્મ–મરણ થાય છે તે જ સંસાર છે, અને તે સાથે તો મારે જરાપણ સમ્બન્ધ નથી, આવો વિચાર કરવો તે સુવિચાર છે. અપરોક્ષાનુભૂતિમાં કહ્યું છે કે—

नाहं भूत गणो देहो नाहं चाक्षगणस्तथा ।
एतद्वि लक्षण: कश्चिद्विचार: सोयमीदृश: ॥
अज्ञान प्रभवं सर्व ज्ञानेन प्रविलीयते ।
संकल्पो विविधः कर्ता विचारः सोयमीदृशः ।
एतयोर्यदुपादान मेकं सूक्ष्मं सदव्ययम् ।
यथैव मृद्‌घटादीनां विचारः सोयमीदृशः ॥

આ સ્થૂલ શરીર જે પાંચ ભૂતોના સમુદાયનું બનેલું

છે, તે હું નથી, તથા ઇન્દ્રિયોનો સંઘાત–અર્થાત્ સૂક્ષ્મ શરીર પણ હું નથી. હું સ્થૂલ તથા સૂક્ષ્મ બન્ને શરીરોથી વિલક્ષણ કોઇક છું, આ પ્રકારના વિચાર જ્ઞાનનું સાધન છે. અજ્ઞાનથી સર્વ થયું છે. અને જ્ઞાનવડે તે નાશ પામે છે, તેથી વિવિધ પ્રકારનો સંકલ્પ કર્તો છે. આવો વિચાર જ્ઞાનનું સાધન છે. જેમ ઘડા આદિ માટીનાં વાસણોનું ઉપાદાન કારણ માટી છે, તેમજ અજ્ઞાન તથા સંકલ્પનું જે ઉપાદાન કારણ તે એક સૂક્ષ્મ, સત્ય તથા ક્ષય રહિત બ્રહ્મ છે. એ પ્રકારનો વિચાર આત્મજ્ઞાનનું કારણ છે.

'હું' એવો શબ્દ તથા 'હું' એવી પ્રતિતીનો વિષય જે આત્મા તે પાંચભૂતોના સમૂહરુપ દેહ નથી; કારણ કે શરીર દૃશ્ય છે. આત્મા તો દ્રષ્ટા છે. આથી સ્થુલ શરીરને આત્મા માનનારા ચાર્વાકોના મતનું નિરાકરણ થયું, હવે ચાર્વાકના એક દેશીઓ ઇન્દ્રિયોને આત્મા માને છે, તેના મતના ખંડનને માટે કહે છે કે, હું ઇન્દ્રિય પણ નથી; કારણ કે સ્થૂળ દેહની પેઠે ઇન્દ્રિયો પણ પંચભૂતોનું જ કાર્ય છે, અને આત્મા કોઇનું કાર્ય નથી.

सवाएष पुरुषोऽन्नरसमयः । अन्नमयंहिसोम्यमनः आपोमयः प्राणः तेजोमयीवाक् ॥

(આ શરીર અન્નરસનું બનેલું છે. સરળ પ્રકૃતિવાળા ! મન અન્નનો વિકાર છે, પ્રાણ જળનું કાર્ય છે, તેથી વાણી તેજનું કાર્ય છે. આ જગાએ કેવળ વાણીનું ગ્રહણ કરેલું છે; પરન્તુ તે ઉપરથી દશે ઇન્દ્રિયો સમજી લેવી) ઈત્યાદિ શ્રુતિઓ બંને શરીરો પાંચભૂતોનાંજ કાર્ય છે. એ વિષયમાં

પ્રમાણભૂત છે. ત્યાં શંકાને જન્મ મળે છે કે " જ્યારે બંને શરીર તું નથી ત્યારે તું શૂન્ય હોઇશ ? ' આ શંકાનું સમાધાન કે હું બંને શરીરથી વિલક્ષણ કોઈક; અર્થાત્ નામ, ગુણ, જાતી–આદિ રહિત હોવાથી વિલક્ષણ છું ' આવો વિચાર જ્ઞાનનું સાધન છે. આથી હું કોણ છું ? એ પ્રશ્નનો નિર્ણય થયો. હવે ' આ જગત શી રીતે થયું ? તથા આનો કર્ત્તા કોણ ? ' એ વાતનો નિશ્ચય કરે છે, (પૃથિવી આદિ ભૂતો પરમાણુ વડે ઉપજે છે, એમ તાર્કિક–આદિનું માનવું છે, મીમાંસકો કર્મવડે થાય છે એમ માને છે તથા સાંખ્યવાળા પ્રકૃત્તિથી ઉત્પન્ન થાય છે એમ માને છે. આ સર્વના મતોનું નિરાકરણ કરવા માટે કહે છે કે–' આ જગત્ આત્મ સ્વરૂપના અજ્ઞાનથી જ ઉત્પન્ન થયું છે, માટે અજ્ઞાનનું વિરોધી જ્ઞાન અર્થાત્ સ્વસ્વરુપના સ્ફુરણવડે, જેમ સૂર્યોદયથી અન્ધકાર નાશ પામે છે તેમ તે (અજ્ઞાન) નાશ પામે છે. ' આ જગત્નો કર્ત્તા કોણ છે ? એ પ્રશ્નનો નિર્ણય કહે છે. આ કામ કરીશ, આ કામ કરીશ ' આવા પ્રકારના નાના પ્રકારના સંકલ્પો કર્ત્તા છે, આવું વિચાર જ્ઞાનનું કારણ છે. 'હવે આ જગત્નું ઉપાદાન કારણ શું છે ? એ પ્રશ્નનો આ નિર્ણય છે ' (જેમ માટી ઘડા આદિનું ઉપાદાન કારણ છે તેમ અજ્ઞાન તથા સંકલ્પનું ઉપાદાન કારણ અર્થાત તેમની ઉત્પતિ સ્થિતિ તથા નાશનું કારણ ત્રણે કાળે જેનો બાધ થતો નથી તે બ્રહ્મ જ છે. તે વગર બીજું કાંઈ પણ નથી; માટે જ આ જગત્ અજ્ઞાનનું કાર્ય હોવાથી મિથ્યા છે; તો પણ જેમ રજ્જુનો સર્પ, રજ્જુને ન જાણ્યા સુધી ભયનો હેતુ છે, તેમજ

તે (જગત્) જન્મ–મરણુ આદિ ભય આપવાને સમર્થ છે, બ્રહ્મનું જ્ઞાન થયા પછી ભવની નિવૃત્તિ થાય છે, તે બ્રહ્મ સત્ય છે; અર્થાત્ ત્રણે કાળમાં તેનો અભાવ થતો નથી, તે ક્ષય પામતું નથી. તે સજાતિય વિજાતીય તથા સ્વગત ભેદ રહિત છે તે બ્રહ્મને મન, વાણી–આદિ ઇન્દ્રિયો પહોંચતી નથી; કારણુ કે તે જાતી, ક્રિયા, નામ અને રુપ આદિ રહિત છે. જેમ માટી ઘડા આદિ કાર્યોનું ઉપાદાન છે, તેમ સર્વનું ઉપાદાન બ્રહ્મ છે. તાત્પર્ય એ છે કે જે કાર્ય–કારણુનો ભેદ કથન માત્ર છે. વાસ્તવિક્ નથી. આ પ્રકારનો જે વિચાર તે જ્ઞાનનું કારણુ છે.)

આવા વિચારથી ‘ તત્પદ તથા ત્વંપદ ’ ને જાણુવું જોઈએ કે મારા સંકલ્પથી પિંડસત્ય તો ઇશ્વરને સંકલ્પે બ્રહ્માન્ડ સત્ય, માટે જેમ અન્તઃકરણુ છે, તેમ ઇશ્વરને તીર્થયાત્રા છે. મારે પ્રજા સત્ય તો ઇશ્વરને જગત્ સત્ય, મારે સંકલ્પ માત્રથી જગત્ હતું તે લય થઇ ગયું, તો ઇશ્વર નિર્વિકલ્પ છે, તેથી તેને જગત્ નથી. જેમ જીવનું નામ છે તેમજ ઈશ્વરનું નામ છે, દેહમાં જેમ થોડી ઉપાધિ છે, તેમ ઈશ્વરના જગત્‌માં મહાઉપાધિ છે, જેવો દેહમાં હું છું એવો જ જગત્‌માં ઈશ્વર છે. આ પ્રમાણે જાણીને જેમ અગ્નિમાં કાષ્ટ પુષ્કળ નાખવાથી ભડકો કહેવાય છે અને રૂની વાટ સળગાવતાં દીપક કહેવાય છે, પણુ તે ભડકો કે દીવો નથી, વાસ્તવિક જોતાં તો તે બંને અગ્નિજ છે. તે પ્રમાણે બ્રહ્મ એક અખન્ડ છે. તે અન્તઃકરણુ આદિની ઉપાધિને લીધે જીવ કહેવાયું અને ચૌદ લોકની ઉપાધિને લીધે

ઇશ્વર કહેવાયું, પણ જીવ કે ઇશ્વર કાંઇપણ નથી, પણ એકજ બ્રહ્મ છે. અને તેજ બ્રહ્મ હું છું એમ જાણવું અર્થાત્ 'તત્ અને ત્વં' પદને ઓળખ્યા પછી અસિપદને ઓળખવું, તેનું નામ વિચાર કહેવાય.

किं भूषणाद् भूषण मस्ति शीलम्
तीर्थं परं किं स्वमनो विशुद्धम् ।
किमत्रहेयं कनकंच कान्ता
श्राव्यं सदा किं गुरु वेद वाक्यम् ॥ ८ ॥

અર્થ.

શિષ્ય—ઉત્તમમાં ઉત્તમ ભૂષણ શું છે?

ગુરુ—શીલ છે તેજ ઉત્તમમાં ઉત્તમ ભૂષણ છે.

શિષ્ય—ઉત્તમ તીર્થ કયું કહેવાય?

ગુરુ—પોતાનું નિર્મળ મન હોય તો તેજ ઉત્તમ તીર્થ છે.

શિષ્ય—આ જગત્માં ત્યાગ કરવા યોગ્ય શું છે?

ગુરુ—કનક અને કાન્તા એ ત્યાગ કરવા યોગ્ય છે.

શિષ્ય—નિરન્તર શ્રવણ કરવા યોગ્ય શું છે?

ગુરુ—ગુરૂનાં અને વેદનાં વચન સાંભળવા યોગ્ય છે.

વિવેચન.

સ્ત્રી અને પુરૂષને સારામાં સારૂં ભૂષણ શીલ છે, એ ઉપરથી સમજવાનું એ છે કે સુવર્ણની કંઠીઓ, પગે ઝાંઝર, કંઠમાં મુક્તાફળના હારો, એરીંગો, ચન્દનહાર વિગેરે ભૂષણ

પેહેરેલાં હોય તો તે ખરાં ભૂષણ નથી, પરન્તુ ખરૂં ભૂષણ તો શીલ છે; કારણ કે એ બધાં ભૂષણો પરિધાન કરેલાં હોય અને જો શીલ ન હોય તો એ બધાં ભૂષણો વ્યર્થ છે. માત્ર સર્વોત્તમ ભૂષણ તો શીલજ છે. પુરૂષ જો શીલયુક્ત હોય તો તે પોતાના વંશને ઉજાલે છે, અને સ્ત્રી તો ઉત્તમ શીળવાળી હોય તો તે પોતે, સાસરાંને તથા પીયરને ઉજાળે છે. ટુંકામાં એટલું જ કહેવાનું છે કે શીલ એ સર્વોત્તમ ભૂષણ છે. શીલ શબ્દના ગાંભીર્યનું જો વાસ્તવિક રીતે વિવેચન કરવામાં આવે તો ઘણો વિસ્તાર થાય તેમ છે; માટે તે સંબંધમાં વિશેષ વિવેચન ન કરતાં એટલું જ કહેવાનું છે કે, પ્રત્યેક સ્ત્રી તથા પુરૂષે મન, વાણી કે કર્મથી અયોગ્ય ક્રિયા કરવી નહિ. ધર્મશાસ્ત્રમાં ઉત્તમ શીળવાળી સ્ત્રી વિષે કહ્યું છે કે,

पदन्यासो गेहाद् बहिरहि फणा रोपण समो ।
निजावासा दन्यद् भवन मपरद्वीप तुलितम् ॥
वचो लोकाऽलभ्यं कृपण धनतुल्यं मृगदृशः ।
पुमानन्यः कांता द्विधुरिव चतुर्थी समुदितः ॥

પતિવ્રતા સ્ત્રીએ ઘરના ઉંબરા બાહાર પગ મુકવો, તે સર્પની ફણાના ઉપર પગ મુકવા સમાન છે, અને પતિવ્રતા સ્ત્રીને પોતાના આવાસથી અન્ય ભુવનમાં જવું, તે અન્ય દ્વીપમાં જવાતુલ્ય છે. પતિવૃતા સ્ત્રીનાં વચન લોકોને કૃપણના ધન સદૃશ અલભ્ય છે, અર્થાત જેમ કૃપણનું દ્રવ્ય અન્ય લોકોને પ્રાપ્ત થઇ શકતું નથી, તેમ પતિવ્રતા સ્ત્રીનાં વચન અન્ય લોકોની શ્રવણેંન્દ્રિયે આવતાં નથી. પતિવ્રતા સ્ત્રી

અન્ય પુરુષના મુખને ચોથના ચન્દ્રના સમાન જાણી કદી જોતી નથી; અર્થાત્ ભાદરવા માસના શુકલપક્ષની ચતુર્થીનો ચંદ્ર કોઈ પણ મનુષ્યો અવલોકન કરતાં નથી, તે પ્રમાણે પતિવ્રતા સ્ત્રી અન્ય પુરુષનું મુખ તે ચોથના ચન્દ્ર સદૃશ માની અવલોકન કરતી નથી; એટલે કે પતિવ્રતા સ્ત્રી સદાચરણથી પતિની સેવામાં જ તત્પર રહે છે.

ઉપરના શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણેની પતિવ્રતા સ્ત્રીઓ આ કલિકાળમાં દ્રષ્ટિએ આવવી, અશકય છે, ભાગ્યે જ કોઈ ભાગ્યશાળીના ઘેર તેના પૂર્વના પુણ્ય પ્રભાવે હોય તો તે કહી શકાતું નથી. આ મહા દુસ્તર કલિકાળમાં એવી સ્ત્રીઓ હોવી એ મહા સન્દેહ છે. આજની સ્ત્રીઓ તો કુતરીના સદૃશ આ ઘેરથી પેલે ઘેર આમ તેમ ભટકયાં જ કરે છે. જેમ કુતરી એક ઘેર ક્ષણવાર ન રહે, અને ભટકયાં જ કરે, તેમ આ મહા ઘોર કલિકાળની સ્ત્રીઓ ઘેર ઘેર અથડાયા કરે છે. જંપીને ઘરમાં બેસી ઘરનું કામકાજ કરવું કે, પતિની સેવા કરવી, તેનો વિચાર તો તેને સ્વપ્નમાં પણ આવતો નથી. પોતાનું મુખ અર્ધ ઉઘાડું રહે તેમ તો ઓઢે છે. આજકાલની કેટલીક સ્ત્રીઓ તો પુરૂં માથું ઢાંકતી નથી. પાંચ પગલાં આગળ ચાલી કે તુરત માથેથી સાલ્લો ખસી ગયો છેજ, અને બેચાર ડગલાં ભર્યાં પછી પુનઃ સ્મૃતિ આવતાં મસ્તક ઉપર ઓઢે છે. પોતે અન્ય પુરૂષનું મુખ જુએ, અને અન્ય પુરુષ તેનું મુખ જુએ તેમાં જ તે શોભા–મહત્તા સમજે છે. આજકાલની કેટલીક કુલટા સ્ત્રીઓ અન્ય પુરુષને નિરખી નાના પ્રકારના ચાળા કરવા મંડી જાય

છે. પોતાનું મન ક્યાંક હોય, શરીર કાંઈક કામ કરતું હોય, પોતે કાંઇક કામ કરે, અને નેત્ર વળી ત્રીજે ઠેકાણે ઇશારા કર્યા કરે છે. અન્યના દુર્ગુણ ગાવા હોય તો પોતે દુર્ગુણના ભંડાર છતાં પણ, અન્યના દુર્ગુણ ગાવામાં બૃહસ્પતિજીના સમાન વક્તા થઇ બેસે છે. પગ ઉપર પગ ચડાવી બેસવું, પારકી પંચાતો કરવી, હાથતાળી લેવી, વાતો કરતાં ચપટીઓ વગાડવી, આંખોના ચાળા કરવા, દુષ્ટ શબ્દો ઉચ્ચારવા, અસત્ય ભાષણ કરવું, જુઠા સોગન પોતાના પતિના ખાવા, અને સાહસ કરવામાં જરાપણ સંકોચાતી નથી. પોતાના મસ્તકના મુકુટરૂપ પતિને તો એક તાબાના નોકર સમાન સમજે છે. પતિને પ્રસન્ન રાખી ઇશ્વરના સદૃશ તેને જાણી તેની સુશ્રુષા કરવાનું તો સ્વપ્ન પણ આવતું નથી. અહર્નિશ વહેમની જ વાતોમાં ગુંથાઈ રહે છે. અમુકે આમ કામણ કર્યું. આ રીતે ટુચકો કર્યો, ધણીને કહેશે કે તમે તો માનતા નથી, તમે તો કિસ્તાન થઇ ગયા છો, તમે શું જાણો, આ પ્રમાણે વહેમમાં ને વહેમમાં ખરાબખસ્ત થઇ જાય છે, અને તેથી તેને અન્ય કામ સુજતું નથી. ઘરની સંભાળ રહેતી નથી. ઘરમાં કચરો પડયો હોય છે. આવી કુવડો ઘરને, પોતાનાં મનને અને શરીરને મલીન રાખે છે. રસોઈ શી રીતે કરવી ? બાળકોની કેમ માવજત રાખી ઉછેરવાં ? કામકાજ શી રીતે કરવું ? પ્રતિષ્ઠા કેમ વધારવી ? પોતાનું શ્રેય શી રીતે થાય ? પાપ શું અને પુણ્ય શું ? એ બાબતનો જરાપણ વિચાર ન કરતાં ધણીને રોયા, તારો હોશલો કુટું એવા શબ્દોથી વધાવી લેશે, બાળકને મારશે, ઘરમાં

ફોડશે, આ પ્રમાણે ભંજવાડ કરી મુકશે, પણ નીતિએ વિચરી ઘરનું સારૂં કામ કરવું, બાળકને સદુપદેશ આપવો, પતિની સારી સેવા કરવી તે તેને આવડશે જ નહિ. સ્ત્રીઓનું મન મહા ચંચળ છે. રાજર્ષિં ભર્તૃહરિ કહી ગયેલ છે કે-

> यांचिन्तयामि सततं मयिसा विरक्ता ।
> साप्यन्य मिच्छति जनं सजनोऽन्यसक्तः ॥
> अस्मत्कृते च परितुष्यति काचिदन्या ।
> धिक्तांच तंच मदनं च इमांचमांच ॥

હું જે સ્ત્રીનું હૃદયમાં નિરન્તર ચિન્તન કરૂં છું, તે મારી સ્ત્રી મારાથી વિરક્ત છે, વિરક્ત છે એટલુંજ નહિ; પરન્તુ પરપુરૂષ ઉપર આસક્ત છે, તે પરપુરૂષ વળી બીજી સ્ત્રી ઉપર આસક્ત છે, તે સ્ત્રી મારા ઉપર પ્રસન્ન રહે છે- એટલે કે મારા ઊપર આસક્ત છે, માટે જે સ્ત્રી મારા ઉપર આસક્ત છે તેને, તેની ઉપર જે પુરૂષ આસક્ત છે તેને તે પુરૂષ જે મારી સ્ત્રી આસક્ત છે તેને મને અને આ સર્વ આસક્તિ જેનાથી ઉત્પન્ન થાય છે, તે કામદેવને પણ ધિક્કાર છે. વળી કહ્યું છે કે-

> जल्पंति सार्द्ध मन्येना पश्यंत्यन्यं सविभ्रमम् ।
> हृदये चिंतयं त्यन्यं प्रियः कोनाम योषिताम् ॥

સ્ત્રી એક પુરૂષની સાથે વાત કરે છે, બીજાને હાવ-ભાવથી નિરખે છે, અને પોતાના મનમાં ત્રીજાનું ચિન્તવન કરે છે! માટે સ્ત્રીને ખરેખર કોણ વહાલું છે? કોઇ નથી!

સ્ત્રી, જો કોઇ સપાટામાં આવ્યું તો તેના પરિયાના પરિયાને પણ શોધી નાખે છે, અને પોતાનાં દુષ્ટ વચનો-

રૂપી તીક્ષ્ણ બાણોથી સામાના હૃદયને આરપાર વિંધી નાખે છે, તે જો કદાચ ભણેલી હશે, તો તે ભણતરનો ઉપયોગ અન્ય પુરૂષને ચિઠી લખવામાં કરી, ભણતરને ધૂળ મેળવે છે. કદાચ દૈવયોગે જો પોતાના પાપનો પસ્તાવો થયો, તો લોકોમાં મોટાઇ દર્શાવવા ભક્તમાં ખપવા ખોટાં વ્રતો અને તીર્થ યાત્રા કરે છે, પણ મહા તીર્થરૂપ પોતાના પતિના સન્મુખ પણ જોતી નથી, અરે! સન્મુખ જોવું તો રહ્યું, પણ તે બિચારા પતિને તો છણકા કરી ધિક્કારી કાઢી ધૂળ ભેગો કરી નાખે છે. આવી નીચ સ્ત્રીઓ ચોરાશી લક્ષ યોનિમાં ભટકી ભટકી પોતાનાં કરેલ પાપોને ભોગવી મહા કલેશ પામે છે. ધિક્કાર છે આવી સ્ત્રીયોને!

સ્ત્રીઓએ તો પરપુરૂષ જે પોતાનો ભાઈ તથા પિતા તેના સન્મુખ પણ સંભાષણ કરવું નહિ; કારણ કે એઓને દેખીને શ્રી સદાશિવજી છળ્યા હતા, સરસ્વતિને નિરખી પિતામહ બ્રહ્માજી છળ્યા હતા, માટે પિતા તથા ભ્રાતાના સન્મુખ રહીને બોલવું નહિ. સ્ત્રીઓને માટે જેમ આ પ્રમાણે છે, તેમ પુરૂષોને માટે પણ છે. પુરૂષોએ પોતાની માતા કે બેન આદિના સાથે પણ સન્મુખ ઉભા રહીને બોલવું નહિ. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં કહ્યું છે કેઃ—

माता स्वस्रा दुहित्रा वा न विविक्ता सनोभवेत् ।
बलवानिंद्रियग्रामो विद्वांससमपि कर्षति ॥

મા, બેન અને દીકરીની સાથે એકાંતમાં બેસવું નહિ; કારણ કે ઇંદ્રિયોના સમૂહ બળવાન છે અને તે વિદ્વાનને પણ આકર્ષે છે.

કળિકાળમાં સ્ત્રીઓજ અસતી છે, એમ નથી; પરંતુ પુરૂષો પણ તેવા સંખ્યાબંધ છે. મર્કટ સદ્દશ કામાંધ, ગધેડાના સદ્દશ અક્કલહીન અને શ્વાનના સદ્દશ સ્થળે સ્થળે ભટકનારા નીચ, દુરાચારી, લમ્પટ, આધિ, વ્યાધિ અને ઉપાધિથી અનહદ દુ:ખયાતના અનુભવી ઘોર નરકના પાત્ર થઇ પોતાના કરેલાં પાપનાં કડવાં ફળોનો અનુભવ કરે છે. મનુષ્ય દેહ દેવતાને પણ દુર્લભ છે, મનુષ્ય દેહથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ સમ્પાદન કરી શકાય છે. આવા અત્યુત્તમ મનુષ્ય દેહને પ્રાપ્ત થઇ, પોતાના જન્મનું સાફલ્ય ન કરતાં માત્ર અફળ ફેરો કરનારા મનુષ્ય પશુ સદ્દશ છે, અને તેને ધિક્કાર છે. જેઓ ક્ષણભંગુર શરીરને, પોતાના વંશને અને જ્ઞાતિને ઉજ્જવળ કરે છે, તે જ પુરૂષ ઉત્તમ શીળવાળા છે, માટે સર્વોત્તમ ભૂષણ શીળ છે તેને જાળવવા માટે પ્રયત્ન રાખવાની અત્યાવશ્યક્તા છે. રાજર્ષિ ભર્તુહરી કથે છે કે:—

ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो
ज्ञानस्यो पशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रेव्यय : ।
अक्रोधस्तपसः क्षमा प्रभवितु र्धर्मस्य निर्व्याजता
सर्वेषा मपि सर्व कारण मिदं शीलं परं भूषणम् ॥

(સુજનપણા વિગેરે સર્વ અલંકાર કરતાં સ્વભાવજ ઉત્તમ અલંકાર છે.)

સૌજન્ય વૈભવને શોભાવે છે, (એટલે કે જો ઐશ્વર્ય હોય તો સૌજન્ય મેળવવું.) વાક્સંયમ (વાણી નિયમમાં

રાખવી.) શૌર્યને શોભાવનાર છે (એટલે વાણીથી પોતાનાં પરાક્રમનાં વખાણ કરવાં નહિ.) શાંતિ જ્ઞાનનું ભુષણ છે (એટલે તત્વજ્ઞાન થાય ત્યારે શાંતિ અવશ્ય રાખવી જોઇએ.) નમ્રતા શાસ્ત્રના શ્રવણને શોભાવે છે, (શાસ્ત્ર શ્રવણથી નમ્રતા અવશ્ય સમ્પાદન કરવી જોઇએ) સત્પાત્રને દાન આપવું એ ધનને શોભાવે છે, (જો ધન હોય તો અવશ્ય સત્પાત્રને આપવું) ક્રોધ ન કરવો એ તપને શોભાવે છે, (તપ કરનારે ક્રોધ ન કરવો જોઇએ.) ક્ષમા સમર્થ પુરૂષને શોભાવે છે, (સમર્થ પુરૂષે ક્ષમા રાખવી જોઇએ.) નિષ્કપટપણું ધર્મને શોભાવે છે. (એટલે દમથી ધર્માચરણ કરવું નહિ.) આ પ્રમાણે સઘળા ગુણોનું કારણ સ્વભાવ જ છે; અર્થાત્ ઉપર કહેલા સર્વ ગુણો સ્વભાવાનુસાર થાય છે; પરંતુ પરાણે થતા નથી.

માટે શીલરૂપી ઘરેણું સ્ત્રી તથા પુરૂષોએ સંસારમાં અવશ્ય ધારણ કરવું જોઇએ. શીલ વગરનાં કડાં, કુંડળ—આદિ આભુષણ તો મૂર્ખને શોભારૂપ છે. સુજ્ઞને તો શીલજ ભૂષણ છે. કડાં—આદિ ભૂષણ તો બોજારૂપ છે, જીવને જોખમમાં ઝોકાવનાર છે, પણ શીલરૂપી આભુષણ તો આલોક અને પરલોકમાં ઉત્તમ પ્રકારનું સુખ આપનાર છે; અર્થાત્ આ લોકમાં શોભા તથા કીર્તિને વધારી પરલોકમાં અક્ષય સુખ આપે છે, માટે સર્વથા શીલ પાળવું એ ઉત્તમ છે.

પોતાનું રાગદ્વેષાદિકથી શૂન્ય, વિશુદ્ધ મન છે, તેજ પરમતીર્થ છે, બે પ્રકારનાં તીર્થ છે. એક તો બાહારનાં અને બીજાં મનનાં—તેમાં ગંગા, નર્મદા અને પુષ્કર—આદિ બાહા-

રનાં તીર્થ છે, અને સત્ય, ક્ષમા—આદિ મનનાં તીર્થ છે. કાશીખંડમાં કહ્યું છે કેઃ—

सत्यंतीर्थं क्षमातीर्थं तीर्थं मिंद्रिय निग्रहः ।
सर्वभूत दयातीर्थं तीर्थं मार्जव मेवच ॥
दानंतीर्थं दमस्तीर्थं संतोष स्तीर्थ मुच्यते ।
ब्रह्मचर्य्यं परंतीर्थं तीर्थं च प्रियवादिता ॥
ज्ञानंतीर्थं धृतिस्तीर्थं तपस्तीर्थ मुदाहृतम् ॥
तीर्थानामपितत्तीर्थं विशुद्धिर्मनसःपरा ॥

સત્ય, ક્ષમા, ઇન્દ્રિયનિગ્રહ, સર્વ પ્રાણીમાત્ર ઉપર દયા, આર્જવતા, દાન, દમ, સંતોષ, બ્રહ્મચર્ય્ય, મધુર ભાષણ, જ્ઞાન, ધૃતિ, અને જપ એ સર્વ તીર્થ છે, એ સર્વ તીર્થ તથા અન્ય તીર્થો છે, તે કરતાં પણ પોતાનું મન વિશુદ્ધ છે, એ સર્વોત્તમ તીર્થ છે.

મન નિર્મળ થયા વગર પવિત્ર થવાતું નથી. આ પૃથિવી ઉપર ઘણાં તીર્થો છે, અને પાપને કરનારાં ક્ષેત્રો પણ છે; પરન્તુ તે પવિત્ર ક્ષેત્રો તથા તીર્થો મન નિર્મળ ન હોય તો પવિત્ર કરતાં નથી. ઘેર બેસીને પણ જો કામ-ક્રોધાદિક શત્રુઓને જીતીને શાસ્ત્ર વિચાર કરી અભ્યાસ દ્વારા મનને નિર્મળ કરેલું હોય તો તે તીર્થયાત્રા કરવા જેટલું ફળ આપે છે, પરમપદની પ્રાપ્તિ મનની નિર્મળતા હોય તોજ થાય છે. કહ્યું છે કેઃ—

मनएव मनुष्याणां कारण बंध मोक्षयोः ॥

મન જ મનુષ્યને બંધ અને મોક્ષનું કારણ છે.

મન જો કામ, ક્રોધાદિક અને રાગદ્વેષાદિકથી રહિત થઇ નિર્મળ થઇ છુટે તો છુટે છે. મનના બંધનથી બંધન અને મનના મોક્ષથી મોક્ષ છે; કેમકે બંધ અને મોક્ષનું કારણ મન છે. જે પદાર્થ વા વસ્તુ ઉપર જેવી આસક્તિ મન કરે, તેવો તેમાં તેને ભાવ આવે છે, કહ્યું છે કેઃ–

येन आलिंग्यते कांता तेने वा लिंग्यते सुता ।

જે શરીરથી બેન ભાઈને મળવામાં આવે છે, તેજ શરીરથી પતિ–પત્નીને મળવામાં આવે છે; પરંતુ બેન–ભાઇને મળતાં વાત્સલ્યભાવ ઉત્પન્ન થાય છે, અને પતિ પત્નીને મળતાં નીચ વિકાર જન્મ પામે છે. એ બધાનુ કારણ મનજ છે. સુખ તથા દુઃખ થવું એનું કારણ પણ મન છે. આ સૃષ્ટિ છે તેનું કારણ પણ મન છે. મન છે તોજ સર્વ છે, અને જો મન ન હોય તો તો પછી કાંઇજ નથી, માટે જે કાંઇ કરે છે તે મનજ કરે છે. વાસિષ્ટ સારમાં કહ્યું છે કેઃ—

मनोहि जगतां कर्ता मनोहि पुरुषः स्मृतः ।
मनःकृतं कृतंलोके न शरीर कृतं कृतम् ॥

જગતને કરનારૂં મન જ છે, અને પુરૂષ પણ મનજ કહેવાય છે. લોકમાં પણ મનનું કરેલું તેજ કરેલું છે; પણ શરીરનું કરેલું તે કરેલું નથી. મનનું કરેલું તેજ કરેલું કહેવાય છે; કારણ કે જ્યાંસુધી ગમે તેટલાં હાનિ લાભ થયેલ હોય, પણ જો તે મનમાં આવેલ ન હોય; તો તે થયેલ જ નથી. મનમાં આવ્યા પછી જ હર્ષ શોક થાય

છે. આ શરીરરૂપી રથ છે, તે રથમાં ઇન્દ્રિયોરૂપી ઘોડા છે, અને મન છે તે સારથી છે. માટે શરીરાદિકની ક્રિયા પણ મનથી જ થાય છે. આ પ્રમાણે સર્વનું કર્ત્તા તથા સંસારને આપનારૂં મનજ છે, માટે જો તે મન નિર્મળ થાય તોજ પરમપદની પ્રાપ્તિ થાય છે, માટે મનને ગમે તે યત્ને કરીને પણ નિર્મળ કરવાની ઘણી અગત્ય છે. મન જો વિષયમાં લમ્પટ થાય તો પોતાની મેળેજ બંધાય છે, અને જો સર્વત્ર આત્મભાવ કરીને વિષયથી પૃથક્ રહે, તો પોતાની મેળેજ મુક્ત થાય છે. 'હું અને મારૂં' એવી મમતાથી પોતાનું કાંઇ નહિ છતાં પણ પોતાનું માનીને બેઠેલું મન જો નિર્મળ થાય તોજ પરમપદની પ્રાપ્તિ થાય છે. મનના સ્વરૂપ વિષે કહ્યું છે કેઃ—

अयं सोहं मिदं तन्मे एतां वनमात्रकं मनः।

આ તે હું તો આ અને તે મારૂં એમ થવું એજ મનનું સ્વરૂપ છે. કલ્પના ઉપરથી જ મનની સત્તા સમજાય છે, અને મનનો સ્વભાવ કલ્પનાનો છે, અને જ્યારે કલ્પના વિરામ પામી એટલે 'મારૂં કે તારૂં' કાંઇ રહેતું નથી, એટલે પછી મન પણ જણાતું નથી. કહ્યું છે કેઃ—

तदभाव न मात्रेण ज्ञानेन प्रविलीयते।

'હું અને મારૂં' એ મમત્વના અભાવને આપનારૂં જે જ્ઞાન છે, તે જ્ઞાન થકી મનનો લય થઇ જાય છે. આ ઉપરથી એ સમજવાનું છે કે, ગમે તે યત્ન કરીને પણ મનને નિર્મળ કરી બોધપાત્ર થવું. હું અને મારૂં એ

વિગેરે ટળી જતાં રાગ દ્વેષ જેમાં રહેતો નથી, એવું મન જ્યારે થાય ત્યારે કાંઇપણ વિશેષ કર્તવ્ય રહેતું નથી. આ ઉપરથીજ મનને પરમતીર્થ કથેલ છે. મન જો નિર્મળ હોય અને જો તીર્થયાત્રા કરવામાં આવે તો તે વિશેષ ઉત્તમ છે, અને જો મન મલીન હોય અને તીર્થ કરે તો તે પાપનો ભોગી થાય છે. મનની નિર્મળતાના સમ્બન્ધમાં એક દૃષ્ટાન્ત છે કેઃ—

કોઇ એક નગરને વિષે બે ભાઇઓ ધનાઢ્ય હતા, બે પૈકી એક કર્મવાદી અને સંસારી હતો. અને બીજો મહાત્માઓના સમાગમવાળો અને વિવેકી હતો. તે બન્ને ભ્રાતાનો વૃદ્ધ પિતા કાળનો ભોગ થયો. પિતાનો મોક્ષ કરવા માટે કર્મવાદીએ કહ્યું કે આપણે કાશીએ જઇને ગયાશ્રાદ્ધ કરીએ જેથી આપણું અને આપણા પિતાનું બન્નેનું શ્રેય થાય. આવાં ભાઇનાં વચન શ્રવણ કરી વિવેકીએ વિચાર્યું કે ભાઇનો વિચાર સાપ મારવા માટે તેનું દર પુરવા જેવો અને પાડાને વાંકે પખાલીને ડામ આપવા જેવો છે, જેથી હું તેને મારો વિચાર જણાવીશ તો તે માનનાર નથી; કારણ કે તે કર્મવાદી છે, માટે તે તેની ઇચ્છાનુસાર ભલે અનુસરે. આ પ્રમાણે મનમાં વિચાર કરીને વિવેકીએ કર્મવાદીને કહ્યું કે—તમે ખુશીથી પિતાજીને સદ્દગતિ પમાડવા યાત્રા કરી આવો. અને મારે તમારી સાથે આવવું જોઇએ, તેના બદલામાં હું તમને મારી આ તુંબડી આપું છું, તેને જે જે તીર્થમાં તમે સ્નાન કરો ત્યાં સ્નાન કરાવજો. હું તમને સર્વ ખર્ચમાં બરાબર અર્ધ ભાગ આપીશ. આ પ્રમાણે વિવેકી

ભ્રાતાનાં વચન શ્રવણ કરી કર્મવાદી તો તુંબડીને સાથે લઇ, ગયા આદિ તીર્થ કરી, તુંબડીમાં વિવેકીભાઈ માટે ગંગોદક ભરીને ઘેર આવ્યો, અને તે તુંબડીનું ગંગોદક વિવેકી ભ્રાતાને પાયું, પણ તે તુંબડી કડવી હોવાથી તેમાં રહેલું ગંગાજળ કડવું થતાં વિવેકીએ, કર્મવાદીને કહ્યું કે– ભાઇ! તુંબડી આપ સાથે તીર્થ કરીને આવી છતાં તેની કડવાશ તો ગઇ નહિ, અને ગંગાજળને કડવું ઝેર કરી નાંખ્યું, માટે હવે તે તુંબડીમાં બીજું જળ, કાંકરા અને રાખ આદિ નાખી બે ત્રણ દિવસ પલળવા દઇ પછી તેને સારી પેઠે ધોઇ સ્વચ્છ કરીને પછી પાણી ભરો તો તે પાણી મીઠું લાગશે. આ પ્રમાણે વિવેકીનું બોલવું થતાં કર્મવાદીએ તે પ્રમાણે કર્યું. તો તુંબડીની કડવાશ મટી ગઈ અને તેમાં ભરેલું પાણી મીઠું થઈ ગયું. જ્યાં સુધી તુંબડી અંદરથી સાફ થઇ ન હતી, ત્યાં સુધી તેમાં કડવાશ હતી.

આ ઉપરથી સમજવાનું તો માત્ર એટલું જ છે કે મન છે તે કડવી તુંબડી સદૃશ છે. કાયિક, વાચિક અને માનસિક જે કર્મ છે, તે કાંકરા છે. જપ, તપ એ રાખ છે, અને સંયમ એ જળ છે. વૈરાગ્ય છે તે પલાળી રાખવું છે, અને તેને ધોવું તે જ્ઞાન છે; અર્થાત્ મનરૂપી તુંબડીને કાયિક, વાચિક અને માનસિક કર્મોથી, સંયમથી, એટલે કે ઇન્દ્રિયોને વશ્ય રાખવાથી, વૈરાગ્યથી અને જ્ઞાનવડે શુદ્ધ કરવું. આ પ્રમાણે મન જ્યાં સુધી શુદ્ધ થાય નહિ, ત્યાંસુધી જે કાંઇ કરવું તે વૃથા છે. મનનો મેલ ધોવાઇ જતાં જે કાંઇ કરવામાં આવે તે સફળ છે. મનને નિર્મળ કરવા માટે

બાહ્યોપચાર કરવાની અગત્ય છે. જેઓ મન નિર્મળ કરવા માટે બાહ્યોપચાર કરતા નથી, તે ભ્રાન્તિવાળા બહેકેલા છે. બાહારનાં તીર્થ અને પવિત્ર ધામો તો ઘણાં છે, પણ જ્યાં સુધી મન, ગુરૂરૂપ તીર્થના પ્રભાવથી પવિત્ર થયું નથી, ત્યાં સુધી તે સર્વ નકામાં છે; શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કેઃ—

आत्मानदीसंयमतोयपूर्णासत्वावहाशीलतटादयोर्मिः ।
तत्राभिपेकंकुरुपांडपुत्रनवारिणाशुद्धतिचांतरात्मा ॥

હે પાન્ડુપુત્ર (અર્જુન)! સંયમરૂપ જળથી પૂર્ણ, સત્યરૂપ પ્રવાહવાળી, શીલ ઉપર તટવાળી, અને દયારૂપ તરંગોવાળી મનરૂપી જે નદી છે. એ નદીમાં તું સ્નાન કર; કારણ કે એ જળ વગર અન્ય જળથી અંતરાત્મા કદિ પણ શુદ્ધ થતો નથી. વિશ્વેશ્વરી પદ્ધતિમાં પણ લખે છે કેઃ—

ज्ञानद्रये ध्यानजले रागद्वेष मलापहे ।
यःस्नाति मानसेतीर्थे सयाति परमां गतिम् ॥

જ્ઞાનરૂપી જેમાં પ્રવાહ છે, ધ્યાનરૂપી જેમાં જળ છે, કે જે જળ રાગદ્વેષરૂપ મેલનો નાશ કરે છે, એવા માનસ તીર્થમાં એટલે કે, મનરૂપી તીર્થમાં જે સ્નાન કરે છે, તે પરમગતિને પામે છે.

આ પ્રમાણે જોતાં તો મન છે તેજ મોટું તીર્થ છે; કારણ કે ઉપર કથેલાં સાધનો દ્વારા પ્રાપ્ત થયેલા નિર્મળ-પણાથી સર્વ સાધનો સફળ થાય છે; માટે જ મનને પરમ તીર્થ કથેલ છે. તે મનને નિર્મળ કરવા માટે સદ્દગુરૂ અને શાસ્ત્રસંગ આદિ તીર્થ સેવનની અત્યાવશ્યક્તા છે.

કનક અને કાન્તા એ બેય ત્યાગ કરવા યોગ્ય છે, કારણ કે એ બેય પદાર્થ બન્ધન કરાવનાર છે. કનક અને કાન્તાનો સંયોગ થયો કે તુરત સમજી લેવું કે ચોરાશી લક્ષ યોનિમાં ભટકવું જ પડશે, માટે કનક અને કાન્તાથી દૂર રહેવું. તેનાથી દૂર રહ્યા તો, ચોરાશી લક્ષ યોનીનો મહા ભય દૂર થાય છે, અને ઉત્તમ પ્રકારનું જ્ઞાન સાધી શકાય છે. જેઓને શ્રુતિ તથા સ્મૃતિ આદિનું જ્ઞાન હોય છે, અને જેણે સન્યસ્ત લીધેલ હોય છે, તેઓ જો કનક અને કાન્તાનો સંયોગ કરે તો તેને તો મહા અધમ અને અતિ કલેશ પામનારા સમજવા. અદ્વૈતામૃતમાં લખે છે કેઃ—

पदापि युवतीं भिक्षुर्न स्पृशे द्दार वीमपि ।
इतिवृद्धोक्तयः संति तत्कुतः स्यात्सह स्थितिः ॥

સન્યાસીએ કાષ્ઠની પુતળીને પણ પગથી સ્પર્શ કરવો નહિ, એવાં વૃદ્ધોનાં વચન છે. જ્યારે કાષ્ઠની પુતળીને અડવાનો નિષેધ છે, તો સંન્યાસીથી સ્ત્રીઓ હોય તેવા સ્થાનમાં તો શી રીતે જ રહી શકાય ?

આ ઉપરથી સમજવાનું એ છે કે, કલ્યાણની આકાંક્ષા રાખનારાએ સ્ત્રીઓની આકૃતિ કે ચિત્રો પણ જોવાં નહિ; કારણ કે વિષય અને ઇન્દ્રિયોનો સંયોગ છે તે જ ક્ષોભ ઉપજાવનાર છે; કેમકે ઇન્દ્રિયોના સમૂહ મહા બળવાન છે. એ પ્રથમ કહેવાઇ ગયું છે, માટે જે સ્થળે મોહજનક સ્ત્રીઓનો નિવાસ હોય, ત્યાં સંન્યાસીથી તો જવાય જ નહિ, અને જો સંન્યાસી સ્ત્રીઓનો સહવાસ રાખે, તો તે ભ્રષ્ટ થાય છે. કહ્યું છે કેઃ—

निमृष्ट घृतमप्याज्य पात्रं संनिधि मुष्मिणः ।
प्राप्य द्रवत्येव यथा योषितांसन्निधौ यतिः ॥

જેમાંથી ઘી કાઢી લીધું છે, તેવું ઘીનું વાસણ જો સૂર્ય કે અગ્નિના સમીપમાં રહે તો તે દ્રવે છે; અર્થાત તેમાં ઘી નથી છતાં પણ ઘી નીકળે છે; તેમજ ઇન્દ્રિયોનું દમન કરનારા સંન્યાસી જો સ્ત્રીયોના સમીપમાં રહે, તો તે દ્રવ્યા વગર રહેજ નહિ, માટેજ સંયમ કરનારા સંન્યાસીઓને સ્ત્રીઓનો સહવાસ દૂર કરાવવા મહાત્માઓ કહી ગયા છે કેઃ—

जिताहारो थवा वृद्धो विरक्तो व्याधितापिवा ।
यतिर्न गच्छेत्तं देवं यत्रस्यात् प्रतिमास्त्रियः ॥

જીતાહારી, વૃદ્ધ, વૈરાગ્યવાન્ વા રોગવાળા સંન્યાસીએ પણ જે સ્થળે સ્ત્રીઓની પ્રતિમા–પૂતળીઓ હોય તેવા દેવના મન્દિરમાં પણ જવું નહિ; કારણ કે ઉપર દર્શાવેલી સ્થિતિનો સંન્યાસી જો દર્શન નિમિત્તે પણ સ્ત્રીની પ્રતિમાવાળાં દેવમન્દિરમાં જાય તો વ્યાકુળ થયા વગર રહેજ નહિ, અને જ્યાં વ્યાકુળતા થઇ કે ત્યાંથી જ્ઞાન તુરત પલાયન થઇ જાય છે, અને જ્ઞાન જતાંની સાથે અધર્મ પગપેસારો કરે છે. પારાશર, ઋષ્યશૃંગ અને વિશ્વામિત્ર સરખાઓની શી સ્થિતિ થઇ પડી? ગમે તો સો વર્ષનો પુરૂષ અને સો વર્ષની સ્ત્રી હોય, પણ જો તે સહવાસમાં રહે તો સહવાસથી વિકાર થયા વગર રહેજ નહિ. પરમાર્થ વિચારમાં વા ઇશ્વરભક્તિના વિચારમાં પણ સ્ત્રી પુરૂષોનો સહવાસ અને

એકાન્ત થવાંજ ન જોઇએ. સ્ત્રીના સહવાસમાં દૂરથી જ દુઃખજ દેખવું જોઇએ. કહ્યું છે કેઃ—

विषवल्ली मरुद्विंध्ये बाधते प्राणिनायथा ।
योषित्स्पर्शी तथा वायुर्बाधते मस्करीश्वरम् ॥

વિંધ્યાચળ પર્વતને વિષેથી વિષના વેલાને સ્પર્શ કરીને આવતો વાયુ જેમ પ્રાણિયોને બાધ કરે છે; તેમજ સ્ત્રીઓનો સ્પર્શ કરીને આવતો વાયુ મોટા યોગેશ્વરને પણ બાધ કરે છે, માટે સર્વદા સ્ત્રીનો ત્યાગ કરવો; કારણ કે તેના વગર અનર્થ મટતા નથી. જેમ ઝેરના વેલાનો પવન મનુષ્યનાં જીવનનો નાશ કરે છે, તેમજ સ્ત્રી પણ છે. કહ્યું છે કેઃ-

योषिन्मूला बुधैः प्रोक्ताः सर्वेनर्थाः शरीरीणाम् ।
अपि ब्रह्मेन्द्र चन्द्राणां का कथा इतर न्नृणाम् ॥

* બ્રહ્મા ઇન્દ્ર અને ચન્દ્રાદિક દેહધારિયોને પણ જે સર્વ અનર્થો આવીને પડયા, તે સર્વનું કારણ જોઈશું તો સ્ત્રીજ છે, એમ વિદ્વાનો કહે છે. તો અન્ય મનુષ્યોની તો વાતજ શી ?

સ્ત્રીઓના મોહપાશમાં હું સપડાવાનો નથી, તે મને શું કરનાર છે ? એવું અભિમાન કોઇએ રાખવું નહિ, એવું અભિમાન રાખનારા મૂર્ખ છે; કારણ કે સ્ત્રીના દર્શન માત્રથી બ્રહ્મા—આદિ ભાન ભૂલી ગયા છે, તો મનુષ્ય તે શી વીસા-

* બ્રહ્માએ દેહ ત્યાગ કરવો, એ કથા શ્રીમદ્ ભાગવતમાં છે. ઇન્દ્રને ગૌતમની સ્ત્રી અહલ્યાના સહવાસથી શરીરમાં છિદ્રો પડી ગયાં, ચન્દ્ર ગુરુપત્ની સાથે ગમન કરવાથી ક્ષયવાળો થયો, સ્ત્રીઓનો સહવાસ આવો દુઃખજનક છે.

તમાં છે ! જેઓ પોતાનું હિત સમજે છે, તે તો સ્ત્રીનાં દર્શન તથા સહવાસથી દૂરજ રહે છે, પણ જેને પોતાના હિતાહિતની ગમ નથી, તે તો સ્ત્રીઓના સહવાસથી દૂર રહી શકતા નથી. સ્ત્રીના સહવાસ–આદિમાં રહેતાં છતાં પણ આ પ્રમાણે અનુસરી શકે, તેવા પુરૂષો તો પૃથિવી ઉપર ભાગ્યે જ હોય છે. કહ્યું છે કેઃ--

अपिराज्यं नरकवत् स्वर्णं पश्येच्च लोष्टवत् ।
स्त्रियं कुण पवत् पश्येद्यस्ता दग्दुर्लभो यतिः ॥

જે રાજ્યને નરકરૂપ જુએ, એ સુવર્ણને મૃત્તિકાના ઢેફાંના સમાન જુએ, અને જે સ્ત્રીને માંસરૂપ જુએ તેવો યતિ દુર્લભ છે. કહ્યું છે કેઃ--

भगादिकुच पर्यंतं सविधिं नरकार्णवं ।
ये रमंति पुनस्तत्र तरंति नरकं कथं ॥
विष्टादि नरकं सारं भगश्च परिनिर्मितं ।
किंनपश्यसिरेचित्त कथं तत्रैव धावसि ॥

भगेन चर्मकुंडेन दुर्गंधेन व्रणेनच ।
खंडितं हो जगत्सर्वं सदेवा सुर तापस ः ।
अंतरे नरकं विद्धि कौटिल्यं बहिर्मंडले ।
ललनाहि न पश्यंति महामंत्र विरोधिनीं ॥

યોનિથી તે કુચ પર્યન્ત નરકનીજ ખાણ્ય સ્ત્રી છે, તે જાણ્યા છતાં જે સ્ત્રી સાથે રમણ કરે, તે નરકમાંજ પડયો

છે, તે નરકને શી રીતે તરી શકે ? વિષ્ટાદિક નર્કાનુસાર તે ભગ–યોનિ છે. હે ચિત્ત! તેને તું કેમ નથી જોતું ? તે નર્કમાં પડવા કેમ દોડે છે ? તે ભગ કેવું છે ? દેહનું તો છિદ્ર છે, દુર્ગંધથી ભરેલ છે, દુર્ગંધથી ભરેલ ચામડાનો કુન્ડ છે, તેણે દેવ, અસુર અને તપસ્વી–આદિ સકળ જગતને છળ પમાડેલ છે. સ્ત્રીના શરીરમાં નરક ભરેલ છે, અને બાહાર કુટિલતા છે, તે કુટિલતા મોહ પમાડવાના તેના પ્રપંચ છે, એવી જે સ્ત્રી તેને નિરખતા નથી. તે સ્ત્રી મોક્ષના માર્ગને રોકનારી છે, માટે પોતાનું કલ્યાણ ઇચ્છનારાએ સર્વથા સ્ત્રીનો સંગ ત્યજવો. રાજર્ષિ ભર્તૃહરિ કથિ ગયેલ છે કેઃ –

एताहसन्तिच रुदन्तिच कार्य हेतो-
विश्वासयन्तिच परंनच विश्वसन्ति ।
तस्मान्नरेण च सुशील समन्वितेन ।
नार्यः श्मशान घटिका इव वर्जनीयाः ॥

સ્ત્રીઓ કાર્યને અર્થ હાસ્ય કરે છે, વખતે રૂદન કરે છે, અને આપણને વિશ્વાસ જણાવે છે, પરન્તુ પોતે કોઇનો પણ વિશ્વાસ કરતી નથી તેટલા માટે શીલસંપન્ન પુરૂષોએ સ્મશાનના ઘડાની પેઠે સ્ત્રીઓનો ત્યાગ કરવો જોઇએ. કહ્યું છે કેઃ––

कार्कश्यंस्तनजोर्दशोस्तरलतालीकंमुखेश्लाघ्यते
कौटिल्यंकचसंचयेचवदनेमान्द्यंत्रिकेस्थूलता ।
भीरुत्वंह्रदयेसदैवकथितंमायाप्रयोगःप्रिये
यासांदोषगणःसदामृगदृशांताःस्यूःपशूनांप्रियाः ॥

જેના સ્તનમાં કાઠિણ્ય, નેત્રમાં ચંચળતા, મુખમાં અસત્ય, કેશમાં વક્રતા, વદનમાં મંદતા, નિતમ્બ પ્રદેશમાં સ્થૂલતા, અને હૃદયમાં બીકણપણું છે; તથા જે પોતાના પ્રિય ઉપર માયા પ્રયોગ કરે છે, એવા એવા જેનામાં સદા અવગુણ છે, એવી મૃગાક્ષીઓ પશુનેજ પ્રિય હોવી જોઇએ. વળી કહ્યું છે કે:--

स्तनौमांस ग्रंथी कनक कलशा वित्युपमितौ
मुखं श्लेष्मागारं तदपिच शंशाकेन तुलितम् ।
स्रवन्मूत्र क्लिन्नं करिवर करस्पर्धि जघनं
मुहुर्निन्द्यं रूपं कविवर विशेषै र्गुरु कृतम् ॥

સ્તન જે માંસની ગાંઠો છે, તેને કનક કળશાની ઉપમા અપાયલી છે, મુખ જે શ્લેષ્મ, લીંટ, લાળ વિગેરેનું સ્થાન છે, તેને ચન્દ્રની સાથે સરખાવવામાં આવેલું છે, અને મૂત્ર-સ્રાવથી ભીની રહેતી જાંગોને હસ્તિરાજની સુંઢની સ્પર્ધા કરાવી છે, તો ખરેખર વારમ્વાર નિન્દાના પાત્રરૂપને મહા કવિજનોએ વખાણી વખાણીને ઉત્તમ કરેલું છે. વસિષ્ઠ-સારના જીવન્મુક્ત પ્રકરણમાં કહ્યું છે કેઃ—

दूरे मुंचति बंधमंदमिव यः संगाद् भुजंगादिव
त्रासं यो विदधाति वेत्ति सदृशं रागंच भोगंचयः ।
स्त्रैणे यस्तृणवद् घृणां प्रकुरुते मित्रेष्व मित्रेष्वपि
स्वांतं यस्य समं स मंगल मिहा मुत्रापि मर्त्योश्नुते।

આંધળાને જેમ દૂર મૂકે તેમ જે બંધને મૂકે છે, સર્પથી જેમ ડરે તેમજ જે સાંસારીના સંગથી ભય પામે,

સાંસારિક રાગ તથા ભોગને જે સમાન જાણે છે, દૂધમાં જેમ તૃણ આવ્યું હોય અને તેને જેમ કાઢી નાખે છે, તેમ એ સ્ત્રીઓના સંસર્ગવાળાને કાઢી નાખે છે; અર્થાત્ તે સર્વને કલ્યાણનાં સાધનમાં વિઘ્ન કરનારાં સમજીને તેનો ત્યાગ કરે છે, તથા મિત્ર-શત્રુમાં જેનું અન્તઃકરણ સમાન રહે છે, તેજ પુરૂષ આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ પામે છે.

આ પ્રમાણે જેનું સર્વમાં એક સમાન અન્તઃકરણ થઇ ગયું હોય, તેજ ખરેખર કલ્યાણનું પાત્ર છે. એવા બોધવાળાઓ પ્રાપ્ત વિષયોમાં આસક્ત થઇ મલીન થઈ જતા નથી. મહાત્મા શ્રી અષ્ટાવક્રજી અષ્ટાવક્ર ગીતાના ત્રીજા આક્ષેપ દ્વારોપદેશ નામના પ્રકરણના ચોથા શ્લોકમાં કથે છે કેઃ-

श्रुत्वापि शुद्ध चैतन्य मात्मानमति सुन्दरम् ।
उपस्थेऽत्यंत संसक्तो मालिन्यमधिगच्छति ॥

ગુરૂ મુખે વેદાન્ત વાકય થકી મહા સુન્દર એવું આત્મ ચતન્ય શ્રવણ કરીને તથા સાક્ષાત્કાર કરીને પછી વિષયમાં પ્રીતિ રાખે, તો તે આત્મજ્ઞ પુરૂષ કહેવાય નહિ, પણ તે મલિનતાને પામ્યો છે એમ સમજવું. મહાત્મા શ્રીઅષ્ટાવક્રજી અષ્ટાવક્ર ગીતાના સત્તરમા તત્ત્વજ્ઞસ્વરૂપ નામના પ્રકરણના ૧૪ મા શ્લોકમાં કથે છે કેઃ—

सानुरागां स्त्रियंदृष्ट्वा मृत्युं वा समुपस्थितम् ।
अविव्हलमनाः स्वस्थो मुक्तएव महाशय : ॥

મહા પ્રેમની ભરેલી સુન્દર નવયૌવના સ્રીને જોઇને જેને કામના ઉત્પન્ન થતી નથી; તથા મહા વિકરાળ મૃત્યુને

જોઈને જેના મનમાં ભય ઉત્પન્ન થતો નથી, તેજ જીવન્મુક્ત પુરૂષ છે.

જેઓને વૈરાગ્ય થતાં–પરિપૂર્ણ બોધ થતાં સર્વાત્મક ભાવ થઇ ગયેલ છે, તેવાઓ આવા પ્રસંગમાં વિહ્વળ થતા નથી, પણ એવા મહાત્માઓ દુર્લભ છે. આ ઉપરથી મુમુક્ષુઓને સમજવાનું માત્ર એ છે કે–સ્ત્રિયાદિકનો પ્રસંગ થાય એવો સમય જ પ્રાપ્ત થવા દેવો નહિ. જેમ મનુષ્યને મૃત્યુનો ભય લાગે છે; તેમજ સ્રીનો પણ ભય રાખવો, કારણ કે સ્રી છે તે જ જન્મ–મરણના ફેરામાં નાખનાર છે, એમ જાણી તેનાથી ડરતા જ રહેવું. આ પ્રમાણે તલસ્પર્શ વિચાર કરતાં સર્વ અનર્થોનું મૂળ સ્રી જ છે. આવા અનર્થના દ્વારરૂપ સ્રી છે, તેનો સંગ કરનારાઓના સંગથી પણ સર્વથા દૂર રહેવું, કારણ કે તે પણ નરકને આપનાર છે, જ્યારે તેના સંગ કરનારાઓનો સંગ પણ નરક આપનાર છે, ત્યારે તો સાક્ષાત્ પ્રત્યક્ષ સ્રીની તો વાત જ શી કરવી ? ઇન્દ્રિય નિગ્રહ કરનાર સંન્યાસીએ અને મુમુક્ષુએ તે દેવમાયાનું પ્રત્યક્ષ દર્શન તો શું ? પણ તેની પ્રતિમાના દર્શનથી પણ દૂર રહેવું જોઇએ.

સ્રી જેમ સંગ કરવા યોગ્ય નથી, તેમ સુવર્ણ પણ સંગ કરવા યોગ્ય નથી. સુવર્ણ કહ્યું એટલે એકલું સોનું સમજવું નહિ, પણ તેના પેટામાં ત્રાંબુ, રૂપું–આદિ ધાતુઓ પણ સમજવી; કારણ કે તે મહા અનર્થનું મૂળ છે, કારણ કે એ સોનું, રૂપુ અને ત્રાંબા આદિના સિક્કા બને છે, તે જ્યાં સુધી મનુષ્ય પાસે હોતા નથી, ત્યાં સુધી જ મન

સ્થિર રહે છે, અને જ્યારે સુવર્ણ–આદિ આગળ આવે છે કે, તુરતજ હજારો તર્ક વિતર્ક મનમાં ઉદ્‌ભવે છે, અને તેથી અનર્થો પણ સાથે લાગા જ આવે છે. શ્રીમંતોમાં મદ, અભિમાન, અનાચાર, દુરાચાર અને મૂર્ખતા વિગેરે દોષો હોય છે, તે માત્ર દ્રવ્યથી જ. દ્રવ્યથી માણસ છતી આંખે આંધળો છે. કાન છતાં બહેરો છે. જાગૃત છતાં ઉંઘતો છે. દ્રવ્ય આવતાંની સાથે જ સ્ત્રી, અલંકાર ને વસ્ત્રાદિકમાં ચિત્ત ચોંટી રહે છે; અર્થાત્ સર્વ અનર્થોનું મૂળ દ્રવ્ય છે. દ્રષ્ટાંત કે–જેમ કોઇ એક મહાસરોવર છે. પણ તે સુકાયેલું છે, તેથી તેમાં કોઈ પણ જળજન્તુ–આદિનો ઉપદ્રવ નથી, પણ જે સમય તેમાં ચાતુર્માસ્યનું જળ ભરાયું કે તુરતજ તેમાં પોરા માછલાં, દેડકાં, સર્પ, જળો અને મઘર–આદિ અસંખ્ય જન્તુઓ એના મેળે જ ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે જ્યાં સુધી મનુષ્ય દ્રવ્યહીન છે, ત્યાં સુધી તેને કોઇ ઉપદ્રવબાધ કરતો નથી; પરન્તુ જ્યારે તેની પાસે દ્રવ્ય આવે છે કે તુરતજ નાના પ્રકારના સંકલ્પ વિકલ્પ અને ઉપાધિઓ વળગી પડે છે. એક નિમિષ માત્ર પણ તેને નિવૃત્તિ મળતી નથી. આ મારૂં છે, હું તેનો ઉપયોગ કરીશ, હું આમ સારો કહેવાઈશ, વિગેરે આકાંક્ષાથી આશા–તૃષ્ણામાં નિમગ્ન રહી અમૂલ્ય માનવ જન્મને એળે ગુમાવે છે. આ પ્રમાણે જે સ્રી તથા કનકનાં ઘરેણાં અને વસ્ત્ર–આદિ કે જે માયા જનિત છે, તેમાં ઉપભોગની વૃદ્ધિથી જેનું મન લલચાય છે, એવો મૂઢ પતંગ જેમ દીપકથી અંજાઇ જઇ મૃત્યુ પામે છે, તેમ નાશ પામે છે. સ્રી અને દ્રવ્યની આસક્તિ સર્વ કરતાં વિશેષ બળવાન્ છે. કહ્યું છે કે:—

लोह दारुमयैः पाशै र्द्दढबद्धो विमुच्यते ।
स्त्री धनादिषु संसक्तो मुच्यतेन कदाचन ॥

લોઢાની બેડીમાં કે લાકડાની હડરૂપી પાસમાં જે બંધાયો હોય, તો તે કોઈ દિવસ પણ છુટવા પામે છે; જે કનક અને કાન્તા રૂપી બેડીથી બન્ધાયો હોય છે, તે તો કોઈ દિવસ પણ છુટતો નથી; માટે સુખની ઈચ્છા રાખનારાએ કનક તથા કાન્તાનો સર્વથા ત્યાગ કરવો.

શંકા-સ્ત્રીને અને દ્રવ્યનો સંગ બન્ધનકારક છે, તે તમે કહ્યું તે અક્ષરસઃ ખરૂં છે, પણ તે ચારે આશ્રમ માટે કહ્યું કે કેમ? તે કહો.

સમાધાન-બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, અને સંન્યાસ એ ચાર આશ્રમ કહેવાય છે. એ ચાર આશ્રમમાં બ્રહ્મચર્યાશ્રમ પ્રથમ ગણાય છે. એ આશ્રમમાં તો સ્ત્રીના મુખ સામું તો શું? પણ સ્ત્રીના પડછાયા સન્મુખ જોવું નહિ, તેમ દ્રવ્યની પણ વાત કરવી નહિ.

બીજો આશ્રમ ગૃહાસ્થાશ્રમ કહેવાય છે. બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ત્રણ્યે આશ્રમને આશ્રય આપનાર એ ગૃહસ્થાશ્રમ છે. માટે ગૃહસ્થાશ્રમમાં સ્ત્રીનો અને દ્રવ્યનો સંગ્રહ કરવાની અગત્ય છે. જો ગૃહસ્થ તેમ ન કરે તો ગૃહસ્થાશ્રમ ચાલે જ નહિ, અને તેના આશ્રયભૂત જે બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમ છે, તેને કયાંય પણ આશ્રય મળે જ નહિ. ગૃહસ્થાશ્રમવાળાએ વિચારવાનું છે કે, એ ત્રણે આશ્રમ મારે આધારે છે. માટે જો મને સ્ત્રી નહિ હોય તો અભ્યાગતોને રસોઈ કરી શી રીતે ભોજન

કરાવી શકીશ? અને દ્રવ્ય નહિ હોય તો તેઓને અન્ન વસ્ત્ર શી રીતે પુરાં પાડી શકીશ? આ વિચાર કરી ગૃહસ્થનો આશ્રમ પાળવાને માટે જ સ્ત્રીનો અને દ્રવ્યનો સંગ્રહ કરવાની અગત્ય છે. તેમજ ધાર્મિક શ્રેયસ્કર કામ કરવામાં પણ સ્ત્રીનો અને દ્રવ્યનો સંગ્રહ કરવામાં આવે, તો તેથી કલ્યાણ થાય છે, પણ માત્ર સ્ત્રીને નાના પ્રકારના ભોગ ભોગવવા માટે અને ધનનો, વાડી, લાડી અને ગાડીમાં શોખ મારવા માટે તથા નાચ, તમાસા—આદિ નિરર્થક ખરચને માટે સંગ્રહ કરવામાં આવે, તો તેથી જરા પણ શ્રેય થતું નથી; પરન્તુ તે તો ઉલટું બન્ધનકારક થઈ પડે છે. સ્ત્રી જો કે ત્રણે આશ્રમને આશ્રય આપવા અર્થે તથા ગૃહસ્થાશ્રમ પાળવા માટે કરી હોય છતાં પણ પ્રજા થાય, અને ધન પણ ત્રણે આશ્રમને આશ્રય આપવા, ગૃહસ્થાશ્રમનો ધર્મ પાળવા, તથા દાન ધર્મ કરવા, ઉદ્યમ વડે સંપાદન કરેલું હોય, તે દ્રવ્ય જો થયેલી પ્રજાને નાના પ્રકારનાં લાડ લડાવવામાં તથા વરાવવા પરણાવવામાં ખરચાય, તો તે બન્ધનકારક થાય કે નહિ? આ શંકાનું સમાધાન કે જો સમજથી થતું હોય તો તે તેમાં ગૃહસ્થને જરા પણ બાધ નથી, માત્ર એટલુંજ લક્ષમાં રાખવાની અગત્ય છે કે પોતાના લક્ષને કદિ પણ ચૂકવું નહિ. જો લક્ષ ચૂક્યા તો બન્ધન થાય છે. જેમ નટ દોરીના લક્ષને ચૂકતા નથી અને જો ચૂકે તો ધબ દઈને નીચે પડે છે, તેમ જો ગૃહસ્થ લક્ષ ન ચૂકે તો તો કાંઇ નથી, પણ જો લક્ષ ચૂક્યા તો બન્ધન થાય છે. શાસ્ત્રની આજ્ઞાનુસાર ગૃહસ્થાશ્રમ

પાળવાની જીજ્ઞાસા રાખનારે સ્ત્રી કરવી, પણ તે અસ્થિ અને ચર્મના પુતળામાં આસક્તિથી લુબ્ધ થવું નહિ, પણ તેની સહાયતાથી ગૃહસ્થાશ્રમનાં ધાર્મિક કામો કરવાં. આ પ્રમાણે ગૃહસ્થાશ્રમ પાળતાં જે પ્રજા થાય, તેને ઉદ્યમવડે સન્માર્ગે વાવરવા ઉપાર્જીત કરેલા દ્રવ્યથી જો વરાવવા પર ણાવવામાં પણ જો તેમાં તદાકાર થઇ ન જવાય તો તો બાધ નથી; પરન્તુ પોતાનો જે છેવટના પરમાર્થનો લક્ષ છે, તેને ભૂલી જઈ માત્ર એશ આરામમાંજ તલ્લીન થઇ જાય, તો તો તે સંસારરુપ અન્ધ કુવામાં બૂડી મૂચો છે, તેને તો પછી છુટવાનું કાંઇપણ સાધન નથી, પણ તે પ્રમાણે થવું મહા અશકય છે; કારણ કે કનક અને કાન્તા બન્ને મોહ ઉપજાવી બન્ધન કર્યા વગર રહેતાં જ નથી; માટે એ બેનો ત્યાગ કરવો, તેના ત્યાગથી સર્વનો ત્યાગ છે.

વાનપ્રસ્થ આશ્રમ આ મહા દુસ્તર કલિકાળમાં જાળવી શકાય તેવો નથી; કેમકે એ આશ્રમનો ધર્મ મહા કઠિન્ છે. વાનપ્રસ્થના આશ્રમનો ધર્મ એવો છે કે સ્ત્રી તથા પુરુષ બન્નેએ પોતાના પુત્રને ઘર સોંપીને પોતે વૈરાગ્યથી ચાલી નિકળવું. સાથે કુટીબદામ સરખી પણ રાખવી નહિ. બન્ને એ સાથેજ રહેવું, સાથેજ ફરવું, બેસવું, અને ખાવું છતાં પણ જે પ્રમાણે ગુરૂ શિષ્યનો સમ્બન્ધ હોય તેવો વ્યવહાર રાખવો. સ્ત્રીએ પોતાના પતિને સાક્ષાત્ ગુરુરૂપ સમજવો, અને પતિએ સ્ત્રીને શિષ્યરૂપ સમજવી, કોઇ પણ સ્થળે સ્થિર બેસવું નહિ. નિરન્તર પર્યટન કર્યા કરવું જોઈએ. નવીન નવીન તીર્થ કરવાં, અને મનોવૃત્તિને પર-

આત્મામાં તલ્લીન કરી દેવી. જ્યાં જેવું મળે તેવું પ્રાશન કરવું. તીર્થાટન કરતાં જેવાં મનુષ્યોનો સમાગમ થાય તેવાઓ સાથે બોલવું. આ પ્રમાણે સર્વ કામનાથી મુક્ત થઇ સ્રીમાં શિષ્ય બુદ્ધિ રાખવી. બન્નેએ નાના પ્રકારનાં વ્રત અને તીર્થ કરતા ભ્રમણ કર્યા કરવું, તે વાનપ્રસ્થાશ્રમની રીતિ છે. આ પ્રમાણે વાનપ્રસ્થ આશ્રમમાં પણ કનક અને કાન્તાનો પરિત્યાગ થાય છે.

સંન્યાસીએ સ્રીનો સંસગ કરવો નહિ. એ વાર્ત્તા તો પ્રથમ કહેવાઈ ચૂકી છે. તે પ્રમાણેજ સંન્યાસીએ કાંચનનો પણ ત્યાગ કરવો જોઇએ. વિશ્વેશ્વરી પદ્ધતિના અનુસારે સંન્યાસીએ અનુસરવું જોઈએ. જેણે સર્વનો પરિત્યાગ કર્યો હોય, અને જેને મનમાં કશી પણ વાસના ન હોય, અને મન જેનું વિરક્ત થઇ ગયું હોય તે સંન્યાસી કહેવાય છે, અને જેને કનક અને કામિનીનો સંગ હોય, તો તે સંન્યાસી છતાં પણ પરિપૂર્ણ સંસારી કહેવાય. જે સંન્યાસીને દ્રવ્ય આપે તે નરકમાં પડે છે, અને જો સંન્યાસી દ્રવ્ય લે તો તે સંન્યાસી નથી, પણ પામર પ્રાણી છે. સંન્યાસી જેટલું કાંચન લે, તે કાંચનના જેટલી જ્યારે વિષ્ઠા ખાય, ત્યારે તે કાંચન લીધાના દોષથી શુદ્ધ થાય છે, સંન્યાસી જો વેચવાની બુદ્ધિથી અન્ન કે વસ્ત્ર કાંઇ લે, તો તેની જે કિમ્મત થાય તે કિમતનું જેટલું સોનું આવે તેટલું સુવર્ણ સંઘરવાનો દોષ સંન્યાસીને લાગે છે અને તેટલી વિષ્ઠાનું ભક્ષણ કર્યે તે શુદ્ધ થાય છે; અર્થાત્ સમજવાનું એ છે કે સંન્યાસીને સુવર્ણ અને વિષ્ઠા બન્ને સમાન છે. સંન્યાસીએ

તો જે પોતાને મળે, તે પોતાના પ્રાણુને આહુતી આપી અને શરીરને વસ્ત્રવડે ઢાંકી બાકીનું બધું ત્યજી દેવું જોઇએ. કહ્યું છે કે:—

यतीना कांचनदद्यात्तांबूलं ब्रह्मचारिणे ।
दस्यूनाम भयं दधात् सदाता नरकं व्रजेत् ॥

સંન્યાસીને જે સુવર્ણ આપે, બ્રહ્મચારીને જે પાનનું બીડું આપે, અને ચોરને અભય આપે, તે નરકમાં જાય છે. આ પ્રમાણે કહ્યું છે, તેમાં સમજવાનું એ છે કે, સંન્યાસી અને બ્રહ્મચારીએ કનક અને કાન્તાનો ત્યાગ કરવો જોઇએ, અને ગૃહસ્થ તથા વાનપ્રસ્થ આશ્રમવાળાએ જો કહ્યા પ્રમાણે રાખી શકાય તોજ રાખવાં, નહિ તો તેમણે પણ તેનો ત્યાગ કરવો જોઇએ, કેમકે સર્વ અનર્થોનું મૂળ એ બે પદાર્થો છે, એ બેથી જગતમાં નાના પ્રકારના અનર્થો થાય છે.

અહર્નિશ ગુરુના મુખકમળથી અમૃત સમાન ઝરતાં વેદ વચન શ્રવણ કરવાં, એજ સાંભળવાનું છે. બ્રહ્મના નિશ્ચયવાળાં જે શ્રુતિનાં વચન છે, તેજ વેદ વચન છે. તત્વસારમાં કહ્યું છે કે:—

ब्रह्म चिद्रूपतो नित्यं महाबीजं निरामयम् ।
अवाच्यं प्रणवस्याद्यं सदैवा चलमध्रुवम् ॥

બ્રહ્મ ચિદ્રુપથી નિત્ય છે, મહાબીજ રુપ એટલે સર્વના બીજરૂપ છે. નિરામય એટલે કે માયાના મેલથી રહિત છે. વાણીથી બોલાય તેમ નથી. પ્રણુવ એટલે ઓંકાર તેનું પણ આદિ છે. ચળે નહિ તેવું છે, અને સદા નિશ્ચયરૂપ છે.

આ ઉપરથી સમજવાનું માત્ર એ છે કે સદ્‌ગુરુનાં વચનો સન્માર્ગે વિચરાવે છે, મનને નિર્મળ કરે છે, અને બ્રહ્મસ્વરૂપનું ઓળખાણ કરાવે છે; માટે સદ્‌ગુરૂનાં જે વચન છે, તે પણ વેદવચન સમાનજ છે, અને તેવાંજ વચનો શ્રવણ કરવાં કે, જેથી ભવસાગરના બન્ધનથી મુક્ત થઇ જવાય, પણ બીજાં બન્ધનકારક સાંસારિક વચનો કે વિષયાદિકનાં ગીતો આદિ કાંઇપણ શ્રવણ કરવાથી શ્રેય થતું નથી. કલ્યાણકારક તો બ્રહ્મને જાણનારા જ્ઞાની પુરૂષોનાંજ વચન છે; માટેજ સાંસારિક સંબંધી વાતોનો પરિત્યાગ કરીને કલ્યાણકારક વચનો શ્રવણ કરવાં કે જેથી ચોરાશીલક્ષ યોનિમાં ભટકવાનું ટળી જાય.

केहेतवो ब्रह्मगतेस्तु संति
सत्संगति र्दान विचारतोषाः ।
केसंति संतोऽखिल वीतरागा
अपास्त मोहाः शिवतत्व निष्ठाः ॥ १ ॥

અર્થ.

શિષ્ય—બ્રહ્મગતિનો હેતુ કોણ છે?

ગુરુ—સત્સંગતિ, દાન, વિચાર અને સન્તોષ એ ચાર બ્રહ્મગતિના હેતુ છે.

શિષ્ય—સન્ત કોણ કહેવાય?

ગુરુ—જેની સર્વમાંથી આસક્તિ ઉઠી ગઇ છે, અને વૈરાગ્ય થઇ ગયેલ છે, જેમણે મોહને મટાડી નાખેલ છે, અને જે શિવતત્વ એટલે કે પરબ્રહ્મ પરમાત્મામાં નિષ્ઠા રાખનારા છે, તે સંત કહેવાય.

વિવેચન.

સત્સંગતિ, દાન, વિચાર અને સન્તોષ એ ચાર બ્રહ્મગતિના હેતુ છે. એ ચારમાં પ્રથમ સત્સંગ હોવાથી પ્રથમઃ તેનું વ્યાખ્યાન કરવામાં આવે છે. સત્સંગ એટલે કે જ્યાં સત્ કહેતાં સાચો સંગ હોય તે સત્સંગ છે; અર્થાત જ્યાં સંત-મહાત્માનો અહર્નિશ પરમાત્માનું ચિંત્વન કરી રહેલા હોય, તેનો સમાગમ તે સત્સંગ છે; એટલે કે તેવા સંત-મહાત્માઓ આધ્યાત્મ શાસ્ત્રની કથા કથનારા છે તે કથા સાંસારિક બન્ધનને કાપનારી છે, તે સાંસારિક બન્ધનને કાપનારી કથા જે સ્થળે થતી હોય, તે કથાના ઉપદેશાનુસાર પોતે અનુસરતા હોય; અને અન્યને અનુસરવાનો સદુપદેશ આપના હોય, તેવાં ઉત્તમ સ્થળમાં સત્સંગનો લ્હાવો લેવાની જીજ્ઞાસાથી જે જવું તેનું નામ સત્સંગ છે. આવા પ્રકારના સત્સંગથી અપૂર્વ કલ્યાણ થાય છે; એટલે કે પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થઇ જાય છે. ઇશ્વર પાર્વતીના સમ્વાદમાં કહ્યું છે કેઃ—

सत्संगश्च विवेकश्च निश्चलं नयनद्वयम् ।
यस्यनास्ति नरः सोंऽधः कथनं स्यादमार्गगः ॥

સત્સંગ અને વિવેકરૂપી જેને બે નેત્ર ન હોય, તે

આંધળો છે, આંધળો જે છે તે અવળે માર્ગ વિચર્યા વ-ગર રહેજ નહિં. જેમ નેત્ર વગરનો આંધળો અવળે માર્ગે ચડી જાય છે, તેમ જેને સત્સંગ અને વિવેકરૂપી દ્દઢ નેત્ર ન હોય, તે છતી આંખ્યોએ આંધળો છે, અને તે સત્સંગ અને વિવેકરૂપી નેત્ર વગર દુઃખજનક માર્ગે ચઢી જાય છે.

કોઈ એક મોટા નગરમાં એક આંધળો રહે છે, તે કોટયાધિપતિ છે, તે પુષ્કળ દ્રવ્ય વ્યય કરી ઉત્તમ કારીગરો પાસે ભવ્ય હવેલી બંધાવે, અને તેમાં ખીલીઓ મૂકે, તે ખીલીયો તે ઘરના માલિક આંધળાને વાગે, તેથી તે આંધળાને બીજો અનુચર જે નેત્રવાળો છે, તે તેને ખીલીની સંભાળ રાખવાનું કહે; કારણ કે પોતે દેખતો છે. આ ઉપરથી માત્ર સમજવાનું એટલું જ છે કેઃ—જે વિવેકહીન છે તે આંધળો છે. દ્રવ્ય છે તે બુદ્ધિ છે. કારીગર છે તે શાસ્ત્રજ્ઞ છે, તે શાસ્ત્ર જાણનાર પાસે અભ્યાસ કરવો, તે ઘર છે. અભ્યાસમાં નાના પ્રકારનાં સ્થળ તે ખીલીઓ છે, અને એક સ્થળની વાત અન્ય સ્થળે થાય તેનું નામ વાગવું છે; અર્થાત્ ગમે તેટલો વિદ્યાભ્યાસ કર્યો હોય, ભેદનો જ્ઞાતા હોય, પણ જો તે વિવેકહીન હોય તો તે આંધળો છે; અને તેને જેમ આંધળાને પોતાના ઘરમાં પોતે મૂકાવેલી ખીલીઓ વાગે છે, તેમ તેને તેની જ વિદ્યા દુઃખ આપે છે, અને જે સત્સંગવાળો અને વિવેકી છે, તે તેને બોધ કરે છે, અને પોતે વિવેકી હોવાથી તેમાં ભૂલ ખાતો નથી. આવો સત્સંગનો મહિમા અગાધ છે. રાજર્ષિ ભર્તૃહરિ કથિ ગયેલ છે કેઃ—

जाड्यं धियो हरति सिञ्चति वाचिसत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ।

चेतः प्रसादयति दिक्षु तनोति कीर्ति
सत्संगति कथय किं न करोति पुंसाम् ॥

(સત્પુરૂષનો સમાગમ જડપણાંને હરવા વિગેરે કાર્યો કરે છે.)

સજ્જનનો સમાગમ, બુદ્ધિનાં જડપણાંને હરે છે. સત્ય બોલવાનું શીખવે છે. સન્માનનું ઉત્તમપણું બતાવે છે. પાપને દૂર કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે, અને દિશાઓમાં કીર્તિનો ફેલાવો કરે છે. માટે કહો કે સજ્જન સમાગમ, માણસોનું કયું કાર્ય કરતો નથી ? અર્થાત્ સર્વ કાર્યો સિદ્ધ કરે છે.

આ ઉપરથી સમજવાનું એ છે કે સજ્જનનો સમાગમ 'હું અને મારૂં' એવા બુદ્ધિના જાડયને હરે છે, દેહ બુદ્ધિ મટાડી આત્મબુદ્ધિ થવારૂપ ઉદયને દર્શાવે છે, આત્મબુદ્ધિ થવા માટે કાયિક, વાચિક—આદિ પાપને દૂર કરે છે. ચિત્તમાંથી કામ ક્રોધાદિક મલને દૂર કરી નિર્મળ કરે છે; અર્થાત સત્સંગતિ સન્માર્ગે વિચરાવે છે, જેથી જ સત્પુરૂષો સત્સંગ કરવાનો સદુપદેશ કરે છે.

सत्संगाच्च विवेकाच्च लभते ज्ञानमुत्तमम् ।

સત્સંગ અને વિવેકથી ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; માટે વિવેકસહ સત્સંગતિ કરવી, એજ બ્રહ્મગતિનું પ્રથમ સાધન છે.

બ્રહ્મગતિનો બીજો હેતુ દાન છે, દાન સન્માર્ગે આપવું જોઇએ; અર્થાત્ પાત્ર—કુપાત્રની પરિક્ષા કરીને દાન

આપવું, તેપણ પોતાની શક્ત્યાનુસાર આપવું, જેઓ દ્રવ્ય-વાન્ છતાં દાન આપતા ભલૂં હરીએ નથી, અને ઉપભોગ પણ લેતા નથી તેના ધનની ત્રીજી ગતિ થાય છે. કહ્યું છે કેઃ—

दानंभोगो नाश स्तिस्रो गतयो भवंति वित्तस्य ।
यो न ददातिनमुंक्ते तस्य तृतोयागति र्भवति ॥

(દાન અને ભોગ રહિત ધનનો સર્વથા નાશ થાય છે.) ધનની, દાન, ભોગ અને નાશ એ ત્રણયે ગતિ થાય છે. જે માણસ દાન દેતો નથી વા ઉપભોગ કરતો નથી, તેના ધનનો નાશ થાય છે. એટલા માટે જો ધન હોય તો દાન પણ દેવું ખને ઉપભોગ પણ કરવો.

માટે પોતાની શક્ત્યાનુસાર સત્પાત્રને દાન આપવું એ મહાઅશકય છે; કારણ કે ઔદાર્યવૃત્તિ વગર દાન અપાતુંજ નથી, જેમ જેમ દયાયુક્ત દાન વૃદ્ધિ પામે છે, તેમ તેમ અન્તઃકરણ નિર્મળ થતું જાય છે, અને તેમ થતાં બ્રહ્મગતિમાં પ્રેમ વૃદ્ધિ પામતો જાય છે. જેમ મનુ-ષ્યની પ્રકૃતિ, સત્વગુણી, રજોગુણી અને તમોગુણી એવી રીતે ત્રણ્ય પ્રકારની છે, તેમ દાન પણ તે પ્રકૃત્યાનુસાર ત્રણ્ય પ્રકારના છે. કોઇનો ઉપકાર ન રાખતાં તેનો બદલો વાળવા માટે જે આપવામાં આવે, વા સ્વર્ગાદિકના ફળની જીજ્ઞાસા માટે આપવામાં આવે, વા ક્લેશપૂર્વક આપવામાં આવે, તે રાજસ્ દાન કહેવાય છે, ઉત્તમ દેશકાળ વગર આપવામાં આવે, વા ભાટ, ચારણ, નટ કે ત્રગાળા—આદિને

આપવામાં આવે વા કદાચ પાત્ર મળ્યું તો શ્રદ્ધા વગર, સત્કાર કર્યા વગર જે દાન આપવામાં આવે, તે તમોગુણી દાન કહેવાય છે. અને દેવાનો નિશ્ચય કરી કેવળ પારમાર્થિક વૃત્તિથીજ, સારા દેશકાળમાં ઉત્તમ પાત્રને જે દાન આપવામાં આવે, તે સાત્ત્વિક દાન કહેવાય છે. આ ત્રણ્યે દાનમાં સાત્ત્વિકદાન સર્વોત્કૃષ્ટ છે, રાજસદાન મધ્યમ છે અને તામસદાન હીન છે. જો કે આ પ્રમાણે દાનનો ભેદ છે, છતાં પણ જો શ્રદ્ધા કે અશ્રદ્ધાથી અપાય તો તે સારૂં છે. ગમે તે પ્રકારે પણ આપવું એજ સારૂં છે.

બ્રહ્મગતિનો ત્રીજો હેતુ વિચાર છે. આ વિષય પ્રથમ ચર્ચાઇ ગયો છે. વિચાર અને વિવેકમાં વિશેષ અન્તર નથી; માટે વિચાર એ વિવેક પણ કહી શકાય. એ બેનું તાત્પય એ છે કે-નિત્ય અને અનિત્ય વસ્તુનો વાસ્તવિક સમજથી નિશ્ચય કરી, અનિત્યનો ત્યાગ કરવો અને નિત્યનું ગ્રહણ કરવું, એ વિચાર છે, અપરોક્ષાનીભૂતિમાં કહ્યું છે કે:—

नित्यमात्म स्वरुपंहि दृश्यंतद्विपरोतगम् ।
एवं यो निश्चय: सम्यग्विवेको वस्तुन: स वै ॥

(વૈરાગ્યનું કારણ વિવેક દર્શાવે છે.)

આત્માનું સ્વરૂપ અવિનાશી છે, તથા દશ્ય અનાત્મ વસ્તુ એથી વિપરીત સ્વભાવવાળું છે; અર્થાત્ નાશવાન્ છે. આવો સંશયાદિ રહિત જે નિશ્ચય તેને નિત્યાનિત્ય વસ્તુ વિવેક કહે છે.

(નિત્ય વસ્તુ તથા અનિત્ય વસ્તુ સમ્બન્ધી યથાર્થ વિચારને વિવેક કહે છે, એ વિવેકનો પ્રકાર–આત્મા અવિનાશી સત્ય સ્વરૂપ છે. ‘ અવિનાશીવાઅરેઅયમાત્મા ’ (હે મૈત્રેયી ! આ આત્મા અવિનાશી છે.) એમ શ્રુતિપણ કથે છે. અનાત્મા દૃશ્ય માત્ર અસત્ય એટલે નાશવન્ત છે. આ પ્રકારે નિત્ય અનિત્યનો વિચાર કરીને સિદ્ધ કરેલા દૃઢ નિશ્ચયને વિવેક કહે છે. આ ઉપરથી આત્મા સત્ય છે, અને જગત્ અસત્ય છે, એ સમ્બન્ધમાં બે અનુમાન આ પ્રમાણે નિકળી શકે છેઃ—

આત્મા નિત્ય છે; કારણ કે તે દૃષ્ટા છે. જે નિત્ય નથી, તે દૃષ્ટા પણ નથી. જેમ ઘડો નિત્ય નથી, તો તે દૃષ્ટા પણ નથી. આ અનુમાનથી નિત્યપણું સાધ્યું, હવે દૃશ્યની અનિત્યતા સાધનારૂ બીજું અનુમાન–આત્માથી ભિન્ન સર્વ વસ્તુ અનિત્ય છે; કારણ કે તે દૃશ્ય છે. જે અનિત્ય નથી, તે દૃશ્ય પણ નથી, જેમ આત્મા અનિત્ય નથી, તો તે દૃશ્ય પણ નથી. આ બે અનુમાનથી આત્માનું નિત્યપણું તથા અનાત્મા દેહાદિનું અનિત્યપણું સિદ્ધ થયું. આ પ્રકારના નિત્યાનિત્યના વિચારને વિવેક કહે છે.)

આ પ્રમાણે નિત્ય આત્મસ્વરૂપ અને અનિત્ય દૃશ્ય નાશવન્ત જે કાંઇ છે તેનો નિશ્ચય કરવો; અર્થાત્ બે વસ્તુ એકત્ર થયેલી હોય તેમાંથી એકને જુદી કરતાં બીજી એની મેળે જુદી થઇ જાય છે. દાળ અને ચોખા એકત્ર થઈ જતાં જો તેમાંથી ચોખાને વીણી લઇએ તો દાળ એની મેળે જ નિરાળી થઇ જાય છે. જ્યાં અન્ધકાર હોય ત્યાં જો

પ્રકાશ થાય, તો તે પ્રકાશ થતાં અન્ધકાર શમી જાય છે. કેરીનો રસ અને ગોઠલો સાથેજ હોય છે, તેમાંથી રસને નોખો પાડતાં ગોઠલો પોતાની મેળેજ જુદો થઇ જાય છે. આ પ્રમાણે એકના નિશ્ચયથી અન્યનો નિશ્ચય થાય છે. આ ઉપરથી સમજવાનું એ છે કે આત્મા છે તે અરૂપ છે, એટલે તે ઓળખાતો નથી, પણ તે વ્યાપક છે, તેથી તે કઢાતો પણ નથી. માટે જે કાંઇ નામ–રૂપ જોવામાં આવે છે તે સર્વ ભિન્ન કરી નાખતાં આત્મા સ્વાભાવિક્ જડશે; કેમકે તે સર્વ ભિન્ન થતાં જે શેષ રહે તે આત્મા છે, જેમકે ફોતરાં અને સાળ એક હોય છે તે સમય જો ચોખાને જાણવાની આકાંક્ષા થાય, તો તે જણાય નહિ, પણ તે સાળ ઉપરનાં ફોતરાંને દૂર કરવા સાળને ખાંડણીઆમાં નાખી ઉપર સાંબેલાના માર પડતાં તુરત ફોતરાં જુદા થઈ જતાં ચોખા એનીમેળે જડી આવે છે. તે પ્રમાણેજ અનિત્ય નામ–રૂપને એમને એમ રાખી જો આત્માને શોધીએ તો તે હાથ લાગેજ નહિ, પણ જો અનિત્ય નામ—રૂપનો ત્યાગ કરીએ તો આત્માને પછી તો શોધવોજ પડતો નથી, માટે અહર્નિશ નિત્યાનિત્યનો વિચાર કરવાની અત્યાવશ્યક્તા છે. સાળ ઉપરનાં ફોતરાં દૂર કરવાને જેમ ખાંડણીઓ, સાંબેલું, સૂપડું અને હાથ એ ચાર સાધનોની અગત્ય છે, તેમજ આત્મસ્વરૂપ જાણવાને અને નામ–રૂપ દૂર કરવાને માટે સત્સંગ, સુવિચાર, સત્શાસ્ત્ર અને સદ્ગુરૂ એ ચાર સાધનો જોઇએ છીએ. સાળ ઉપર ત્રણ છાલ હોય છે, તે જ્યારે ત્રણે છાલ ઉતરે ત્યારે શુદ્ધ ચોખા થાય છે, જો તે ત્રણે

છાલ ન ઉતરે તો તે ઉગે નહિ અને સ્વાદ પણ આપે નહિ, તેમજ ત્રણે દેહને અને તે ત્રણે દેહના અભિમાનને ત્યાગ કરે તો જીવન્મુક્ત થાય છે, અને જો એક કે બે રહે તો જન્મ તો થાય જ નહિ; પરન્તુ અહિં તો સુખ થાય જ નહિ; અર્થાત્ છતે દેહે જો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તજે તો સુખ થાય છે અને જીવન્મુક્ત પણ તો જ થવાય છે. આ સ્થૂળ દેહની સ્થૂળદેહ, જાગ્રત અવસ્થા અને વિશ્વ અભિમાની એ ત્રિપુટી છે. સૂક્ષ્મ દેહની સૂક્ષ્મ દેહ સ્વપ્નાવસ્થા, અને તેજસ્ અભિમાની એ ત્રિપુટી છે, તથા કારણની કારણ શરીર, સુષુપ્તિ અવસ્થા અને પ્રાજ્ઞ અભિમાની એ ત્રિપુટી છે, એ ત્રણે દેહની ત્રિપુટી મારાથી ભિન્ન છે, અને હું તેનાથી ભિન્ન છું અને તેનો સાક્ષી તુર્ય છું, એ-ટલે કે તુર્યનો સાક્ષી પણ હું છું; કારણ કે જેમ ત્રણે દેહને તેની ત્રિપુટી જાણી તેમ તુર્યપદ પણ જાણ્યું' આવો વાસ્તવિક અનુભવ થવાની અગત્ય છે.

ઉપર જણાવેલી ત્રણ ત્રિપુટી ત્રણ દેહની છે, પોતાના વાસ્તવિક સ્વરૂપની નથી. જાગ્રત અવસ્થામાં 'હું જાગું છું આ સર્વ કાર્યનો કર્તા હું છું' એમ માની સર્વ દૃશ્ય પ-દાર્થ પોતાના માનવામાં આવે છે; પરન્તુ નિદ્રાવશ થતાં સર્વ ટળી જાય છે. જેથી એ સર્વને આપણે અજ્ઞાનથી માની લીધી છે. જે કાંઈ પદાર્થ-આદિ વસ્તુ છે, તે સર્વ સ્થૂળ ત્રિપુટીની જ છે. આપણે જ્યારે જાગતા હોઇએ ત્યારે પટા-રામાં દ્રવ્ય, વસ્ત્રાલંકર, વગેરે મુકી તાળું વાસી કુંચી પો-

તાની પાસે રાખી 'આ સર્વ મારૂં છે' એમ માની નિદ્રાવશ થતાં પાછળથી કોઇ ચોર આવે અને તે પટારામાંથી સર્વ લઇ જાય તો તેની આપણને કેમ ખબર પડતી નથી? તે ખબર ન પડવાનું કારણ એ છે કે—એ સમય સ્વપ્ન ત્રિપુટીનો વ્યવહાર શરૂ થતાં સ્થૂળ ત્રિપુટીનો વ્યવહાર બંધ થયો હોય છે. જે સમય સ્વપ્ન ત્રિપુટીનો ચાલતો હોય છે, તે સમય સ્થૂળ સંબંધી યત્કિંચિત્ પણ જાણવામાં આવતું નથી. આપણે જયારે નિદ્રાવશ હોઇએ ત્યારે જો કોઇ આપણી પ્રશંસા કરે વા ઉપહાસ્ય કરે, તો પણ તેની આપણને ખબર પડતી નથી, ખબર પડતી નથી તેથી શું? આપણી ઇન્દ્રિયોનો તે સમય નાશ થઇ ગયો છે? ઇન્દ્રિયો તો એની એજ છે; પરન્તુ તે સમય સ્થૂળ ત્રિપુટીનો અભાવ હોવાથી જાણવામાં આવતું નથી. જે સમય સ્વપ્ન થયું હોય તે સમય તે સ્વપ્નામાં જે જોવામાં આવે ને જે વ્યવહાર કરવામાં આવે છે તેને આપણે સત્ય માનીએ છીએ પરન્તુ તે સર્વ અસત્ય છે, એમ તે સમય આપણાથી જાણી શકાતું નથી; કારણ કે સ્વપ્નની ત્રિપુટીનો જે વ્યવહાર જોવામાં આવે છે, તે સ્વપ્ન ત્રિપુટીનો છતાં પણ અજ્ઞાનથી પોતાનામાં માની લેવામાં આવે છે. સુષુપ્તિ વ્યાપતાં તો સ્વપ્ન ત્રિપુટીનો પણ અભાવ થઇ જાય છે. એ સુષુપ્તિમાં તો 'નકિંચિદ્વેદિશમ્' અર્થાત હું કાંઇ જાણતો નથી' એટલું જાગૃત થતાં જાણીએ છીએ, પણ 'હું કાંઇ નથી જાણતો' એ જે સ્વપ્નના અભાવથી જાણવામાં આવ્યું તે સુષુપ્તિ અવસ્થાનો અનુભવ જાગ્રત થયા પછી જાણવામાં આવ્યો. 'મેં કાંઇ પણ જાણ્યું નહિ' એ સુષુપ્તિની ત્રિપુટી પણ

અજ્ઞાનથી પોતાનામાં માની બેસે છે, માટે અજ્ઞાનનો ત્યાગ કરી સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ તથા એ ત્રણે શરીરના ભોગને ભિન્ન કરી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ અવસ્થાને પૃથક્ કરી ચોથી તુર્યાવસ્થામાં આવવું અને પછીથી તે અવસ્થાનો પણ ત્યાગ કરી તેનો દ્રષ્ટા હું શુદ્ધ સ્વરૂપ છું. બાકી નામ રૂપદ્રશ્ય જે કાંઇ છે તે મારાં નથી એવું જે જાણવું તેનું નામ વિવેક છે, પણ આવો વિવેક થવો ઘણો અશકય છે, આવો વિવેક તો બ્રહ્મવિદ્ ગુરૂને શરણ થવાથીજ થાય છે, અને તેવો વિવેક થતાંજ ચોરાશી લક્ષનો ફેરો ટળી જાય છે.

બ્રહ્મગતિનું ચોથું સાધન સન્તોષ છે. સર્વ વ્યવહાર શાન્તપણે કરવો. ખાવા, પહેરવામાં જે કાંઇ અન્ન વસ્ત્ર પ્રાપ્ત થાય, તેથી તૃપ્ત રહેવું, કાંઈ પણ ઇચ્છા રાખવી નહિ. ગુરુ ગીતામાં કહ્યું છે કેઃ—

लब्धं वापि न वा लब्धं स्वल्पं वा बहुलं तथा ।
निष्कामेनैव भोक्तव्यं सदासन्तुष्ट मानसम् ॥

વખતે મળે વા વખતે ન મળે, થોડું મળે વા વિશેષ મળે, તેનો કામના વગરના મનુષ્યે નિરન્તર સન્તોષ થાય તે પ્રમાણે ઉપભોગ કરવો; અર્થાત્ સર્વ કામનાનો ત્યાગ કરી જે મળે તેમાંજ સન્તોષ રાખવો. શ્રીમદ્ ભગવદ્-ગીતાના અધ્યાય ૪ થાના ૨૨ મા શ્લોકમાં શ્રી ભગવાને અર્જુનને કથેલ છે કેઃ—

यदच्छा लाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समःसिद्धावसिद्धौ ज कृत्वापि न निबध्यते ॥

યદૃચ્છાથી જે વસ્તુ પ્રાપ્ત થાય, તેમાંજ સન્તુષ્ટ છે. દ્વન્દ્વાતીત છે; અર્થાત્ શીત, ઉષ્ણ—આદિ દ્વન્દ્વોના કલેશથી રહિત, મત્સરતા વગરનો તથા યુદ્ધ—આદિની અર્થસિદ્ધિ અને અસિદ્ધિમાં એક સરખો રહેવાવાળો કર્મ કરીને પણ બન્ધનને પ્રાપ્ત થતો નથી.

આથી સ્પષ્ટ સમજાય છે કે—સન્તોષીને સુખ કે દુઃખ નથી, મત્સર થતો નથી, અને જે મળે તેમાંજ તૃપ્ત રહે છે. આવી ઉત્તમ પ્રકારની વૃત્તિ વગર બ્રહ્મપ્રાપ્તિ થવી અશકય છે, માટે બ્રહ્મગતિના ચોથા સાધન સંતોષની ઘણી અગત્ય છે.

પ્રથમ કહેવાઈ ગયું છે કે જેના સર્વમાંથી આસક્તિ ઉઠી ગયેલ હોય; અને વૈરાગ્ય થયેલ હોય, જેનો મોહ મટી ગયો હોય અને જે શિવતત્ત્વમાં નિષ્ટા રાખનારા છે તેજ સન્ત છે. તેમાં પ્રથમતઃ વૈરાગ્યને માટે વિવેચન કરવામાં આવે છે.

વૈરાગ્યના મન્દ, સાધારણ, ઉન્મની, તીવ્ર, અને નિર્મળ એવા પાંચ પ્રકાર છે. એ વૈરાગ્ય પણ પાંચ પ્રકારના પુરુષો જેવા કે—સાધુ, મુમુક્ષુ, જીજ્ઞાસુ, અધિકારી અને વિવેકીને થાય છે. કમાણી થોડી અને વ્યય વિશેષ હોવાથી વ્યવહારિક કાર્યોમાં આવી પડતી નાનાપ્રકારની આપત્તિઓથી મનમાં કંટાળો આવતાં વૈરાગ્ય થઈ સંસાર ઉપરથી જે અભાવ થઈ જાય છે, તે વૈરાગ્ય માત્ર જ્યાં સુધી દ્રવ્યની પ્રાપ્તિ થઈ નથી; ત્યાં સુધીજ રહે છે. પરન્તુ જ્યારે દ્રવ્યની પ્રાપ્તિ થાય છે; કે તુરતજ તે વૈરાગ્ય શાન્ત થઈ જાય છે, તેમજ સ્ત્રી પુરૂષને કોઈ વેળાએ વિખવાદ

થતાં મનમાં વૈરાગ્ય થાય છે. પરન્તુ તે વૈરાગ્ય પણ જ્યાં સુધી દમ્પતિનો ક્લેશ શાન્ત થયો નથી ત્યાં સુધીજ માત્ર રહે છે. આવા આવા અનેકાનેક કારણોથી મનમાં વૈરાગ્ય આવે છે, તેનું નામ મન્દ વૈરાગ્ય છે. સ્વર્ગાદિકના નાના પ્રકારના વૈભવોની વાતો શ્રવણેન્દ્રિયે આવતાં, અહિંના સુખોમાં અભાવ થતાં વૈરાગ્ય થાય છે, તે સાધારણ વૈરાગ્ય કહેવાય છે. મન્દ વૈરાગ્ય કરતાં સાધારણ વૈરાગ્ય વિશેષ વખત રહે છે ખરો, પણ તે બન્ધન કરે છે; કારણ કે જ્યાં સુધી સાંભળેલા અને જોએલા સુખ અને વૈભવની પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધીજ તે વૈરાગ્ય રહે છે. લવારો કરવાથી કાંઇ થવાનું નથી, કાંઈ પણ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય તો કાર્ય સિદ્ધ થાય જે દ્રષ્ટિથી દેખવામાં આવે છે, તે નાશવન્ત છે. આવા પ્રકારની મનોકામના થતાં અન્ય વાતો ઉપર અભાવ થાય છે તે ઉન્મની નામનો વૈરાગ્ય કહેવાય છે, મનનો પરાજય થતાં ઉન્મની વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તત્વસારમાં કહ્યું છે કેઃ—

वाग्वादेन विनिर्मुक्तः संतुष्टो येन केनचित्
अस्थिरं मनुते सर्वं विरक्तो निर्मनस्कभाक् ।

પોતે વિદ્યાભ્યાસ કર્યો હોય, તેના અભિમાનથી કોઇ સાથે વિવાદ ન કરે, સંતોષથી અનુસરે, અને જગત સર્વ નાશવાળું છે, એમ જે સમજે, તેને ઉન્મની વૈરાગ્યવાળો જાણવો.

આ ઉન્મની નામના વૈરાગ્યથી મોક્ષના સાધનની પ્રાપ્તિ થાય છે, અને સાધન પ્રાપ્ત થતાં પરમપદને પમાય

છે. પરમગતિની પ્રાપ્તિ માટે સાધન કરનારનો અવતાર પુનઃ મનુષ્ય જાતિમાં અને તેમાં પણ ઉત્તમ ઘેર થાય છે. શ્રી ભગવાને કહ્યું છે કેઃ—

शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोभिजायते ।
अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥

યોગ સાધન કરતાં પણ જો કદાચ તે યોગભ્રષ્ટ થયો; તો પણ તેનો દેહ પડતાં તે પુનઃ પવિત્ર શ્રીમંતને ત્યાં જન્મ ધારણ કરે છે, વા બુદ્ધિમાન્ યોગિઓના કુળમાં જન્મે છે.

અનેક પ્રકારના ભોગો, સ્રી, પુત્ર અને ઘરબાર અપ્રિય અને બન્ધનકારક જણાતાં આ સંસાર ભયંકર જણાય, દશે દિશાઓમાં દાવાનળ પ્રજ્વલિત જાણે થઇ રહેલો છે તેવો તાપ થાય, આ સંસારનાં બંધનથી ઉષ્ણ નિશ્વાસ નિકળે, વૈકુંઠના લોકોને સુખી માને અને દ્વૈતમાર્ગથી પરમેશ્વરના પોકાર કરવામાં આવે તેનું નામ તીવ્ર વૈરાગ્ય છે. સંસાર ત્યાગનો વા સંન્યાસ લેવાનો અધિકાર તિવ્ર વૈરાગ્યવાન્‌નેજ છે. શ્રુતિમાં કહ્યું છે કેઃ—

यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् ।

જે સમય વૈરાગ્ય થાય કે તે જ સમય ચાલી નીકળવું.

શ્રુતિમાં તો ઉપર બતાવ્યા પ્રમાણે આજ્ઞા છે; પરન્તુ તીવ્ર વૈરાગ્ય બરાબર થવો જોઇએ, જો તીવ્ર વૈરાગ્ય થયો ન હોય, તો તો ઉભય ભ્રષ્ટ થાય છે. તીવ્ર વૈરાગ્ય થતાં જે દેવની આસ્થા બેઠી હોય, તે દેવના લોકની પ્રાપ્તિ થાય છે.

ઇન્દ્ર લોકની ઇચ્છા કરવી એ નકામી છે; કારણ કે તે લોક પણ રાગ દ્વેષથી પૂર્ણ છે; કેમકે સ્વર્ગના રાજા

ઇન્દ્રને પણ અજગરનો અવતાર આવ્યો હતો, આવો તે લોક પણ અસ્થિર છે, જ્યારે ઇન્દ્ર લોકની આ પ્રમાણે સ્થિતિ છે, તો આ ભૂલોક અને તેના ક્ષણભંગુર રોગરુપ ભોગોની તો વાર્તા જ શી ? બ્રહ્માના લોકનું પણ તે પ્રમાણે જ છે; કેમકે બ્રહ્માને મંકોડો થવું પડયું હતું. વૈકુંઠની જીજ્ઞાસા પણ નિરર્થક છે; કેમકે વૈકુઠમાંથી જય વિજયને નીચે પડવું પડયું હતું અને વૈકુઠાધિપતિને પણ સાથે જ ફરવું પડયું હતું. કૈલાસની શું ઇચ્છા કરવી; કેમકે કૈલાસાધિપતિ શ્રી સદાશિવજીને પણ બ્રહ્માનું માથું કાપી નાખવાની બ્રહ્મહત્યા લાગેલી છે. આ પ્રમાણે જોતાં તો એ સર્વ લોકમાં કાંઇ નથી, એ સર્વ અસ્થિર, દુઃખમય અને સુખાનુભવ કરી રહ્યા પછી તુરત જ તેમાંથી પાછું પડવું પડે તેવા છે. આ પ્રમાણે વૈરાગ્ય થાય તેનું નામ નિર્મળ વૈરાગ્ય છે. આ વૈરાગ્યમાં કોઇપણ પ્રકારની ભોગની ઇચ્છા જ થતી નથી. અપરોક્ષાનુભૂતિમાં કહ્યું છે કેઃ—

> ब्रह्मादि स्थावरांतेषु वैराग्यं विषयेष्वनु ।
> यथैव काकविष्टायां वैराग्यं तद्धि निर्मलम् ॥

(વૈરાગ્યનું સ્વરૂપ કહે છેઃ-)

જેમ કોઇને [1]કાગડાની વિષ્ઠાને ગ્રહણ કરવાની ઇચ્છા

---

[1] ગધેડા વગેરેની વિષ્ઠાનું નામ ન આપતાં કાગડાની વિષ્ટાનું કહેવાનું સબળ કારણ એ છે કે-જવર તથા સ્ત્રીઓના પ્રદર-આદિ મટાડવા માટે તો ગધેડા-આદિ પ્રાણીઓની વિષ્ટાની કોઇક પણ ઇચ્છા રાખે છે; પરન્તુ કાગડાની વિષ્ઠાની તો ઇચ્છા કોઇને થતી જ નથી.

થતી નથી, તેમ જ સત્યલોકથી તે મનુષ્યલોક સુધીનાં સમ્પૂર્ણ વિષય ભોગનાં સાધનોને વિષે 'તેઓ કર્મ જન્ય હોવાથી તેઓ અનિત્ય છે' એમ જાણીને જે ઇચ્છા ન થવી તેને નિર્મળ, રાગ-આદિ મેલ રહિત વૈરાગ્ય કહે છે.

જ્યારે આ પ્રમાણે બ્રહ્મલોક સુધીના વૈભવોને જે તુચ્છ ગણે તો પછી સાંસારિક વિષયોની તો વાત જ શી કરવી? શિવગીતાના તેરમા અધ્યાયમાં લેખ છે કે:—

> विरज्य सर्वभूतेभ्य आविरंचिपदादपि ।
> घृणां वितत्य सर्वत्र पुत्रमित्रादिकेष्वपि ॥

બ્રહ્માના લોકથી તે સર્વ ભૂત પ્રાણીમાત્રથી વિરાગ પામીને પુત્ર મિત્રાદિકમાં પણ વિરાગ પામીને સર્વત્ર દયાનો વિસ્તાર કરીને રહેવું.

આવા પ્રકારની નિર્મળ વૈરાગ્ય વગર પરમપદની પ્રાપ્તિ થવી અશકય છે. જેને પાંચેય વૈરાગ્યની પ્રાપ્તિ થઇ હોય તે પરમ વૈરાગી કહેવાય. અને જેને પાંચેય વૈરાગ્યની પ્રાપ્તિ થયેલ ન હોય અને સંન્યાસ ધારણ કરેલ હોય તો તે શાન્તિને પામતો નથી. જેમકે કોઇ મનુષ્ય રાજનગરથી સૂર્યપુર જવા નીકળે, તેની પાસે કોઈ સૂર્યપુરની વાત કરે તો તેથી સૂર્યપુર આવે નહિ અને રસ્તામાં જે ગામ આવે તેમાં રહે તો પણ સૂર્યપુર તો આવે જ નહિ. જે જે ગામ માર્ગમાં આવે તેનો ત્યાગ કરતો ચાલ્યો જાય તો સૂર્યપુર આવે તે પ્રમાણે જ જો આ વૈરાગ્યમાં પણ અધવચ અટકી જાય તો પરમપદની પ્રાપ્તિ થાય જ નહિ, પણ જો નિર્મળ વૈરાગ્ય પર્યન્ત પહોંચે તો તો પરમપદની પ્રાપ્તિ થાય,

સ્રી–આદિ કે અન્યના ક્લેશને લીધે જેને મન્દ વૈરાગ્ય થયો હોય તેને કાંઈક સુખ મળે છે, એટલે કે તેનો વૈરાગ્ય ટળી જતાં, જેમ કોઈ પુષ્કરાદિ તીર્થ કરવાની આકાંક્ષાથી નીકળ્યો અને તે સિદ્ધપુર જઈને અટકી જાય તેમ મન્દ વૈરાગ્યવાળો અટકી જાય છે. સાધારણ વૈરાગી પણ ઇન્દ્રાદિકના સુખો શ્રવણ કરવાથી આ સંસાર પ્રત્યે અભાવ આવતાં વૈરાગ્ય પામ્યો હોય, તે પણ ઉપર પ્રમાણે થોડે સુધી જઈને અટકે છે. ઉન્મની વૈરાગ્યવાળો મન્દ અને સાધારણ વૈરાગી કરતાં જરા આગળ જાય છે. અને તેને તો વિના પ્રયોજને સંસારમાંથી મન પાછું વળતાં વૈરાગ્ય થયો હોય છે, તેથી તે તો પુનઃ આ લોકમાં આવતો નથી. તીવ્ર વૈરાગી, મન્દ, સાધારણ અને ઉન્મની વૈરાગી કરતાં આગળ વધીને વૈકુંઠ, સત્ય અને કૈલાસલોક સુધી જઈને અટકે છે; કેમકે જે વૈરાગ્ય થયો છે તે દ્વૈતભાવ સહ થયો છે, તેનો દ્વૈતભાવ નિવૃત્ત થયો નથી, તેથી જેની જે દેવ ઉપર નિષ્ઠા હોય છે, તે દેવના લોકમાં તે જાય છે. નિર્મળ વૈરાગી, મન્દ, સાધારણ, ઉન્મની અને તીવ્ર વૈરાગીથી પણ આગળ વધીને આગળ એવે તો ઠેકાણે તે જાય છે કે–જ્યાંથી તે કોઈ દિવસ પણ પુનઃ આવતો નથી, માટે આ પ્રમાણે જે પાંચેય વૈરાગ્યને સાધીને પરમપદને પોહોંચવાનો અધિકારી થયેલો હોય તે વૈરાગી કહેવાય, એ પદમાં ગયા પછી પુનઃ જગત્‌માં જન્મ લેવો પડતો નથી. શ્રીમદ્ ભાગવદ્ ગીતાના અધ્યાય ૧૫ માના છઠ્ઠા શ્લોકમાં ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રે, અર્જુનને કહ્યું છે કેઃ—

नतद्भासयतेसूर्यो न शशांको न पावकः ।
यद्गत्वान निवर्तंते तद्धाम परमं मम ॥

જે ધામમાં જઈને યોગીજન નિવૃત્ત થતો નથી, તે મારૂં પરમોત્કૃષ્ટ જ્યોતિઃ સ્વરૂપ ધામ છે. તે આત્મ સ્વરૂપ જ્યોતિને સૂર્ય, ચન્દ્ર અને અગ્નિ એ પ્રકાશિત્ કરી શકતા નથી.

આવા ધામને પામવાને જે પાત્ર થયો હોય તે વીતરાગી કહેવાય છે.

નામ રૂપાત્મક જે છે તે નાશવન્ત છે અને જે નામ રૂપાત્મક નથી, તેનો તો નાશ જ શી રીતે સંભવે ? આ પ્રમાણે જેને સ્વસ્વરૂપનો નિશ્ચય થઇ ગયેલ હોય તે મોહ મટાડેલો કહેવાય.

જેને વાણી પણ પોહોંચતી નથી, જે શ્વેત-આદિ વર્ણ રહિત છે, જે શબ્દ-આદિ વિષયથી રહિત છે, જે સત્વાદિક્ ગુણ રહિત છે, જે કામાદિક્ ષડ્વર્ગથી પણ રહિત છે. જે આકાશ-આદિ પંચમહાભૂત રહિત છે, જે મન આદિ અગિયાર ઇન્દ્રિયો રહિત છે, સ્થૂળ સૂક્ષ્માદિ લિંગ રહિત છે. જે ×ક્ષર અક્ષરથી ભિન્ન છે, જે [1]વ્યક્ત-અવ્યક્તથી ઉત્તર છે અને જે [2]છત્રીશ તત્ત્વથી ભિન્ન છે, છતાં પણ જે ભિન્ન

× ક્ષર એટલે મનના કલ્પેલા પચાસ અક્ષરો અને અક્ષર એટલે પ્રણવ-ઓંકાર.

૧ વ્યક્ત તે ચૌદલોક અને અવ્યક્ત તે ઈશ્વર.

૨ પાંચભૂત, પાંચ તન્માત્રા, દશ ઇન્દ્રિય, દશ વાયુ. ચાર અન્તઃકરણ, એક પ્રકૃતિ અને એક પુરૂષ એ રીતે છત્રીશ થયાં અને સાડત્રીશમાં શિવ એમ પણ કોઇ કથે છે. મન ભિન્નત્વથી નવ, સત્તર, પચીશ અને સત્તાવીશ એ પ્રમાણે વત્તાં-ઓછાં તત્ત્વ ગણાય છે.

જણાતો નથી તે શિવતત્ત્વ કહેવાય. દત્તગીતામાં કહ્યું છે કેઃ—

श्वेतादि वर्ण रहितं हिवयं शिवश्च
कार्यंच कारणमिदं हिवयं शिवश्च ।
एवं विकल्प विगतो हिवयं शिवश्च
आत्मा न मात्मनि सुमित्र कथंनमामि ॥

શ્વેતાદિ વર્ણ રહિત જે શિવ તે હું, કાર્ય–કારણ જે જે ભાસે છે તે હું નથી એ વિકલ્પ રહિત છું; માટે હે સુમિત્ર ! આત્મા એકલો છે તો કોને નમસ્કાર કરવો અને શી રીતે નમસ્કાર કરવો.

શિવ, બ્રહ્મા, અને પરમાત્મા એ સર્વ શિવતત્ત્વને જ સૂચવનારાં નામ છે. શિવતત્ત્વ કોઇથી પ્રકાશિત નથી પણ તે સર્વને પ્રકાશ કરનારૂં છે, ચન્દ્ર સૂર્યાદિને ગતિ તથા પ્રકાશ તેજ આપે છે. એની જ સત્તાવડે જગત્ ભાસે છે, અને તેમાં જ પુનઃ લય થઇ જાય છે. એ સર્વત્ર વ્યાપક છતાં કોઈ તેને સ્પર્શ પણ કરી શકતું નથી. તેતો નિર્વિકાર, નિર્લેપ, અવ્યખન્ડ, અને પરિપૂર્ણ છે. એનો પરાભવ કોઇ પણ કરી શકતું નથી. અને શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય બીજાના ૨૪ મા શ્લોકમાં શ્રી કૃષ્ણભગવાને, અર્જુનને કહ્યું છે કેઃ—

अच्छेद्योयमदाह्योयमक्लेद्योऽशोष्य एवच ।
नित्यः सर्वगतः स्थाणुरचलोयं सनातनः ॥

સર્વ તત્વો આત્મા સૂક્ષ્મ છે, એથી અચ્છેદ્ય, અદાહ્ય, અકલેદ્ય અને અશોષ્ય છે; કેમકે શસ્ત્રાદિક સૂક્ષ્મમાં વ્યાપ્ત થઈ શકતાં નથી; પરન્તુ આત્મા નિત્ય, સર્વગત, સ્થિર સ્વભાવવાળો, રૂપાન્તર પ્રાપ્તિ રહિત, પૂર્વરૂપનો ત્યાગ ન કરવાવાળો, અનાદિ આત્મા છે, જેમ ખડ્ગ-આદિ શસ્ત્રથી શરીર કપાય છે, અગ્નિવડે ભસ્મ થાય છે, જળમાં ડૂબે છે અને વાયુથી સૂકાઈ જાય છે, તેમ જીવાત્માને થતું નથી, એવો છેદન ભેદન રહિત છે તેથી નિત્ય છે, અને શરીરોમાં પ્રવિષ્ઠ છે, આહિજાતિ પક્ષના આશ્રયથી એક વચન છે.

આ પ્રમાણે પૃથ્વી, અગ્નિ, જળ અને વાયુ એ ચાર મહાભૂતથી પણ જેને કાંઈ થતું નથી, એવો અચ્છેદ્ય, અદાહ્ય, અકલેદ્ય સર્વ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

આવું સર્વ વ્યાપક સનાતન પરમ કલ્યાણરૂપ આત્મ-સ્વરૂપ તેજ શિવતત્વ છે, તેમાં પ્રીતિ રાખવી તથા તેને સત્યસ્વરૂપ જાણી તે સાથે લક્ષ્યાર્થથી આત્માની એકતા કરી તેમાં જ વૃત્તિને તદાકાર કરવી તેનું નામ નિષ્ઠા છે, જેને આ પ્રમાણે નિષ્ઠા થાય છે, તેને પછી ભેદ રહેતો જ નથી. શાસ્ત્રમાં પણ આવા પુરૂષનો જ સંગ કરવાનું કહ્યું છે.

नह्यम्मया नितीर्थानि नदेना मृच्छिलामयाः ।

तेपुनँत्युरु कालेन दर्शना देव साधवः

પાણીવાળાં તીર્થો પવિત્ર કરતાં નથી તેમ નથી, માટી અને શિલામય દેવતાઓ પવિત્ર કરતા નથી એમ નથી; તેઓ પવિત્ર કરે છે પણ ઘણે કાળે તેઓ પવિત્ર

કરે છે અને સાધુપુરૂષ તો દર્શન માત્રથી જ પવિત્ર કરે છે. શ્રીમદ્‌ભગવદ્ ગીતાના અધ્યાય ૬ ઠ્ઠાના ૨૯ મા તથા ૩૨મા શ્લોકમાં ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રે અર્જુનને કહ્યું છે કેઃ—

सर्व भूतस्थ मात्मानं सर्व भूतानिचात्मनि ।
ईक्षते योग युक्तात्मा सर्वत्र समदर्शनः ॥
आत्मौपम्येन सर्वत्र सम पश्यति योऽर्जुन ।
सुखंवा यदिवा दुःखं सयोगी परमोमतः ॥

યોગમાં આસક્ત મનવાળો પુરૂષ, સર્વ આત્મવસ્તુઓમાં સમાન બુદ્ધિ થઇ, સર્વ પ્રાણી માત્રમાં સ્થિત થયેલ પોતાના અત્માને અને સર્વ ભૂતોને પોતાના આત્મામાં પોતાના સમાન નિહાળે છે. હે અર્જુન ! જે યોગી પોતાના આત્માને અને અન્યના આત્માને જ્ઞાનૈકાકારતાથી સર્વ આત્મામાં સુખ વા દુઃખ સદૃશ નિરખે છે, તેવો યોગી મારા વિચાર પ્રમાણે સર્વોત્કૃષ્ટ છે. કહ્યું છે કેઃ—

नावाहनं नैव विसर्जनं वा पुष्पाणि पत्राणि कथं भवंति
ध्यानानि मंत्राणिकथं भवंति समंसमं मित्र शिवार्चनंच ॥

સર્વત્ર બ્રહ્મ છે, તો હે સુમિત્ર ! આવાહન, વિસર્જન, ધ્યાન, મંત્ર, પુષ્પ તથા પુત્ર શી રીતે સંભવે ? માટે આ પ્રમાણે શિવનું અર્ચન કરે, આ પ્રમાણે જેણે અનુભવ કર્યો તે શિવતત્વ નિષ્ઠ છે; અર્થાત્ એવાઓને આવાહન-પૂજન વિગેરે તો લોક સંગ્રહ અર્થજ હોય છે, જેની પરબ્રહ્મમાં એક નિષ્ઠા થયેલી છે, જેણે સત્યસ્વરૂપને જાણી લીધું છે, અને જેનો સર્વ પ્રકારનો મોહ ટળી ગયો છે તે જ સંત

કહેવાય છે. મોહ ટળવાથી સુખ દુઃખ, રાગદ્વેષ, હર્ષ-શોક જેને પ્રાપ્ત થતાં નથી, એવો આત્મવેત્તા સત્પુરૂષ પોતે કલ્યાણરૂપ થઈને અન્યના સાંસારિક્ આધિ-વ્યાધિ-ઉપાધિ-રૂપ રોગોને શાન્ત કરી તેને પણ કલ્યાણરૂપ કરે છે, આ પ્રમાણે વૈરાગ્ય થાય તો જ તે સત્પુરૂષ કહેવાય છે, બાકી કાષાય વસ્ત્ર ધારણ કરવાથી વા રાખ ચોળવાથી કે માથું મુઁડાવવાથી વા નાનાં છોકરાં ડરે તેવાં મોટાં ટીલાં ખેંચવાથી, કે મોટી જટા વધારી ચિપીયા હાથમાં રાખવાથી સંત થવાતું નથી. સંત તો ઉપર દર્શાવ્યા અનુસાર સર્વમાં વિરાગ, મોહરહિપપણું અને આત્મસ્વરૂપમાં નિષ્ઠા રાખવાથી થવાય છે, અને એ પ્રમાણે જે સંત થયેલા હોય તે જ વાસ્તવિક સંત કહેવાય, બાકીના તો પાપી પેટ ભરવા માટે ઢોંગ આદરી બેઠેલા ઠગ છે.

को वा ज्वरः प्राणभृता हि चिंता
मूर्खोस्ति को यस्तु विवेक हीनः ।
कार्या मयाका शिवविष्णुभक्तिः
किं जीवनं दोष विवर्जितं यत् ॥ १० ॥

અર્થ.

શિષ્ય—પ્રાણી માત્રને જ્વર શું કહેવાય ?

ગુરુ—પ્રાણી માત્રને ચિન્તા છે તે જ્વર છે.

શિષ્ય—મૂર્ખ કોણ કહેવાય ?
ગુરુ—જે વિવેક વગરનો છે તે મૂર્ખ છે.
શિષ્ય—મારે શું કર્તવ્ય છે ?
ગુરુ—શિવની અને વિષ્ણુની ભક્તિ કરવી.
શિષ્ય—જીવન કયું કહેવાય ?
ગુરુ—જે દોષ વગરનું જીવાય તે.

વિવેચન.

પ્રાણભૂત જે મનુષ્ય તેને ચિંતા છે, તે જ્વરરૂપ છે. ચિંતા છે તે સૌન્દર્યાસૌન્દર્ય, સિધ્યસિધ્યાલોચનરૂપ મનોવૃત્તિ છે. ચિંતાથી સર્વ દગ્ધ થયેલા છે, ચિંતા છે તે રુપ, ગુણ, ચાતુર્ય્ય વિવેક ઈત્યાદિનો વિધ્વંસ છે. કહ્યું છે કેઃ—

> त्यत्काचिंतो भवभय फलांभोग निष्टांकनिष्टां
> दोषाविष्टां सुमति हरणी मत्यनिष्टां वहिःष्टां ।
> मत्यङ्क्ष्टिा भवमृतिहरां सद्भिरिष्टां वाराष्टां
> शास्त्रो दिष्टांभजसुखफलां भक्तिमृष्टां बलिष्टां ॥

ચિન્તાના સમાન એક પણ જ્વર નથી, સુખનો નાશ અને દુઃખની પ્રાપ્તિ તેનું નામ જ્વર છે, અજ્ઞાન એ દુઃખ અને જ્ઞાન એ સુખ છે, જે કાંઈ દુઃખ કે ચિન્તા થાય છે, તે અજ્ઞાન વડેજ થાય છે; તેમજ જ્ઞાનને પણ જો આવરણ થાય તો તેથી પણ અજ્ઞાન થાય છે, અજ્ઞાન થતાંની સાથેજ સુખતો કોણ જાણે ક્યાંય પલાયન કરી જાય છે, રૂપ પણ છ પાંચ ગણી જાય છે, વિદ્યા પણ પોબારા ગણી જાય છે, અને ચિંતા થયાં કરે છે. કહ્યું છે કેઃ—

चिंता चिता समातुल्या चिंताच बिंदुनाधिका ।

चिता दहति निर्जीवं चिंता सातु सजीवकम् ॥

+ચિંતા અને ચિતા બેય સમાન છે, પણ માત્ર ચિંતામાં એક અનુસ્વાર વિશેષ છે, (એક અનુસ્વારના વધારાથી તેનામાં એટલો બધો ફેર થાય છે કે) ચિતા તો માત્ર જીવ વગરનાં શબને જ બાળે છે પણ ચિંતા તો જીવતાં મનુષ્યને બાળી નાંખે છે. અષ્ટાવક્ર ગીતાના અગીયારમા પ્રકરણના જ્ઞાનાષ્ટકના ૫ મા શ્લોકમાં મહાત્મા અષ્ટાવક્રજીએ કહ્યું છે કેઃ—

चिंतया जायते दुःखँ नान्यथे हेतिनिश्चयी ।

तया हीनः सुखी शांतः सर्वत्र गलितस्पृहः ॥

આ સંસારમાં દુઃખમાત્ર ચિંતાથી જ થાય છે, અન્ય પ્રકારે થતું નથી. એવો નિશ્ચય કરવાવાળો ચિંતા કરતો નથી. ત્યારે તે શાન્તિ પામી સુખી થાય છે, અને પછી તેને કોઇ વાતમાં તૃષ્ણા રહેતી નથી.

મનુષ્યને જ્યારે ચિંતા ઉપજે છે, ત્યારે તેની સાથેજ નાના પ્રકારનાં દુઃખ થાય છે, ચિંતાની સાથે જો કે દુઃખ ઉત્પન્ન થાય છે ખરાં; પરન્તુ ચિન્તા મટતાં તે તુરત મટી જતાં નથી. જેમ કોઇએ સળગતું લાકડું શરીર ઉપર નાખ્યું હોય, તો તેથી તુરત બળતરા થાય છે. પણ તે સળગતું લાકડું ઉપાડી લેતાની સાથે તુરત બળતરા શાન્ત થતી નથી, પણ કેટલેક દિવસે ઔષધોપચાર કરવાથી મટે છે.

+ ચિંતાએ ચતુરાઇ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;
લાજ કાજ વિદ્યા ઘટે, ચિંતા ચિતા સમાન.

તે પ્રમાણે જ ચિન્તા થતાંની સાથે બળતરા થાય છે, અને ચિંતાનો ત્યાગ કર્યો પછી પણ ચિત્ત પુનઃ પુનઃ ત્યાં જાય છે એટલે પીડા થયાં કરે છે, પરન્તુ જ્યારે સદ્‌ગુરૂદ્વારા શાસ્ત્રના બોધરૂપી ઔષધનું સેવન કરવામાં આવે, ત્યારે તે પીડા મટે છે, આ પ્રમાણે ચિન્તા મહા દુઃખદાયક છે. ‘હું કેમ ધનાઢય નથી, મારે કેમ સ્ત્રી નથી, મારે કેમ રહેવાનું ઘર નથી, મારે કેમ પુત્ર નથી, મારી સ્ત્રી કેમ મારા વશ નથી. (સ્ત્રીને થાય કે મારો પતિ કેમ મારૂં માનતો નથી), મારે કેમ વાડી વજીફા નથી, મારે કેમ મિત્ર નથી, મારે કેમ ગાડી ઘોડા નથી, મારે કેમ મોટાઇ નથી, મારે કેમ કામ નથી, મારે કેમ દુકાન નથી, મારે કેમ મીલ નથી, મારે કેમ નોકર–ચાકર નથી, મારે કેમ વ્યાપાર ચાલતો નથી, મને કેમ લોકો મોટો ગણુતા નથી; આવા આવા અનેકાનેક વિચારોથી બળતરા કરવી, અને તેની આકાંક્ષા કરવી તેનું નામ ચિંતા છે. માટે આવી દુઃખદાયક ચિંતાનો ત્વરાથી ત્યાગ કરવો જોઈએ; કારણ કે તે પ્રમાણે રોદણાષ્ટક કરવાથી કાંઇ મળતું નથી, તે પ્રમાણે ઇચ્છા કરવી એ તો મૂર્ખતા છે, મળવું એ કોઈના અખત્યારમાં નથી, એ તો દૈવાધીન છે, આવો વિચાર કરી નિરન્તર નિશ્ચિંત રહેવું.

વિવેકહીન છે તે મૂર્ખ છે; અર્થાત્ સત્યાસત્યને ઓળખવું તેજ વિવેક છે, અને તેને જે ન ઓળખે તે મુર્ખ છે, એટલે કે આત્મા નિત્ય, સર્વગત, સ્થાણુ અને અચલ છે, એવું જેને જ્ઞાન થાય છે તે વિવેકી છે અને તેનાથી

વિપરીત જાણુનાર છે, તે મૂર્ખ છે, સદ સદ્વિવેક રહિત લક્ષણુવાળો મૂર્ખ છે, અને તેવાં લક્ષણુ દુઃખદ છે, માટે તેવી વિપરીત વાર્ત્તાનો ત્યાગ કરી મોક્ષના સુખના હેતુ માટે વિવેક સંપાદન કરવો. વાસિષ્ઠસારમાં કહ્યું છે કેઃ—

नव्याधिर्न विप्रंनाग्नि स्तथान्य द्वात्पपि भूतले ।
दुःखायस्व शरीरोत्थं मोर्ख्य मेकं यथानृणां ॥
वरंघोरांध कूपेषु कोटरेष्वेव भूरुहां ।
अंधकीटत्वे मेकांते न मौर्ख्यमनिदुःखदम् ॥
वरंशरा वर्हस्तस्य चांडाला गारवीथिषु ।
भीक्षार्थ मटनं राम मौर्ख्य हय जीवितम् ॥

મનુષ્યને આ ભૂતલને વિષે મૂર્ખતાના સમાન એક પણુ વ્યાધિ, વિષ કે અગ્નિ વા અન્ય નથી, માત્ર મૂર્ખતાજ પોતાના શરીરને દુઃખ આપનાર છે. અંધારા કુવામાં કે ગુફામાં રહેવું એ ઉત્તમ છે. એકાન્તમાં રહેવું એ વિગેરે કરતાં મૂર્ખતા અતિ દુઃખદાયક છે. ચાંડાલના બારણુામાં કે રસ્તામાં રહેવું એ ઉત્તમ છે. હે રામ! ભીક્ષા માગીને ફરવું એ પણુ ઉત્તમ છે. પરન્તુ મૂર્ખનું જીવન તો હણુાઈ ગયેલું છે; અર્થાત્ મૂર્ખતાના સમાન એક પણુ દુઃખ નથી, માટે વિવેકની અત્યાવશ્યાક્તા છે. વિવેક વગર જ્ઞાન થતું નથી અને જ્ઞાન વગર મુક્તિ નથી. જ્ઞાનમાં વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્ સંપત્તિ અને મુમુક્ષુતા એ ચાર સાધન છે, પરન્તુ તેમાં વિવેક એ પ્રધાન સાધન છે; કેમકે વિવેકથી વૈરાગ્યાદિ ઉત્પન્ન થાય છે, માટે વિવેકહીન છે તે મૂર્ખ છે, મૂર્ખનું ક્યાંય

પણ શ્રેય થતું નથી; કારણ કે મૂર્ખતાથી તે નાના પ્રકારનાં સંકટો ભોગવી ચોરાશીલક્ષ યોનિમાં અથડાયા કરે છે, માટે મનુષ્ય દેહ પ્રાપ્ત થયા છતાં જે પોતાના શ્રેય માટે વિવેક કરતો નથી, તે મહા મૂર્ખ છે.

મોક્ષના વિષયનું બ્રહ્માત્મ વિષયક જ્ઞાનનું સાધન શિષ્યે પૂછયું કે–હે ગુરુ ! મારા જેવા મધ્યમ અધિકારિઓને કઇ ક્રિયા કરવા યોગ્ય છે ? કે જેથી બ્રહ્મવિદ્ ગુરુની પ્રાપ્તિદ્વારા ઉપનિષદ્‌નું તત્વજ્ઞાન થાય; તેવું શું સાધન મારે કરવું જોઇએ ? વાસુદેવમાં ભકિતયોગ કરવાથી મનુષ્યને તુરત જ્ઞાન થતાં વૈરાગ્ય થાય છે, ચાહે તો સેંકડો ઉપાય કરો, પણ જ્ઞાન વગર મુકિત નથી. આવા શિષ્યના પ્રશ્નને શ્રવણ કરી ગુરુએ કહ્યું કે—શ્રી સદાશિવજીની અને વિષ્ણુની ભકિત કરવી એ કર્ત્તવ્ય છે. કહ્યું છે કેઃ—

> यथाज्ञानं विनामुक्ति नास्त्युपाय शतैरपि ।
> तथाभक्तिं विनाज्ञानं नास्त्युपाय शतैरपि ॥

ગમે તો સેંકડો ઉપાય કરો, પણ જ્ઞાન વગર મુક્તિ નથી, તેમજ સેંકડો ઉપાય કરો, પણ ભક્તિ વગર જ્ઞાન થતું નથી.

માટે સ્ફટિકના સમાન વર્ણ જેનો છે એવા શૂલમૃગ-પરશુધર ચન્દ્રશેખર શિવજીની ભકિત કરવી, તથા શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરનારા, નીલોત્પલદલના સમાન શ્યામવર્ણવાળા માધવની ભક્તિમાં આરૂઢ થવું, પણ તેના પરા અને અપરા એવા બે ભેદ છે. ભગવદાકાર મન કરવું તે અભ્યાસ તેના નવ પ્રકાર છે. કહ્યું છે કેઃ—

श्रवणं कीर्त्तनं विष्णोः स्मरणं पादसेवन ।
अर्चनं वंदनं दास्यं सख्य मात्मनिवेदनम् ॥

વિષ્ણુ અને શિવના ઉપલક્ષણને કર્ણદ્વારા શ્રવણ કરવાં તે શ્રવણ.

વિષ્ણુસહસ્ર–આદિના પાઠનું નામોચ્ચારણ વા સ્મરણ તેનું નામ કીર્ત્તન.

વિષ્ણુ અને શિવના મંદિરમાં માર્જનાદિ નિત્ય સેવન કરવું. 'આચાર્યં માં વિજાનીયાત્' ઇત્યાદિ વાક્યથી ભગવદ્રૂપ ગુરૂના ચરણનું સેવન કરવું, તે પાદસેવન.

આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ઉપવીત, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, અન્ન, નમસ્કાર તથા પ્રદક્ષિણા વિસર્જન ઇત્યાદિ કરવું, એટલે કે ષોડશોપચારથી પુજન કરવું તે અર્ચન.

હૃદયથી, મસ્તકથી, દૃષ્ટિથી, મનથી, વાણીથી તથા ચરણથી, હાથથી તથા કર્ણથી એ પ્રમાણે અષ્ટાંગ પ્રણામ કહેલા છે, તે કરવા તે વંદન.

હે ભગવાન્ ! આપ વગર મારૂં કોઇ પાલન કરનાર નથી, એ પ્રમાણે કૈંકર્ય્ય થવું તે દાસ્ય.

સ્નેહથી આશ્રમમાં રહેવું તે સખ્ય.

અહંતા, મમતાથી રહિત થઈ દેહ દાસ ભાવથી સમર્પણ કરવો, પોતાના શરીરના પોષણમાં તથા પોતાના પુત્રાદિના પોષણમાં ઉદાસીન, પક્ષપાત રહિત રહેવું તે આત્મનિવેદન.

બીજાં પણ ભક્તિનાં સ્વરૂપ વિષે સ્કન્દ પુરાણમાં કહ્યું છે કેઃ—

सर्व भूतेषु कारुण्यं प्रिय भाषण मेवच ।
सर्व भूतहितं श्रद्धा साक्षाद्र भक्ति:शिवस्यतु ॥
सर्व भूतेषु दोषस्या दर्शनं गुणदर्शनं ।
सर्व भूतेषु मैत्रीच शिवभक्ति रुदाहृता॥
गुरुक्तार्थेषु विश्वासो गुरु सुश्रूषणं तथा ।
सापि भक्ति रिति प्रोक्ता वेद वेदान्त वादिभिः ॥

પ્રાણિ માત્ર પ્રત્યે દયા, પ્રિય ભાષણ, પ્રાણી માત્રના હિતમાં શ્રદ્ધા કરવી તે સાક્ષાત્ શિવની ભકિત કરવા સમાન છે. પ્રાણીમાત્રના દોષ ન જોતાં ગુણ જોવા, પ્રાણી માત્ર સાથે મૈત્રી રાખવી, શિવભકિતમાં પ્રેમ રાખવો. ગુરૂના વચન ઉપર વિશ્વાસ, ગુરૂની સેવા કરવી, તે પણ ભકિતની રીતિ છે, એવું વેદ અને વેદાંતને જાણનારાઓ કહે છે.

ભજવું એ ભજન અને ભજન એ ભકિત. પરમાનંદ રૂપમાં એક સરખી મનોવૃત્તિ થાય તે ભાગવતી ભકિત છે એવી ભકિત શિવ અને વિષ્ણુની કરવાથી ભગવાન અનુગ્રહ કરે છે. સત્શાસ્ત્રનું શ્રવણ સદ્ગુરૂની પ્રાપ્તિ–આદિ સાધન સંપત્તિથી તત્ત્વમસિ આદિ મહા વાક્ય જન્મજ્ઞાન થતાં મોક્ષ થાય છે, એમાં જરા પણ સંદેહ નથી.

આ ઉપરથી જોતાં શિવની વા વિષ્ણુની ભકિત કરવી એ કર્તવ્ય છે, પછી ગમે તો શિવની ભક્તિ કરવી વા વિષ્ણુની કરવી, અને રુચે તો બેયની કરવી. આ ઉપરથી કોઇને એવી શંકા થાય કે શિવની અને વિષ્ણુની બન્નેની ભકિત કરવી તો

શું તે બેય પરમેશ્વર છે ? આ શંકાનું સમાધાન કે પરમેશ્વર કાંઇ બે નથી તે તો સદૈવ સ્વરૂપે એકજ છે. માત્ર ગુણના ભેદથી શિવ અને વિષ્ણુ એમ નામ પડેલ છે; પરંતુ વાસ્તવિક્ રીતે તો એકજ છે, માટે રૂચે તો શિવ કહો અને રૂચે તો વિષ્ણુ કહો. શ્રુતિમાં, પુરાણમાં અને સર્વના અનુભવમાં ઈશ્વર એકજ છે, જેઓ ઈશ્વર એક માનતા નથી, અને નોખાં નોખાં નામ પ્રત્યે મતભિન્નત્વથી તાણીને મરે છે, તે નિંદા પામે છે, નિંદા પામે છે; એટલુંજ નહિ, પરન્તુ અન્તે તેનું શ્રેય થતું નથી. ઈશ્વર એક છે છતાં મૂર્ખ વિટંડાવાદ કરીને મમત્વ બાંધે છે. સમજુ તો ઇશ્વરમાં ભેદ ભાવ રાખતા નથી. આથી કોઇ શંકા કરે કે તમે તો બન્નેને એકજ કહો છો, પણ શિવરહસ્યમાં તો આ પ્રમાણે લખ્યું છેઃ—

विभूति र्यस्यनो भाले नांगे रुद्राक्ष धारणम् ।
नहिशंभु मयीवाणी तंत्येज दंत्यजं यथा ।

જેના કપાળમાં વિભૂતિ ન હોય, જેણે અંગે રૂદ્રાક્ષ ધારણ કરેલ ન હોય, અને જેની વાણીમાં શ્રી સદાશિવજીનું નામ ન હોય તે મનુષ્ય (બ્રાહ્મણ) નો ચાંડાલના સદૃશ ત્યાગ કરવો.

આટલુંજ નહિ, વળી એમ પણ લખે છે કે—'પોતે વિષ્ણુનું નામ લે નહિ, તેમ સાંભળે પણ નહિ; પરન્તુ જો બીજો કોઇ લે તો તેની જીહ્વા કાપી નાખે, તેજ ખરો શિવભક્ત કહેવાય' અને તે વચન શ્રી સદાશિવજીએ પાર્વતી પ્રત્યે કથેલાં છે વળી વિષ્ણુપુરાણમાં લખે છે કે—'જે બ્રાહ્મણ

ઉર્દ્ધ્વપુંડ્ર (ઉભું ટીલું) કરે નહિ તે અધમ છે,' આ પ્રમાણે ઉભય મતનાં વચન પરસ્પર વિરૂદ્ધ આવે છે, તેનું કેમ કરવું ?

વળી કેટલાક સાંપ્રત કાળના વાસુદેવના ભક્ત વષ્ણુવો એવું અભિમાન કરે છે કે-શિવનું નામ, તેની ભક્તિ કે તેને નમસ્કાર કરવા નહિ, પણ નિંદા કરે છે. તે નિંદા કરનારા વૈષ્ણુવ નથી, પરન્તુ કામના કિંકર છે, શિવ અને વિષ્ણુમાં એ ભેદ જુએ છે, તે ઘોર નરકમાં પડે છે. ભવિષ્યપુરાણુમાં કહ્યું છે કેઃ—

विष्णो रन्यंतु पश्यंति येमां ब्रह्माण मेवच ।
कुतर्क मतयोमूढाः पच्यंते नरकेष्वधः ॥
येचमूढा दुरात्मानो भिन्नं पश्यंति मां हरिम् ।
ब्रह्माणंच तथा तेषां भ्रूणहत्या समंत्वधाम् ॥

વિષ્ણુથી અન્ય જે જુએ છે, તે મૂઢમતિ કુતર્કવાદી છે અને તે ઘોર નરકમાં પડે છે, જે મૂઢ દુરાત્મન્ મારાથી ભિન્ન જુએ છે, તેઓ ભ્રુણુહત્યાના સમાન પાપને ભોગવે છે.

જો 'સર્વં ખિલ્વિદં બ્રહ્મ' એ શ્રુતિ જો પ્રપંચના કારણુથી ભિન્ન દર્શોવવામાં આવે; તો પણુ વિષ્ણુ અને શિવના નામ ભેદને માટે સંદેહ છે, શ્રુતિમાં કહ્યું છે કે-એકોદેવઃ સર્વ ભૂતેષુ ગુઢ, એ શ્રુતિનાં એક એવા પદથી બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્રમાં ભેદ નથી જે વાસુદેવનો ત્યાગ કરી અને અન્ય દેવને ભજે છે, તે તરસ્યો દુર્મતિ ગંગાને કિનારે પાણી માટે કુવો ખોદે છે તે સમાન છે. જે મહાદેવના પરિત્યાગ કરી અન્ય દેવની ઉપાસના કરે છે તે

ક્ષુધાતુર સુધાનો ત્યાગ કરીને વિષ ખાય છે. શિવમાં જ્યારે બહુ ભક્તિ થાય, ત્યારે શિવત્વથી હરિનું ભજન કરવું, અને હરિમાં અનન્ય ભક્તિ થાય, ત્યારે હરિત્વથી શિવનું ભજન કરવું. તે બે દેવમાં કાંઇ ભેદ નથી. શિવસ્ય હૃદયં વિષ્ણુ, વિષ્ણુસ્ય હૃદયં શિવ ' માટે તે બેમાં ભેદ બુદ્ધિ જ્યાં સુધી દ્વૈતજ્ઞાન હોય છે ત્યાં સુધી થાય છે, પણ જ્યારે અદ્વૈત-જ્ઞાનનો ઉદય થાય ત્યારે તેમાં મુમુક્ષુએ ભેદ સમજવો નહિ. આ પ્રમાણે શ્રુતિ આદિનાં વચનોથી જોતાં શિવ–વિષ્ણુ એક જ છે, એમ તત્ત્વ વિચારથી જાણી લેવું એટલે શંકાનો જન્મ થશે જ નહિ, છતાં જેની સમજમાં ન આવે, તેણે આ દ્રષ્ટાંતથી સમજી લેવું.

કોઇ એક રાજા છે, તેણે પોતાના ભાઇ સાથે વિગ્રહ કર્યો. જો કે વિગ્રહ કર્યો; તો પણ સભામાં તેની પ્રસંશા કરે, મધુર વચન બોલે, પણ મનમાં એમ જાણે કે–'મારે ગમે તે યત્ને કરીને તેને મારવો ' આવો મનમાં જેને વિચાર હતો, એવો રાજા નિરન્તર પોતાના ભાઇની પ્રશંસા કરતો હતો. રાજા પ્રશંસા કરતો હતો, તે વાર્ત્તા કોઇએ રાજાના ભાઇને કહેતાં તે મનમાં અત્યાનંદ પામ્યો, અને પોતે દ્રોહી છતાં રાજાએ તેની પ્રશંસા કરી, તેનો વિચાર કર્યા વગર ઉલટભેર તે રાજા પાસે ગયો, રાજાને ભેટ આપી. તે જોઈ રાજાએ કહ્યું કે–આ મહા શૂર-વીર છે, બહાદુર છે, મને બહુ વાહાલો છે, માટે તેને શિ-રપાવ આપવો જોઈએ, માટે મારે પહેરવાનો જ અમૂલ્ય વાઘો છે તે જો કે કોઇને અપાય નહિ; તો પણ આ મારા

પ્રિય ભ્રાતાને આપો, એમ કહી પ્રધાનને શિરપાવ આપવાને કહ્યું; રાજાનો ભાઈ તો શિરપાવ પહેરીને પ્રસન્ન થયો, પરન્તુ તેને અંદરના ભેદની ખબર ન હતી; તેથી ઘેર જતાંની સાથે મોત થશે તે વાર્ત્તાથી તે અજાણ હતો.

આ ઉપરથી સમજવાનું તો એટલુંજ છે કે—શિવ અને વિષ્ણુને રાજાને ઠેકાણે સમજવા, દ્રોહી ભક્ત હોય તે રાજાના દ્રોહી ભાઇને ઠેકાણે જાણવા, અને પ્રધાન સ્થળે પાર્વતીને જાણવાં, શિવ, એ દ્રોહી ભક્ત છે એવું જાણી પાર્વતી સાથે ગુપ્ત વાર્તા કરી; પરન્તુ તે કોઇના જાણવામાં આવી નહિ, અને ઉપરથી ખોટી પ્રશંસા કરી, આ પ્રમાણે પ્રપંચથી 'વિષ્ણુનો દ્રોહી છે માટે ભક્તિ ખેંચી લેવી' એવી યોજના કરી; પરન્તુ પ્રાકૃત જીવ શ્રી સદાશિવજીનાં માર્મિક વચનો માત્ર સાંભળી, તલ્સ્પર્શ વિચાર કર્યા વગર એમને એમ નાઠા પણ આપણે શા હેતુથી દ્રોહ કરીએ છીએ, તેનો વિવેકથી જરા પણ વિચાર કર્યો નહિ, તથા જેમ વિષવાળા વાઘાથી રાજાના ભ્રાતાનો નાશ થવા સંભવ છે, તેમ આવી ભકિતથી નરકમાં પડવાનો સંભવ છે. દ્રોહી ભકતોનું કદિ પણ કલ્યાણ થતું નથી, શિવ રહસ્યમાં કહ્યું છે કે તે જો પ્રત્યક્ષ વિરુદ્ધ લાગતું હોય, તો તે ઉપરથી એ સમજવાનું છે કે ભવિષ્યમાં દ્રોહી ભકત થશે એમ ધારીને તેને શિક્ષણ આપવા માટે આવા વચન શ્રી શંકરે કથ્યાં છે, મૂર્ખ છે તે જ દ્રોહ કરે છે અને તેઓ કશો પણ વિચાર કરતાં નથી, આમાં સારાંશ એ છે કે, રાજાના ભાઇએ એટલો વિચાર ન કર્યો કે, મારે મારા ભાઈ સાથે અનુરાગ છે, છતાં તે મારી પ્રશંસા કરે છે, મને શિરપાવ

આપે છે ! એમાં ભેદ હોવો જોઇએ. આ પ્રમાણે જ દ્રોહી ભકતો પણ તત્સ્પર્શ વિચાર કરતા નથી કે–શિવને અને વિષ્ણુને શો વાંધો છે, કે તે શિવ–વિષ્ણુની નિન્દા કરે માત્ર વિચાર કર્યો વગરજ ઠોક ઠોક કરે છે. શિવ–વિષ્ણુની ભકિત કરનારે સમજવું જોઇએ કે–ત્રિગુણાત્મક સ્વરૂપ તો એકજ છે; છતાં વિવેકહીન એકનું ભજન કરે, અને એકની નિંદા કરે છે, તે નરકમાં પડે છે. શિવ સમ્બન્ધી શાસ્ત્રમાં 'વિષ્ણુ શિવના ભકત છે' એમ લેખ છે, અને વિષ્ણુ સંબંધી શાસ્ત્રમાં 'શિવ વિષ્ણુના ભકત છે' આમ લેખ છે. આમ હોવાથી એક વાતને શ્રવણ કરી એકને પડતી મુકે છે; પરન્તુ એટલો વિચાર કરતા નથી કે–પોતાના ગુરૂનો જે ભકત તે ગુરૂભાઇ થાય, તેથી તેનો દ્વેષ ન કરવો જોઇએ. જે સમ્પ્રદાયમાં પોતે હોય તેમાં બીજો કોઇ હોય, તો તે સમ્પ્રદાયી ભાઇ ગણાય છે, તો તે ઉપરથી પણ શિવ કે વિષ્ણુની નિંદા કરવી જોઇતી નથી. જેમ કે કોઇ શિષ્ય ઘણાં વર્ષથી ગુરૂની સેવા કરતો હોય, તેમાં બીજો નવો શિષ્ય થાય, અને જો તે નવીન શિષ્યની પ્રથમનો શિષ્ય ઇર્ષ્યા કરી વેર બાંધે, તો તે ગુરૂને રૂચતું નથી, જ્યારે ગુરૂને તે રૂચતું નથી, ત્યારે જરા હૃદયમાં વિચાર કરો કે–ઇશ્વરને તો એવો દ્રોહ રૂચેજ કેમ ? કારણ કે બેય એકજ રૂપ છે. શિવ–વિષ્ણુ બેય નિરાકાર, એકજ અને સર્વત્ર વ્યાપક છે. વિષ્ણુ પંજરમાં શુદ્ધ ભકત પ્રહ્‌લાદે કહ્યું છે કે:—

जलेविष्णुः स्थलेविष्णुः विष्णुःपर्वत मस्तके ।
ज्वालमाला कुलेविष्णुः सर्वंविष्णुमयं जगत् ॥

જળમાં વિષ્ણુ છે, સ્થળમાં વિષ્ણુ છે, પર્વતના શિખર ઉપર વિષ્ણુ છે, અગ્નિની જ્વાળામાં વિષ્ણુ છે. આ પ્રમાણે સર્વ જગત્ વિષ્ણુમય છે.

પૃથિવીનો ભાર ઉતારવા વિષ્ણુએ જ્યારે લીલાથી શ્રી કૃષ્ણાવતાર ધારણ કર્યો, ત્યારે મનુષ્યનું અનુકરણ કરતાં છતાં પણ પોતાનું સર્વ વ્યાપકપણું, પિતામહ બ્રહ્માજીને દર્શાવી આપ્યું હતું. એ કથા શ્રીમદ્ ભાગવતના દશમસ્કન્ધના પૂર્વાર્દ્ધના તેરમા અધ્યાયમાં છે. બ્રહ્માજીને શ્રી કૃષ્ણની અદ્ભુત શક્તિથી મોહ થતાં, બ્રહ્માએ વાછરડાં તથા ગોવાળોનું હરણ કર્યું, તે સમય બ્રહ્માનો મદ ઉતારવાને શ્રી કૃષ્ણે જેટલાં વાછરડાં તથા ગોવાળો હતા, તેટલા રૂપ પોતે થઇને વિહાર કરવા લાગતાં બ્રહ્માજીને મહા આશ્ચર્ય થતાં ક્ષમા માગી સ્તુતિ કરી, આ ઉપરથી વિષ્ણુમય જગત્ છે એ સમજવાનું છે. વિષ્ણુના નિર્ગુણ સ્વરૂપનું ધ્યાન કરનારા મહાત્માઓ તેનું કેવા પ્રકારે સ્તવન કરે છે, તે નિચેના શ્રીમદ્ ભાગવતના દ્વાદશસ્કન્ધના અધ્યાય તેરમાના પ્રથમ શ્લોકથી જાણવામાં આવે છે. કહ્યું છે કેઃ—

> यंब्रह्मा वरणेन्द्र रुद्र मरुतः स्तुन्वंति दिव्यैः स्तवै-
> र्वेदैः सांगपद क्रमोप निपदै र्गायंतियं सामगाः ॥
> ध्यानावस्थि ततद्गतेन मनसा पश्यंतियं योगिनो
> यस्यांतं नविदुः सुरासुर गणादेवाय तस्मैनमः ॥

બ્રહ્મા, વરૂણ, ઇન્દ્ર અને મરૂત્ દેવતા દિવ્યસ્તોત્રોથી જેની સ્તુતિ કરે છે, અને અંગ, પદ, ક્રમ તથા ઉપનિષદ્

સહિત વેદોથી સામગાવાવાળા જેનું ગાન કરે છે, અને યોગીજન ધ્યાનથી નિશ્ચલ અને તેમાં લાગેલાં મનથી જેને જોયા કરે છે, અને દેવ તથા દૈત્યોના ગણુ જેના પારને પામી શકતા નથી, તે દેવને મારા પ્રણામ છે.

આ ઉપરના શ્લોકથી વિષ્ણુનું સર્વ વ્યાપકપણું અને તેનું નિર્ગુણત્વ જેવી રીતે જણાય છે, તે પ્રમાણેજ શિવનું પણ સર્વ વ્યાપકપણું અને નિર્ગુણત્વ નિચેના શ્લોકથી જણાય છે. કહ્યું છે કેઃ—

पाताले चांतरीक्षे दिशिदिशि गगने सर्वशैले समुद्रे
भस्मे काष्ठेच लोष्टे क्षितिजल पवने स्थावरे जंगमेवा
बीजे सर्वौषधीनामसुर सुरपतौ पुष्पपत्रे तृणाग्रे
एकोव्यापिशिवोऽयंइतिवदतिहरिर्नास्तिदेवोद्वितीयः

પાતાળમાં, અન્તરીક્ષમાં, દશેદિશામાં, આકાશમાં, સર્વ પર્વતોમાં, સમુદ્રોમાં, રાખમાં, લાકડામાં, માટીના ઢેફામાં, પૃથિવીમાં, જળમાં, પવનમાં, અસુર અને દેવતાઓના પતિઓમાં, ઓષધિઓના બીજમાં, પુષ્પની પાંખડીઓમાં, ખડમાં અને સર્વ સ્થાવર જંગમમાં એક શિવ વ્યાપક છે, બીજો કોઇ દેવ નથી. એમ હરિ કહે છે.

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે આખું જગત શિવમય છે, અને જો શિવમયજ છે, તો જે વ્યાપકતત્વને વિષ્ણુ કહીએ છીએ તે જ શિવ છે, અને જેને શિવ કહીએ છીએ તે જ વિષ્ણુ છે, માટે બે એક જ સ્વરૂપમાં ભેદ કલ્પના કરવી એ તો મૂર્ખાઇ જ છે. વિષ્ણુ કહો કે શિવ

કહો તે એક જ છે; છતાં જેઓ નામના ભેદ ઉપર વગર સમજથી ભુલ ખવાય છે, તેને અંતે ક્લેશ જ થાય છે, માટે વિચાર પૂર્વક ભેદ કલ્પનાનો ત્યાગ કરી ભક્તિ કરવી કહ્યું છે કેઃ—

व्यक्ताव्यक्त गुणोत्तरं सुसुखदं षट् त्रिंशतत्त्वाधिकम्
तस्मादुत्तर तस्त दक्षरमिति ध्येयं सदा योगिभिः ।
वंदेतामसवर्जितेन मनसा सूक्ष्माति चूक्ष्मंपरम्
तांशं पंचम मीश्वरं प्रतिदिनं खव्यापि तेजोमयम् ॥

વ્યકત અને અવ્યકત ગુણોથી ઉત્તર, સુખને આપનાર છત્રીશ તત્ત્વથી વધારે એટલે કે જેને ૩૭ મું તત્ત્વ ગણે તે, તત્ત્વોથી પર અક્ષર એ નામથી યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય, સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ, પર, શાન્ત, ચાર અવસ્થાને લઇને પાંચમા ઇશ્વરરૂપ, આકાશના સદૃશ વ્યાપક અને તેજોમય તે તત્ત્વને નિર્મળ મનથી પ્રતિદિવસ પ્રણામ કરૂં છું.

આ પ્રમાણે તો શિવ વિષ્ણુના નિર્ગુણ સ્વરૂપમાં તો એક રૂપપણું જ કહેવામાં આવે છે. તે ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે–તેના શુદ્ધ સ્વરૂપમાં તો કશો ભેદ નથી, માત્ર નામ જુદાં છે. આવી રીતે ભેદ ન છતાં પણ જેઓ ભેદની કલ્પનાથી રાગ–દ્વેષ બાંધે છે, તેને સુખને બદલે દુઃખ જ થાય છે. આવી કોઈ શંકા કરે કે જગતની રીતિ ન્યારી છે. જગતની અને જ્ઞાની તથા મુમુક્ષુની રીતિ એક હોય જ નહિ, જગતના બોલવા ઉપર આવી સિદ્ધાન્તની વાર્ત્તાનો

આધાર રખાય જ નહિ; કારણ કે આ વાર્ત્તા કાંઇ વ્યવહારીક નથી; કારણ કે જગત જે કરે છે, તેનો ઉત્તર જો કોઇ પુછે છે તો તેનો પ્રત્યુત્તર આપી શકાયજ નહિ, માટે જગત્‌ના કૃત્ય સન્મુખ દૃષ્ટિ ન કરતાં શુદ્ધ ચિત્તથી તલ્લીન થઇને હરિ હરની ભક્તિ કરવી. હરિ અને હર એકજ છે. બન્ને સ્વરૂપમાં જો ભેદ દૃષ્ટિ થાય તો જેની સેવા કરતા હોઇએ, તેજ દેવ આપણા ઉપર રોષ કરે છે, તે માટે હરિહરનું વચન છે કેઃ—

परात्परतरं यांति नारायण परायणाः ॥
नतेतत्र गमिष्यंति येद्विषंति महेश्वराम् ॥

જે નારાયણને પરાયણ છે; અર્થાત્‌ જેની ઇન્દ્રિયો એક ઇશ્વરનેજ પરાયણ થયેલ છે તે આદિ માયાથી પર એવા ચૈતન્ય સ્વરૂપ બ્રહ્મને પામે છે, પણ જે શિવનો દ્વેષ કરે છે, તે ઉત્તમ પદને પામતા નથી.

રૂચે તો વિષ્ણુ કહો અને રૂચે તો શિવ કહો; પરન્તુ પ્રકૃતિથી પર જે પરબ્રહ્મ પરમાત્મા કહેવાય છે, તે તો એકજ છે. નામના ઉચ્ચારણ માત્રથી તેમાં કશો પણ ભેદ નથી. માર્કન્ડેય પુરાણમાં કહ્યું છે કેઃ—

विष्णुः कृष्णो ऋषीकेशो वासुदेवो जनार्दनः ।
उमागौरी सतीचंडि सुंदरी सुभगा शिवा ॥
एवं युवतयः सत्यः पुरुषत्वं प्रपेदिरे ।
चक्षुष्मंतो हिपश्यंति नेतरे तद्विदोबुधाः ॥

ઉમા, ગૌરી, સતી, ચંડિ, સુંદરી, સુભગા અને શિવા

એ જે યુવતીઓ છે, તે પરબ્રહ્મની પ્રેરણાથી પુરૂષત્વને પામે છે, તે પુરૂષત્વને વિષ્ણુ, કૃષ્ણ, ઋષિકેશ, વાસુદેવ અને જનાર્દન એ સ્વસ્વરૂપે પામે છે, પણ તે ચર્મ ચક્ષુવાળા ન દેખે, તે તો કોઈ જ્ઞાની દેખે. વિષ્ણુએ મોહિની–આદિ સ્રીના વેશ ધરેલ છે. જે પ્રકૃતિથી પર છે, અને માયા જેને આધીન, ચિદ્‌શક્તિ લક્ષ્મી તેના પતિ, એવા વિષ્ણુ તે બ્રહ્મસ્વરૂપ છે; માટે શિવ–વિષ્ણુની ભક્તિ એક ભાવથી કરવી. પરમેશ્વરને કાંઇ આકાર નથી, જેવો ભકતના મનનો ભાવ તેવું પરમેશ્વરનું રૂપ જણાય છે, જેમ જળનો આકાર વાસણના આકાર અનુસાર જણાય છે, અગ્નિનો આકાર લાકડાંની આકૃતિના અનુસાર જણાય છે, સમુદ્રમાં થતા પાણીના પરપોટા પાણી-રૂપ થઇ ગયા પછી ભિન્ન દેખાતા નથી, તેમ ઈશ્વરનું સ્વરૂપ કદિ ભાસે પણ ઈશ્વર તો અરૂપ છે, તેથી ભાસેલું રૂપ પણ અરૂપમાં લીન થઇ જાય છે; માટે અરૂપ ઇશ્વર ઉપર એકાગ્ર મન રાખવું. આપણે કોઇ સોના કે ચાંદીના દાગીના લઇને વેચવા જઇશું, તો તે દાગીનાના આકાર તરફ ન જોતાં તેમાં જે સુવર્ણ કે ચાંદી હશે તે ઉપર લેનાર લક્ષ રાખશે, તે પ્રમાણે આપણે પણ ઉપરના ઘાટ ઉપર નજર ન કરતાં શુદ્ધ નિરાકાર ઉપર દૃષ્ટિ રાખવી. શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કેઃ– જે પોતાના ઈષ્ટદેવને સર્વત્ર વ્યાપક જાણે તેમ ઉત્તમ ભક્ત કહેવાય. પરમેશ્વરના ભકતની સુશ્રુષા કરે અને તે ઉપર આસ્થા રાખે તે મધ્યમ ભકત કહેવાય અને જે પ્રતિમામાં એક દેશીજ ઇશ્વર માને, તે અધમ ભકત કહેવાય, અને જે કેવળ ભક્તિ કરતા નથી તે તો પામર છે. તાત્પર્ય એ છે

કે—એક રૂપ ઇશ્વરને ઉત્તમ ભકતની રીતિએ ભજવા એજ અગત્યનું કર્ત્તવ્ય કર્મ છે. એ કર્ત્તવ્ય જેણે કરેલું નથી, તેણે સંસારમાં આવી, ભલે બીજાં અનેક કામો કરેલાં હોય, યશ સમ્પાદન કરેલ હોય, દ્રવ્ય મેળવ્યું હોય, કે ગરાસ મેળવેલ હોય તો તે સર્વ વૃથા છે. આ સર્વ સમ્પાદન ન કરતાં જેણે એકાગ્ર મનથી પરમેશ્વરની ભકિત કરી હોય તેણે સર્વ મેળવેલું છે.

જે જીવનથી જન્મ સાફલ્ય ગણાય તે જીવન કયું કહેવાય? આવા શિષ્યના પ્રશ્નનો ગુરુ ઉત્તર આપે છે કે—દોષ રહિત જીવન તે જ કલ્યાણકારક જીવન છે. કામ, ક્રોધ, લોભ, મોહ, સ્પૃહા, ઇર્ષા અને જુગુપ્સા—આદિ દોષોનો મનુષ્યે ત્યાગ કરવો. આ દોષ અનર્થકારક છે; કારણ કે ક્રોધથી મન ઉદ્વેગ પામે છે; કામથી દ્રવ્યનો વ્યય થાય છે. મોહથી કાર્યાકાર્યનો વિવેક શુન્ય થઇ જાય છે, પોતાના પ્રિય પદાર્થનો નાશ થાય તો પણ સમાન ચિત્ત રાખવું; અર્થાત્ શોકગ્રસ્ત થવું નહિ. ઉપર દર્શાવેલા દોષો રહિત જે જીવન તે શોભાયુકત છે, અને તે સિવાયનું જે જીવન છે, તે તો વૃદ્ધ ગધેડાના જીવન સમાન છે. તે જીવન શાસ્ત્ર વિચાર પ્રમાણે તો શોભતું નથી, માટે દોષ વગરનું જે જીવન શ્રેષ્ટ છે, એવા જીવનમાં કપટ અને ચોરી—આદિ લક્ષણ અને અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યવડે જીવન ગાળવું તે વ્યર્થ જીવન છે. કહ્યુ છે કેઃ—

न्यायोपार्जित वित्तेन कर्त्तव्यं ज्ञानरक्षणं ।
अन्यायेनतुयो जीवेत् सर्व धर्म बहिष्कृत ॥

ન્યાય થકી ઉપાર્જિત કરેલાં દ્રવ્યથી જ્ઞાનનુ સંરક્ષણ કરવું અને જે અન્યાયથી પોતાનું જીવન ગાળે છે, તેઓ ધર્મ વિરૂદ્ધ છે. અન્યાયથી ઉપાર્જન કરેલાં દ્રવ્યથી જો ધર્મ કરવામાં આવે, તો તે ધર્મ પણ નરકમાં નાખે છે, માટે સ્વાર્થથી કે પરાર્થથી પણ કહિ અન્યાય કરવો નહિ, માટે દોષ રહિત ઉદ્યમ કરી જીવન ગાળવું એજ ઉત્તમ જીવન છે, બાકી શ્વાસ લેવા એનું નામ જો જીવન હોય તો તો લુહારની ધમણ પણ શ્વાસ લે છે, માટે નિર્દોષ રીતે જીવવું એજ વાસ્તવિક જીવન છે. જેનું જગતમાં ભૂષણ છે અર્થાત્ શોભા છે, તેના જીવતરને ધન્ય છે. બાકી જેના અપજશ ગવાઇ રહેલા છે તે કરતાં તો મરણ હજાર ગણું સારૂં છે. જેણે સંસારમાં રહી સાંસારિક—વ્યાવહારિક કાર્યો કરી, દારા, પુત્ર અને દ્રવ્યથી પૂર્ણ સન્તોષ લઇ કીર્ત્તિ મેળવી છે, અને સન્માર્ગે વિચરી, દયા તથા ઉદારતા વિગેરે ઉત્તમ ગુણોથી જન સમુદાયની પ્રીતિ સમ્પાદન કરેલી છે, તેનું જીવન સફળ છે, અને પારમાર્થિકપણામાં પણ વર્ણાશ્રમોચિત ધર્મ પ્રમાણે અનુસરી, ઇન્દ્રિયનિગ્રહ કરી, ઇશ્વર ભક્તિમાં પરાયણ રહી અન્તે આત્મસ્વરૂપને જાણી જેણે જન્મ સફળ કર્યો તેનું જીવન ધન્ય છે, તે સિવાય કાગડાના સમાન; અર્થાત્ માથે ટપલો ને મોમાં કોળીઓ તે પ્રમાણે જીવન ગાળવું, એતો નામ માત્ર જીવવું કહેવાય એ કરતાં મરણ અધિક સારૂં છે, માટે નિર્દોષ ઉદ્યમથી સદાચાર યુક્ત જીવન ગાળવું.

विद्या हि का ब्रह्मगतिप्रदा या
बोधो हि को यस्तु विमुक्ति हेतुः ।
को लाभ आत्मवागमो हि यो वै
जितं जगत् केन मनो हि येन ॥ ११ ॥

અર્થ.

શિષ્ય—વિદ્યા કયી કહેવાય ?
ગુરુ—બ્રહ્મગતિને આપે તે વિદ્યા.
શિષ્ય—બોધ કયો કહેવાય ?
ગુરુ—જેથી મુક્તિ મળે તેનું નામ બોધ.
શિષ્ય—લાભ શું કહેવાય ?
ગુરૂ—આત્માને ઓળખવો તે લાભ.
શિષ્ય—જગત કોણે જીત્યું ?
ગુરૂ—મન જેણે જીત્યું તેણે જગત જીત્યું.

વિવેચન.

જે બ્રહ્મગતિને આપે તેજ ખરી વિદ્યા; અર્થાત 'તત્ ત્વં અસિ' એ મહાવાક્યનો અર્થ બરાબર સમજાય તે જ વિદ્યા. શ્રુતિમાં કહ્યું છે કે:—

सामवेदो रुग्वेदो यजुर्वेदो ब्रह्मवेद शिक्षाकल्पो
व्याकरणं नैरुक्त छंदांसि ज्योतिष्म मीमांसा
न्याय धर्मततः परा ॥

ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, મહાભારતાદિ ઈતિહાસ, વ્યાકરણ શાસ્ત્ર અને કાવ્ય–કોશાદિનું જ્ઞાન હોય, છતાં પણ જો બ્રહ્મ વિદ્યાની પ્રાપ્તિ થાય નહિ, તો એકે વિદ્યા વિદ્યા જ કહેવાય નહિ. જો બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ ન થાય તો અન્ય જે જે વિદ્યા શીખવવામાં આવે છે, તે તો માત્ર વેઠ કર્યા સદૃશ છે. જેમ પક્ષી પોતાના માળા ઉપર બેસી ઉડી જાય છે, તેમ બ્રહ્મ વિદ્યા વગર અન્ય સર્વ વિદ્યા યત્‌કિંચિત્ પણ સ્થિર રહેતી નથી. બ્રહ્મ વિદ્યા વગરની વિદ્યા તો માત્ર કહેવા માત્ર જ છે. શાસ્ત્રકારો કહી ગયા છે કે:—

वेदागम पुराणज्ञः परमार्थं न वेत्ति यः ।
विडंबनं तु तस्यैव तत्सर्वं काकभाषितम् ॥

વેદ, શાસ્ત્ર, અને પુરાણ જાણતો હોય, પણ જો તે પરમાર્થ એટલે બ્રહ્મને જાણતો ન હોય, તો તેનું સર્વ જાણવું જુઠું છે, તેનું બોલવું બધું કાગડાના બોલવા સમાન છે. વળી કહ્યું છે કે:—

नवेदाध्ययनान्मुक्तिर्न शास्त्रपठनादपि ।
ज्ञानादेव हि मुक्तिः स्यान्नान्यथा वीरवंदिनि ॥

વેદ જાણવાથી કે શાસ્ત્રનો પાઠ કરવાથી મુક્તિ થતી નથી. હે પાર્વતી! મુક્તિ તો જ્ઞાનથીજ થાય છે.

અભ્યાસથી કાંઇ પરમાર્થ જણાતો નથી, પરમાર્થ તો બોધથી જણાય છે, માટે જે વડે બોધ થાય તેજ વિદ્યા ખરી છે, તે શિવાયની વિદ્યા નકામી છે, જાણવાનું માત્ર એટલુંજ છે કે–આ સર્વ જગત્ માયામય છે, જે કાંઈ આપણે

સાંભળીએ છીએ, જે કાંઇ જોઇએ છીએ, તે નામ-રૂપાત્મક સર્વ જગત માયા રચિત છે, અને તેથી માયાનું કાર્ય છે. આ કાર્ય-કારણરૂપ માયામય જગતમાં ઇશ્વર વ્યાપી રહેલ છે, માટે દૃશ્ય અને અસત્ જગતનો ત્યાગ કરવો, ત્યાગ કરવો એટલે કાંઇ એક પદાર્થને જેમ ફેંકી દઇએ છીએ, તેમ તેનો ત્યાગ થનો નથી, માત્ર નાશાત્મક જગતનું અસત્યપણું યથાર્થ સમજવું, તે વિના જે વિદ્યા ભણીને અભિમાનથી જે કાંઇ કરે છે, તે વ્યર્થ આયુષ્ય ગાળી નાખે છે. કહ્યું છે કેઃ—

इदं ज्ञात मिदं ज्ञेय मिति यस्तृषितश्चरेत् ।
नैव तस्य भवेन्मोक्षः कल्पकोटि शतैरपि ॥

આ જાણ્યું, અને હવે મારે આ જાણવાનું છે, એમ જે કર્યા કરે છે, તેનો કરોડો કલ્પે પણ મોક્ષ થતો નથી, મોક્ષ થતો નથી, એ ઉપરથી એ સમજવાનું છે કે શાસ્ત્રનો અંત આવે; પરન્તુ આયુ વ્યતિત થઇ જતાં સુધી પણ વાસ્તવિક બોધ તેને થતો નથી. કહ્યું છે કેઃ—

अन्यथा परमं तत्वं जनाः क्लिश्यंति चान्यथा ।
अन्यथा शास्त्रसिद्धांतो व्याख्यां कुर्वंति चान्यथा ॥

પરતત્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ તો જુદી રીતે જ થાય છે. અને લોકો અન્ય રીતે કલેશ કરે છે. તે પ્રમાણે જ શાસ્ત્રનો સિદ્ધાંત પણ જુદી રીતનો હોય છે; છતાં વ્યાખ્યાનો અન્ય રીતે કરે છે.

આવો પ્રકાર ચાલનો હોવાથી સત્ય શું છે, તેને

કોઈ જાણુતા નથી. અને તત્વને ન જાણુનારા વિદ્વાનો વ્યાખ્યાન કરે તેથી જ્ઞાન થતું જ નથી, જ્ઞાન તો પૂર્વનાં પુણ્યની પ્રબળતાથી, સત્વગુણી મનોવૃત્તિથી અને નિર્મળ બુદ્ધિથી સત્પુરૂષ દ્વારા પ્રાપ્ત થાય છે, અને તે પ્રાપ્ત થતાં બ્રહ્મપદમાં એકતા થતા વાર લાગતી નથી, જે સમય બ્રહ્મપદ ઓળખવામાં આવ્યું અને તેમાં પ્રવેશ કર્યો, તો તે પ્રવેશ કરવાની સાથેજ સંશય નિર્મળ થઈ જાય છે, અને નાના પ્રકારના તત્વોથી થએલો દેહ મિથ્યા સમજાય છે, પણ જ્યાં સુધી તેમ થતું નથી, જ્યાં સુધી દેહ, સ્ત્રી, પુત્ર, ધન–આદિમાં મમતા રહે છે, જ્યાં સુધી વિષયોમાં અન્તઃકરણ રમ્યા કરે છે, જ્યાં સુધી દયા, દાન, ધ્યાન, ઈશ્વરારાધન, ભકિત, શ્રદ્ધા અને સમતા—આદિ થતાં નથી, જ્યાં સુધી રાગ–દ્વેષનો ત્યાગ થતો નથી, જ્યાં સુધી સુખ, દુઃખ જતાં નથી, જ્યાં સુધી કુળ, ધર્મ તથા જ્ઞાતિ ધર્મ પળાતો નથી, જ્યાં સુધી વિવેક અને વૈરાગ્ય અન્તઃકરણમાં આવતા નથી, જ્યાં સુધી મન અને ઇન્દ્રિયો વશ્ય થયેલ નથી, જ્યાં સુધી અસત્યનો ત્યાગ થયો નથી, જ્યાં સુધી પરદારાનો, પરધનનો અને પરદ્રોહનો ત્યાગ થયો નથી, જ્યાં સુધી આશા–તૃષ્ણાના અંકુરો ઉદ્દભવ્યાં કરે છે, જ્યાં સુધી અસન્તોષ નિર્મૂળ થયો નથી. જ્યાં સુધી કામ ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરનો પરાજય કરેલો નથી, જ્યાં સુધી પુર્વ પુણ્યનો ઉદય થયો નથી, જ્યાં સુધી સત્ય સત્સંગ થયો નથી, જ્યાં સુધી સતશાસ્ત્રનું શ્રવણ થયું નથી. જ્યાં સુધી શ્રદ્ધા અન્તઃકરણમાં વાસ કરતી નથી, જ્યાં સુધી

ભવસાગરથી પાર થવા જીજ્ઞાસા થઈ નથી, જ્યાંસુધી ખરાબ સંગતિનો ત્યાગ કર્યો નથી અને જયાં સુધી હૃદય ચક્ષુને પ્રતિબંધકારક આજ્ઞારૂપી પડળનો નાશ થયો નથી ત્યાં સુધી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થતી જ નથી, અને બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ વગર બ્રહ્મપદને પ્રાપ્ત થવાતું જ નથી. અને તેને તેથી આત્મસ્વરુપની એકતા પણ થતી નથી, માટે ઉત્તમ માર્ગે વિચરી આ અમૂલ્ય મનુષ્ય જન્મ સફળ કરવા બ્રહ્મવિદ્યા સંપાદન કરવાની અત્યાવશ્યકતા છે; કારણ કે પુનઃ પુનઃ આવો સમય આવવો અશકય છે. દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણથી મુક્ત થયા વગર કાચાં અન્તઃકરણથી ઘરના બૈરાંના કલેશથી કે પૈસાની આપત્તિથી કે અન્ય કારણથી વનમાં જઈ રાખ ચોળી જટા બાંધી બેસવાથી કે નાના પ્રકારનાં કામ્યકર્મો કરવાથી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થતી નથી, અને તે પ્રાપ્ત ન થવાથી બ્રહ્મપદને ઓળખાતું નથી; બ્રહ્મપદને ઓળખાતું નથી એટલું જ નહિ, પણ તેની સાથે આત્મસ્વરૂપની એકતા થતી નથી. જો નિર્મળ અન્તઃકરણ હોય, સત્શાસ્ત્રનો સંગ હોય, તો સ્વાશ્રય ધર્મ પાળતાં અને વ્યવહારમાં રહેવા છતાં પણ નાના પ્રકારનાં સાધનો દ્વારા તે પદની પ્રાપ્તિ થાય છે તે સર્વોત્તમ અને બાધ વગરનો થાય છે અને તેને કોઈપણ પ્રકારનું બન્ધન થતું નથી, એજ ઉત્તમ બોધની ચમત્કૃતિ છે. પ્રતાપી પૃથુરાજાએ બોધ થયા પછી રાજ્યાસન ભોગવ્યું હતું. મર્યાદા પુરૂષશ્રી ભગવાન રામચન્દ્રજીએ પણ જ્ઞાન થયા પછી જ પૃથિવીનું પાલન કર્યું હતું. શ્રીકૃષ્ણના સખા નરના અવતારભૂત અર્જુને પણ જ્ઞાન થયા પછી જ સૈન્યનો સંહાર કરી રાજ્ય સંપાદન

કર્યું હતું. આ પ્રમાણે ઉત્તમ બોધથી વ્યવહાર પણ ઉત્તમ થાય છે અને બન્ધન પણ થતું નથી; છતાં પણ જો કોઇ દોષ દૃષ્ટિથી નિરખે તો તે તેની મંડુક બુદ્ધિનું પરિણામ છે, આથી સમજવાનું તો માત્ર એજ છે કે-બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થતાં જન્મ મરણનો ફેરો ટળી જાય છે માટે બ્રહ્મવિદ્યા સંપાદન કરવાની અગત્ય છે. બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુના વ્યવહારથી જ જ્ઞાન થાય છે; વક્તા શુકવત્ ભણી જાય તેથી તો કાંઈપણ ફળ થતું નથી; કેમકે અનુભવ વગર જે કાંઇ બોલવું તે બોલવું નથી પણ બકવું છે અનુભવ છે એ મહાસમર્થ શિક્ષક છે, પોતાની પાસે નથી તે બીજાને શું આપશે ? કહ્યું છે કેઃ-

कथयंत्युन्मनीभावं स्वयं नानुभवंति हि ।
हाहा ऽज्ञानरताः केचि दुपदेशादि वर्जिताः ॥

શોચનિય વાર્ત્તા છે કે-પોતે ગુરૂના ઉપદેશ વિગેરેથી રહિત હોય, એવા અને અજ્ઞાનમાં નિમગ્ન કેટલાક ઉન્મની ભાવને વર્ણવે છે; પરન્તુ પોતે તેનો અનુભવ કરતા નથી.

આવા ઉપદેશ પામ્યા વગરના અને અનુભવ વગરના બોધક પોતે જ અજ્ઞ છે, તો અન્યને તેઓ શું બોધ કરી શકે, અને તે દ્વારા અન્યનું શ્રેય પણ શું થાય ? તે તો કેવળ નકામાજ છે. કહ્યું છે કે—

इदं ज्ञातमिदं ज्ञेयमिति चिंतासमाकुलाः ।
परं तत्वं न जानंति दर्वी पाकरसं यथा ॥

આ જાણ્યું અને આ જાણવાનું છે, એવી ચિંતામાં આકુલ રહેનારાઓ કડછી જેમ અન્નના રસને તેમાં બુડયા છતાં પણ જાણતી નથી, તેમ તેઓ તેમાં બુડેલા છતાં

પરમતત્વને જાણતા નથી. શ્રીમદ્‌ભાગવતના એકાદશસ્કન્ધમાં કહ્યું છે કે:-કોઇ પુરૂષ સર્વ શાસ્ત્ર ભણી પંડિત થઇ, વાદવિવાદમાં સર્વનો પરાજય કરે, અને મહાકીર્તિ સમ્પાદન કરે; પરન્તુ જો તે પરમાર્થ ન જાણે, તો તેનું સર્વ જાણવું વેઠ કર્યા સદૃશ છે.

વૃષકેતુ ઋષિ સકળવિદ્યા સમ્પાદન કરી, પંડિતોનો પરાજય કરી, કાશીમાં પોતાના પિતાજી રહેતા હતા ત્યાં ગયા; પરન્તુ વિચાર થયો કે-એમને એમ ઘેર જવું એ ઠીક નહિ, એ વિચાર કરી કાશીના પંડિતોનો પણ વાદમાં પરાજય કર્યો. આ સર્વ વાર્ત્તા તેના પિતાના જાણવામાં આવતાં; તેના પિતાએ વિચાર કર્યો કે-પુત્ર કુપુત્ર થયો, એ વિચારથી શોચ કરવા લાગ્યા. એટલામાં તો વૃષકેતુએ આવી પિતાજીને પ્રણામ કર્યો, એટલે પિતાએ કહ્યું કે-'હે અવિદ્યાના પાત્ર! ભલે આવ્યો' આવાં પિતાનાં વચન શ્રવણેન્દ્રિય ઉપર આવતાં વૃષકેતુએ પિતાને પુછયું કે-'હું સકળ વિદ્યા જાણું છું છતાં આપનું આવા પ્રકારનું બોલવું કેમ થયું?' ત્યારે તેના પિતાએ કહ્યું કે-'જે વિદ્યાને તું જાણે છે, તે વાસ્તવિક વિદ્યા જ નથી, વિદ્યા તો બીજીજ છે; અર્થાત્ બ્રહ્મવિદ્યા વગરની અન્ય સર્વ વિદ્યા અવિદ્યારૂપ છે' છાંદોગ્ય ઉપનિષદ્‌માં ગૌતમ ઋષિના પુત્રને વૃષકેતુ રાજાએ પણ આવાંજ વચન કહેલાં છે.

આ ઉપરથી સાર એ લેવાનો છે કે-જે વડે બ્રહ્મની પ્રાપ્તિ થાય તેજ વિદ્યા કહેવાય, તે વગર જે વિદ્યા ભણ્યા તે અવિદ્યા કહેવાય, ગમે તેટલો વિદ્વાન્ હોય, છતાં પણ જો બ્રહ્મની પ્રાપ્તિ ન થાય, તો તે જાણવું જ નથી, વેદાન્ત

શાસ્ત્રમાં કુશળ છતાં પણ જો તેના વાસ્તવિક રહસ્યને જાણી શકે નહિ તો તે વિદ્યા જાણી તે ન જાણ્યા સમાન છે, માટે અનુભવી ગુરૂદ્વારા તે વિદ્યાનો બોધ લેવો. કહ્યું છે કેઃ-

वेदशास्त्र पुराणानी इतिहासादि कानिच ।
मंत्र यंत्राणि विद्यानां स्मृति रुच्चाटना दिकं ॥
शैव शक्त गणादीनां अन्यंच बहु यन्मतं ।
अप भ्रांत्या समस्तानां जीवानां भ्रांत चेतसा ॥
यज्ञोव्रतं तपोदानं जपस्तीर्थं तथैवच ।
गुरु तत्त्व मविज्ञाय मूढास्त्वन्य पराजनाः

જેના ચિત્તમાં ભ્રાન્તિ હોય તે ગમે તો વેદ, શાસ્ત્રો, પુરાણો, મંત્રતંત્રાદિ વિદ્યાઓ, ધર્મશાસ્ત્રો, અને મતભેદના પ્રબન્ધો ભણી ગયો હોય, પણ તેમાંજ તે ભટકયા કરે છે, તેમજ યજ્ઞ, વ્રત, દાન, તપ, જપ અને તીર્થ વિગેરેમાં પગ ગોથાંજ ખાધા કરે છે, તેવાઓને અનુભવી ઉપદેશક વગર વાસ્તવિક માર્ગ મળતોજ નથી, તેમજ ઉપર કહી દર્શાવેલ વેદશાસ્ત્રો વિગેરે અનેક વિદ્યાઓ પણ જો તે બ્રહ્મબોધ કે સ્વરૂપાનુસંધાન કરનારી ન હોય તો તે કેવળ શ્રમ માત્રજ છે. અજા-બકરીના ગળાના આંચળો જેમ જોવા માત્ર છે; તેમજ બ્રહ્મવિદ્યા વગરની સર્વ વિદ્યા જોવા માત્રજ છે. પિતાની આજ્ઞા પાળે તેજ પુત્ર, પતિના મન, વચન, કર્મ પ્રમાણે અનુસરણ કરે તેજ સ્ત્રી અને સંકટ સમયે સહાય કરે તેજ બન્ધુ; તેમજ જે બ્રહ્મવિદ્યાનો બોધ આપે તેજ વિદ્યા કહેવાય, માટે એવી વિદ્યાનો અભ્યાસ રાખવો એ શ્રેયસ્કર છે.

જે મુક્તિ આપે તે બોધ, જે શિક્ષણથી મોક્ષ થાય તે શિક્ષણનું નામ બોધ, કેમકે જન્મ મરણનાં નાના પ્રકારનાં દુઃખો છે, કે જેની ગણના થાય તેમ નથી, તેવાં દુઃખો જે શિક્ષણથી ટળે તેનું નામ બોધ, અને જે વડે તેવાં દુઃખોનો નાશ થાય નહિ, તેનું નામ બોધ કહેવાયજ નહિ. કહ્યું છે કેઃ—

युक्तियुक्तमुपादेयं वचनं बालकादपि ।
अन्यत्तृणमिव त्याज्यमप्युक्तं पद्मयोनिना ॥

યુક્તિવાળું વચન એટલે કે જે થકી સંશય રહે નહિ, એવું વચન જો બાળક કે મૂર્ખનું કરેલું હોય તોપણ તે ગ્રહણ કરવું; પરન્તુ જો તેથી વિપરીત વચન હોય અને જો તે કદાચ બ્રહ્માનું કહેલું હોય તોપણ તેનો ત્યાગ કરવો, જે શીખામણથી ચોરાશીલક્ષ યોનિના ફેરામાં પડી નાના પ્રકારનાં દુઃખો અનુભવવાં પડે, તેવા પ્રકારની કોઇની પણ શીખામણ સાંભળવીજ નહિ. જો પિતા લક્ષ ચોરાશીમાં પડવાની શીખામણ આપે તો તેને પિતા ન સમજવો. માતા જો તેવી શીખામણ આપે તો તેને માતા ન સમજવી. સ્ત્રી જો તેવા પ્રકારની શીખામણ આપે તો તેને પુત્ર ન સમજવો, ગુરૂ હોય અને જો તેવી શીખામણ આપે તો તેને ગુરૂ ન સમજવો, ગમે તેવાં સગાં સંબંધી કે હેતુ હોય પણ જો તે મોક્ષ જે થકી પ્રાપ્ત ન થાય તેવો બોધ આપે, તો તે સર્વને શત્રુરૂપજ સમજવાં. જે મોક્ષ મળે તેવો સદુપદેશ કરે તો તે માતા, પિતા, ભાઇ, ગુરૂ અને પરમેશ્વર છે એમ સમજવું.

કોઇ શંકા કરે કે, મોક્ષ વગર માતા, પિતા–આદિની શીખામણ ન સાંભળવાનું આ સ્થળે કહ્યું; પરન્તુ શાસ્ત્રમાં તો તેની મહત્તા દર્શાવી છે કે:—

माता गंगासमं तीर्थं पिता पुष्करमेव च ।
गुरुः केदारतीर्थं च सेवेदेता न्निरंतरम् ॥

માતા એ ગંગા જેવું તીર્થ છે, પિતા પુષ્કર તીર્થ છે, અને ગુરૂ કેદાર તીર્થ છે; માટે એઓનું નિરન્તર સેવન કરવું.

આવાં આવાં વચનો અને વૃદ્ધોના ઉપદેશો એમની સેવાનું તથા આજ્ઞા પાળવાનું કહે છે, તો તે અપ્રમાણ છે? એ શંકાનું સમાધાન કે–તે અપ્રમાણ છે એમ કહેવાય જ નહિ. તે તો ખરેખર તીર્થરૂપ અને ઇશ્વર સદૃશ છે, માટે તેની તો મન, વચન અને કર્મથી સેવા અહર્નિશ કરવી. જેઓ તલ્સ્પર્શ વિચાર કરે છે તેને તો કશો વિરોધ આવતો નથી. જે મોક્ષને આપનારો બોધ કરે તે જ માતા, પિતા અને ગુરૂ છે. એ વાર્તા તો પ્રથમતઃ કહેલ છે, તેથી જે વિપરીત બોધ કરે, તે માતા, પિતા કે ગુરૂ હોય, તો પણ શા કામનાં? એવી અવળી શિખામણ આપનારાં માતા, પિતા–આદિનું પણ જરા અપમાન કરવું નહિ; કારણ કે તે માન્ય અને પૂજનીય છે. પણ જો તેનાં વચન સંસારનાં જન્મ–મરણને આપનારાં હોય અને નરકની યાતના ભોગવાવે તેવાં હોય તો તે વચન માન્ય કરવાં નહિ, પ્રહ્લાદજીએ પોતાના પિતાનું

વચન અકલ્યાણુકારક હોવાથી માન્યું ન હતું, માટે જે વચનથી અશ્રેય થાય તેવું વચન ન પાળવાથી દોષ લાગતો નથી. વ્યાવહારિક પ્રસંગમાં પણ પોતાના હિતાર્થે જો કદાચ અકલ્યાણનું વચન કથે, તો તેનો લય કરવાનો દોષ નથી, ત્યારે તો પરમાર્થમાં અકલ્યાણનાં વચન કથે તો તેનો લોપ કરવાનો દોષ જ શી રીતે લાગે ? વાસ્તવિક વાતોમાં જરા પણ દોષ હોતો જ નથી. કહ્યું છે કેઃ—

शत्रोरपि गुणो वाच्यो दोषो वाच्यो गुरोरपि ।
पुरुषं प्रतिबोधाय तत्र दोषो न विद्यते ॥

મનુષ્યને બોધ આપવા શત્રુનો પણ ગુણ હોય, તો તેને કહેવો તથા ગુરૂનો પણ દોષ હોય તો તેને કહેવો, તેમાં જરા પણ દોષ નથી.

આ ઉપરથી સમજવાનું એ છે કે–જે મોક્ષ થાય તેનો બોધ કરે તે જ સગા, સમ્બન્ધી અને મિત્ર કહેવાય. શ્રુતિમાં કહ્યું છે કેઃ—

ऋतेज्ञानान्मुक्तिः ज्ञाना देवतु कैवल्यम् इति ।

તત્વમસ્યાદિ વાકય છે તે જ્ઞાન અને મોક્ષનું સાધન છે. વિદ્યારણ્યસ્વામીએ કહ્યું છે કેઃ—

मुक्तिस्तु ब्रह्मतत्त्वस्य ज्ञानादेव नचान्यथे ।

દ્વૈત જ્ઞાનનો લોપ અને અદ્વૈતનો જે થકી બોધ થાય તે જ ઉત્તમ બોધ કહેવાય. હું કર્ત્તા નથી, હું ભોક્તા નથી એવું જયારે જ્ઞાન થાય ત્યારે મુકિત થાય છે. મુકિતનું મૂળ કારણ બ્રહ્મજ્ઞાન છે.

આત્માને ઓળખવો એના સમાન બીજો એક પણ

લાભ નથી, જે લાભમાં સર્વ લાભ અન્તર્ગત છે. ઐહિક, આમુષ્મિક વિષય પ્રાપ્તિના જે લાભ છે તે લાભ નથી. વ્યાપારમાં લાખો રૂપીયા મળે તે લાભ નથી, તેવા લાભ તો પામરોને તુચ્છ વિષય પ્રાપ્ત થતાં લાભ બુદ્ધિ થાય છે, તે લાભ તો કાગડાને લિમડાના ઝાડમાં લીંબોડી જોઇને દ્રાક્ષની ભ્રાન્તિ થાય છે તે સમાન છે. જગત્ ગુરૂ ભગવાન શ્રી શંકરાચાર્યે કહ્યું છે કેઃ—

यंलब्ध्वाचापरंलाभं मन्यते नाधिकं ततः ।
यस्मिन् स्थितोन दुःखेन गुरुणापि विचाल्यते ॥

તે અનુસાર આચાર્યે કહ્યું છે કે:—

यल्लाभानापरोलाभो यत्सुखान्नापरंसुखं ।
यज्ज्ञानान्नापरंज्ञानं तद्ब्रह्मेत्यवधारयेत् ॥
आत्मलाभा त्परोलाभो नास्तिति मुनयोविदुः ।

જે લાભ થકી અપર લાભ નથી, જે સુખથી અપર સુખ નથી, જે જ્ઞાનથી અપર જ્ઞાન નથી, તે બ્રહ્મત્વ છે આત્મલાભથી પર—અન્ય લાભ બીજો એક પણ નથી, એમ મહર્ષીઓ કથે છે. માટે સર્વોત્તમ લાભ બ્રહ્મત્વ છે, એ લાભ સંપાદન કરવા માટે ઘણા બુદ્ધિમાનોએ ઘરા, ધન અને ધામનો પરિત્યાગ કરી દીધો છે. +રાજા પ્રિયવ્રતે પોતાનું રાજપાટ આત્મલાભને માટે મેલી દીધું હતું, માટે જો અન્ય લાભ કરતાં આત્મલાભ વિશેષ ન હોય તો કેમ ત્યજી શકાય? અને જેઓ આત્મલાભ સિવાયના અન્ય

+ આ પ્રસંગ શ્રીમદ્ભાગવતના પંચમ સ્કન્ધમાં છે.

મિથ્યા લાભમાં લાલચથી ગુંથાઈ ગયા તેઓ પરિણામે મહાકલેશ પામ્યા છે. [1]સગરરાજાએ પણ પુત્ર લાભને ખરો માન્યો, તો તે પણ તુરત નાશ પામ્યો, [2]દશકંધર—રાવણે પણ પરિવારના લાભને ખરો માન્યો હતો, તો તે પણ તુરત નાશ પામ્યો. [3]નહુષરાજાએ ઇન્દ્રાસનના લાભને ખરો લાભ માન્યો હતો, તો તે લાભ નાશ પામતાં તેને અજગર થવું પડયું હતું, માટે આત્મલાભ વગર અન્ય લાભમાં લોભાવું ખોટું છે, કારણ કે અન્ય મિથ્યા લાભમાં લોભાવાથી આત્મા વેગળો થતો જાય છે, જેમ કોઇને ઉગમણી દિશાએ જવાનું છે, તેનો વિચાર કરીને તે રાત્રે નિદ્રાવશ થાય, અને પ્રભાતે ત્વરાથી ઉઠતાં દિશાનું ભાન ભૂલી જાય, એટલે ઉગમણીને બદલે આથમણી દિશાએ ચાલ્યો જાય, મનમાં એમ જાણે કે—હું ટાઢે પહોરે જેટલું ચાલીશ તેટલો પંથ ઓછો થશે, પણ તે તેની આશા ફળીભૂત ન થતાં જે ગામ જવાનું છે, તેને વિશેષ અન્તર પડતું જાય છે; કારણ કે અવળે માર્ગે ચાલ્યો જાય છે, તે જેમ અવળે માર્ગે ચાલ્યો જાય છે તેમજ જે આત્મલાભ કે આત્મજ્ઞાન વગર અન્ય જે જે લાભ માટે શ્રમ કરવો તે આત્માને દૂર કરાવનાર હોવાથી મહા હાનિકારક છે, એ હાનિ સદૃશ અન્ય એક પણ હાનિ નથી. આત્મજ્ઞાનની હાનિ એજ વાસ્તવિક મહા હાનિ છે અને આત્મજ્ઞાનનો લાભ એજ વાસ્તવિક લાભ છે; માટે જ આત્માને જાણવો એ લાભ કથેલ છે.

---

૧ સગરરાજાનો પ્રસંગ રામાયણમાં છે.

૨ રાવણનો પ્રસંગ વિસ્તારસહ રામાયણમાં છે.

૩ નહુષ્ રાજાનો પ્રસંગ મહાભારતમાં છે.

જેણે મન જીતેલ છે તે જગતને જીતે છે; એટલે કે સંકલ્પ-વિકલ્પાત્મક રૂપી મન જેણે જીત્યું છે તેણે સર્વ જીત્યું છે. સ્વર્ગાદિક જે ચૌદલોક છે, તે જગત્ કહેવાય છે, અને સંકલ્પ વિકલ્પ આપણને કરાવનાર મન છે, એ મનનો પ્રણવના અભ્યાસ વડે જય કરવો જોઇએ, જ્યારે મન જીતાય છે ત્યારે કશાપણ સંકલ્પ થતાજ નથી. જેને ઉન્મની અવસ્થા વ્યાપ્ત થઈ ગઇ હોય, તેણે તો ચૌદે લોક જીતી લીધા છે એમ સમજવું; પરન્તુ ચૌદ લોક જીત્યા છતાં પણ જો મન જીતાયું ન હોય તો મન કિંચિત્ પણ સંકલ્પ ઉદ્ભવી ચિંતાને ઉપજાવે અને જો મન બરાબર જીતાયું તો પછી ચૌદલોકનો ભાસજ થતો નથી; ભાસ ન થવાનું કારણ એ છે કે-એ ચૌદલોક મનની કલ્પનાના છે, માટે જેણે મન જીત્યું તેણે સર્વ જીત્યું સમજવું. મનનો પરાજય કર્યો વગર અન્ય સર્વ મિથ્યા છે. શ્રીમદ્ ભાગવતના સપ્તમસ્કન્ધમાં લેખ છે કે, જ્યારે હિરણ્યકશિપુએ પોતાના પુત્ર પ્રહ્લાદજીને ‘મેં ચૌદલોક જીતેલા છે જેથી હું બળવાન્ છું’ એમ કથ્યું, ત્યારે પ્રહ્લાદજીએ કહ્યું કે-હે પિતા! જે આપનું મન છે તેને એકને જ જો આપ જીતો, તો ખરા બલવાન્ અને જ્યાં સુધી મનનો પરાભવ કરી શકો નહિ, ત્યાં સુધી મહા કાયર અને સર્વત્ર પરાજય પામેલા છો; કેમકે મન જીત્યું હોય તો સર્વ ઘેર બેઠે જીતાય છે.’ માટે જેણે મન જીત્યું છે, તેણે જ જગતને જીત્યું છે, એમ સમજવું. આ પ્રમાણે જે મન જીતીને જગતને જીતનાર છે, તેનો કોઈ પણ પરાભવ કરી શકતું નથી.

शूरान्महाशूरतमोस्ति को वा
मनोज बाणै र्व्यथितौ न यस्तु ।
प्राज्ञोति धीरश्च समोस्ति को वा
प्राप्तो न मोहं ललना कटाक्षैः ॥ १२ ॥

અર્થ

શિષ્ય—શૂરવીર કરતાં પણ મહા શૂરવીર કોણ ?
ગુરુ—જે કામદેવના બાણથી વીંધાયો નહિ તે.
શિષ્ય—પ્રાજ્ઞ, અતિધીર અને સમ કોણ કહેવાય ?
ગુરુ—જે લલનાના કટાક્ષોથી મોહ પામેલા નથી તે.

વિવેચન

શૂરવીરમાં શુરવીર કોણ છે એ શિષ્યના પ્રશ્નનો ગુરુ પ્રત્યુત્તર આપે છે કે—મનોજ-મન થકી જેનો જન્મ છે, એવો જે કામદેવ તેનાં બાણથી જે વ્યથા પામતો નથી તે શૂરવીર છે. તે કામદેવનાં, ઉન્માદન, સ્તાપન, શોષણ, સ્તંભન તથા સંમોહન એ નામનાં પાંચ બાણ છે. એ પાંચ બાણવડે જે પીડા પામતો નથી તે મહાશૂર છે; કારણ કે જ્યારે પુરુષ કામાતુર થાય છે, ત્યારે અત્યન્ત વ્યાકુળ થઈ જાય છે. અને નીચ મનુષ્યના સદૃશ કરગરે છે. કોઇ પુરૂષ મહાબલવાન્ હોય, મોટા મોટા યુદ્ધ પ્રસંગમાં વિજય સંપાદન કરી કીર્તિધ્વજ ફરકાવી રહેલો હોય, બંદુકની

ગોળીઓ, ભાલા તરવાર અને ધનુષમાંથી છુટતાં કરાલ બાણોના વરસાદ વરસતા હોય તેમાં નિઃશંકપણે સન્મુખ ચાલ્યો જનારો હોય, અને શરીરમાં પુષ્કળ ઘા વાગ્યા છતાં પણ તેની વ્યથાને ન ગણકારતાં શૌર્યતાથી શત્રુના સન્મુખ લડયો હોય, આવા શુરવીર પુરુષ યુદ્ધ ભૂમિમાંથી ઘેર આવ્યા હોય ત્યારે તે કામના બાણુથી વિંધાઈ લલનાઓને આધીન થઇ જાય છે. રાજર્ષિ ભર્તુહરિ કહી ગયેલ છે કેઃ—

मत्तेभ कुम्भ दलने भुवि सन्ति शूराः
केचित् प्रचण्ड मृगराज वधेऽपिद्दक्षाः
किंतु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य
कन्दर्प दर्पदलने विरला मनुष्या ॥

[હાથીનો ગર્વ હરવામાં કેટલાક શુરા છે, પણ કામને જીતનારા તો વિરલા જ છે.]

મદમસ્ત હસ્તિનાં ગંડસ્થળ ફાડી નાંખે એવા શૂરા છે, અને કેટલાક પ્રચંડ સિંહનો વધ કરવામાં પણ કુશળ છે; પરન્તુ હું બળવાનોની સમક્ષ કહું છું કે,–કંદર્પનો દર્પ ઉતારનારા તો વિરલાજ છે.

સ્ત્રીનું મંદહાસ્ય, હાવભાવ, લજ્જા, ભય, આડું જોવું, અર્ધવીંચેલ આંખ્યે જોવું, મધુરભાષણ, ઇર્ષ્યા, કલેશ અને વિલાસ એ સ્ત્રીઓના સઘળા ભાવથી પુરૂષ વશ્ય થઈ જાય છે, તાત્પર્ય એ છે કે–સ્ત્રીઓ સર્વથા પુરૂષને વશ્ય કરે છે,

માટે જે કામના બાણથી વિંધાતો નથી તેજ ખરેખરો શૂરવીર છે.

જે પુરૂષ સ્ત્રીના કટાક્ષથી મોહ પામતો નથી, તે પુરૂષ પ્રાજ્ઞ, તેજ ધીર અને તેજ સમાન ચિત્તવાળો છે. રાજર્ષિ ભર્તૃહરિ કથિ ગયેલ છે કેઃ—

तावदेवकृतिनां हृदिस्फुरत्येष निर्मल विवेक दीपकः ।

यावदेवन कुरङ्ग चक्षुणां ताड्यते चपल लोचनांचलैः ॥

(વિવેકી-પુરૂષને પણ સ્ત્રીના કટાક્ષ જ્યાંસુધી વાગ્યાં ન હોય ત્યાંસુધીજ તેના હ્રુદયમાં વિવેક રહે છે.) જ્યાંસુધી કુરંગ-હરણ જેવાં નેત્રવાળી સ્ત્રીઓનાં ચંચળ નેત્ર કટાક્ષ વાગ્યાં ન હોય, ત્યાંસુધીજ વિવેકી પુરૂષના હ્રુદયમાં એટલે કે વૈરાગી, યોગી અને તપસ્વી-આદિપુરૂષોના હ્રુદયમાં વિવેક-રૂપી દીવો સ્ફુરે છે.

ધીરની ધીરતા, વીરની વીરતા, ગંભીરની ગંભીરતા અને વિદ્વાન્‌ની વિદ્વત્તા લલનાના લોચનની આગળ વિવેકસહ કોણ જાણે ક્યાં પલાયન કરી જાય છે. મહાપ્રતાપી પુરૂષોને પણ એ કટાક્ષે કલંકવાળા કરેલા છે, માટે એના સપાટા-માંથી મુકત થવાનો સંગ ત્યજવા વગર બીજો એક પણ ઉપાય નથી; કારણ કે જો સંગ રહે તો મોહ થયા વિના રહેતોજ નથી. ગમે તેટલું વાંચવામાં આવે, વા સાંભળવામાં આવે તથા ગમે તેટલું બોલે; પરન્તુ જ્યાં સુધી સંગનો ત્યાગ થયો નથી ત્યાં સુધી એક પણ સત્ય મનાયજ નહિ; માટે સંગનો ત્યાગ કરવો એજ સત્પુરૂષોનો માર્ગ છે. કેટલાક પ્રાપંચિક પુરૂષો અન્યને સ્ત્રીનો સંગ ન કરવા માટે સ્ત્રીના દોષ સમજાવે છે; પરન્તુ પોતે સંગનો ત્યાગ કરતા

નથી. તેવાઓનો જો કોઇ સ્ત્રીનો સમાગમ હોય તો કહે છે કે–' તેનું અન્તઃકરણ ભકિતવાળું હોવાથી તે સેવા કરવા આવે છે એમ કહીને સમાધાન કરે છે.' જો સ્ત્રીઓજ સેવા કરવા આવતી હોય તો ભકિતવાળા પુરૂષો કયાં ઓછા છે, કે જેથી સ્ત્રીઓ સેવા કરે? આ પ્રમાણે ઉપરથી ઉત્તમ આડંબર બતાવવાવાળા પુરૂષો સંસારમાં બૂડેલા છે, એવાનો ક્ષણ માત્ર પણ સંસર્ગ કરવો નહિ. લક્ષ્મી વા વિદ્યાથી જે મહાન્ ગણાતા હોય; પરન્તુ જો તે સ્ત્રીઓના સંગી હોય તો તેની મહત્તાથી મોહયુકત થવું નહિ; તેમ તેનું ઉપહાસ્ય પણ કરવું નહિ. સત્પુરૂષોનો માર્ગ, ગ્રંથ કે શાસ્ત્રની પરનાલિકા લખાય નહિ; માટે પોતે પોતાની બુદ્ધિથીજ સારાસાર સમજી લેવું; પણ કોઇના ગુણ–દોષ પ્રત્યે દ્રષ્ટિ કરવી નહિ. પાધરે માર્ગે ચાલવાથી કાંટા વાગતા નથી અને ઠેકાણાસર પહોંચાય છે. અને જેઓ સ્ત્રીના સંગી થાય છે તે બિચારા કેવળ નર્કમાંજ બૂડેલા છે, તેવાઓથી કશું પણ થઇ શકતું નથી; કારણ કે ઇન્દ્રિયો મહાબળવાન્ છે, તેને દમન કર્યો વગર તે વશ્ય રહેતી નથી. ઇન્દ્રિયોનું દમન થાય નહિ અને મહંતપણાથી મિષ્ટાન્ન ભોજન મળે, અને સ્ત્રિયો પણ મહંત ઉપર મોહ પામીને સેવા કરવા અને ઉપદેશ લેવા આવે તેઓનો પરિચય વધતાં તેઓ એકાંતમાં રહેવા માંડે. સ્ત્રી એકાંતમાં રહેતાંની સાથેજ કામદેવ મનને તુરત વિહ્વલ કરી નાંખે છે, અને મન વિહ્વળ થયાની સાથેજ તુરત અધર્મ થયા વગર રહે નહિ, તે સમય હૃદયચક્ષુ કામના બાણથી ઘવાઈ અન્ધ થઇ જાય છે, અને તેથી તેને સત્યાસત્યનો ભાસ થતો નથી, માટે સર્વથા સ્ત્રીનો સંગ ન કરવો.

જેમકે કોઇ એક શહેરમાં મહાત્યાગી રહેતો હતો, અને તે શહેરનાં મનુષ્યો તે સત્પુરૂષની ઉત્તમ પ્રકારે સેવા કરતાં હતાં, કેટલાક દિવસ ગયા પછી તે યોગીએ તીર્થોટન કરવા જવાની તૈયારી કરવા માંડતાં, લોકોએ તેને જવાનુ કારણ પુછયું, ત્યારે મહાપુરૂષે પોતાનું મન ઉદાસ રહેવાને લીધે અમુક પુસ્તક વાંચવા હોય તો ઉદાસી મટી જાય એમ કહેતાં ગામના લોકોએ તેમના કહેવા અનુસાર પુસ્તક લખાવી આપ્યું. જે પુસ્તક વાંચીને તે મહાત્યાગી પુરૂષ આનંદમાં સદ્વિચાર કરી કાળ ક્રમણ કરતા હતા. તે પુસ્તકને વાંચીને ઉંચે બાંધીને મૂકતા હતા, ત્યાં એક દિવસ તે પુસ્તકને ઉંદરે કરડી ખાધું તે જોઇ તે સાધુ ઉદાસ થયા. અને પુનઃ ઉંદર પુસ્તક કરડે નહિ તે માટે વિચાર કરવા લાગતાં, લોકોએ બિલાડી પાળવાનું કહેતાં. તે મહા પુરૂષને રૂચતાં બિલાડી પાળી અને તેથી પુસ્તક વાંચવાનું ભાન તો ભૂલી ગયા; પરન્તુ બિલાડીને પાળવામાં મન લાગ્યું. બિલાડીને પાળવા માટે, પોતે જયારે ભીક્ષા માગવા જાય ત્યારે દૂધ માગીને લાવવા માંડયું. આ જોઇ કોઇ ભકતે મહારાજને ગાય આપી. આ પ્રમાણે ઉત્તરોત્તર તેને ઉપાધી વળગવા માંડી; એટલે કે ગાયને ખવરાવવા માટે ગામમાં જે ઘાસના ભર જતા હોય તેમાંથી એકાદ બે પૂળા માગી લે અને સાયંકાળે પુનઃ ઘેર ઘેર ગાય માટે ચારો ઉઘરાવવા નિકળે, આમ ચાલતાં કેટલાક દિવસ નિકળી ગયા પછી એક પટેલે હોકા માટે મહારાજ પાસે દેવતા માગતાં મહારાજે લાલચથી આપ્યો; એટલે તો પટેલે કડબનો એક ભર મહારાજને ત્યાં મોકલાવી દીધો. કડબના ભરને જોઇ મહારાજ તો અત્યાનંદ પામ્યા. અને જ્યારે તે

કડબનો ભર મોકલનાર પટેલ આવ્યો ત્યારે તો મહારાજે લાલચથી ચલમ ભરીને આપી, એટલે તો પટેલે આનંદથી ચારો લાવવા માટે એક પસાયતું ખેતર લેવાનું કહ્યું. મહારાજ લાલચુ હોવાથી તેણે તો તુરત હા પાડી, અને ખેતર લીધું. પટેલે વિચાર્યું કે–ખેતરથી મહારાજને દાણા અને ઘાસ બન્ને થશે એટલે સઘળી આપદા મટી જશે, પણ મહારાજને તો ઉલટી ઉપાધિ વધતી જ ગઇ. મહારાજે તો પટેલનું આપેલું ખેતર સાથી રાખીને વવરાવ્યું, પણ સાથીનો વિશ્વાસ ન આવતાં પોતે ખેતરના મધ્ય ભાગમાં માળો બાંધીને ત્યાં અહર્નિશ કિકિયારી કરી થાળી ઠોકીને વૈયાં ઉડાડવા લાગ્યા. આ પ્રમાણે મહારાજની પોથી તો કોણ જાણે કયાંય છઠ્ઠે ખુણે પડી રહી, અને સાધુ તો મહા પ્રપંચમાં પડયા અને જ્ઞાન નિર્મૂળ થઇ ગયું. એટલામાં તો મહાપુરૂષના બે ગુરૂભાઇનું ત્યાં આવવું થતાં તેઓએ તેને ઉપદેશદ્વારા જે પુસ્તકને લીધે આ સર્વ ઉપાધિ વળગી હતી તે પુસ્તકનો સંગ પણ ત્યજાવી દીધો, એટલે સર્વ ઉપાધિયો દુર થઇ ગઇ. આ પ્રમાણે પોથીના સંગથી મહા પુરૂષની આવી શોચનીય દશા થઇ પડી, તો પછી સ્ત્રીઓનો સંગ કરવાથી શું શું અધર્મ ન થાય ?! સ્ત્રીના સંગની પાછળ સર્વ અનર્થો અને બન્ધનો રહેલાં છે. માટે અનર્થોથી દુર રહેવું હોય તો સત્પુરુષનો સંગ કરવો.

આ ઉપરથી સમજવાનું એ છે કે કોઇનો પણ સંગ કરવો નહિ, તો પછી સ્ત્રીના સંગની તો વાત જ કયાં રહી ? સમજુ તો જો કદાચ સંગ થઇ ગયો હોય તો પુનઃ તુરત તેનો ત્યાગ કરી દે છે, પણ મૂર્ખ તો જાણી બુઝીને જ

સંગ કરે છે. સુજ્ઞ તો દૂધ લેવા ગયા હોય ત્યાં ગાય ઓખર કરતી હોય તેને જે પ્રકારે જુએ તે પ્રમાણે સ્ત્રીઓને પણ જુએ છે. એવા જે સમદષ્ટિવાળા અને સ્ત્રીના કટાક્ષથી મોહ પામેલા ન હોય તેજ પ્રાજ્ઞ, ધીર અને સમ કહેવાય છે. રાજર્ષિં ભર્તુહરિ કહી ગયેલ છે કેઃ—

कान्ता कटाक्ष विशिखा न लुनन्ति यस्य।
चित्तं न निर्दहति कोप कृशानुतापः ॥
कर्षन्ति भूरि विषयाश्च न लोभपाशै-
र्लोकत्रयं जयति कृत्स्न मिदं स धीरः ॥

[ધીર પુરૂષ સકળ જગતને વશ્ય કરે છે.]

સ્ત્રીના કટાક્ષરૂપી બાણ જેના ચિત્તને ભેદતાં નથી, કોપરૂપી અગ્નિનો તાપ જેનાં ચિત્તને બાળતો નથી, અને ઘણા વિષયો લોભરૂપી પાશથી જેનાં ચિત્તને ખેંચતા નથી, તે ધીરપુરૂષ આ સઘળા જગત્‌ને જીતે છે.

विषाद्विषं किं विषयाः समस्ता
दुःखी सदा को विषयानुरागी।
धन्योस्ति को यस्तु परोपकारी
कः पूजनीयो ननु तत्वनिष्ठः ॥ १६ ॥

અર્થ.

શિષ્ય—વિષથી પણ વિષ કયું ?

ગુરુ—સમસ્ત વિષયો છે તે.

શિષ્ય—નિરન્તર દુઃખી કોણ ?

ગુરૂ—જે સદા વિષયાનુરાગી છે તે.

શિષ્ય—ધન્ય કોણ છે ?

ગુરુ—જે પરોપકારી છે તે ધન્ય છે.

શિષ્ય—પૂજનીય કોણ છે ?

ગુરૂ—તત્ત્વમાંજ નિષ્ઠાવાળો પૂજનીય છે.

વિવેચન.

ઐહિક, આમુષ્મિક વિષયો કે જે બન્ધનકારક છે, તેમાં પુત્ર, દ્રવ્ય અને સ્ત્રી-આદિ ઐહિક અને નાનાપ્રકારના વિહાર આદિ આમુષ્મિક વિષય છે. તે વિષયદ્વારા જન્મો-જન્મ નાશને પામે છે; અર્થાત્ એ વિષયો છે તેજ ઝેર છે. વાસિષ્ટસારમાં કહ્યું છે કેઃ—

विषं विषय वैषम्यं न विषं विष मुच्यते ।
जन्मांतरघ्ना विषया एकदेहं हरं विषम् ॥

વિષથકી વિષય છે તે વિશેષ વિશમ છે. વિષ છે તે વિષ નથી; પરન્તુ વિષય છે તે મહાઝેર છે; કારણ કે વિષયો છે તે જન્મોજન્મ જન્મ-મરણ કરે છે. અને વિષ છે તે તો માત્ર એક દેહનેજ હરે છે, માટે સર્વોપરિ વિષ વિષય છે.

જેના ધ્યાનથી તથા સંગથી અનર્થમાંજ પડે છે, અને વિષયો વિષાદને કરનારા છે એ વાર્ત્તા લોક પ્રસિદ્ધ છે, ગીતામાં પણ ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રે, અર્જુનને અધ્યાય ૨ ના શ્લોક ૬૨ માં કહ્યું છે કેઃ—

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ॥

संगात्संजायते कामः कामात् क्रोधोऽभिजायते ॥

જે પુરૂષ વિષયનું ચિન્તવન કરે છે, તેની તે વિષયમાં પ્રીતિ ઉત્પન્ન થઇ જાય છે. પ્રીતિ થવાથી ઈચ્છા થાય છે, અને તે ઈચ્છાનો પ્રતિબન્ધ થવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે.

क्रोधाद् भवति संमोहः संमोहात्स्मृति विभ्रमः ।

स्मृति भ्रशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यती ॥

ક્રોધ ઉત્પન્ન થતાં સંમોહ થાય છે, એટલે કે વિવેક રહેતો નથી; અર્થાત્ શું કર્ત્તવ્ય અને શું અકર્ત્તવ્ય છે? એવો વિચાર નષ્ટ થઇ જાય છે. અવિવેકથી સ્મૃતિ નાશ પામે છે. સ્મૃતિનો નાશ થતાં બુદ્ધિ નષ્ટ થઇ જાય છે, અને બુદ્ધિનો નાશ થતાં સર્વસ્વ નષ્ટ થઇ જાય છે; અર્થાત્ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.*

વિષયના પુનઃ પુનઃ ચિંતનથી, તે વિષયના સંગથી પુરૂષને સ્નેહ ઉત્પન્ન થાય છે. સંગથી કામ ઉત્પન્ન થાય છે. કામથી ક્રોધ અને ક્રોધથી સંમોહ થાય છે. માટે વિષયનો

*શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કન્ધના ૨૭ મા અધ્યાયના ચોથા તથા પાંચમા શ્લોકમાં કહ્યું છે કે,--વાસ્તવિક્ રીતિથી જોઇએ છીએ તો સંસાર બિલકુલ છેજ નહિ; તોપણ વિષયનું ચિંતન કરવાવાળા પુરૂષને તો સંસાર મટી શકતો નથી, જેમ સ્વપ્ન મિથ્યા છે; તોપણ તે અવસ્થાવાળા પુરૂષને તે અનર્થ તે સમય મટી શકતો નથી; પરન્તુ ભોગવવોજ પડે છે. એ માટે દુષ્ટ ઇન્દ્રિયોના વિષયરૂપ માર્ગમાં લાગેલ ચિત્તને ધીરે ધીરે તિવ્ર ભક્તિયોગથી તથા વૈરાગ્યથી પોતાના વશમાં રાખવું જોઇએ.

વિષના સમાન ત્યાગ કરવો. અને સત્ય, ક્ષમા, આર્જવતા, દયા, તોષ-આદિ મોક્ષના ઉપાય છે તેનું સેવન કરવું.

આ પ્રમાણે જોતાં તો જગત્માં જે નાના પ્રકારનાં વિષ છે, તે વિષ કરતાં વિષય છે તે મહા ઝેર છે; કારણ કે વિષ પ્રાશન કરનારનું તો એકજવાર મરણ થાય છે; પરન્તુ વિષયરૂપી ઝેરનો સ્વાદ લેનાર તો પુનઃ પુનઃ મરે છે. એ વિષયરૂપી મહા ઝેરના ઉપરથીજ સારા લાગતા સ્વાદવડે મનુષ્યો મોહ પામી લુબ્ધ થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ વિષયો છે, અને તે અત્યન્ત દુઃખ આપનારા છે. વિષના તો ઘણા ઉતાર છે, પણ વિષયરૂપી વિષનો તો એક પણ ઉતાર નથી. વિષયના કેફથી મનુષ્ય છતે કાને બધીર થઇ જાય છે, આંખ્યોથી દેખતો નથી, અને હૃદયભ્રમીત થઇ જાય છે, એટલે પછી તેને સન્માર્ગ મળતોજ નથી. આ ઉપરથી સમજવાનું માત્ર એ છે કે-સર્વ વિષ કરતાં મહાબળવાન્ વિષ, વિષય છે; માટે તેનો સંસર્ગ પણ કરવો નહિ.

શિષ્યે પુછયું કે—હે ગુરુ! લોકમાં સદૈવ દુઃખી કોણ છે? કારણ કે દુઃખ ત્રણ પ્રકારનાં છે. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક. તેમાં આધ્યાત્મિક દુઃખ બે પ્રકારનું છે. શારીરિક અને માનસિક તેમાં વાત, પિત્ત અને કફથી ઉત્પન્ન થયેલ શારીરિક અને કામ, ક્રોધ, લોભ, મોહ અને ઇર્ષ્યા થકી ઉત્પન્ન થતું માનસિક એ દુઃખ અન્તરોપાય સાધ્ય છે, અને બાહ્યોપાય સાધ્યના પણ બે પ્રકાર છે. આધિભૌતિક અને આધિદૈવિક તેમાં મનુષ્ય પશુ, મૃગ, પક્ષી વિગેરે સ્થાવર નિમિત્ત પ્રથમ યક્ષ, રાક્ષસ, પિશાચ,

વેશ, ગૃહપીડા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ–આદિ એ સર્વ દુઃખ છે, તેથી દુઃખી છે કે તે વગર બીજાં કોઇ દુઃખથી દુઃખી છે. આવા શિષ્યના પ્રશ્નનો ગુરૂ ઉત્તર આપે છે કે–હે શિષ્ય! વિષયમાં અનુરાગવાળો છે તે મહાદુઃખી છે, જે વિષવત્ મારનાર વિષયોમાં એટલે કે શબ્દ–આદિ પાંચ વિષયોને ભોગવવામાં અનુરાગવાન્ છે, કે અમુક ભોગ મન સદૈવ રહે; નાશ ન પામે એવી દૃઢ આસક્તિવાળો જે છે તે મહા દુઃખી છે. જેમકે પતંગ, માતંગ, કુરંગ, ભૃંગ અને મીન એ એકેક વિષયમાં જ આસક્ત છે તેથી તે દુઃખ ભોગવીને નાશ પામે છે, તો જે પાંચ વિષયમાં લુબ્ધાન્તઃકરણવાળો છે તે મહાદુઃખી છે, અને તે કદિપણ મુક્ત થતો નથી. જે ષટ્શાસ્ત્ર સમ્પન્ન હોય પણ જો તે વિષયમાં પ્રીતિવાળો હોય તો તે દુઃખી છે, માટે વિષયમાં પ્રીતિ કરવી નહિ. સ્ત્રીના આલિંગન સુખને, અગ્નિના આલિંગનના સમાન તુચ્છ ગણિને તેનો ત્યાગ કરવો જોઇએ, માટે દુઃખના કારણભૂત વિષયને વિષ સમાન જાણીને, તેનો ત્યાગ કરીને સુખી થા; અર્થાત્ જે વિષયાનુરાગી છે, તે મહાદુઃખી છે; કેમકે અન્ય સર્વ દુઃખનો ઉપચાર છે પણ વિષય જન્ય દુઃખનો કોઇપણ ઉપાય નથી; જેમ અસાધ્ય વ્યાધિવાળો મનુષ્ય મરણ સમીપમાં આવતાં અન્નજળનો ત્યાગ કરે છે તેમ વિષયી પુરૂષને પણ અન્ન કે જળ ઉપર રુચી થતી નથી. અહર્નિશ ચેન પડતું નથી. શરીર શુષ્ક થતું જાય છે. ભાન ભૂલી જાય છે, ઉદ્યમ સૂજતો નથી. વિદ્યાનું સ્મરણ થતું નથી. આ પ્રમાણે નાના પ્રકારના વ્યાધિઓ થતાં વિષયાનુરાગી બેચેન રહે છે, અને વિષયાનુરાગીના અન્તઃક-

રણમાં વિનય કે વિવેકને પ્રવેશ કરવાનો માર્ગ જ મળતો નથી. આવા પુરૂષો અનેક દુઃખયાતના ભોગવી, પશુ સદૃશ અનુસરી જન્મ-મરણના પ્રવાહમાં ઘસડાય છે. જન્મ-મરણના દુઃખની પાસે અન્ય દુઃખ કશીપણ ગણનામાં નથી. માટે વિષયમાં પ્રીતિ રાખવી નહિ; કારણ કે તેથી મહા દુઃખ થાય છે.

જે પરોપકારી છે તેને ધન્ય છે. જે અન્યને વસ્ત્ર, અન્ન-આદિ પરોપકાર વૃત્તિથી આપે છે, તે ધન્ય છે, પણ આ સ્થળે તો જે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ પરોપકારાર્થ કરે તે ધન્ય છે, એમ સમજવું (નોપકારાત્પરોધર્મ) એમ શ્રુતિમાં કહેલું છે, જે પરોપકારી છે તે લોકો તો જેમ વૃક્ષમાં ફળ આવતાં, ફળના ભારથી વૃક્ષ નમી જાય છે, તેમ નમ્ર હોય છે. કહ્યું છે કે:—

रत्नाकर:किंकुरुतेहिरत्नैर्विंध्याचल: किंकरिभि:करोति: ।
श्रीखंडखंडैर्मलयाचल: किंपरोपकारायसतांविभूति: ॥

श्रोत्रंश्रुतेनैवनकुंडलेनदानेनपाणिनतुकंकणेन ।
विभातिकाय:करुणापराणांपरोपकारैर्नतुचंदनेन ॥

રત્નાકર-સમુદ્રમાં રત્ન થાય છે, પણ રત્નાકર તેને શું કરે છે ? કાંઇ પણ નહિ, તેમ વિંધ્યાચળ પર્વત હાથીને શું કરે છે ? ચન્દનના ખંડથી મળયાચળને શું ? મહાત્માઓની વિભૂતિ પરોપકારાર્થ જ છે; એટલે કે રત્નાકર રત્ન અન્યને આપે છે; વિંધ્યાચળ હાથીને રહેવાનું આપે છે, ચન્દનના વૃક્ષ મળયાચળને સુગંધમય કરે છે. તેમજ કાનનું

ભૂષણ કુંડળ નથી; પણ બ્રહ્મવિદ્યાનું શ્રવણ કરવું તે કાનનું ભૂષણ છે, હાથ દાનથી શોભે છે; પરન્તુ કંકણથી નહિ, શરીર કરૂણાયુક્ત થઇ પરોપકાર કરવાથી શોભે છે, પણ ચન્દનથી નહિ, માટે પરોપકાર કરે છે તેને ધન્ય છે. આત્મને પુરાણમાં કહ્યું છે કેઃ—

अपकारिषु भूतेषु येभवत्युप कारिणः ।
तैःस्त मैविधृता सर्वा त्रिलोकी यज्ञ मंडली ॥

અપકારી પ્રાણીનો પણ જે ઉપકાર કરે છે. તેણે ત્રૈલોક્યના યજ્ઞમંડલીના સ્તંભને ધારણ કરેલ છે. સ્કન્દ પુરાણમાં પણ કહ્યું છે કેઃ—

परोपकरणं येषां जागर्तिहृदयेसताम् ।
विपदश्चैव नश्यंति संपदः स्युः पदेपदे ॥

જેના હૃદયમાં પરોપકાર વૃત્તિ જાગ્રત છે, તેની વિપત્તિ નાશ પામે છે અને તે પગલે પગલે સંપત્તિને પામે છે. જેમ પારદ પોતે નાશ પામીને પણ પ્રાણીને જીવન આપે છે. તથા દધીચિ ઋષિએ દેવતાઓને પોતાનું અસ્થિ આપ્યું તથા પક્ષીએ જેમ પોતાને ઘેર આવેલા વ્યાધને શરીર આપ્યું તથા જેમ શિબિરાજાએ કપોતના ઉપકારાર્થ પોતાનું માંસ આપ્યું. આ પ્રમાણે પરોપકાર કરનારને ધન્ય છે, સાંસારિક નાના પ્રકારના જે વ્યવહાર દર્શાવે તે પણ જો કે પરોપકારી કહેવાય છે, પણ વાસ્તવિક રીતે જોતાં તો આત્માનો જે થકી બોધ થાય તેવા બોધનું નામ પરોપકાર છે, કેમકે આત્માનો યથાર્થ બોધ થતાં મોક્ષરૂપ અલભ્ય

લાભ પ્રાપ્ત થાય છે; પરન્તુ અન્ય પરોપકારથી કોઇ વિશેષ શ્રેય થતું નથી, માટે જે દ્વારા મોક્ષપદ મળે એવાં આત્મજ્ઞાનનો બોધ કરનારો વાસ્તવિક રીતે પરોપકારી કહેવાય; જો કે આ પરોપકારના અન્તર્ગત અન્ય કેટલાક ઉપકાર છે, તે સર્વ આની સમાનતા કરી શકે તેમ નથી; કેમકે આત્મજ્ઞાનરૂપ ઉપકારથી ભવસાગરમાં પુનઃ આવવું પડતું નથી, માટે એવા જે ઉપકાર કરનાર છે તેને ધન્ય છે, અને તેનું જીવન સફળ છે.

જે તત્વમાં નિષ્ઠાવાળો પુરૂષ છે તે પૂજનીય છે; કારણ કે જે કર્મ કરનારા છે તે કરતાં તપસ્વી શ્રેષ્ઠ છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૩ ના શ્લોક ૨૧ માં શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું છે કેઃ—

यद्यदा चरति श्रेष्ठ स्तत्तदेवेतरोजनः ।
सयत्प्रमाणं कुरुते लोक स्तदनु वर्तते ॥

જે જે (કર્મ) શ્રેષ્ઠ પુરૂષો કરે છે તે તે (કર્મ) અન્ય પુરૂષો પણ કરે છે, તે [શ્રેષ્ઠ પુરૂષો] જેને પ્રણામ કરે છે તેને મનુષ્ય અનુસરે છે.

એટલુંજ નહિ પણ એ એકનું પૂજન કરવાથી આખું બ્રહ્માન્ડ પૂજાઇ જાય છે, તે માટે અષ્ટાવક્ર ગીતાના તત્વજ્ઞ સ્વરૂપ નામના સત્તરમા પ્રકરણના ૨ જા શ્લોકમાં કહ્યું છે કેઃ

नकदाचि जगत्यस्मिन् तत्त्वज्ञो हंत खिद्यति ।
यत एकेन तेनेदं पूर्ण ब्रह्मांड मंडलम् ॥

આ સંસારને વિષે આત્મતત્ત્વજ્ઞાની ખેદ પામતા નથી;

કારણ કે તેઓ સમજે છે કે, આખા જગતમાં પોતે વ્યાપક છે, તેથી તેને ખેદ નથી.

માટે એક તત્વનિષ્ઠના પૂજનથી આખા બ્રહ્માન્ડના પૂજન જેટલાં ફળની પ્રાપ્તિ થાય છે, તેમજ તેની સેવા તથા ભક્તિ કરવાથી મુક્તિ મળે છે. ગુરૂગીતામાં કહ્યું છે કેઃ

तस्य सर्व प्रयत्नेन भावभक्तिं करोति यः ।
सतत्व वित्तोषणेन मुक्तो भवति पार्वत्ति ॥

હે પાર્વતી! મન, વાણી અને શરીરથી જે તત્ત્વને જાણનારાની પ્રેમથી ભકિત કરે છે, તે તત્વજ્ઞાનીની પ્રસન્નતાથી મુક્ત થાય છે.

આ પ્રમાણે જ્યારે તત્ત્વવેત્તાની સેવા કરનાર જ્યારે મુક્ત થાય છે, તો પછી તત્વવેત્તા પોતે મુક્ત થાય તેમાં તો કહેવું જ શું? શિવગીતામાં પણ કહ્યું છે કેઃ—

ज्ञानियो दीयते किंचित्तत्कोटी गुणितं भवेत् ॥

જ્ઞાનિયોને જો કાંઇ થોડુંક આપીએ તો તે કરોડગણું થાય માટે જે તત્ત્વનિષ્ઠ છે તે પૂજનીય છે. આવા તત્વનિષ્ઠનાં આચરણ જાણવામાં આવતાં નથી, તેમ તેની મનોવૃત્તિ પણ જણાતી નથી. એવા પુરુષોનાં ઉચ્ચ-નીચ કર્મો તરફ દ્રષ્ટિ જ કરવી નહિ; કેમકે તેનો આધાર પ્રારબ્ધના ઉપર છે. જે મૂર્ખ છે તે તો મહા પુરૂષની વૃત્તિને જાણી શકતા જ નથી; કેમકે સર્વ જ્ઞાનીઓનાં કૃત્ય નિરનિરાળાં છે, અને વૃત્તિ સમાન હોય છે. જેમકે વસ્ત્રના કેટલાક કટકા ભિન્ન ભિન્ન રંગથી રંગેલા હોય તેના રંગમાં અને ભાતમાં ભિન્નત્વ જણાય છે, પરન્તુ તેના પરછાયામાં જરા પણ ફેર જણાતો નથી;

કારણ કે તે તો સર્વનો સરખો છે. તે પ્રમાણે જ જ્ઞાનીઓનાં કૃત્ય નિરનિરાળાં પણ વૃત્તિ એક જ હોય છે. તેઓના દેહની ચેષ્ટા ટળી જતી નથી, તેમ આ પ્રમાણે જ કરવું. તેનો તેઓ માટે કાંઇ વિધિ પણ નથી, તેઓને તો પ્રારબ્ધ જ્યાં સુધી અવશેષ રહેલ હોય ત્યાં સુધી શારીરિક ચેષ્ટા જેમ થવી હોય તેમ થયા કરે છે. દેહના પડવા પછી કાંઈ પણ નથી. જેમ વાયુથી પાંદડાં ડોલે છે તેમ જ્ઞાનીનો દેહ પ્રારબ્ધ હોય ત્યાં સુધી રહી ચેષ્ટા કરે છે. વિધિ જેને લાગતો નથી, એવા જ્ઞાની ઈચ્છાનુસાર અનુસરે છે. ઈચ્છાનુસાર વર્તાય એવી આત્મભોગરૂપ વિદ્યા જ્ઞાનિયોમાં રહેલી છે. આ ઉપરથી જ્ઞાનના નિમિત્તે રૂચ્યાનુસાર અનુસરવું એમ સમજવાનું નથી. કેમકે આધુનિકકાળમાં તો કેટલાક લેભાગુ દાંભિકો જ્ઞાનનો ડોળ કરી જાણી જોઈને ગમે તેમ અનુસરે છે. તેવા દાંભિકો ઉભય ભ્રષ્ટ થઈ નરકમાં પડે છે, માટે ઉત્તમ ધર્માનુસાર અધિકારીએ અનુસરવું જોઇએ; પરન્તુ મહાત્માઓના પ્રારબ્ધાનુસાર થયેલા વ્યવહારો ઉપર લક્ષ રાખવું નહિ; કેમકે તેમ લક્ષ રાખવા જતાં તો ભિન્નતા જ દેખાય; પણ તેઓની વૃત્તિઓ એક અધિષ્ટાનમાં જ રહે છે. જુઓ કે દુર્વાસા મહા ક્રોધી હતા, મહારાજા જનક રાગી હતા, શ્રીશુકદેવજી ત્યાગી હતા, શ્રી કૃષ્ણચન્દ્ર ભોગી હતા, અને વસિષ્ઠજી કર્મી હતા. આ પ્રમાણે તે જ્ઞાનીઓનાં દેહનાં કૃત્યો ભિન્ન ભિન્ન જણાતાં હતાં, છતાં પણ તેને બાધ ન આવવાનું કારણ એ છે કે–તેઓ આદર સહ જાણી જોઈને કરતા ન હતા, જાણી જોઈને જે કરે છે તે બન્ધનયુક્ત થાય છે, અને જે પૂર્ણતાને પામેલા છે તેવાઓ માટે તો ભગવદ્-

ગીતાના અધ્યાય ૩ ના શ્લોક ૧૭ માં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કેઃ—

यस्त्वात्म रतिरेव स्यादात्म तृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्ट स्तस्य कार्यं न विद्यते ॥

જે (પુરૂષ) આત્મસ્વરૂપમાં જ આનન્દિત છે, અને આત્મસ્વરૂપથી તૃપ્ત છે, અને આત્મામાં જ સન્તુષ્ટ છે, તેને કાંઇ પણ કર્ત્તવ્ય નથી.

આવા જે જ્ઞાનીઓ છે તેને કરવા કે ન કરવાનું કશું પણ રહેતું નથી, તેઓ તો આત્માનંદમાંજ મગ્ન રહી પ્રારબ્ધ પર્યન્ત શરીરને ભોગવે છે, આવો જે સત્પુરૂષ હોય તેને કોઇ વાતની તાણ હોતી નથી. અને તે જ સર્વાત્મા ઇશ્વરરૂપ છે, અને તેથી જ તેઓ પૂજનીય છે.

सर्वास्ववस्थास्वपि किं न कार्यं
किं वा विधेयं विदुषां प्रयत्नात् ।
स्नेहश्च पापं पठनं च धर्मः
संसारमूलं हि किमस्ति चिंता । १४ ।

અર્થ.

શિષ્ય—સર્વ અવસ્થામાં ન કરવા યોગ્ય કાર્ય શું ?
ગુરુ—સ્નેહ અને પાપ એ ન કરવાનાં છે.
શિષ્ય—પ્રયત્નપૂર્વક વિદ્વાનોએ શું કરવાનું છે ?

ગુરુ—બ્રહ્મવિદ્યાનું અધ્યયન અને ધર્મ.

શિષ્ય—સંસારનું મૂળ શું છે?

ગુરૂ—ચિંતા છે તે સંસારનું મૂળ છે.

વિવેચન.

સર્વ અવસ્થામાં મુમુક્ષુઓએ કોઇ પણ વિત્ત—આદિ વિષયમાં સ્નેહ કરવો નહિ; કારણ કે સ્નેહથી દુઃખ થાય છે 'સ્નેહ મૂલાનિ દુઃખાનિ' સર્વ શાસ્ત્રોનો એવો મત છે કે—સ્નેહ થકી જન્માદિ દુઃખ આવી પડે છે. શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કેઃ—

> नास्ति स्नेहः प्रसंगोवा कर्त्तव्यः क्वापि केनचित् ।
> कुर्वन् विंदेन संताप कपोत इव दीन धीः ॥

કોઇએ પણ સ્નેહ પ્રસંગ કદિ પણ કરવો નહિ; કેમકે સ્નેહ કરવાથી દીન કપોતના સમાન સંતાપ કરવો પડે છે.

> यःप्राप्य मानुषंलोकं मुक्तिद्वार मपावृत्तं ।
> गृहेषु खगवत्सक्त स्तमारुढ च्युतं विदुः ॥

મુક્તિના દ્વારરૂપ મનુષ્ય લોકને પામીને જે પક્ષીના સમાન ઘરમાં આસક્ત છે, તે અંધારામાં પડેલો છે એમ વિદ્વાનો કહે છે.

> स्नेह मूलानि दुःखानि स्नेहजाति भयानिच ।
> शोक हर्षो तथा यासः स्नेहात्सर्वं प्रवर्त्तते ॥
> स्नेहेन तिलवत् सर्वं सर्ग चक्रे निपीडयते ।
> तीलपीडै रिवाक्रम्यत् क्लेशैरज्ञान संभवैः ॥

દુઃખનું મૂળ સ્નેહ છે, સ્નેહથી ભય થાય છે, તથા

શોક હર્ષ વિગેરે સર્વ સ્નેહથી થાય છે. જેમ પાણીમાં તલ પીલાઇને તેલ નીકળે છે, તેમ સ્નેહથી તલના સમાન સર્વ પીલાય છે; અર્થાત પોડા પામે છે; માટે પુત્ર, પશુ, ધન, ધાન્ય વિગેરેમાં સ્નેહ કરવો નહિ. સ્નેહથી મુક્તિ થતી નથી. શ્રીમદ્ભાગવતના પંચમ સ્કન્ધમાં ભરત રાજાની કથા છે કે, મહારાજા ભરતને પણ મૃગના સ્નેહથી મૃગજાતિમાં અવતરવું પડયું હતું. બંધનનાં બીજાં ઘણાં કારણો છે. તો પણ દ્રઢ બન્ધન તો સ્નેહનું જ છે. કહ્યું છે કેઃ—

बंधनानि खलुसंति बहूनि प्रेमबंधनमहं बहुमन्ये ।
दारुभेद निपुणोपिषडं घ्रिर्निस्क्रयो भवति पंकजकोश ॥

બન્ધન જો કે ઘણાં છે; તો પણ પ્રેમનું બન્ધન છે તે મહા કઠિન છે. ભ્રમર ગમે તેવાં લાકડાંઓને કોતરી નાખવામાં નિપુણ છે, છતાં પણ પ્રેમથી કમળકોશમાં કેદ થઇ જાય છે, માટે પ્રમાદથી પણ સ્ત્રી, પુત્ર, ક્ષેત્ર, પશુ અને વિત્ત–આદિ બંધનકારક છે; એવું જાણી સ્નેહ ન કરવો તથા સર્વ અવસ્થામાં, સર્વ કાળમાં તથા દેશમાં પાપ કરવું નહિ.

બ્રહ્મહત્યા, સુરાપાન, સ્વર્ણસ્તેય અને ગુરૂની સ્ત્રી પ્રત્યે ગમન વિગેરે મહાપાપો છે. તે પાપના આ પ્રમાણે ભેદ છે. યજ્ઞનો ઘોડો, વૈશ્યનો વધ, શરણાગતનો વધ, રજસ્વલા કે ગર્ભિણી–આદિ સ્ત્રીનો વધ, ગુરૂનો દ્વેષ, નાસ્તિકતા, વેદનિંદા, કુશાસ્ત્રનું અધ્યયન, વિતંડાવાદ, વેદનો નાશ કરવો, ઇત્યાદિ પાપ બ્રહ્મહત્યા સમાન છે. અભક્ષ્યાભક્ષ્ય, વિપ્રવગર મિત્રનો વધ, પોતાના ઉત્કર્ષને અર્થે અનૃત ભાષણ, વેદનો ત્યાગ, વેદનિંદા ઈત્યાદિ પાપ મદ્યપાન તુલ્ય છે. રત્ન, મનુષ્ય,

સ્ત્રી, ગાય ઇત્યાદિનું હરણ કરવું તે સ્વર્ણસ્તેય સમાન છે. દીકરી, બેન, ભાણેજી, ગોત્રની કન્યા, પોતાના આચાર્યની સ્ત્રી, તેની પુત્રી, કાકા, મામા, નાના ઉપાધ્યાય, મિત્રની સ્ત્રી તથા તેની કન્યા, બ્રાહ્મણી, રાજશરખી, રાજાની રાણી, દીકરાની દીકરી, દીકરીની દીકરી, ઇત્યાદિના પ્રત્યે ગમન કરવું, તે ગુરૂ સ્ત્રીની સાથે ગમન કરવા સદૃશ છે, આ પ્રમાણેનાં સર્વ પાપોનો ત્યાગ કરી, પોતાના શ્રેયાર્થે પ્રમાદથી પણ પાપને રસ્તે ચડવું નહિ, પાપ છે તે નરકમાં નાખે છે, લોકમાં ધિક્કારને પાત્ર પાપ કરનાર થાય છે, ભારતમાં પણ ભગવાન્ શ્રી વેદવ્યાસજીએ દશ પ્રકારનાં પાપકર્મ કહ્યાં છે.

कायेन त्रिविधं कर्म वाचा चापि चतुर्विधं ।
मनसा त्रिविधं चैव दशकर्म पथस्त्यजेत्
प्राणाति पातस्ते यंच परदारा तथापिच ।
त्रीणि पापानि कायेन सर्वतः परिवर्जयेत् ॥
असत् प्रलापं पारुष्यं पैशुन्य मनृतं तथा ।
चत्वारि वाचा राजेन्द्र नजल्पेन्नानु चिंतयेत् ॥
अनभिध्या परस्त्रेषु सर्व सत्वेषु सौहृदं ।
कर्मपा फल मस्तीति त्रिविधं मनसा चरेत् ॥

કાયાના ત્રણ, વચનનાં ચાર અને મનનાં ત્રણ એમ દશ પ્રકારનાં પાપ છે. પ્રાણાતિપાત તથા પરદારા હરણ કે ગમન ઇત્યાદિ પાપ કાયાથી થાય છે તેનો ત્યાગ કરવો. મિથ્યાપ્રલાપ, પારૂષ્ય, પૈશુન્ય અને અનૃત ભાષણ એ ચાર

પાપ હે રાજેન્દ્ર ! વાચાથી થાય છે, માટે તે પાપ કરવાં પણ યોગ્ય નથી. અનભિધ્ય અને અન્ય સર્વમાં સર્વ પ્રકારે સોહ્રુદ રાખવું, વિગેરે મનના ત્રણ પ્રકાર છે. આ પ્રકારે કાયિક્, વાચિક્ અને માનસિક્ ત્રણ પ્રકારનાં પાપ છે.

આ પ્રમાણે સંસારનાં નાના પ્રકારનાં ઘણાં પાપ છે, તેમાં પણ કોઇ પણ પ્રાણીને સંસારમાં બન્ધન થઇ જાય તેવો ઉપદેશ કરવો તેના સમાન એક પણ પાપ નથી. બીજાં તો બન્ધન ઘણાં છે, પણ સાંસારિક બન્ધનના સમાન દુઃખજનક બંધન એક પણ નથી. માટે તેવા મહા દુસ્તર બંધનમાં કોઈ ફસાઇ જાય તેવો બોધ કરવો એ મહાન્ પાપ છે, માટે તેવા પાપથી સદૈવ ડરીને દૂર રહેવું.

બ્રહ્મપ્રતિપાદક સત્ શાસ્ત્રોનું શ્રવણ કરવું તે ધર્મ છે, અને તુચ્છ વિષય થકી ચંચળ મનનો નિરોધ કરવો, અને બ્રહ્મમાં બુદ્ધિને સ્થિર કરવી. સ્મૃતિમાં કહ્યું છે કેઃ—

पुराण मितिहासाश्च तथा ख्यानानिया निच ।
महात्मनां च चरितं श्रोतव्यं नित्य मेवते ॥

પુરાણ, ઈતિહાસ તથા આખ્યાનો, અને મહાત્માઓનાં ચરિત્રો નિત્ય શ્રવણ કરવાં.

(વેદો નિત્યમધીયતામ્) એ આચાર્ય્યનાં વચન તથા (શ્રુતિ પઠ ગુરોમૂંખાત્) એ પ્રમાણે વિદ્યારણ્ય સ્વામીએ પણ કહેલું છે. ઇજ્ય, અધ્યયન, દાન, તપ, સત્ય, ધૃતિ ક્ષમા અને અલોભ એ આઠ ધર્મના માર્ગ છે. એ ધર્મો મુમુક્ષુઓએ વિધિથી અનુસરવા જોઇએ એટલે કે કામનાવાળાઓ આયુ-

ષ્મિક ભોગને માટે અને નિષ્કામનાવાળાઓએ અન્તઃકરણની શુદ્ધિને માટે અનુસરવા જોઇએ. યજ્ઞ, દાન અને તપ—આદિ મનુષ્યને પવિત્ર કરનાર છે અને જ્ઞાન છે તે મનુષ્યનાં કરેલાં પાપને ક્ષય કરનાર છે. પાપના ક્ષયથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ થાય છે, માટે ઇશ્વરાર્પણ બુદ્ધિ કરી શ્રદ્ધાથી ધર્મનું આચરણ કરવું. યાજ્ઞવલ્કયે કહ્યું છે કેઃ—

कर्मणा मनसावाचा यत्नात् धर्म समाचरेत् ।

કર્મ, મન અને વાણીથી યત્નપૂર્વક ધર્મનું આચરણ કરવું. ભગવાને પણ ગીતાના ૩ અધ્યાયના ૧૯ મા શ્લોકમાં અર્જુનને કહ્યું છે કેઃ—

तस्मादसक्तः सततं कार्यं कम समाचर ।
असक्तो ह्याचरत् कर्म परमाप्नोति पूरुषः ॥

જ્ઞાનીને કર્મ કરવાનુ પ્રયોજન નથી, એટલા માટે તું કર્મોના ફળસંગ રહિત થઇ વર્ણાશ્રમના યોગ્ય નિરન્તર કર્મ કર્ય; અર્થાત્ કર્ત્તવ્ય કર્મ કર્ય. ફળની આકાંક્ષાથી રહિત થઇને કર્મ કરવાવાળો પુરૂષ પરમપદને પ્રાપ્ત થાય છે.

માટે જે સુજ્ઞ વિદ્વાન્ છે તે પ્રારંભથીજ ઉપર દર્શાવેલા સ્નેહ તથા પાપ એ બે મહાન્ દોષને દૂર કરે છે. એટલે સંસારમાં પોતે ફસાતો પણ નથી. અને તે બે દોષ સ્નેહ અને પાપ તેનો ત્યાગ કરી તે બે બદલ અન્ય બે બ્રહ્મવિદ્યાનો અભ્યાસ તથા ધર્મ તેને ગ્રહણ કરે છે, તત્વસારમાં બ્રહ્મવિદ્યા માટે કહ્યું છે કેઃ—

ब्रह्मविद्या महाविद्या सर्व दुःख प्रणाशिनी ।
अविच्छिन्न सुखान्नित्यं धार्यते ह्यात्मयोगिभिः ॥

બ્રહ્મવિદ્યા છે તે મહાવિદ્યા છે; કારણ કે તે સર્વ દુઃખનો નાશ કરનારી છે. અવિચ્છિન્ન સુખ આપનારી છે; માટે એ વિદ્યાને નિરન્તર આત્મયોગીઓ ધારણ કરે છે.

એ વિદ્યાની પ્રાપ્તિ ધર્મ પાળવાથી થાય છે. ધર્મ એટલે વર્ણાશ્રમોચિત્ અનુસરવું. મન કે વચનથી કોઇનું પણ અશ્રેય કરવું નહિ, ન્યાયથી વર્તવું; યમ-નિયમાદિક પાળવા, સત્ય અને સદાચારથી અનુસરવું, કહ્યું છે કેઃ—

अविरुद्ध मनोद्वेगं समभावं चराचरं ।

अह मम परित्यागः परोधर्मः सउच्यते ॥

કોઇથી વિરોધ કરવો નહિ, મનોદ્વેગ કરવો નહિ, ચરાચર સાથે સમભાવથી વર્ત્તવું, અહંતા મમતાનો પરિ-ત્યાગ કરવો એ ધર્મ છે માટે બ્રહ્મવિદ્યાનો અભ્યાસ અને ધર્મ પાળવો એ અગત્યનું કર્ત્તવ્ય કર્મ છે.

ચિંતા છે તે સંસારનું મૂળ છે. ચિંતા અવિદ્યાથી થાય છે, નાના પ્રકારના નામરુપાત્મક્ પદાર્થો ન મળ્યા હોય તે મળવાની ચિંતા, અને જો કદાચ મળ્યા હોય તો તેના સંરક્ષણની ચિંતા, આ પ્રકારે ઘણા પ્રકારની ચિંતા, આધિ, વ્યાધિ અને ઉપાધિના યોગે થાય છે. તેજ સંસારનું મૂળ છે. એ ચિન્તા જ્ઞાન થતાં નિર્મૂળ થઇ જાય છે. જ્યાં સુધી અજ્ઞાન હોય છે ત્યાં સુધી સર્વ થાય છે અને જ્ઞાન થતાં સર્વનો લય થઇ જાય છે. ચિંતા માટે પ્રથમ કહેવાઇ ગયું છે. તે ચિન્તા મનમાં થાય છે ત્યાં સુધી અજ્ઞાન છે, અને ત્યાં સુધી જ સંસાર પણ છે. જ્યારે ચિન્તા નિર્મૂળ થઇ કે સંસાર મટયો જ છે, એ ચિંતા અવિદ્યાથી થાય છે, અવિદ્યા છે તે જ પ્રપંચનું કારણ છે. તે અવિદ્યા નાશ થતાં બ્રહ્મની

પ્રાપ્તિ થાય છે. માટે સંસારમાં આવા નાના પ્રકારની દુઃખ-યાતના અનુભવવી ન પડે તે માટે ચિન્તાનો જે પ્રકારે નાશ થાય તેવા પગલાં ભરવા જોઇએ છીએ; કારણુ કે જ્યાં સુધી ચિન્તા છે, ત્યાં સુધી જ જન્મ-મરણુ છે, માટે વિવેકથી સત્ય-અસત્ય સમજી ચિન્તાનો ત્યાગ કરવો, અને ચિન્તા મટી તો પછી સંસાર પણુ મટયો. સંસારનું મૂળ કારણુ જ ચિન્તા છે, માટે સર્વથા તેનો ત્યાગ કરવો.

विज्ञान्महाविज्ञतमोऽस्ति को वा
नार्या पिशाच्या न च वंचितो यः ।
का शृंखला प्राणभृता च नारी
दिव्यं व्रतं किंच निरस्तदैन्यम् ॥ १५ ॥

અર્થ.

શિષ્ય—જ્ઞાનીનાં કરતાં પણ મહાજ્ઞાની કોણ ?
ગુરૂ—નારીરૂપ પિશાચિણીથી જે છેતરાયો ન હોય તે.
શિષ્ય—સર્વ પ્રાણીને બેડીરૂપ કોણ છે ?
ગુરૂ—સ્ત્રી બેડીરૂપ છે.
શિષ્ય—દિવ્ય વ્રત કયું કહેવાય ?
ગુરૂ—દીનપણું જેમાં ન હોય તે.

વિવેચન.

જે પુરૂષ પિશાચીતુલ્ય નારીથી છેતરાતો નથી, પ્રતા-

રિત થતો નથી અને સ્ત્રીને સ્વાધીન થઇ જતો નથી, તે મહાજ્ઞાની છે. સ્ત્રીનાં કર્મ પિશાચીના સરખાં જ છે. પિશાચી જેમ સકળ લોક શાસ્ત્રની મર્યાદાનો ત્યાગ કરી ઇચ્છાનુસાર વ્યવહાર કરે છે, તે સદૃશ સ્ત્રી પણ જડ છે, સ્ત્રી જેમ પિશાચી તુલ્ય છે, તેમ રાક્ષસી સદૃશ પણ છે. અવધૂતે કહ્યું છે કેઃ—

दर्शनाद्धरते चितं स्पर्शनाद्धरते बलम् ।
संभोगाद्धरते वीर्य्यं नारी प्रत्यक्ष राक्षसी ॥

દર્શનથી ચિત્તનું હરણ કરે છે, સ્પર્શથી બળનું હરણ કરે છે અને સંભોગથી વીર્યનું હરણ કરે છે. આ પ્રમાણે નારી પ્રત્યક્ષ રાક્ષસી છે. શ્રીમદ્‌ભાગવતગીતામાં પણ કહ્યું છે કેઃ-

किं विद्यया किं तपसा किं त्यागेन श्रुतेन वा ।
किं विविक्ते नमौनेन स्त्रीभिर्यस्य मनोहतम् ॥

સ્ત્રીએ જેના મનને હરેલું છે, તેથી વિદ્યાથી, તપથી, ત્યાગથી, શ્રવણથી, વિવિક્તથી કે મૌનથી શું ? અર્થાત્ કંઇપણ નહિ. માટે નારીથી જે ઠગાયો નથી તે મહાજ્ઞાની છે; પરન્તુ જે સ્ત્રીરુપ પિશાચણીથી છેતરાય છે તે ગમે તેવો વિદ્વાન્ હોય, વક્તા હોય, લેખક હોય, કવિ હોય, ચતુર હોય કે ગમે તેવો જ્ઞાનવાળો હોય છતાં પણ તે મહામૂર્ખ છે; કારણ કે સ્ત્રીના હાથમાં તે મદારીના માંકડા સમાન થઇ પડેલ છે, પણ જે સ્ત્રીના પંઝામાં ફસાતા નથી, તે સૌ કરતાં મહાજ્ઞાની છે; કારણ કે જ્ઞાનથી મુક્તિ મળે છે, અને સ્ત્રી સંગથી નરક પ્રાપ્ત થાય છે; માટે કલ્યાણની આકાંક્ષા રાખનારે ભૂલે ચૂકે પણ સ્ત્રી વશ્ય થઇ જવું

નહિ, સ્ત્રીનું જેટલું લાલન પાલન કરવામાં આવે છે તે પરિણામે પોતાનેજ હાનિકારક થઈ પડે છે, એટલે કે પોતાનાજ પગ ઉપર કુહાડો મારવા જેવું થાય છે. અને અંતે ખરાબખસ્ત થઇ જાય છે; એટલે કે તેની આબરુ જાય છે. કશો પણ ઉદ્યમ તે કરી શકતો નથી, દેહનું સાર્થક્ કરી શકતો નથી અને લોક લજ્જાથી સ્ત્રીના દબાણમાં દબાઇ જાય છે, અને તેથી ઉભય ભ્રષ્ટ થઈ જાય છે. અને ખૂણામાં બેસી અશ્રુપાત કરવો પડે છે; માટે પોતાનું કલ્યાણ ઇચ્છનારાએ કદિ પણ સ્ત્રીના વશ્ય થઇ જવું નહિ, તેને માત્ર મુત્રની ખાણ્ય જાણી તેનાથી દૂર રહેવું; કારણ કે સ્ત્રીરુપ પિશાચી એવી તો બળવાન્ છે કે—તે મોટા મોટા યોગીઓના મનને છેતરી લે છે. સ્ત્રીના પંઝામાં ફસાઇ અરે ! તે નીચ પિશાચણીના ખોટા પ્યારમાં લુબ્ધ થઈ યોગીઓ યોગભ્રષ્ટ થઈ જાય છે. રાજાઓ રાજ્યપાટ ત્યજીને ચાલ્યા જાય છે. અવંતિકા પતિ રાજર્ષિ ભર્તૃહરિનો દાખલો જગ પ્રસિદ્ધ છે. રાજ્યકારોબાર ચલાવવો, શાસ્ત્રાર્થ કરી મહાપંડિતોનો પરાસ્ત કરવો, ઉપદેશ આપવો, તથા અન્યના મનની શંકાનું સમાધાન કરવું એ સુગમ છે; પરન્તુ સ્ત્રીનું મન સમજાવવું એ મહા કઠિણ છે, તેમ તેનાથી છેતરાવું નહિ એ પણ અશકય છે, સ્ત્રી પોતાના પાપી પંઝામાં ફસાવવા નાના પ્રકારના પ્રપંચો રચવામાં મહાકુશળ હોય છે. આંખ્યોમાં આંસુ લાવવાં, દીન બની જવું, અને પતિના ખોટા સોગન ખાવા એ સ્ત્રીઓનું અગત્યનું કર્ત્તવ્ય કર્મ છે. આવી દુષ્ટ સ્ત્રીઓથી જે છેત-

રાતો નથી તે મોટો જ્ઞાની છે, સ્ત્રી પોતાની દુષ્ટ ધારણા પાર પાડવા માટે પતિ, પુત્ર, ભાઇ કે પિતા તેનો ઘાત કરવામાં પણ જરા અચકાતી નથી, માટે પોતાનું કલ્યાણ ઇચ્છનારાએ સર્વથા સ્ત્રીથી ચેતતા રહેવું જોઈએ. સ્ત્રી છે તેજ જન્મ-મરણને આપનાર છે, માટે સ્ત્રીના સંસર્ગથી જેમ બને તેમ દૂર રહેવું જોઇએ.

સ્ત્રી છે તેજ બેડીરૂપ છે. સ્ત્રી પોતાના કટાક્ષ, પ્રિય-ભાષણ અને આલિંગન વિગેરેથી પુરૂષને બાંધી લઇને ખરાબ-ખસ્ત કરી નાખે છે; એટલે કે અપકીર્તિનું પાત્ર કરાવી દે છે. ઋષ્યશૃંગઋષિ સરખા સ્ત્રીના પાશથી ખરાબખસ્ત થઇ ગયા છે. સ્ત્રીના પાશથી પ્રિયવ્રત રાજાના પુત્ર આગ્નિધ્ર, પુર્વચિત્તિ નામની અપ્સરામાં લુબ્ધ થઇ ઉપહાસ્યને પામ્યા હતા. આ પ્રમાણે સ્ત્રી બેડીરૂપ છે, માટે સ્ત્રીનો કે તેના સંગીનો કદિપણ સંગ કરવો નહિ. મોક્ષની ઇચ્છાવાળાને તો તેનો સંગ કલેશ આપનારો છે. સ્ત્રીરૂપ બેડીમાં ફસાય-લાએ મોક્ષેચ્છા સ્વપ્નમાં પણ રાખવી નહિ. શ્રીમદ્ ભાગવ-તમાં કહ્યું છે કેઃ—

> स्त्रीणां स्त्रीसंगिनी संगंत्वक्त्वा दूरत आत्मवान् ।
> क्षेमे विविक्त आसीन श्चिंतयेन्मामतंद्रितः ॥
> न तथास्य भवेत् क्लेशो बंधश्चान्य प्रसंगतः ॥
> योषित्संगा यथापुंसो यथातत्संगित संगन ॥

સ્ત્રીનો કે સ્ત્રીના સંગીનો સંગ ત્યાગીને, જે સુખ-પૂર્વક ઇશ્વરનું આરાધન કરે છે, તેને કલેશ થતો નથી; અર્થાત્

અન્ય પ્રસંગથી તેને બન્ધન થતું નથી. સ્ત્રીના કે તેના સંગીના સંગથી જેવું પુરૂષને બંધન થાય છે તેવું અન્યથી બન્ધન થતું નથી.

સ્ત્રી છે તે મનુષ્યનેજ બેડીરૂપ છે તેમ નથી; પણ પ્રાણી માત્રને સ્ત્રી છે તે બેડીરૂપ છે. બીજી ગમે તેવી બેડીઓ હશે, પણ તેનું દુઃખ સ્ત્રીરૂપ બેડીના કરતાં ઘણું ઓછું છે. સ્ત્રીરૂપ બેડીથી ઘણાઓના જીવના જોખમ થયેલ છે. કેટલાક ઘરબાર ત્યજીને ચાલી નિકળ્યા છે. હાથીને પકડનારાઓ ખાડ કરી ત્યાં કાગળની હાથણી કરીને ઉભી રાખે છે, એટલે હાથી હાથણીને જોઇ જેવો આવવા જાય છે કે તુરત જ ખાડામાં પડી બન્ધન પામે છે. કબુતર ઉંચું ઉડતું હોય તેને જો માદા દેખાડે છે એટલે તે પણ તુરત આવીને તેની પાસે બેસે છે. આ પ્રમાણે જોતાં કુતરાં, બિલાડાં, શિયાળ, ગધેડાં, બળદ, ઉંટ, ઘોડા, રોઝ, હાથી-આદિ સર્વ પશુ અને પક્ષી સ્ત્રીને આધીન થઈ જાય છે. સ્ત્રીના સમાન એક પણ બન્ધન નથી. આ પ્રમાણે મનુષ્યોને પણ સ્ત્રી બેડીરૂપ છે. ઉદ્યમાર્થે પરદેશ જાય તોપણ સ્ત્રીમાં પુરૂષનું મન બન્ધાઈ જાય છે. પરન્તુ સ્ત્રીનું મન એવું તો ચંચળ છે કે–તે દુષ્ટા ખરો પ્રેમ કોઇથી સાથે કરતી નથી, અને પુરૂષને તો સુતાં, ખાતાં, પિતાં, ઉઠતાં, બેસતાં, હાલતાં, કામ કરતાં, સભામાં બેઠેલ હોય ત્યાં કે મિત્રો પાસે વાર્ત્તા-લાપ કરી રહેલ હોય તો ત્યાં પણ ઘર અને સ્ત્રીનું સ્મરણ થયા કરે છે. સ્ત્રીરૂપ બેડીનું મહા આકર્ષણ છે. પુરૂષ યુદ્ધભૂમિમાં હજારો યોદ્ધાઓનો પરાજય કરનારો હોય છતાં પણ તે ક્ષણવારમાં સ્ત્રીથી પરાજય પામી તેના બન્ધનમાં

પડી જાય છે. પુરૂષ ગમે તેટલું દુઃખ હશે તો તે દુઃખ સહન કરવાનું માન્ય રાખી સ્ત્રી પાસે રહેવાની ઘણી જીજ્ઞાસા રાખે છે. કેદમાં લોઢાની બેડીઓ પેહેરેલી હોય, ખાવાને અનાજ ન મળતું હોય છતાં પણ જો ત્યાં સ્ત્રી પાસે હોય તો બેડીનું કે ક્ષુધાનું દુઃખ વિશેષ લાગતું નથી. આવી સ્ત્રીમાં મોહક શકિત છે, જીવને જોખમમાં નાંખનાર, અપયશ કરાવનાર, વડિલોના કીર્તિચન્દ્રને ઝાંખ લગાડનાર, આપ્ત મંડળમાં કલેશ કરાનનાર, અને જન્મ–મરણના ફેરામાં નાંખનાર સ્ત્રીજ છે. સ્ત્રીના બન્ધનમાંથી મુકત થવું મહા અશકય છે, લોઢાની બેડીથી કે લાકડાની હેડથી તો મનુષ્ય મુકત થાય છે, પણ જો સ્ત્રી અને દ્રવ્ય–આદિમાં બંધાયો હોય તો તે છૂટવા પામતોજ નથી. સ્ત્રીરૂપ બેડીનું આવું મહાબળ છે. સ્ત્રીરૂપ બેડીનું આવું બળવત્તર બન્ધન છતાં વળી કેટલાક મૂર્ખાધિરાજો બીજી સ્ત્રી કરે છે. તે પરિણામે મહા કલેશ પામી, અપયશના પાત્ર થઈ, પોતાના જીવનની હાનિ કરે છે, એ સ્ત્રીરૂપ બેડીની સાથે વળી પુત્ર અને દ્રવ્યની બેડીનું બન્ધન લાગે છે, તે માટે દત્તાગીતામાં કહ્યું છે કેઃ—

कुटिला दंभ संयुक्ता सत्यशौच विवर्जिता ।
केनापि निर्मिता नारी बंधनं सर्व देहिनाम् ॥

ખળપણાથીજ ભરેલી, મિથ્યાધર્મવાળી, જેમાં પવિત્રતા કે સત્યતાનો યતકિંચિત્ પણ અંશ નથી, એવી અને સર્વ પ્રાણીઓના બંધનરૂપ નારી કોણે નિર્માણ કરેલી હશે ?

આવી બન્ધનરૂપ સ્ત્રીને અજ્ઞાન દશામાં નિભોગી લોકો દેખતાજ નથી. અન્ય બન્ધનોથી તો થોડેઘણે કાળે મુક્ત

થવાય છે, પણ સ્ત્રીના બન્ધનથી તો ચોરાશીલક્ષ યોનીનાં દુઃખો ભોગવવાં પડે છે. માટેજ સ્ત્રી છે તે બેડીરૂપ છે. આ સ્ત્રીરૂપ બેડીમાં પશુ તો પોતાનું હિત વિચારવાની શકિત ન હોવાથી બન્ધાય છે, પણ મનુષ્યને તો તેવી શકિત છે છતાં પણ એ બન્ધનમાં આનંદથી બંધાય છે. જેમ કે કમળમાં સુવાસ લેવાની ઇચ્છાથી ભ્રમર જાય છે, પણ સૂર્યાસ્ત સમય કમળ સંકોચાતાં તે સુવાસના લોભથી ન ઉડતાં અંતે તેમાં કેદ થઇ મરણને શરણ થાય છે, તેમ સ્ત્રીરૂપ બેડી દુઃખદાયક છતાં ભોગ વિલાસાદિકની ઇચ્છાથી અન્ય દુઃખને ન ગણકારતાં પુરૂષ તેના પંઝામાં સપડાઈ અનેક નરક યાતનાના દુઃખોનો અનુભવ કરે છે. માટે બન્ધનમાં ખરૂં બન્ધન સ્ત્રી છે, તે બન્ધનમાં જે ફસાય નહિ તે જ ભાગ્યશાળી છે.

દીનપણાં રહિતનું જે વ્રત તે દિવ્યવ્રત કહેવાય છે; એટલે કે સ્ત્રીને આધીન ન થઇ જવું, એજ દિવ્યવ્રત છે. કહ્યું છે કેઃ—

दैनस्यनाशःकथितंसतांव्रतंदैन्येघृतेनश्यतिसद्गुणाय ॥

દીનતાથી સર્વવ્રત નાશ પામે છે. અને દીનતાથી સદ્‌ગુણ તથા બુદ્ધિ પણ નાશ પામે છે. દીનપણાની નિવૃત્તિને અર્થે શ્રીમદ્‌ ભાગવતમાં પરમહંસ શિરોમણી શ્રી શુકદેવજીએ વિસ્તારસહ દર્શાવેલ છે. દીનપણાનો જેણે ત્યાગ કરેલો છે, તેણેજ ઉત્તમ વ્રત કરેલું છે. જેનું મન પરમાત્મામાં તલ્લીન થઇ ગયું છે, તેને કોઇની પણ દીનતા કરવી પડતી નથી; કારણ કે તેને તો અન્ય પ્રયાસ

કરવાની અગત્ય નથી, તેને પાત્રાદિકની જરૂર નથી. દિશા રૂપી તેને વસ્ત્ર હોવાથી વસ્ત્રની અગત્ય નથી. ગુફા રહેવાને હોવાથી તેને ઘરની અગત્ય નથી; છતાં કેટલાક લોકો શા માટે ધન થકી ઉન્મત્ત થયેલાઓ પાસે દીનતા કરે છે? એ દીનતા સ્ત્રીને આધીન હોય છે તે જ કરે છે; કેમકે સ્ત્રીને આધીન થયેલાને બોધ થતો જ નથી, અને તેનાં જ્ઞાન, કીર્ત્તિ, વિદ્યા અને તેજનો લય થાય છે, અને તે મહા દીન થઈ જાય છે. જેના મનનો સ્ત્રીએ પરાજય કરેલો છે, તેનું સર્વ નિષ્ફળ છે; અર્થાત્ તેની વિદ્યા, તપ ત્યાગ, શાસ્ત્રશ્રવણ, એકાન્ત અને મૌન સર્વ નિરર્થક છે, અને જે સ્ત્રીના હાથમાં ફસાયો નથી, તેનું જ્ઞાન, કીર્ત્તિ, વિદ્યા અને તેજની અતીવૃદ્ધિ થાય છે. અને તે સત્પુરૂષોના ઉપદેશ દ્વારા ઉત્તમ બોધને પામે છે, માટે જેમાં દીનતા નથી એવો સદાચાર અને બ્રહ્મચર્ય વ્રત પાળવું; કારણ કે તેથી મોક્ષ થાય છે, અને તેજ દિવ્યવ્રત છે, કેમકે સદાચાર અને બ્રહ્મચર્યથી જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને આત્મજ્ઞાન વગર મોક્ષ થતો નથી; માટે મોક્ષની જીજ્ઞાસા રાખનારાએ ઉપર દર્શાવેલા દિવ્યવ્રતનું આચરણ કરવું.

ज्ञातुं न शक्यं हि किमस्ति सर्वै-
र्योषिन्मनो यच्चरितं तदीयम् ॥
का दुस्त्यजा सर्वजनै दुराशा
विद्याविहीनः पशुरास्ति को वा ॥ १६ ॥

અર્થ.

શિષ્ય—કોઈથી પણ જાણી ન શકાય એવું શું છે ?

ગુરૂ—સ્ત્રીનું મન અને તેનું ચરિત્ર.

શિષ્ય—કોઇથી ત્યાગ ન થઇ શકે તેવું શું છે?

ગુરૂ—દુરાશા-ભુંડી આશા.

શિષ્ય—પશુ કોણ કહેવાય ?

ગુરૂ—વિદ્યાવિહીન છે તે પશુ છે.

વિવેચન.

સ્ત્રીનું મન અને ચરિત્ર એ કોઈથી જણાતાં નથી. આ જગતમાં બુદ્ધિમાન, મૂર્ખ, વિદ્વાન અને વિચારવાન્ એમ ઘણા પુરૂષો છે, પરન્તુ સ્ત્રીના મનની અને તેના ચરિત્રની ખબર કોઇને પડતી નથી. સુરાસુર પણ સ્ત્રીના મનને અને ચરિત્રને જાણતા નથી, તો મનુષ્ય કયાંથી જ જાણે ? જ્ઞાની પુરૂષો માયાને, ત્રણ ગુણને અને ચૌદ લોકને જાણે છે, પણ તેઓ સ્ત્રીના ચરિત્રને જાણી શકતા નથી, કે જે અનર્થના મૂળરૂપ છે, સ્ત્રીનું મન અને ચરિત્ર જાણવામાં આવતું ન હોવાથી જ મોટા મોટાઓ તેમાં ભૂલાવો ખાઈ ગયા છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કેઃ—

शरत्पद्मोत्सवं वक्त्रं वचश्च श्रवणामृतम् ।
हृदयं क्षुरधाराभं स्त्रीणां को वेद चेष्टितम् ॥

કમળનાં સરખું મુખ, અને વચન કાનને અમૃત સમાન સ્ત્રીનાં હોય છે; પરન્તુ હૃદય અસ્ત્રાની ધારના જેવું

તીક્ષ્ણ હોય છે. સ્ત્રીના ચરિત્રને કોઇ જાણે તેમ નથી. ભારતમાં પણ કહ્યું છે કેઃ—

ऋषीणांच नदीनांच कलानांच महात्मनां ।
प्रभवो नाधिगंतव्यः स्त्रीणां दुश्चरित सच ॥

સ્ત્રીના મન અને ચરિત્રને દેવાસુર જાણવાને પણ સમર્થ નથી. એના અવગુણ વિષે શિવપુરાણમાં કહ્યું છે કે—

अनृतं साहसं माया मूर्खत्व मतिलोभता ।
अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः ॥

અનૃત ભાષણ, ઢોંગ કરવો, વગર વિચારે કરવું, જૂઠી માયા બાંધવી, મૂર્ખપણું, અતિલોભ, અપવિત્રપણું અને નિર્દયપણું એટલા સ્ત્રીઓમાં સ્વાભાવિકજ દોષ હોય છે.

સ્ત્રીઓને કોઈપણ પ્રિય હોતું નથી. સ્ત્રીઓને માત્ર પોતાનો સ્વાર્થજ પ્રિય હોય છે. ભાગવતમાં કહ્યું છે કેઃ—

न हि कश्चित् प्रियः स्त्रीणा मंजसा ससखात्मकं ।
पितरं पुत्र भ्रातं वा घातये द्वापितान् त्येजेत् ॥

સ્ત્રીને કોઇપણ વાહાલું નથી. સ્ત્રી પોતાના સ્વાર્થને માટે પિતાને, પુત્રને, પતિને, મિત્રને અને ભાઇને પણ મારી નાખે છે.

સ્ત્રીઓના જે દોષ છે તે દોષ કોઇના શિખવવાથી આવતા નથી; પરન્તુ તે સ્વભાવજન્ય હોય છે. તેથી તે અનર્થના પાત્રરુપ છે, અને તેથીજ તેનાં ચરિત્ર પણ જણાતાં નથી. સદ્‌ગુણુથી સુયશ સંપાદન કરનારી સ્ત્રીઓ જગતમાં ભાગ્યેજ હશે; પરન્તુ તેની તો ખબર પડતીજ નથી. વિદ્વાનો પણ એ વાતમાં અભિમાન રાખતાજ નથી.

આજની કુલટાઓ તો વ્યભિચારમાં કુશળ હોય છે. પતિ સાથે પ્રાપંચિક યુકિતઓથી રમવું તેને જુઠું સાચું સમજાવી તેના ખોટા સોગન ખાઇ નિચ જાતિના પુરૂષો સાથે વ્યભિચાર કરવો. અરે ! વ્યભિચારને માટે પોતાની સંતતિની પણ દરકાર રાખવી નહિ, લાજની પણ દરકાર રાખવી નહિ, અને સ્વચ્છન્દપણે અનુસરવું એમાંજ કુશળ હોય છે. આવી કુલટાઓનાં ચરિત્રને અને મનને જાણવું મહા અશકય છે. આવી કુલટાઓ યારના અને પોતાના એટલે કે પરસ્પરના ખોટા પ્યારમાં ફસાઇ ઉભય ભ્રષ્ટ થાય છે. મદીરાપાન કરે છે, અભક્ષ્યાભક્ષ્ય કરે છે, ગાડીની મોજ માણવા અને વાડીઓનાં બંગલાઓમાં એશઆરામ કરવા કીર્તિની દરકાર ન રાખતાં પતિને સૂતો મૂકી ચાંદનીમાં ઉઘાડી ગાડીમાં યારની સાથે દુસાલા ઓઢીને ફરવા નિકળે છે. રાતનીરાતો યારસાથે ગુજારે છે અને પ્રભાતે આવી પતિને જુઠું સમજાવે છે. આવી નિંદ્ય જે સ્ત્રી તેનાં ચરિત્રને કોઈ પણ જાણી શકતું નથી. સ્ત્રીઓ વિષે મહર્ષિ તુલસીદાસજી કથી ગયા છે કેઃ—

नाक छिनाया क्षणिकमें, रति कनक के काज;
तुलसी त्रिया के बदनमें, कहां शरम कहां लाज.

રતિ સુવર્ણને માટે ક્ષણમાં નાક કપાવે છે, એટલે કે કાંટો પહેરવા માટે નાકમાં છિદ્ર પાડે છે, કે જે નાક સાડાત્રણ મણની કાયામાં સર્વ માન્ય ગણાય છે. કહેવત છે કે–દશ શેરનું મસ્તક જજો, પરન્તુ નવટાંકનું નાક જશો નહિ, તેમજ વળી લોકોમાં કોઇ કાંઇ નિંદ્ય કર્મ કરે

તો કહેવાય છે કે—અમુકનું નાક કપાયું. આ પ્રમાણે માત્ર રતિ સુવર્ણને માટે જે નાક કપાવે છે, એવી સ્ત્રીઓના શ-રીરમાં મહર્ષિ તુલસીદાસજી કહે છે કે—શરમ અને લાજ કયાં છે ? અર્થાત્ નથી, માટે તેવી સ્ત્રીઓનો સર્વથા ત્યાગ કરવો. વળી કહ્યું છે કે:—

पनघट गया शुं पनघटे, पनघट वाको नाम;
तुलसी कबहु न जाइए, पण हार्युंके धाम.

સ્ત્રીઓ વાવ, કુવા કે તળાવ—આદિએ પાણી ભરવા જાય છે, તે સ્થળ લોકોમાં પનઘટ કહેવાય છે. તે પનઘટ ઉપર ગયાથી મનુષ્યનું પણ—વજન ઘટે છે, કારણ કે તેનું નામ જ પનઘટ છે. મહર્ષિ તુલસીદાસજી કથે છે કે પણ—વચનને હારિ જનાર જે સ્ત્રી તેના ધામ પ્રત્યે કદિ પણ જવું નહિ. અર્થાત્ સ્ત્રી છે તે જુઠું બોલનારી છે. તેનો પ્યાર જુઠો, તેનું વચન જુઠું અર્થાત્ તેનું સર્વસ્વ જુઠું છે, માટે જે પણ—વચનને હારનાર છે તેનો કદિ પણ કલ્યા-ણની જીજ્ઞાસા રાખનારે ભૂલે ચૂકે પણ વિશ્વાસ કરવો નહિ; કારણ કે પતિ જો કદાચ દેવદર્શન જતાં કે અન્ય કાર્ય પ્રસંગે બાહાર જતાં સાથે હોય, તો તેની નજર ચૂકાવીને પણ યાર સાથે સંકેત કરી લે છે, વા ધીમેથી કાંઈ પરસ્પર બોલે છે. જો કદાચ દૈવયોગે તે વાર્ત્તા પતિના જાણવામાં આવી જાય તો તુરત બિચારા વિશ્વાસે ભોળા એવા પતિના જુઠા સોગન ખાતાં જરા પણ આંચકો ન ખાતાં કુલટા, પતિને સોગનથી પોતાનો વિશ્વાસ બેસાડે છે. તેવી દુષ્ટાઓ યારની મરજી સાચવવા જેટલી તત્પર રહે છે તેનો સતાંશ ભાગ પતિની

મરજી જાળવતી નથી. દેવ મંદિરમાં જેમ નિયમીત દર્શન થાય છે. તેમ યારનાં દર્શન કરવા ઘરનું કામકાજ છોડીને નિયમસર જાય છે, જો કદાચ કાંઇ વાંક બદલ પતિ સહજ પ્રહાર કરે, તો મહાકોલાહલ મચાવી મુકે, અને યાર જોડેથી અભિષેક કરે, તો તે સહન કરે આવી કુલટાઓના ફંદામાં ન ફસાવવાની પૂર્ણ કાળજી રાખવી; કેમકે સ્ત્રીનું ચરિત્ર અને મન કોઇ જાણી શકતું નથી, કારણ કે સ્ત્રી ઉપરથી ધાર્મિકનો ડાળ દર્શાવવા દેવમંદિરે જાય, નદીએ સ્નાન કરવા જાય, અધિક માસમાં સ્નાન, ધ્યાન અને દર્શન કરે, દાનપુણ્ય કરે, પણ એ સાથે નવીન યાર સાથે નવીન પ્રેમ બાંધવાની યોજના પણ સાથે લાગી કરતી જ રહે; અર્થાત્ નર—નારાયણનાં દર્શન કરવા જતાં નરની શોધમાં તલ્લીન રહે, અને જો કોઇ બેનપણી જડી જાય તો તેના ઘરમાં યાર સાથે વાર્તાલાપ કરવા બેસે છે. માટે તેવી પ્રપંચની પુતળીરૂપ સ્ત્રીથી સાવચેત રહેવાની અત્યાવશ્યકતા છે; કારણ કે સ્ત્રી છે તેજ સર્વ અનર્થનું મૂળ છે, કેમકે સ્ત્રીઓ પોતાનાં પૂજ્ય મા—બાપને વાતચિત્તમાં લગાડી તેની નજર ચૂકાવી વા તેને આડું અવળુ સમજાવી યાર સાથે નિંદ્ય કર્મ કરવા જરા આંચકો ખાતી નથી કદાચ જો તે વાર્ત્તા વડિલોના જાણવામાં આવે, તો તુરત કહેશે કે એતો મારી બેનપણીનો વર છે, મારી બેનપણી સુવાવડે ગઇ છે, તેને શું સાંપડયું છે ? તે પુછતી હતી, વા કહેશે કે મારી બેનપણી પાસે ગઇ હતી, ત્યારે મારો રેશમી રુમાલ ત્યાં ભૂલી ગઇ હતી, તે લેવા જવાનું પુછતી હતી કે તમે ક્યારે મળશો. મતલબ કે આ પ્રમાણે સાચાં જુઠાં કહીને ભેળવે છે; અર્થાત

સ્ત્રી કોઇની થઇ નથી, અને થવાની પણ નથી; કારણ કે પતિને પીઅરમાં જવાનું કહી, રસ્તેથી અન્યના ઘરમાં પ્રવેશ કરે છે, અને જો ભોગજોગે પતિ તેની ચિકિત્સા જોતો જોતો જાય અને કહેશે કે અહિં કેમ પધાર્યા છો ? તો તુરત કહેશે કે હું તો ઘર ભાડે આ બેનને આપવું છે, તેથી આપણે માટે જોવા આવી હતી. તે વખતે પતિ જો કદાચ કહે કે એ સર્વ તારૂં ડહાપણ જાણ્યું; એટલે તો તુરત આંખમાં આંસું લાવી અને સાધ્વીનો ડોળ દેખાડવા કહેશે કે—હવેથી અશ્વમેધ યજ્ઞ મારા પિયરમાં હશે તો પણ જઇશ નહિ, તમને મારે માટે વહેમ ગયો નહિ, મારો તો તમારા ઉપર પ્રેમ છે, હવે ઘરથી બાહાર પણ જઇશ નહિ. પ્રાણનાથ તમે કહેશો તેમ કરીશ. પણ તે તેનું સર્વ જુઠું સમજવું. બિચારો ભોળો પતિ તેની આંખમાં આંસુ જોઇ તેના બોલવા ઉપર વિશ્વાસ રાખે કે તુરત બીજે દિવસેજ પાછો બાહાર જવાનો દુરાગ્રહ લઇ બેસવા સ્ત્રી ચૂકેજ નહિ. તેમજ તેવી અર્ધદગ્ધ સ્ત્રીઓ જો કદાચ થોડુંઘણું લખતાં વાંચતાં જાણતી હશે તો તે પોતાનાં અધુરાં ભણતરનો યારને કાગળ લખવામાં ભ્રષ્ટ ઉપયોગ કરે છે. યારની ઇચ્છાથી ફોટોગ્રાફ પણ પડાવે છે. આ પ્રમાણે સ્ત્રીઓનાં ચરિત્ર અપાર છે, તેથી તેને કોઇપણ જાણી—શકતું નથી. મોટા મોટા મહર્ષીઓ પણ ભૂલાવામાં પડે છે.

દુરાશા ત્યજી શકાય તેમ નથી, સ્ત્રી, ધન—આદિ ક્ષણભંગુર પદાર્થ સંબંધી જે દુરાશા છે તે દુસ્ત્યજ છે. સ્ત્રી, દ્રવ્ય, સ્વાદ, ભોગ—આદિની આશા સર્વ જનોને

ત્યજવી અશક્ય છે. આ જગતમાં જેટલા નામ રૂપાત્મક પદાર્થો છે, તે સર્વનો ત્યાગ થઇ શકે છે, પણ એક દુરાશાનો ત્યાગ થઇ શકતો નથી. જે મિથ્યા આશા બાંધવી એજ દુરાશા છે. તે દુરાશા જ્યાંસુધી ઇન્દ્રિય અને મન વસ્ય થયેલ નથી, ત્યાં સુધીજ થાય છે. શ્રી પૂજ્યપાદ શંકરાચાર્ય ભગવાને કહ્યું છે કેઃ—

अग्रेवह्नि: पृष्ठे भानू रात्रौ चिबुक समर्पित जानुः ।
करतल भिक्षा तरुतलवास स्तदपिन मुंचत्याशापाशः ॥

આગળ અગ્નિ બળતો હોય, પાછળથી સૂર્યનો તાપ લાગતો હોય, રાત્રે શ્વાન કુંડલી કરીને-ગોઠણ પેટ તરફ વાળીને સુતો હોય, હાથમાં ભિક્ષા કરતો હોય અને ઝાડ નિચે સુતો હોય, એવો તપસ્વી પણ આશા પાશને છોડતો નથી.

જે પુરૂષે આશાને પાછળ મુકી નિરાશપણાનું ગ્રહણ કર્યું છે તેજ સઘળું ભણ્યો છે, તેણેજ સકળ શ્રવણ કર્યું છે અને તેણેજ સર્વ કર્યું છે. ગમે તેટલો વિદ્યાભ્યાસ કર્યો હોય, ગમે તેટલાં શાસ્ત્રોનું શ્રવણ કર્યું હોય અને ગમે તેવાં સુકૃત્યો કર્યા હોય, પણ જ્યાં સુધી આશાનો પરિત્યાગ કર્યો નથી, ત્યાં સુધી સર્વ વૃથા છે; કારણ કે એક આશા સર્વને નિષ્ફળ કરી નાખે છે. ભાગવતમાં કહ્યું છે કેઃ—

यादुस्त्यजा दुर्मतिभि र्जीर्यतो यान जीर्यते ।
ता तृष्णा दुःख निवहां शर्म कामो द्रुतं त्यजेत् ॥

મઠારી બુદ્ધિવાળાઓથી તે તજાતી નથી, અને શરીર

ઘસાતાં પણ તે ઘસાતી નથી, તે દુઃખને આપનારી તૃષ્ણાનો કલ્યાણની ઇચ્છાવાળા પુરૂષે ત્યાગ કરવો.

જેણે જગતને મોહ પમાડનારી આશારૂપ સર્પિણીને જીતેલી છે, તેને આ જગતમાં ધન્ય છે, તેજ પુણ્યને ભોગવવાવાળા છે, અને તેજ કલેશરૂપ સમુદ્રના પારને પામ્યા છે.

આ ઉપરથી સમજવાનું એ છે કે—આશા એવી બળવાન્ છે કે, ઘરબાર—આદિનો ત્યાગ કરીને ચાલી નિકળનારથી પણ આશા છોડાઇ શકાતી નથી. એ આશાનો પરિત્યાગ મહા કઠિણ છે. એ આશાનો જે ત્યાગ કરે છે, તેજ આત્મસ્વરૂપને જાણે છે. માટે ભવસાગરથી પાર થવાની જીજ્ઞાસા રાખનારે સર્વથા આશાનો ત્યાગ કરવા, શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું છે કેઃ—

आशाहि परमं दुःखं नैराश्यं परमं सुखं ।

આશા તેજ પરમ દુઃખ છે, અને નિરાશા છે તે પરમ સુખ છે.

જગત્માં જો કે અન્ય પશુઓ તો ઘણાં છે, પણ જે વિદ્યાવિહીન છે તેજ ખરો પશુ છે. વિદ્યા બે પ્રકારની છે એક પરા અને બીજી અપરા. તેમાં અપરા વિદ્યા અનેક સંશયને છેદી નાખે છે, તે વિદ્યા વગરનો જે છે તે પશુ છે; કારણ કે પશુ જેમ આહાર, નિદ્રા અને મૈથુન—આદિને માત્ર જાણે છે; પરન્તુ પોતાના શ્રેય સાધનને જાણતું નથી. તે પ્રમાણેજ શાસ્ત્રના જ્ઞાન વગરનો જે મનુષ્ય છે, તે માત્ર ઉદર ભરવાવાળો પોતાનું હિતાહિત જાણતો નથી. શાસ્ત્રના જ્ઞાન વગરનું જીવન શોભતું નથી, અને વિદ્યા વગરનો મનુષ્ય પુછડાં વગરનો પશુ છે. કહ્યું છે કેઃ—

शुनःपुच्छ मिवव्यर्थं जीवितं विद्ययाविना ।
नगुह्य गोपेन दक्षं न च दंश निवारणे ॥
रुप यौवन संपन्ना विशालं कुल संभवाः ।
विद्या हीना न शोभंते निर्गंधा इव किंशुका ॥

કુતરાનું પુછડું જેમ વ્યર્થ છે, તેમ વિદ્યા વગરનું જીવન પણ વ્યર્થ છે; કારણ કે જેમ કુતરાની પુછડી તેના ગુહ્ય સ્થાનને ઢાંકતી નથી અને મચ્છરને પણ ઉડાડી શકતી નથી, તેમ વિદ્યા વગરનો મનુષ્ય પગ પોતાનું શ્રેય કરી શકતો નથી. રૂપ, યૌવનથી સંપન્ન હોય, વિશાલ કુલ હોય, પણ વિદ્યા વગર શોભતો નથી.

અને ' અહં બ્રહ્માસ્મિ, અય માત્મા બ્રહ્મ, તત્ત્વમસિ, ત્વં વાહ મસિ ' ઇત્યાદિ કરવું તે પરાવિદ્યા છે; એટલે કે તેઓ શ્રુતિ પ્રતિપાદિત બ્રહ્માત્મૈક્ય વિષય જ્ઞાનથી વિહીન છે; કારણ કે તેઓ માત્ર શબ્દ બ્રહ્મને જ જાણે છે. તે માત્ર તેઓનો શ્રમજ છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે જે વિદ્યા વગરનો છે, તે જો કે ઘાસ ખાતો નથી, તેને શિંગડાં કે પુછડું નથી; તો પણ તે પશુ સદૃશજ છે. જગતમાં જે નાના પ્રકારની વિદ્યાઓ છે, તેમાં બ્રહ્મવિદ્યા સર્વોત્તમ છે. જો બ્રહ્મવિદ્યાનો બોધ થયો ન હોય, તો બીજી જેટલી વિદ્યાનું જ્ઞાન થાય તે સર્વ નકામું છે. આકૃતિથી મનુષ્ય શરીર હોવાથી પશુના સદૃશ જણાય નહિ; પણ તે પશુ જ છે; કારણ કે બ્રહ્મવિદ્યાને જાણનાર અને ન જાણનારાઓમાં ઘણો ફેર

છે. જેમ એક સાકરનો કટકો છે અને એક બીજો ફટકડીનો કટકો છે. જો કે તે બેય દેખાવમાં સમાન છે; પરન્તુ તેના સ્વાદમાં ઘણો અંતર છે. ઉંદરની લીંડી અને લીંડીપીપર જો કે દેખાવમાં કેટલેક અંશે સમાન છે, પણ તેના સ્વાદમાં અને ગુણમાં ઘણો તફાવત છે. આ પ્રમાણે વિદ્વાન્ અને અવિદ્વાન્માં ઘણો તફાવત છે. જ્યારે તેના મુખમાંથી વાણી નિકળે, ત્યારે બેયની પરીક્ષા થઇ જાય છે. જ્યાં સુધી બોલે નહિ ત્યાં સુધી એકદમ ખબર પડવી અશકય છે. ગમે તેટલી વિદ્યા ભણ્યો હોય, પણ જો તે બ્રહ્મવિદ્યાને જાણતો ન હોય, તો તેને સ્વસ્વરુપની ખબર પડતી જ નથી. અને તેની સમ-વિષમ દૃષ્ટિ મટતી જ નથી. માટે જ બ્રહ્મવિદ્યા વગરનાને પશુનું રૂપક આપેલું છે. જેમ એક પશુને બાંધીને તેના પાસે લાખો રૂપિયાની કિમ્મતનું ઝવેરાત લઇ જાઓ, તો તેને કાંઇ પણ થતું નથી અને તે તેના ગુણને અને મૂલ્યને જાણતું નથી, પણ જો ઘાસ નાખ્યું હોય, તો તે તુરત ખાઇ જાય છે અને જો તેમાંથી એક તણખલું કદાચ ઉપાડયું હોય, તો તે મારવા દોડે છે. આનું કારણ કાંઇ નથી માત્ર તેને સત્યાસત્ય સમજવાનું જ્ઞાન હોતું નથી; તેમજ વિદ્યા વગરના માણસને પણ સત્યાસત્ય સમજવાનું જ્ઞાન હોતું નથી, માટે જ તે વિદ્યા વગરનો પશુ છે.

वासो न संगः सह कैर्विधेयो
मुर्खैश्च पापैश्च खलैश्च नीचैः ।
मुमुक्षणा किं चरितं विधेयम्
सत्संगति र्निर्ममतेश भक्तिः ॥ १७ ॥

અર્થ.

શિષ્ય—વાસ અને સંગ કોની સાથે ન કરવો ?
ગુરુ—મૂર્ખ, પાપી, ખળ અને નીચ સાથે કરવો નહિ.
શિષ્ય—મુમુક્ષુઓએ કરવાનું અને આચરવાનું શું છે ?
ગુરુ—સત્પુરુષની સત્સંગતિ, મમતારહિતપણું અને ઈશ્વર ભક્તિ.

વિવેચન.

મૂર્ખ, પાપી, ખળ અને નીચ પુરૂષોનો સંગ કરવો નહિ; કારણ કે તેઓ દેહ-આદિમાં અહં બુદ્ધિવાળા છે. તેઓ ક્રૂર છે. નિર્દય છે. ઇશ્વરના ભકતોની નિંદા કરવાવાળા છે. પરાયા સરસવના દાણા જેવડાં ઝીણા છિદ્રો-દોષોને નિરખે છે અને પોતાના વિલાં જેવડા મોટા દોષને જુએ છે; છતાં પણ તે પ્રત્યે દુર્લક્ષ દાખવે છે. તેવા નીચ શિશ્ન અને ઉદર પોષણમાં જ પરાયણ હોય છે, માટે તેવા દુર્જનોનો સંગ મુમુક્ષુએ પ્રમાદ થકી પણ કરવો નહિ; કારણ કે તેઓના સંગથી ધર્મ, આચાર અને બુદ્ધિનો નાશ થઇ જાય છે, અને તે થતાં નરકની પ્રાપ્તિ થાય છે. ભારતમાં કહ્યું છે કેઃ—

असतां दर्शनात्स्पर्शात्संजल्पाच्च सहासनात् ।
धर्माचाराः प्रहीयंते सिद्धांतिच न मानवाः ॥
बुद्धिश्च हीयते पुंसां नीचः सह समागमात् ।
मध्यमै र्मध्यतां याति श्रेष्टतां याति चोतमैः ॥

ખળના દર્શનથી, સ્પર્શથી તથા ભાષણથી ધર્મ, આચાર વિગેરેનો નાશ થાય છે, અને મનુષ્ય સિદ્ધતાને પામતો નથી; અર્થાત શુદ્ધાન્તઃકરણ યુક્ત થતો નથી. નીચના સમાગમથી બુદ્ધિનો નાશ થાય છે, મધ્યમના સમાગમથી મધ્યતાને પામે છે અને શ્રેષ્ઠના સમાગમથી ઉત્તમતાને પામે છે.

નીચનો સંગ અવશ્ય પાપબુદ્ધિ કરાવી નરકમાં નાખનાર છે. રાજર્ષિ ભર્તૃહરી પણ કથી ગયેલ છે કેઃ—

वरंपर्वत दुर्गेषु भ्रान्तं वनचरैः सह ।
न मूर्खजन संपर्कः सुरेन्द्र भवने ष्वपि ॥

(જંગલીઓ સાથે પર્વત–આદિમાં વિચરવું, એ ઉત્તમ છે. પરન્તુ સ્વર્ગમાં પણ મૂર્ખનો સંગ ઉત્તમ નથી.)

પર્વતનાં ન જઈ શકાય તેવાં સ્થાનોમાં, જંગલી જાનવરો સાથે ફરવું એ ઉત્તમ છે, પણ સ્વર્ગમાં મૂર્ખ માણસનો સંગ ઉત્તમ નથી, સારાંશ કે મૂર્ખ મનુષ્યનો સંગ સર્વથા તજવો જોઇએ. વાસિષ્ઠ સારમાં પણ કહ્યું છે કેઃ—

यस्मिन्देशेहि तत्त्वज्ञो नास्ति सज्जन पादपः ।
सफलः शीतल च्छायो न तत्र दिवसं वसेत् ॥

જે દેશમાં તત્ત્વને જાણનારો ફળથી ભરેલો અને શીતળ છાયાવાળો સજ્જનરૂપ વૃક્ષ ન હોય, ત્યાં કદિ પણ નિવાસ કરવો નહિ.

આ ઉપરથી સમજવાનું માત્ર એ છે કે–ગમે તો હજારો શીતળછાયાવાળાં વૃક્ષો હોય; પુષ્કળ લાભ મળતો હોય, આપ્ત મંડળ હોય, પણ જો ત્યાં સજ્જનરૂપી વૃક્ષ ન હોય, તો કદિ પણ કલ્યાણ થતું નથી; પણ જ્યાં સજ્જનો નિવાસ કરતા હોય, તેવા દેશમાં રહેવું; કારણ કે ત્યાં નિવાસ કરવાથી સુખ મળે છે. કહ્યું છે કેઃ—

सदा संतोऽभिगंतव्या यद्यप्युप दिशंतिनो ।
याहि स्वैर कथास्तेषा मुपदेशा भवंतिता : ॥

ઉપદેશ કદાચ ન કરતા હોય; તો પણ સત્પુરૂષો પાસે જવું, કેમકે તેઓનો અમથો જે વાર્ત્તાલાપ હોય છે, તે પણ ઉપદેશ રૂપ થઇ પડે છે.

સજ્જનોની સામાન્ય વાતો પણ સુબોધ આપનારી હોય છે, કેમકે તેવા પુરૂષો રાજાની, નાત–જાતની, દ્રવ્ય ઉપાર્જન કરવાની, કે સ્ત્રી વિગેરેની નકામી કુથલી કરતા જ નથી, એ તો નિરન્તર શ્રેય થાય એવીજ વાર્તા કર્યા કરે છે. માટે મૂર્ખ, પાપી, ખળ અને નીચના સંગથી સર્વથા દૂર રહેવું, અને જ્યાં સજ્જન મંડળ હોય ત્યાં જવું. જે શાસ્ત્રના અર્થને યથાર્થ જાણતો હોય, પરન્તુ શાસ્ત્રના લેખ અનુસાર સાધન કરતો ન હોય, તો તે મૂર્ખ છે, જે સર્વ શાસ્ત્રનું જ્ઞાન ધરાવતો હોય, ગુરૂનું પદ ધારણ કરીને બેઠો હોય, શિષ્યને ઉપદેશ કરી રહ્યો હોય કે–અમુક ખોટું છે એમ જાણો અને પછી કરતા હો તે કરો. માત્ર મિથ્યા છે એટલું જાણી લેવું એજ કામ છે. તે શિષ્યના મનમાં ઠસાવવા જે દ્રષ્ટાન્તના શ્લોક ઉપરાચાપરી કથી શિષ્યને

અવળે માર્ગે દોરે તે પાપી છે; કારણ કે સાધન, ધર્મબુદ્ધિ અને શ્રેષ્ઠ આચરણ વગર જ્ઞાન થાય જ નહિ, અને જ્ઞાન થયા વગર મોક્ષ થાય જ નહિ. તેમજ ઉત્તમ કર્મ વગર ઉત્તમ ગતિ મળે નહિ, છતાં પણ જે ઉત્તમ માર્ગથી શિષ્યને ખસેડી નાખે છે, અને તેની વાસનાને જે નિર્મૂળ કરતો નથી, એ કાંઇ નાનુ સરખું પાપ નથી. એટલા માટે જ તે પાપી કહેવાય. જે મહન્તપણાનો ડોળ ઘાલીને બેઠો હોય, અન્તરમાં દ્રવ્ય સંપાદન કરવાની વૃત્તિ હોય અને સામાનું અશ્રેય થાય તો ભલે પણ આપણે તો પૈસા લ્યો કે જેથી આપણો નિર્વાહ ચાલે છે, એવા વિચારથી જે ગૃહસ્થોને ગમે તેવો ઉપદેશ આપે છે, અને તે ઉપદેશદ્વારા દ્રવ્ય એકઠું કર્યા કરે છે તે ખળ કહેવાય છે; કારણ કે જે ખળ હોય તે મોઢેથી કાંઈક વાતો કરે અને મનમાં વળી કાંઇક બીજુંજ ધાર્યું હોય, જે પુરૂષ સર્વ વિદ્યાથી સંપન્ન છતાં પણ જો તેમાં યતકિંચિત પણ કામ હોય, તો તે નીચ કહેવાય; કારણ કે જરા પણ કામ હોય તો તેમાંથી તે મેરૂ જેટલો મોટો થઇ પડે છે. અને એ કામ વધતાં ક્ષરીરનાં કૃત્ય શરીર કરે છે. આપણને શું, એવો નીચ વિચાર આવતાં નીચ કામ થયા વગર રહેજ નહિ, માટે તે નીચ કહેવાય છે. શ્રી ભગવાને પણ નરકનાં ત્રણ પ્રકારનાં દ્વારમાં કામને પ્રથમ ગણેલ છે, ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રે, ગીતાના અધ્યાય ૧૬ ના એકવીસમા શ્લોકમાં અર્જુનને કહ્યું છે કેઃ—

त्रिविधं नरकस्येदं द्वारं नाशन मात्मनः ।
कामः क्रोधस्तथा लोभ स्तस्मादेत त्रयं त्यजेत् ॥

કામ, ક્રોધ અને લોભ એ ત્રણય આત્મસ્વરૂપના નાશક તથા નરકના હેતુ છે; માટે એ ત્રણયેનો તું ત્યાગ કર્ય.

કામ, ક્રોધ અને લોભ એ ત્રણયે નરકમાં લઇ જનાર છે. એ ત્રણેયમાં કામ છે, તે સર્વથી પહેલું નરક દ્વાર છે; માટે પ્રથમતઃ કામનો જ નાશ કરી નાખવો અને તેને ઉત્પન્ન થવાનાં જે કારણો છે તેને અટકાવવાં. શ્રી ભગવાને કહ્યું છે કે—' સંગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધાભિજાયતે ' સંગથી કામ થાય અને કામ થયો એટલે ક્રોધ પણ થાય, માટે પ્રથમથી જ સંગ કરવો જ નહિ. જે સંગ કરે છે તે કામી થાય છે, અને જે કામી થાય છે તે મહાપાપી છે. અહિં કોઈ શંકા કરે કે—જો કોઇ અભણ હોય તો તેમાં તો તેવા દોષ હોય, પણ ભણેલામાં મૂર્ખપણા—આદિના દોષ શી રીતે ઘટે ? એ શંકાનું સમાધાન કે—જેઓ અભણ છે, તે તો વગર સમજથી કરે છે, અને જે હઠીલા હોય છે, તે તો કોઇ સારૂં દર્શાવે તો પણ કરતા નથી. અને કેટલાક કહેવાથી નઠારા આચરણનો ત્યાગ કરે છે, પણ જેઓ ભણેલા છે તે તો અન્યનું માને નહિ, તેમ પોતાને ગમ પડે નહિ. જાણે તે પ્રમાણે અનુસરે નહિ, અને અન્ય દીન મનુષ્યને સંસારના અંધારા કુવામાં નાંખે છે; માટે વાસ્તવિક્ રીતે વિચાર કરી જોઇએ છીએ તો તેવાજ ખળ, મૂર્ખ, નીચ અને પાપી છે; કેમકે તેઓ પોતાના હિત માટે અને અન્યને ઉત્તમ બોધ આપવાને વિદ્યા શીખેલા હોય, તે વિદ્યાનો ગેર ઉપયોગ કરનારને જે કહીએ તે થોડું છે. માટે તેવા અન્યને બુડાડનારને પાપી, ચાંડાલ

સદૃશ સમજી તેનો સંગ કરવો નહિ, પણ જેણે ઉત્તમ વિદ્યા સંપાદન કરેલ હોય, જેનાં રૂડાં આચરણ હોય, અને જે પ્રમાણે પોતે કલ્યાણનું સાધન જાણી અનુસરતા હોય, તેજ પ્રમાણે અન્યને બોધ કરતા હોય તેવા સજ્જનોનો સમાગમ કરવો, કે જેથી વ્યવહાર અને પરમાર્થ સુધરતાં જન્મ-મરણનો ફેરો ટળે છે.

સત્સંગ કરવા વિષે, મમતા રહિત થવા વિષે તથા ઇશ્વર ભક્તિ વિષે પ્રથમ વિવેચન થઇ ગયેલું છે, જેથી આ સ્થળે ટુંકામાં એટલું જ જણાવવાની અગત્ય છે કે-એ સર્વ શ્રેયનાં સાધન કરાવે, વ્યાવહારિક પ્રપંચથી અને સાંસારિક દુઃખોથી મુકત કરાવે, અને પરમ નિવૃત્તિની પ્રાપ્તિ કરાવે, એવા સત્પુરૂષોના સમાગમનું નામ સત્સંગ કહેવાય. જેઓ સત્પુરૂષો હોય છે તે એવાજ હોય છે; તો પણ આ સ્થળે આ પ્રમાણે લખવાનો હેતુ એ છે કે-જગત્માં બુદ્ધિ કૌશલ્યવાળા પુરૂષો પુષ્કળ વિદ્યા અને વેદ શાસ્ત્ર જાણે છે, અને એ જાણીને મનુષ્યોને સંસારમાં બોળે છે, તેવાઓને જો કદાચ કોઇ કાંઇ કહેવાને જાય તો ઉપરાચાપરી દ્રાષ્ટાંતિક શ્લોકો બોલી પંડિતાઇ દર્શાવી ગાળી પ્રદાન કરી, આંખ્યો વિંચીને 'અહં બ્રહ્માસ્મિ' એ પ્રમાણે બોલે; પરન્તુ અન્દર તો સેંકડો પ્રપંચ ભરેલા હોય તેથી કોઇનું કહેવું તો માનેજ નહિ, અને કહેનારને મૂર્ખમાં ગણીને પોતે જેમ કરતા હોય તેમ કર્યા કરે છે. અને અજ્ઞાની કરતાં પણ વિશેષ વ્યાવહારિક પ્રપંચ ડોળે, આવા દાંભિકોના ઉપરના દેખાવથી મોહ પામીને મૂલ ન ખવાય એ માટે સત્પુરૂષોનું

ઓળખાણ કરાવવાને તેના સંગનું ઓળખાણ કરાવવા આટલા ઉદ્દગારો કાઢવા પડયા છે. કદાચ કોઈ શંકા કરે કે એવા દાંભિકો આધુનિક કાળમાં થયા છે કે-પૂર્વથી જ તે ક્રમ ચાલતો આવે છે, તો તેનું સમાધાન કે-એવા મિથ્યાજ્ઞાનિયો જયારથી જગત્ થયું છે ત્યારથી ચાલ્યાજ આવે છે. જેમ શરીર ઉત્પન્ન થાય છે, ત્યારે તેમાં-આદિ ઉત્તમ દ્વાર તે સાથે જ ઉત્પન્ન થાય છે અને મળોત્સર્ગ કરવાનું નઠારૂં દ્વાર પણ સાથે જ ઉત્પન્ન થાય છે, તેમ જ્ઞાનિઓ જગતમાં થાય છે, તે સાથ જ મિથ્યાજ્ઞાનિઓ પણ ઉત્પન્ન થાય છે, માટે એવા મિથ્યાજ્ઞાનિઓ કે જેઓ સાધન વગર જુઠી જુઠી વાતો કરે છે, તેવાઓનો સર્વથા સંગ ત્યજી દેવો. એવાઓનો સંગ કલ્યાણકારક નથી, તે વિષે અપરોક્ષાનુભૂતિમાં કહ્યું છે કેઃ—

कुशला ब्रह्मवार्त्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेऽप्य ज्ञानितयानूनं पुनरायांति यांति च ॥

જે પુરૂષો કેવળ બ્રહ્મની વાત કરવામાં જ કુશળ છે, જેઓની વૃત્તિ ક્ષણમાત્ર બ્રહ્માકાર થતી નથી, તથા જેઓ વિષયમાં પ્રીતિવાળા છે, તે પુરૂષો મોહોટા અજ્ઞાની છે, તેથી આ સંસારમાં તેઓ પુનઃ પુનઃ જન્મે છે તથા મરણ પામે છે; તાત્પર્ય એ છે કે-બ્રહ્માકાર વૃત્તિ કર્યો વગર કેવળ બ્રહ્મની વાતો કરવાથી કાંઈ શ્રેય થતું નથી.

આવા ઉપરથી ડોળ દર્શાવનારા અને હૃદયમાં વિષયો જેને ભરેલા છે, તેવાઓ સંગ કરવો યોગ્ય નથી. કહ્યું છે કેઃ—

सांसारिक सुखासक्तं ब्रह्मज्ञोस्मीति वादिनम् ॥
बह्मकर्मोभय भ्रष्टं तंत्यजेदंत्यजं तया ॥

સાંસારિક્ સુખમાં આસકત અને મુખથી હું બ્રહ્મ છું, એમ મુખથી બોલનારો છતાં બ્રહ્મથી અને વર્ણાશ્રમોચિત કર્મથી ભ્રષ્ટ થયેલ હોય, તેનો ચાંડલના સદૃશ ત્યાગ કરવો.

આવા સાંસારિક્ સુખમાં પુષ્ય અને બ્રહ્મજ્ઞાનથી તથા કર્મથી ભ્રષ્ટ થએલા પુરૂષો અન્ય સંગ કરનારાઓનું શું શ્રેય કરી શકનાર છે? કારણ કે તેઓ પોતાનું કશું પણ શ્રેય કરી જાણતા નથી તો અન્યનું તે શું શ્રેય કરનાર છે? તેવાઓ તો અંતે દુઃખયાતના અનુભવે છે. કહ્યું છે કેઃ–

यस्याभिमानं मोक्षेपी देहेपी ममतातथा ।
न वा ज्ञानी न वा योगी केवलं दुःखभागसौ ॥

જે પુરૂષને હું મુકત છું એવું અભિમાન હોય અને વળી દેહમાં પણ મમતા હોય, એ પુરૂષ જ્ઞાની કે યોગી નથી. એ તો માત્ર ક્લેશ ભોગવનારો જ છે.

દેહમાંથી જેને મમતા ટળી નથી, અને હું મુક્ત છું એવા ડોળ ઘાલુઓ મમતાનો અને અભિમાનનો જ્યારે નાશ કરી શકયા નહિ ત્યારે તેઓ અન્યને શું સુબોધ આપશે? જ્યાં સુધી પોતે પોતાના દુઃખમાંથી નિવૃત્ત થયો નથી, ત્યાં સુધી તે અન્યને દુઃખમાંથી શી રીતે કાઢી શકશે? માટે એવા દાંભિકોની પાસે જવું એ જ યોગ્ય નથી. મિથ્યાજ્ઞાનીનો ડોળ દર્શાવનારા અને મુખથી બોલનારા જગતમાં પુષ્કળ છે, પરન્તુ વાસ્તવિક્ જ્ઞાન

તો પૂર્વના સંસ્કાર હોય તો કોઇ સમયેજ મળી આવે છે કહ્યું છે કેઃ—

बुभुक्षुरपि संसारे मुमुक्षुरिव लक्ष्यते ।
भोगमोक्ष निराकांक्षी विरलोहि महाशयः ॥

જેને સાંસારિક વિષયોપભોગ કરવાની જીજ્ઞાસા હોય, એવો પુરૂષ મુમુક્ષુ સદૃશ લાગે છે ખરો; પરન્તુ જેને ભોગ અને મોક્ષ એ ઉભયમાં ઇચ્છા ન હોય એવા મોટા મનવાળા પુરૂષ જગત્માં વિરલ છે.

ભોગ ભોગવવાની હૃદયમાં જીજ્ઞાસા ઘણી હોય; પરન્તુ તે ભોગ મળતા ન હોય, તેમજ મેળવી શકાય તેટલી શકિત પણ ન હોય એવા બુભુક્ષિત્ પુરૂષો પણ મુમુક્ષુઓના સદૃશ થઇને વિચર્યા કરે છે; પણ તેને વાસ્તવિક મુમુક્ષુ સમજવા નહિ, જે ખરેખરા મુમુક્ષુઓ હોય છે, તેવાઓની સંખ્યા તો ઘણી થોડી હોય છે, અને તેથી સત્સંગ થવો પણ મહા અશકય છે. શ્રીમદ્ભાગવદ્ ગીતાન અધ્યાય ૭ માના શ્લોક ત્રીજામાં ભગવાને અર્જુનને કહ્યું છે કેઃ—

मनुष्याणां सहस्रेणु कश्चिद्यतति सिद्धये ॥
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ।

હજારો અધિકારીમાં કોઈ રૂળ સિદ્ધિ પર્યન્ત યત્ન કરે છે, યત્ન કરતા એવા તે હજારો યોગીયોમાં તત્ત્વથી મને તો કોઈક જ જાણે છે.

આ પ્રમાણે સિદ્ધિને અર્થે યત્ન કરનારા તો જુજ

હોય છે અને તેઓમાં પણ ઇશ્વરનું સ્વરૂપ જાણનારો તો કોક જ હોય છે. એવા પુરૂષો તો અન્યના સમાન સ્થળે સ્થળે ભટકતા નથી; માટે સારી રીતે ઓળખીને પછી સત્સંગ કરવો, કે જેથી કલ્યાણ થાય. આ પ્રમાણે એક તો સત્સંગ કરવો, અને બીજી મમત્વ રહિત થઇ ઇશ્વર ભકિત કરવી. તે ભકિતના તામસી, રાજસી અને સાત્વિકી એ પ્રમાણે ત્રણ પ્રકાર છે. તેમાં હિંસા, દંભ, માત્સર્ય ઇત્યાદિથી જે ભકિત કરવી તે તામસી, અને વિષય, ઐશ્વર્યના ઉપદેશથી જે ભકિત કરવી તે રાજસી તથા પાપનો નાશ થવા માટે જે ભકિત કરવી તે સાત્વિકી ભકિત કહેવાય છે. જે દેવની આપણે ભકિત કરતા હોઇએ તે દેવ પ્રમાણે જ અન્ય દેવને જાણવા પણ એકને ભારે અને એકને હલકો એમ કદિ પણ જાણવું નહિ. અને વૃથા વિવાદ પણ કરવો નહિ, કારણ કે નામ રૂપ તો સર્વ કલ્પેલાં છે, પરન્તુ તેમાં જે ચૈતન્ય રહેલું છે, તે અખંડ અને સરખું છે; માટે ઉપરના નામ માત્રથી તાણ ખેંચ કરવી નહિ. જેને જે નામ રૂપ ઉપર શ્રદ્ધા હોય તેણે તેની જ ભકિત કરવી. પરન્તુ હરિ અને હર વગર અન્ય કોઇ દેવની ભકિત કરવી તે વિધિ પૂર્વક ભકિત કહેવાતી નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૯ માના શ્લોક ૨૩ માં ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રે અર્જુનને કહ્યું છે કેઃ—

येप्यन्य देवता भक्ता यजंते श्रद्धयान्विताः ।
तेपिमामेव कौंतेय यजंत्य विधिपूर्वकम् ॥

હે કૌન્તેય! જે અન્ય દેવતાઓના ભકત, શ્રદ્ધાવડે

કરીને અન્ય દેવતાઓને પૂજે છે, તેઓ પણ મારૂંજ પૂજન કરે છે; પરન્તુ તે વિધિપૂર્વક કરતા નથી કેમકે મારાં સ્વરૂપને જાણતા નથી.

આ પ્રમાણે હરિ–હર વગર જે ભક્તિ કરવી, તે વિધિ વગરની છે; માટે વિધિપૂર્વક કરનારાએ હરિ–હરની જ ભક્તિ મમતા રહિતની કરવી. શિવગીતામાં પણ શ્રીસદાસીવજીએ પણ ઉપર દર્શાવેલો શ્લોક શ્રી રામચન્દ્રજી પ્રત્યે કહેલો છે અને ત્યાં પણ અન્ય દેવતાની ભક્તિ વિધિ વગરની છે એમ જ કહેલું છે. કદાચ હરિ અને હર વગર અન્ય દેવની ભક્તિ કરવા આકાંક્ષા થાય તો તેમાં કાંઇ પણ હરકત નથી, કારણ કે જેવા દેવની ભક્તિ કરવામાં આવે છે, તેવાજ ફળની પ્રાપ્તિ થાય છે; પરન્તુ એક ઈશ્વરની ભક્તિ છે તે સર્વોત્તમ ભક્તિ છે, પણ તે સર્વોત્તમ ભક્તિ સાથે સર્વ પ્રકારે અભિમાનનો ત્યાગ કરવો અને સત્પુરૂષોનો સત્સંગ કરવો કે જેથી જન્મ–મરણ ટળે.

लघुत्वमूलं च किमर्थितैव
गुरुत्वबीजं पद्याचनं किम् ।
जातोस्ति को यस्य पुनर्न जन्म
को वा मृतो यस्य पुनर्न मृत्युः ॥ १८ ॥

અર્થ

શિષ્ય—હલકાઇનું મૂળ શું ?

ગુરૂ—અર્થિપણું-માગણપણું તે.

શિષ્ય—મોટાઈનું બીજ-મળ શું ?

ગુરૂ—પોતાનું પદ માગવું તે.

શિષ્ય—ઉત્પન્ન થયો કોણ કહેવાય ?

ગુરૂ—જેનો પુનઃ જન્મ થતો નથી તે.

શિષ્ય—મુવેલો કોણ કહેવાય ?

ગુરૂ—જેનું ફરીને મરણ ન હોય તે.

વિવેચન.

માગવું એજ હલકાઇનું મૂળ છે. માગવાથી પુરૂષના મહત્વનો નાશ પામે છે; ચૌદ લોકના નાથ શ્રી ભગવાનને પણ બલિરાજાને ઘેર માગવા જવું હતું, તેથી વામન રૂપ ધારણ કરી હલકું થવું પડયું હતું. માટે માગવું એ હલ- કામાં હલકું છે, છતાં પણ જેઓ ભ્રમર ગજન્યાય થકી તિરસ્કાર થયા છતાં પણ ‘આપો આપો’ એમ યાચના કરે છે, તે શ્રી, હ્રી, ધી, ધૃતિ અને કીર્તિ એ પાંચેના ત્યાગના પાત્ર થાય છે; અર્થાત્ એ પાંચે તેની પાસેથી પલાયન કરી જાય છે; કેમકે ભ્રમરને હાથી કાનથી મારે છે, છતાં પણ તે મારને ન ગણકારતાં ગંધના લોભથી આકૃષ્ટ ચિત્ત થઈ હાથીના ગંડસ્થળ પ્રત્યે જાય છે, તેમ યાચક પણ ભ્રમણ ગ- જન્યાય પ્રમાણે જો અનુસરે તો ઉપર દર્શાવેલ શ્રી-આદિ પાંચે તેની પાસેથી છ પાંચ ગણી જાય છે. તેઓને પ્રાર- બ્ધાધીનથી જો વિત્ત-આદિ પદાર્થ મળે છે; તો પણ તે સંતોષ પામતો નથી. માટે હલકામાં હલકું યાચવું એ છે.

જે પ્રારબ્ધાનુસાર મળે તે જો અલ્પ હોય, તો તેમાં પણ સંતોષ માની લેવો, એ વિશેષ સારૂં છે. કહ્યું છે કેઃ-

तृणादपि लघुस्तूल स्तूलादपि च याचकः ।

वायुना किं न नीतोसौ मामायं याचयेदिति ॥

સર્વથી હલકું તૃણ-ઘાસ છે. ઘાસથી પણ હલકું રૂ છે અને રૂથી પણ હલકો યાચક છે, ત્યારે કોઇ શંકા કરે કે—વાયુ છે, તે તો તૃણને અને રૂને લઇ જાય છે અને યાચકને કેમ લઇ જતો નથી, તો સમાધાન કે વાયુ પણ યાચકથી ડરે છે કે-તે મારી પાસે પણ માગશે. આ પ્રમાણે સર્વ કરતાં હલકો માગણ છે.

ગમે તો તુચ્છ પદાર્થ હોય વા ભારે પદાર્થ હોય, પણ તે માગવાથી હલકાઈ થાય છે. જેને યાચનાની આકાંક્ષા થયેલી હોય છે તેને અધમ-ઉત્તમ સ્થળનું ભાન પણ રહેતું નથી. કોઇ વિદ્વાન્ વિપ્ર હોય; પરન્તુ જો તેને દ્રવ્યાદિક માગવાની જીજ્ઞાસા થાય, તો તે ઉત્તમ-અધમનો વિચાર ન કરતાં નીચ હોય તેને ત્યાં જઇને પણ માગવા માટે તેની ખોટી પ્રશંસા કરીને પણ માગે છે. આ બાબતનો વિચાર કરીએ તો સ્પષ્ટ છે કે-ચાર વર્ણમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, છતાં તે નીચની સ્તુતિ કરે તો તેના કરતાં બીજી શી હલકાઈ છે ? બ્રાહ્મણ તો શું, પણ જો શુદ્ર યાચના કરે તો પણ માગવાથી હલકો થાય છે, માટે સર્વ પ્રકારે માગવું એ હલકાઈનું કારણ છે.

આ પ્રમાણે યાચના કરવી એ હલકાઇનું કારણ છે ખરૂં; પરન્તુ ગુરૂ પાસે જઈને સ્વપદની યાચના કરવી એ

કાંઈ હલકાઈ નથી. સ્વસ્વરુપનું ઓળખાણુ થવા માટે જે યાચના કરવી પડે તે તો મહત્તાનું કારણુ છે; માટે સાંસારિક વિષયોપભોગનો ત્યાગ કરી, સદ્ગુણુ, સદાચાર અને આત્મસ્વરૂપ સંપાદન કરવાની સદ્ગુરુ પાસે યાચના કરવી. જેમકે કોઈ મહાધનાઢય પુરૂષ છે, તેણે પોતાના દ્રવ્યને જમીનમાં દાટેલું છે; હવે જ્યારે પોતાનો અવસાન કાળ આવ્યો, ત્યારે છોકરો તો બાલ્યાવસ્થામાં છે, તેથી તેને જો કાંઈ દ્રવ્ય સંબંધી વાર્ત્તા કહે તો તે નકામી છે; તેથી તે ધનાઢય મરણુ સમય પોતાના સ્નેહી પાડોસીને પુત્ર સમક્ષ કહે કે, આ છોકરો મોટો થાય ત્યારે મેં અમુક સ્થળે દ્રવ્ય દાટેલું છે, તે તેને દેખાડજો, આમ કહી તે મરણુ પામે. હવે જ્યારે કેટલોક સમય થયા પછી છોકરો ઉમર યોગ્ય થતાં પાડોસી પાસે પોતાના પિતાનું દ્રવ્ય માગે, તો તે યાચના કહેવાય નહિ તેમજ ગુરૂ પાસે જે શિષ્ય પોતાનું સ્વરૂપ જાણુવા યાચના કરે તો તે યાચના કહેવાય નહિ, અને તે તો ઉલટું મોટાઇનું મૂળ કહેવાય. પોતાના પદને જાણુવાથી ઉત્તમ મોક્ષપદ મળે છે, એ કરતાં અન્ય એક પણુ મહત્તા નથી.

જેને પુનઃ જન્મ થતો નથી તે ખરો જન્મેલો કહેવાય છે. જ્ઞાનીનો પુનર્જન્મ થતો નથી; અર્થાત્ જ્ઞાન વગર પુનર્જન્મ મટતો નથી, જેનો જન્મ થાય છે તેને 'જાયતે' અસ્તિ, વર્દ્ધતે, વિપરીણુયતે, અપક્ષીયતે, વિનશ્યતિ [જન્મે છે, છે, વૃદ્ધિપામે છે, તરૂણુ થાય છે, વૃદ્ધ થાય છે, અને નાશ પામે છે.] આ છ વિકારો વળગે છે. આ છ વિકાર

ભૌતિક શરીરમાં છે, પણ પોતાના શુદ્ધ સ્વરૂપ સાથે તેને કશો પણ સમ્બન્ધ નથી. એ પ્રમાણે અનુભવદ્વારા સુખ–દુઃખના દ્રષ્ટા થઇને જ્ઞાનિયો અનુસરે છે. એવા જ્ઞાનિઓનો પુનઃ જન્મ થતો નથી. માટે તેવાઓનુંજ જન્મવું ખરેખરૂં છે, પણ જેઓ એક વખતે જન્મ ધારણ કરીને પુનઃ પુનઃ જન્મ લેવો પડે એવા ઉપાયો યોજે છે, તેનું જન્મવું કેવળ નિરર્થક છે. જન્મવાનો અર્થ એ નથી કે માતાના ઉદર-માંથી નિકળ્યા એટલે જન્મ્યો. પરન્તુ માયામાંથી નિકળવું તેજ વાસ્તવિક્ જન્મવું છે. માયાના ઉદરમાંથી તો જ્ઞાનિ-ઓજ નિકળી જાય છે. અન્ય તો માયાના ઉદરમાંજ ગોથાં ખાધા કરે છે. જે માયાથી મુક્ત થયો નથી, તે તો માના ઉદરથી જન્મ્યો, તોપણ ન જન્મ્યા સમાન છે. એ તો માતાના યૌવનનો નાશ કરનાર છે, કેમકે કોઈ પક્ષીને પ્રથમ ઇંડું અવતરે, જો કે તે ઇંડું જન્મ પામ્યું ખરૂં; પરન્તુ જ્યાં સુધી એ ઇંડાંમાંથી બચ્ચું બાહાર આવેલું ન હોય, ત્યાં સુધી તે જન્મ્યું ન જન્મ્યા સમાન છે. આ પ્રમાણે માતાના ઉદરમાંથી જન્મવાનું નામ જન્મવું નથી. પરન્તુ જે થકી લક્ષચોરાશીમાં ભટકવું પડે છે, તેવી માયામાંથી જે આરપાર નિકળી જાય તે વાસ્તવિક્ જન્મ્યો કહેવાય, કારણ કે માયામાંથી નિકળી જવાથી તેને પુનઃ માતાના ઉદરમાં અવતાર લેવોજ પડતો નથી, અને તેથી તેનું જન્મવું નિષ્ફળ નથી, પણ સાર્થક છે.

જેને પુનઃ મરણ થતું નથી તેજ મુવેલો જાણવો. એક સમય મરણ થયું, પુનઃ જન્મ થયો તો વળી મરવું પડે;

કારણ કે જેનો જન્મ તેનું તો મરણ ખરૂંજ, માટે પુનઃ પુનઃ જેને જન્મવું ને મરવું પડે છે તેનું નામ વાસ્તવિક્ મરવું નથી, એવું મરવું એ તો નકામું છે. ખરેખરો તો મૂવેલો જ્ઞાનિજ છે; કેમકે તે વિદેહ થઇ જાય છે, તેથી તેનો પુનઃ જન્મ થતોજ નથી. અને જ્યારે ફરી જન્મ થતો નથી તો પછી તેને મરવું શી રીતે સંભવે? જ્ઞાની વગર અન્ય જે મરે છે, તેટલા માત્ર દેખાવથી મરે છે. તેની પાછળ હાય-વોય શબ્દથી રડાકૂટ થાય છે. પણ તે બધા પુનઃ જન્મ ધારણ કરવા માટેજ મરણ પામે છે, અને પુનઃ પ્રારબ્ધાનુસાર મરણ માટેજ દેહ ધારણ કરે છે, કેમકે અમુક માણસ મરી ગયો હોય છે ત્યારે કહેવાય છે કે અમુક માણસ પાછો થયો, એ બોલવું ખરૂં છે; કારણ કે જે મરે છે, તે પુનઃ જન્મ્યા વગર રહેતો નથી. મહાવાકયનો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ જ્યારે લક્ષણદ્વારા સમ્યક્ પ્રકારે જાણીને જે જીવનમુક્ત થાય છે તે છતે દેહે દેહ વગરનો જાણવો; કેમકે તેનો દેહ દેખાય છે, પણ દેહનું કૃત્ય કાંઇ થતું નથી. બળેલાં લુગડાંની રાખ જેમ લુગડાના જેવીજ જણાય છે, પણ તે વાપરવાના ઉપયોગમાં આવતી નથી. તે પ્રકારે જ્ઞાનીની દેહ પણ દેખવા માત્રજ છે, બાકી તે કાંઈ કૃત્ય કરતો નથી. માટે વાસ્તવિક્ મરવું તો જ્ઞાનીનું છે, કારણ કે જેને દેહ પડયા પછી પુનઃ દેહ ધરવો પડતો નથી, માટે જેનો દેહ પડી જાય અને પુનઃ દેહ ધરવો ન પડે તેજ ખરેખરો મરેલો છે બાકી જેને પુનઃ પુનઃ જન્મ અને મરણ થાય છે તે વાસ્તવિક્ મરેલો નથી.

मूकोस्ति को वा बधिरश्च को वा
युक्तं न वक्तुं समये समर्थः ।
तथ्यं सुपथ्यं न शृणोति वाक्यं
विश्वासपात्रं न किमस्ति नारी ॥ १९ ॥

અર્થ.

શિષ્ય—મૂંગો કોણ કહેવાય ?

ગુરૂ—સમયાનુસાર યોગ્ય ન બોલી શકે તે.

શિષ્ય—બહેરો કોણ કહેવાય ?

ગુરૂ—ખરાં અને હિતરૂપ વાકયને જે ન સાંભળે તે.

શિષ્ય—વિશ્વાસ પાત્ર કોણ નથી ?

ગુરૂ—સ્ત્રી વિશ્વાસપાત્ર નથી.

વિવેચન.

પ્રાતઃકાળ—આદિ ભગવદ્ આરાધનાના અવસરે જે યુક્ત અને યોગ્ય ગોવિન્દ, માધવ, મુકુન્દ, હરિ અને મુરારિ આદિ ઇશ્વરના નામોચ્ચારણ-આદિ વાકય બોલવાને જે સમર્થ થતો નથી, તેજ મૂંગો છે. જે ઇશ્વરનું નામ બોલતો નથી, તેની વાણી દેડકાની વાણીના સમાન છે. તેમજ મોક્ષ યોગ્ય દુર્લભ મનુષ્ય શરીર પ્રાપ્ત થયા છતાં અવસર કાલે, બ્રહ્મવિદ્ ગુરૂ પાસે બન્ધ-મોક્ષ-આદિ વિષયક પોતાના શ્રેયને માટે સ્પષ્ટ રીતે પુછવાયે જે સમર્થ થતો નથી તે મૂંગો છે. જેને મુદ્દલ વાણી નથી, એવા પણ જગતમાં ઘણા મૂંગા

હોય છે; પરન્તુ તે મૂંગા નથી, એવા પણ જગો તો શાસ્ત્રોનાં પ્રમાણોસહ જેને બોલતાં આવડતું ન હોય, ગમે તેવી શુદ્ધ ભાષા જાણતો હોય, વાણીમાં પુષ્કળ ચાતુર્ય હોય, છતાં પણ જેના મુખમાંથી સમયાનુસાર, સન્માર્ગે દર્શાવનારૂં વિવેકયુકત વચન ન નિકળે તે માણસ બોલતાં છતાં પણ મૂંગો છે.

જે વેદાંત વાકયને, પાપ યુક્ત ચિત્તથી શ્રવણ કરતો નથી તે બહેરો છે; અર્થાત્ જે મનુષ્ય સત્ય અને શ્રેયસ્કર ગુરૂ—આદિનાં વચનને શ્રવણ કરતો નથી, તે બહેરો છે. જગતમાં શબ્દ શ્રવણ ન કરી શકે તેવા બહેરા તો ઘણાં છે. પણ વાસ્તવિક બહેરો તો તે જ સમજવો કે જે પોતાનાં હિતાહિતનાં વચન સાંભળી શકતો નથી. ગમે તેટલાં પુસ્તકો કે ગમે તેવી વાતો સાંભળવામાં સમય વ્યતીત થતો હોય; પરન્તુ જેણે પોતાના કલ્યાણની વાતો કે શાસ્ત્ર શ્રવણ કરેલ ન હોય, અને હિતના વચન શ્રવણ કર્યા ન હોય, તેને કાન છતાં પણ બહેરો સમજવો. જે કાને બેહેરા છે તે તો બિચારા હિતના કે અહિતનાં વચન કાને સાંભળી શકતા નથી; પરન્તુ જે કાને બહેરા નથી તેઓ હિતનાં વચન ન સાંભળતાં માત્ર અહિતનાં જ વચન સાંભળે છે, તેઓના કરતાં તો જે કાને બેહેરા છે તે વધારે સારા છે. શિવગીતામાં કહ્યું છે કેઃ—

नगृह्णाति वचःपथ्यं काम क्रोधादि पीडितः ।
हितं न रोचते तस्य मुमूर्षोरिव भेषजम् ॥

કામ ક્રોધાદિક મહાદોષથી પીડાયલો જીવ પથ્ય વચ-

નને ગ્રહણ કરતો નથી; કેમકે જેમ મરવા પડેલાને હિત-કારક ઔષધ રૂચતું નથી, તેમ તેને હિતકારક વચન ગમતું જ નથી.

જેનું મરણ સમીપ આવ્યું હોય તેને ગમે તેટલાં ઔષધ કોઇ આપે, તો તેને ગમતાં નથી, અને તેને ગુણ પણ કરતાં નથી, તે પ્રમાણે જ જે સાંસારિક દુઃખાનુભવ કરવાના પાત્ર છે, તેઓને પણ હિત વચન રૂચતાં જ નથી, અને જો કોઇ બળાત્કારે કથે, તો તે તેને ગુણ કરતાં જ નથી, માટે જે હિતકારક વચન સાંભળતો નથી, તે જ ખરેખરો બેહેરો છે.

સ્ત્રી છે તે વિશ્વાસ કરવા યોગ્ય નથી. તે મૃત્યુનું જ દ્વાર છે. સાહિત્યમાં કહ્યું છે કે:—

अनुचित कर्मारंभः स्वजन विरोधो बलीयसि स्पर्द्धा ।
प्रमदा जन विश्वासो मृत्यु द्वाराणि चत्वारि ॥

અનુચિત કર્મનો આરંભ, પોતાના જનોમાં વિરોધ, મોટાની સાથે સ્પર્ધા અને પ્રમદાનો વિશ્વાસ એ ચાર મૃત્યુનાં દ્વાર છે.

નારી એ પદથી અન્ય નાસ્તિક–આદિ જે હોય તે પણ વિશ્વાસ યોગ્ય નથી; પરન્તુ તેવાઓને તો દુરથી જ નમસ્કાર કરવા યોગ્ય છે. તેવાઓના સંગથી તો સદ્બુદ્ધિનો નાશ થઇ જાયછે; સ્ત્રી તો બિલકુલ વિશ્વાસ કરવા યોગ્ય નથી, માટે પુરૂષે ભૂલેચૂકે પણ સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ. સ્ત્રીની દુષ્ટતાની કે તેના અન્તઃકરણની વાત જાણવામાં આવતી જ નથી. ઉપરથી અન્ય દર્શાવે અને મનમાં વળી

બીજું કાંઈક જ હોય, માટે સર્વ સ્ત્રીઓ વિશ્વાસ કરવા યોગ્ય નથી. શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં લેખ છે કેઃ—

स्त्रीणां नैवतु विश्वासं मृतानां कारयेद् बुधः ।
विश्वासे यःस्थितो मूढः सदुःखैःपरिभूयते ॥

મરેલી સ્ત્રીઓનો પણ વિદ્વાન્ વિશ્વાસ કરતો નથી; કેમકે જે મૂઢ, સ્ત્રીના વિશ્વાસ ઉપર રહે છે; તે દુઃખવડે પરાભવને પામે છે. સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ, એટલે એમ સમજવાનું નથી કે અન્ય સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ; અન્ય સ્ત્રી તો શું પણ પોતાની વિવાહિતા સ્ત્રીનો પણ વિશ્વાસ કરવો નહિ, તેમજ પોતાની મા, બહેન, અને પુત્રી વિગેરેનો પણ વિશ્વાસ કરવો નહિ. એકંદરે સ્ત્રી વિશ્વાસ કરવા યોગ્ય નથી, એ વિષે એક દૃષ્ટાંત છે કેઃ—

ગુજરાતમાં નર્મદા નામની નદિને કિનારે એક શહેર હતું. તેમાં એક વાણીઆની બહેનનું સાસરૂ હતું. તે વાણીઓ દક્ષિણમાં વ્યાપારાર્થ ગયો હતો. તે પુષ્કળ દ્રવ્ય સમ્પાદન કરી ઘેર જતો હતો, રસ્તામાં પોતાની બહેનનું ઘર આવતાં બહેનને મળવાની આકાંક્ષાથી તેને ઘેર ગયો. બહેનને ત્યાં આવી પોતાની પાસેના દ્રવ્યની પેટી બહેનને સાચવવા આપી. દ્રવ્ય છે તે મહા અનર્થકારક છે, ભાઇ પરદેશથી કમાઇને આવ્યો છે, એ જોઇને બહેનના મનમાં જુદા જ વિચારો થવા લાગ્યા. બહેને તો મનમાં ભાઈને મારી નાખવાનો વિચાર કર્યો. ભાઇને મારી નાખી તેનું દ્રવ્ય પચાવી જવાના વિચારને મનમાં રાખી બેને તો રસોઇ—આદિ કરીને ભાઇને તથા પોતાના છોકરાને

જમાડયા, અને રાત્રિ થતા મામા ભાણેજના ખાટલા પાથર્યો, વાણીઓ તો મનમાં વિચાર કરવા લાગ્યો કે, આપણે બહેનને મળ્યા, હવે પ્રભાતે ઉઠી બહેનની રજા લઈને ઘેર જઇશું. આ પ્રમાણે વાણીઓ વિચાર કરતો હતો, અને તેની બહેનના મનમાં તો જુદો જ વિચાર હતો. તેની બહેન એવો વિચાર કરતી હતી કે,—જો મારો ભાઇ નિદ્રાવશ થઈ જાય તો તેને મારી નાખું. તેને મારી નાખું એ વાત તો ખરી, પણ પછી તેના શબને કયાં નાખવું, એ માટે વિચાર કરી નિશ્ચય કર્યો કે, ઘરમાં મોટો ખાડો ખોદી તેમાં શબને નાખી દઈશ અને લોકને કહીશ કે મારા ભાઇ તો વહેલા ઉઠીને ગયા. આ પ્રમાણે વિચાર કરી ભાઇને મારીને દાટવા માટે ઘરમાં ખાડો ખોદવા લાગી. હવે તે વાણીઓ તો ખાટલા ઉપર સૂતો છે, અને તેના પડખેના ખાટલા ઉપર તેનો ભાણેજ સૂતો છે. આ પ્રમાણે બેય મામો અને ભાણેજ સૂતા છે; પરન્તુ ખાટલામાં માંકડ ઘણા હોવાથી વાણીઆને નિદ્રા ન આવતાં પાસાં ફેરવવા લાગ્યો, એટલે ભાણેજે કહ્યું કે—મામા ! તમને માંકડ કરડતા હોય એમ લાગે છે, માટે એ ખાટલે ઉંઘ નહિ આવે, આ મારા ખાટલા ઉપર તમે સૂઇ જાઓ. એમ કહી મામાને ખાટલે પોતે સૂતો અને પોતાને ખાટલે મામાને સૂવાડયો; પરન્તુ આ વાતોની જાણ વાણીયણને તો થઇજ નહિ; કારણ કે તે તો ખાડો ખોદવામાં રોકાયલી હતી, એ જ્યારે ખાડો ખોદી રહી, એટલે અહિ મામો-ભાણેજ પણ નિદ્રાવશ થઇ ગયા. આ લાગ જોઇને બહાર આવી અને જે

ખાટલા ઉપર પોતાના ભાઈને સુવાડયો હતો, તે ખાટલે પોતાનો પુત્ર છે, તેનો તેને ખબર ન હોવાથી પોતાના જ પુત્રને તે પોતાનો ભાઈ છે એમ જાણીને મારવાનો વિચાર કર્યો. દૈવની ગતિ વિચિત્ર છે 'ખોદે તે પડે' એ વાત જરા પણ અસત્ય નથી, જેવી તે ચાંડાલ વાણીયણ પોતાનો ભાઇ જાણીને પોતાના પુત્રને મારવા જાય છે; તેટલામાં તો મોટા કાળા નાગે તેને કરડતાં તે મરણ પામી.

આ ઉપરથી સમજવાનું માત્ર એ છે કે જો ચાંડાલ વાણિયણને સર્પ ડંશ થયો ન હોત, તો તે પોતાના જ હાથથી દ્રવ્યના લોભે અજાણતાં પુત્રનો વધ કરત, અને જો પુત્રનો ખાટલો બદલ્યો ન હોત, તો ભાઇનું મરણ થાત. આવાં સ્ત્રીઓનાં કૃત્યો મહા ગુપ્ત હોય છે, કે જેનો પાર પામવો અશકય છે. સ્ત્રી પોતાના પતિને મારી નાખવામાં પણ જરા વિલમ્બ લગાડે નહિ. સંબંધિયોમાં કલેશ કરાવવા, સગા ભાઇઓને વઢાડી મારવા, મા બાપો સાથે કલેશ કરાવવો, પોતાથી મોટાં કે નાનાં પાસે કામ કરાવવું અને પોતાને બેશી રહેવું, પારકી પંચાતો કુટવી, પોતાનું અને પારકું એવા ભેદમાં મહા નિપુણતા રાખવી. કોઈનું કાળજું કપાઇ જાય એવા કઠોર શબ્દોચ્ચાર કરવા, પુષ્કળ ખાવું, પુષ્કળ ઉંઘવું, વસ્ત્રાભૂષણાર્થ પતિનું રૂધિર ચૂસી જવું, ખોટા સોગન ખાવા, ગાળો આપવી, અહર્નિશ રૂદન કરવું, મર્યાદાહીન થઈને હાસ્ય કરવું, નિર્લજ્જ વાતો કરવી, શરીરે ઉઘાડા ફરવું, સત્ય તો સ્વપ્ને પણ બોલવું નહિ, નાના મોટાની મર્યાદા રાખવી નહિ, કુસંપ કરાવવો, આવાં

આવાં અનેક દુરાચરણો ઘણી ખરી સ્ત્રીઓમાં હોય છે, આવી જે નિંદ્ય સ્ત્રી તેનો સમજુ વિશ્વાસ કરતા નથી. સ્ત્રી વિશ્વાસ પાત્ર હોય તો પણ તેને હાથે સુકૃત્ય થવાની તો આશા રાખવી જ નહિ, આવાં આવા અનેકાનેક કારણોથી સ્ત્રી વિશ્વાસ કરવા યોગ્ય નથી. આ ઉપરથી કદાચ કોઇ શંકા કરે કે—જગત્‌માં સર્વ સ્ત્રીઓ એવી જ હશે કે શું ? કોઇ સારી જ નહિ હોય ? જેમ જગત્‌માં સત્પુરૂષો થાય છે, તેમ સ્ત્રીઓ પણ કેમ ન હોય ? સ્ત્રી જો જગત્‌માં વિશ્વાસપાત્ર ન હોય, તો જગત્ ચાલે જ શી રીતે ? આ શંકાનું સમાધાન કે આ સ્થળે એક સ્ત્રીના ગુણ–દોષનું વર્ણન કરેલું નથી. સકળ સ્ત્રીઓને માટે કહેવામાં આવ્યું છે. સકળ સ્ત્રીઓ ઉપર દર્શાવ્યા પ્રમાણે અવિશ્વાસનું પાત્ર હોય છે, છતાં પણ તેમાં કોઇ સુપાત્ર નીકળી પણ આવે છે. એક જણસમાં અનેક જાતિ હોય છે. જેમ કે મોહોર એમ બોલીએ તો તેમાં રૂપૈયા, પૈસા અને પૈ વિગેરે ભારે અને હલકાં સર્વનો સમાવેશ થઈ જાય છે. તે પ્રમાણે સ્ત્રી એ શબ્દની સાથે સારી ને ખરાબ સર્વનો સમાવેશ થઇ જાય છે; પરન્તુ તેમાંથી સારી નરતી ઓળખી લેવી જોઇએ. કેટલીક સ્ત્રીઓ શ્રી સીતાજીના અવતાર જેવી હોય છે. કેટલીક દેવી પાર્વતીજીના અવતાર જેવી હોય છે. કેટલોક સ્ત્રીઓ દ્રૌપદીના અવતાર જેવી હોય છે. કેટલીક સદ્‌ગુણનું પાત્ર હોય છે. કેટલીક સાક્ષાત મર્યાદાની મૂર્તિ હોય છે. કેટલીક વિરમતી, અને કર્માદેવી જેવી મહા પરાક્રમી હોય છે. કેટલીક રાણક-

દેવડી જેવી હોય છે, અને કેટલીક નીચ કૌળારાણી જેવી પણ હોય છે, અને બાકી રહી તે ઉપર દર્શાવેલી સ્ત્રીઓ જેવી હોય છે. જે સ્ત્રીનો ધણી ઇશ્વરભક્તિ કરતો હોય, અને પોતે પતિની આજ્ઞાનું સ્વપ્ને પણ ઉલ્લંઘન કરે નહિ. સદાચરણથી અનુસરે. કૌટંબીક્ સમ્પ્રદાયમાં સંપ રાખે, પતિને ઇશ્વર સદૃશજ માને. તેના કલ્યાણાર્થેંજ સદા ચિંતવન કરે. સર્વ પ્રકારે તેની સુશ્રુષા કરે અને ગુરુજન—આદિ વડીલોનું માન જાળવે. પતિને સુખે સુખ અને દુઃખે દુઃખ માને, પતિને જરાપણ ઉદાસ થવા ન દે, ઈત્યાદિ જેનામાં ગુણ હોય તે સીતાજીના અવતાર જેવી જાણવી. જે સ્ત્રીને વિષય ભોગની ઇચ્છા થાય નહિ, નિરન્તર મન પરમેશ્વરમાંજ તલ્લીન રહે, પતિને પણ વિષય ભોગની વાસના ત્યજાવી દઈ ઇશ્વરના ભજનમાં યોજે. પ્રજા માટે પતિની ઇચ્છાનુસાર સંભોગ કરે. ભ્રાતામાં સંપ રખાવે. સૌને જમાડીને પોતે જમે. પતિની પરમેશ્વર સદૃશ સેવા કરે. જેવું હોય તેવું પહેરે. જે સમયાનુસાર મળે તે ખાય, અને પતિને સર્વ પ્રકારે શાન્તિ આપે, ઇત્યાદિ ગુણવાળી સ્ત્રી દ્રૌપદીના અવતાર જેવી કહેવાય. જે સ્ત્રી નિરન્તર પતિની પાસે રહે, તેની સુશ્રુષા કરે, સદ્‌ગુણની અને સદાચારનીજ વાર્ત્તા કરે, અન્યનું શ્રેય ઇચ્છે, કલેશ તો કરેજ નહિ, ગમે તો અપંગ કે કુરૂપવાળો પતિ હોય તો તેને સાક્ષાત્ ઇશ્વર સદૃશ માની કલ્યાણને અર્થે અનન્ય ભાવથી સેવા કરે, જે મળે તે ખાય, જે મળે તે પહેરે, વિષયની વાસના રાખે નહિ, સ્વામીની ઈચ્છાનુસાર અનુસરે, સત્ય બોલે, સર્વ વાતે

સંતોષિત્ રહે, ઈત્યાદિ નાના પ્રકારના ગુણવાળી સ્ત્રી પાર્વતીના જેવી કહેવાય, પ્રાણાંતે પણ પોતાના પતિવ્રતનો ત્યાગ કરે નહિ, ગમે તેવું સંકટ આવે તો તેમાંથી ધૈર્યતાથી નિકળી જાય, પતિની અનન્ય પ્રકારે સેવા કરે, અને તન-મન અને ધન પતિનેજ અર્પણ કરી દે, પોતાના પતિવગર અન્ય પુરૂષ છેજ નહિ એમ જાણે અને અન્ય પુરૂષને ભ્રાતા સમાન ગણે, સમય આવે શૌર્ય પ્રકાશે એવા ગુણ-વાળી સ્ત્રી, વિરમતી, કર્માદેવી અને સતી રાણકદેવીના જેવી કહેવાય, અને જે નીચ સ્ત્રીઓ પોતાના પરણેત ધણીનો ત્યાગ કરી અન્યના ઘરમાં જીવતા પતિએ જઇને બેસે, વ્યભિચારમાં પ્રીતિ હોવાથી, પતિને સૂતો મૂકીને તથા જૂઠાં સાચાં બાનાં બતાવીને અન્ય પુરૂષ સાથે વ્યભિચાર કરે, પતિના જૂઠા સોગન ખાય, અસત્ય બોલે, ઇત્યાદિ ગુણવાળી સ્ત્રી કૌળારાણીના સમાન સમજવી, અને બાકી બીજી સ્ત્રીઓ તો કેવળ અધમ સમજવી, એવી નિંદ્ય સ્ત્રીઓ તો દુર્ગુણનો ભંડાર અને નરકમાં પડનારી હોય છે તે નિન્દાને પાત્ર સમજવી. જેના મનમાં નાના પ્રકારની અનેકાનેક કામનાઓ ભરેલી હોય છે, તેવી નઠારી સ્ત્રીઓથી કશું થતુંજ નથી. પ્રધાનની સ્ત્રીએ પુત્રીને મારી નાખી કેમકે તે મદનાતુર હતી. વાણીઆણી પોતાના ભાઇને મારી નાખતાં પોતે મરણ પામી; કેમકે તેને દ્રવ્યનો લોભ હતો. દિતિએ પુત્રેચ્છાથી કસમયે કશ્યપજી સાથે સંભોગ કર્યો, માટે આવી કામનાવાળી દુષ્ટ સ્વભાવની ઈન્દ્રિયોનેજ વશ્ય રહેનારી, કલિયુગના કારણ રૂપ, દુરાચરણના દ્વારરૂપ અને મહા નીચ આચરણવાળી તથા

સંસારમાં પુનઃ પુનઃ જન્મ આપનારી નિંદ્ય સ્ત્રીઓ ક્ષણે ક્ષણે નિંદનીય છે, અને વિશ્વાસનું પાત્ર નથી. તેવી ચંડાલણીયોનું મુખ પણ જોવા યોગ્ય નથી. એવી સ્ત્રીઓનો શી રીતે વિશ્વાસ રાખી શકાય ? માટે પ્રત્યેક્ સમજુએ પોતાના શ્રેયાર્થ સર્વથા સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ. સ્ત્રીના વિશ્વાસે હજારોના નિકંદન નિકળી ગયાં છે.

तत्त्वं किमेकं शिवमद्वितीयम्
किमुत्तमं सच्चरितं यदस्ति ।
किं कर्म कृत्वा न च शोचनीयः
कामारिकंसारिसमर्चनाख्यम् ॥ २० ॥

અર્થ.

શિષ્ય—એક તત્ત્વ કયું કહેવાય ?

ગુરુ—અદ્વિતીય શીવ.

શિષ્ય—ઉત્તમ શું કહેવાય ?

ગુરુ—સારૂં ચરિત્ર હોય તે.

શિષ્ય—શું કર્મ કરવાથી પુરુષ શોચનિય થતો નથી ?

ગુરુ—શિવ-વિષ્ણુની સેવા કરવાથી.

વિવેચન.

અદ્વિતીય, દ્વિતીય અભાવ ઉપલક્ષિત શિવ, શુદ્ધ પરમાનંદ બોધરૂપ, તે એક તત્વ અદ્વિતીય શિવ છે. પ્રપંચ

માત્રથી ભિન્ન જીવ–શિવનો ભેદ ટાળી નાખીને અભેદ એક રૂપ જાણવાનું નામ એક તત્ત્વ કહેવાય છે. ત્રિપુટી–દ્રષ્ટા, દર્શન અને દૃશ્યમાં મોટા પુરૂષો પણ મોહયુક્ત થઈ ગયા છે. એક તત્ત્વના બોધથી ત્રિપુટી જેને ટળી ગઇ છે. તેને જપ, તપ, દાન, અધ્યયન, યજ્ઞ અને જ્ઞાન એ સર્વ પૂર્ણ થયેલ છે, પછી તેને કાંઇપણ સાધન કરવાનું રહેતું નથી. કહ્યું છે કેઃ—

किंतस्य दानैः किंज्ञानैः किंतपोभिः किमध्वरैः ।
योनित्यं ध्यायते देवं नारायण मनन्यधीः ॥

જે પુરૂષ નિરન્તર અનન્ય બુદ્ધિથી નારાયણ દેવનું ધ્યાન કરે છે, તેને પછી દાન, જ્ઞાન, યજ્ઞ અને તપથી શું પ્રયોજન છે ?

નારાયણ દેવનું ધ્યાન કરે છે; એટલે કે જેણે અદ્વિતીય શિવતત્ત્વને જાણ્યું એટલે જેને દ્વૈતની નિવૃત્તિ થતા અદ્વૈતનો બોધ થયેલો હોય તેને પછી બીજાં જે દાન–આદિ સાધનો છે, તેની અગત્ય રેહેતી નથી; કેમકે સાધનદ્વારા જે પ્રાપ્ત થવાનું તે તો પ્રાપ્ત થઈ ચૂકયું છે જે સાધનદ્વારા શિવતત્ત્વની પ્રાપ્તિ થાય તેજ વાસ્તવિક્ સાધન છે. શિવતત્ત્વ કોઇ ક્રિયા કરવાથી મળતું નથી, તે તો સદ્ગુરુના કૃપાયુક્ત બોધદ્વારા મળે છે. કહ્યું છે કેઃ—

अद्वैतं हि शिवं प्रोक्तं क्रिया सर्व विवर्जितम् ।
गुरुवक्त्रेण लभते नाधीतागम कोटिभिः ॥

અદ્વૈત એવું શિવતત્ત્વ બ્રહ્મ કહેલું છે, તે સર્વ ક્રિયા

થકી વર્જીત છે; તેથી તે ગુરૂના મુખથી જ જાણી શકાય છે; પરન્તુ તે અનેક શાસ્ત્રોનું અધ્યયન કરવાથી ઓળખી શકાતું નથી.

અદ્વૈત બ્રહ્મ કોઈ પણ ક્રિયા કરવાથી ઓળખાતું નથી, એ તો બ્રહ્મનિષ્ઠ ગુરૂ જો અધ્યારોપ—અપવાદના ન્યાયે ઓળખાવે તો જ ઓળખાય છે, એ તત્ત્વને જાણ્યા પછી અન્ય કાંઈ પણ જાણવાનું અવશેષ રહેતું નથી, અને કશી આશા પણ રહેતી નથી; કહ્યું છે કે:—

तत्त्वात्म बोध एवैकः सर्वाशा तृण पावकः

તત્ત્વનો બોધ એકલો જ સર્વ આશા રૂપ ઘાસનો અગ્નિ છે.

આ ઉપરથી સમજવાનું એ છે કે—તત્ત્વનો બોધ થતાં આશાનાં અંકુરો નિર્મૂળ થઇ જાય છે. આશાના અંકુરો જેવાં નિર્મૂળ થઇ ગયાં, એટલે તો તત્ત્વના આનંદમાં તલ્લીન થઇ જવાય છે, માટે અદ્વૈતશિવ વગર અન્ય કાંઇ પણ તત્ત્વ નથી.

શાસ્ત્રાનુસાર સદાચરણથી અનુસરવું તે સચ્ચરિત છે. સ્વવર્ણાશ્રમોચિત્ ધર્માચરણ સત્ય ભાષણ, અદ્રોહ, શાસ્ત્રનું અવલોકન, વિગેરે મુમુક્ષુએ આચરણ કરવાં તે ઉત્તમ છે તે ઉત્તમ સાધનથી અન્તઃકરણ શુદ્ધિ દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કામ, ક્રોધાદિકનો પરાજય કરી, ઇન્દ્રિનો અને મનને વશ્ય કરી અદ્વૈત શિવ જાણવાની જીજ્ઞાસા કરવી; અર્થાત અધ્યાત્મ વિચાર ઉપર પ્રીતિ કરવી, તે રૂડું આચરણ છે. સાધુનો સમાગમ, સદ્‌ગુરૂની સેવા, સદૈવ સત્

શાસ્ત્રનું શ્રવણ, ઇત્યાદિ સાધનો દ્વારા અધ્યાત્મ વિચાર સ્ફુરે છે, અને તેનું સ્ફુરણ થતાંની સાથે જ જે જાણવા યોગ્ય વસ્તુ છે તેની પ્રાપ્તિ થાય છે, જેમ દૂધમાં સ્વાભાવિક માધુર્યતા રહી છે, તેમજ જે પ્રાપ્ત થવાની વસ્તુ છે તે સ્વાભાવિક રીતે વિચારમાં જ રહેલી છે. કહ્યું છે કેઃ—

विचारोऽध्यात्मविद्यानां ज्ञानंतत्त्व विदोविदुः ।
ज्ञेयं तस्यांतरेचास्ति माधुर्यं पयसो यथा ॥

અધ્યાત્મ વિદ્યાનો જે વિચાર કરવો, તેનું નામ જ્ઞાન એમ તત્વજ્ઞ પુરૂષો કહે છે, જેમ દુધમાં મીઠાશ રહેલી છે, તેમજ વિચારમાં જ્ઞેય વસ્તુ રહેલી છે.

દુધ ખાતાં જેમ મીઠાશ મળે છે તેમ વિચાર કરતાં કરતાં જાણવા યોગ્ય વસ્તુની પ્રાપ્તિ થાય છે, અને એ પ્રાપ્તિ થતાં સ્વાભાવિક આનંદોદય થાય છે. એ આનંદની પરિસીમા નથી. એ આનંદ ચૌદલોક ઉપર દયા કરાવે છે. વાસિષ્ઠસારમાં કહ્યું છે કેઃ—

विचारेण परिज्ञात स्वभावस्योदितात्मनः ।
अनुकंप्या भवंतीह ब्रह्म विष्णु शिवादयः ॥

આત્મ વિચાર વડે જેણે પોતાનું સ્વરૂપ જાણ્યું છે, અને અનુભવ રૂપે જેનો આત્મા છે, એવા તત્ત્વવેત્તાને બ્રહ્મા—આદિ દેવતાઓ પણ અનુગ્રહ કરવા યોગ્ય જણાય છે.

જાણવાની વસ્તુને જેણે જાણી છે. તે આત્મ જ્ઞાનીને જે આનંદ થાય છે, તેથી તે એમ વિચાર કરે છે કે, આ આનંદને દેવતાઓ પણ પામ્યા નહિ, માટે તે પામે તો

ઠીક; એમ અન્તરમાં થાય છે, માટે એવા અદ્વૈત શિવના બોધ અર્થે જે સાધનો કરવાં તે સચ્ચરિત્ર કહેવાય છે, અને તેવાં જ સચ્ચરિત્ર ઉત્તમ છે.

શિવ અને વિષ્ણુની સેવા કરવાવાળો શોચનીય નથી. કામના અરિ એવા શિવ અને કંસના અરિ–શત્રુ શ્રી કૃષ્ણ તેની સેવાથી શોચનીય થાય જ નહિ. કામના પાંચ બાણના શત્રુ સર્વ દેવવંદ્ય શિવ અને કંસના આરે શ્રી કૃષ્ણ કે જેનું સર્વ આરાધન કરે છે, તેનું પૂર્વોકત ષોડશોપચારથી સમર્ચ્ચન કરવું; એટલે કે ઇશ્વરાર્પણ બુદ્ધિથી યજ્ઞ, તપ, દાન–આદિ કર્મ કરવાથી શોચનીય થવાતું નથી, અને તે કરવાથી અન્તઃકરણ શુદ્ધિદ્વારા સુખની પ્રાપ્તિ થાય છે. ભારતમાં કહ્યું છે કે:—

अनादि निधनं विष्णु सर्वलोक महेश्वरं ।
लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्व दुःखाति गोभवेत् ॥

અનાદિ નિધન વિષ્ણુ, સર્વ લોકના મહેશ્વર, લોકાધ્યક્ષ એવા આપને સર્વ દુઃખથી મુક્ત થવા સ્તુતિ કરૂં છું. પરાશર પુરાણમાં પણ કહ્યું છે કે:—

अश्वमेघ सहस्राणि राजसूय शतानिच ।
महेशार्चन पुण्यस्य कलां नार्हति षोडशीं ॥

હજાર અશ્વમેધ અને સો રાજસૂયયજ્ઞ, મહેશ અર્ચનની પુણ્યની સોળમી કલા બરાબર નથી. પદ્મપુરાણમાં કહ્યું છે કે:—

महेश्वरं कृतं सर्वं त्रैलोक्यं सचराचरम् ।
ते कृतघ्ना भविष्यंति येन भक्ता महेश्वरे ॥

સચરાચર ત્રૈલોકયના કર્ત્તા મહેશ્વર છે. તે મહેશ્વરની ભક્તિ જે કરતા નથી કે કૃતઘ્ની છે. ભારતમાં પણ ભીષ્મપિતાએ કહ્યું છે કે:—

ब्रह्मा विष्णु सुरेशानां स्रष्टाच प्रभुरेवच ।
ब्रह्मादयः पिशाचातां यं हि देव उपासते ॥

બ્રહ્મા, વિષ્ણુ અને સુર—દેવતાના ઇશ વિગેરેના સૃષ્ટા પ્રભુ છે, તે દેવનું જો ઉપાસન ન કરે તો બ્રહ્મા—આદિ પણ પિશાચ સદૃશ છે. ભવિષ્યત્ પુરાણમાં કહ્યું છે કે:—

लिंगेच देवो महादेवः सर्व देव नमस्कृतः ।
अनुग्रहाय लोकानां तस्मान्नित्यं प्रपूजयेत् ॥

લિંગમાં દેવ મહાદેવ સર્વ દેવને નમસ્કાર કરવા યોગ્ય છે. લોકોના અનુગૃહાર્થે નિત્ય પૂજવા યોગ્ય છે. નારદીય પુરાણમાં કહ્યું છે કે:—

जलेनापि जगन्नाथः पूजितःक्लेशहा हरिः ।
परितोषं व्रजत्याशु तृषार्त्तः सलिलैर्यथा ॥

જળમાં પણ જગન્નાથ દેવ છે, તે જેમ તૃષાતુરને જળ સંતોષ આપે છે, તેમ તે પૂજનથી સર્વના ક્લેશને હરે છે. મહાભારતના સભાપર્વમાં નારદનું વચન છે કે:—

कृष्णं कमल पत्राक्षं नार्चयिष्यंति य नराः ।
जीवन्मृता स्तुतेज्ञेया नसभाष्याः कदाचन ॥

કમળના પત્ર સદૃશ નેત્રવાળા કૃષ્ણનું જે નરે પૂજન

કરેલું નથી, તે જીવતે મૂવા સમાન છે, તેની સાથે કદિ પણ સંભાષણ કરવું નહિ.

આ પ્રમાણે શાસ્ત્રમાં ઈશ્વરના યજનનો ઉત્કર્ષ વર્ણવેલો છે. માટે અર્ચન, યજ્ઞ, દાન તથા ઇશ્વરાધન દ્વારા અન્તઃકરણ શુદ્ધિ થતાં તે દ્વારા મોક્ષના હેતુને માટે અધિકારીઓએ અવશ્ય ઉપર પ્રમાણે અનુસરવું જોઇએ. યજ્ઞ, તપ અને દાન–આદિથી અનેક જન્માર્જીત પાપના સંચયનો નાશ થાય છે, અને અધોક્ષન ભગવાનની ભક્તિ થતાં સર્વદા શાન્તિ થાય છે; માટે શિવ અને વિષ્ણુની સેવા કરવારૂપ કર્મથી શ્રેય થાય છે. વિષ્ણુ અને શિવની સેવામાં વિષયભાવ રાખશો નહિ. વ્યાવહારિક જે જે કર્મો છે, તે સર્વ દુઃખજનક છે, અને એ કર્મથી તો મહાબન્ધન થાય છે, માટે જે બન્ધન કરનાર કર્મ કરે છે તે શોચનીય છે, પરન્તુ જેણે કામ–ક્રોધાદિકનો પરાજય કરેલો છે, તેથી મન અને ઇન્દ્રિયોને વશ્ય રાખેલ છે, વર્ણાશ્રમોચિત્ ધર્માનુસાર અનુસરી જે શિવ–વિષ્ણુની એકજ ભાવથી સુશ્રુષા કરે છે, તે શોચનીય નથી; કેમકે તે કર્મથી બન્ધન થતું નથી; પરન્તુ તેથી તો ઉલટું અન્તઃકરણ નિર્મળ થતાં ઉત્તમ બોધની પ્રાપ્તિ થાય છે; માટે શિવ–વિષ્ણુની સમભાવથી જે પુજા કરે છે તે શોચનીય નથી. જેથી સર્વ મનુષ્યે પોતાના હિતાર્થ શિવ–વિષ્ણુની સેવા કરવી, એ અગત્યનું કર્ત્તવ્ય કર્મ છે.

शत्रोर्महाशत्रुतरोऽस्ति को वा
कामः सकोपानृतलोभतृष्णा ।
न पूर्यते को विषयैः स एव
किं दुःखमूलं ममताभिधानम् ॥ २१ ॥

અર્થ.

શિષ્ય—શત્રુ કરતાં પણ મહાશત્રુ કોણ છે ?
ગુરુ—ક્રોધ, અનૃત, લોભ અને તૃષ્ણાસહ કામ છે તે.
શિષ્ય—વિષયો થકી શું પુરાતું નથી.
ગુરુ—ઉપર કથેલા કામ–આદિ વિકારો.
શિષ્ય—દુઃખનું મૂળ શું છે ?
ગુરુ—મમતા છે તે દુઃખનું મૂળ છે.

વિવેચન.

ક્રોધ, અનૃત, લોભ અને તૃષ્ણા સહિત જે કામ છે, તે મહાશત્રુ છે. મનમાં જે કાંઇ વિષયાદિકની કામના ઉત્પન્ન થાય છે, તેનું નામ કામ કહેવાય છે. ભગવદ્ ગીતાના અધ્યાય ૩ જાના ૩૭ મા શ્લોકમાં ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રે અર્જુનને કહ્યું છે કેઃ—

काम एष क्रोधएष रजोगुण समुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥
धूमेना व्रियते वह्नि र्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेना वृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्य वैरिणा ।
काम रुपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥

[સર્વ શાસ્ત્રના રહસ્યરૂપ તથા સારરૂપ એકજ વાત કહે છે.] [હે અર્જુન ! 'પુરુષને' રજોગુણથી ઉત્પન્ન થયેલ (જે) કામ છે, (તે અત્યન્ત વિષયોના સેવનથી પણ તૃપ્ત થતો નથી] મહાપાપી છે, જે મહાભક્ષ કરનાર અને તેજ કામ-ક્રોધરૂપ થઇ જાય છે, તેને તું મોક્ષ માર્ગમાં વૈરી જાણ. જેમ અગ્નિ ધૂમાડાથી આચ્છાદિત થાય છે, તથા મેલથી દર્પણ આચ્છાદિત થાય છે, (તથા) જેમ ગર્ભ જરાયુ ચર્મથી ઢંકાઇ જાય છે; તેમજ વિષય વાસના વડે આત્મજ્ઞાન ઢંકાયલું છે. હે કુન્તીના પુત્ર ! જ્ઞાનીના નિરન્તર વૈરીએ-એણે-જ્ઞાનને ઢાંકી દીધેલું છે; અર્થાત્ નિરન્તર વિરોધ કરાવાવાળો ધરાય નહિ, એવા અગ્નિ તુલ્ય કામરૂપી જ્ઞાનીના નિરન્તર વૈરીથી જ્ઞાની પુરૂષનું જ્ઞાન આચ્છાદિત થઇ રહેલું છે.

એ કામ વિષે પ્રથમ વિવેચન થઇ ગયું છે, માટે આ સ્થળે વિશેષ વિવેચન કરવાની અગત્ય નથી. એ કામનો પરાજય થયો, એટલે મહાન્ શત્રુ વશ થયો એમ સમજવું. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૨ જાના ૫૫ મા શ્લોકમાં ભગવાને અર્જુનને કહ્યું છે કેઃ—

प्रजहाति यदाकामान् सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थित प्रज्ञस्तदोच्यते ॥

(સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ કહે છે.)

હે પૃથાના પુત્ર ! પોતાના પરમાનંદસ્વરૂપ આત્મામાં પોતેજ આત્મારામ થઇ પ્રસન્ન રહે છે, અને મનમાં પ્રાપ્ત વિષય–આદિની તુચ્છ કામનાને તજી દે છે, ત્યારે તે નિશ્ચળ બુદ્ધિવાળો કહેવાય છે.

આથી સમજવાનું એ છે કે–મનમાં ઉદ્ભવનારી કામનાઓનો જો ત્યાગ થાય નહિ, તો તો મોટામાં મોટા શત્રુ જેવી તે કામના છે; તેમજ નામ, રૂપ અને ઈન્દ્રિયના ભોગની વસ્તુ, એ મિથ્યાને વિષે આસક્તિ કરવી તે રાગ કહેવાય છે, અને કાંઇ ભોગની ઈચ્છામાં પ્રતિબંધ થતાં રોષ ઉત્પન્ન થાય તે ક્રોધ કહેવાય છે. એ ક્રોધ પણ મોટો શત્રુ છે. તેમજ જે નામ, રૂપ, દેહ અને ઇન્દ્રિયાદિક છે તે બધાં અનાત્મ કહેવાય છે. એ સર્વ અનાત્મને વિષે આત્મભાવ બાંધવો તે અનૃત કહેવાય, એ અનૃત પણ મહા શત્રુ છે, તેમજ જે આવે છે અને જાય છે એવું જુઠું દ્રવ્ય છે તેનો સંચય કરવા આસક્તિ કરવી તે લોભ છે અને તે લોભ પણ મોટો શત્રુ છે તેમજ નામ રુપાત્મક્ જે મિથ્યા પદાર્થ છે, કે જેમાં પુનઃ પુનઃ મન દોડે છે, અને પાછું વાળતાં છતાં પણ પાછું ન વળતાં તેમાં લુબ્ધ થઇ રહે છે, તેનું નામ તૃષ્ણા છે; એ તૃષ્ણા પણ મહા શત્રુ છે; આ પ્રમાણે પાંચ મહાશત્રુ છે. જેમ લોઢું એ મહા કઠિન ધાતુ છે, પણ તેમાંથી જ ઉત્પન્ન થયેલો કાટ તેનો જ નાશ કરે છે, તેમજ આ ઉપર દર્શાવેલા કામાદિક્ પાંચ શત્રુઓ પણ પોતાનામાંથી જ ઉત્પન્ન થઈને પોતાનો જ નાશ કરે છે. જેમ લીલ–સેવાળ જળમાંથી જ ઉત્પન્ન થઇ જળને બગાડી

નાખે છે, તે પ્રકારે કામ ક્રોધાદિક સર્વ વિકારો પોતાનામાંથી ઉત્પન્ન થઇ પોતાનો જ નાશ કરે છે, માટે એ સદૃશ અન્ય એક પણ શત્રુ નથી; માટે આ શત્રુનો તુરત પરાભવ કરવો જોઇએ, કારણ કે જ્યાં સુધી એ શત્રુનો પરાભવ કર્યો નથી ત્યાં સુધી જ દુ:ખ છે. અને સ્વસ્વરૂપને ભુલી જઇ સંસારમાં આવવાનાં કર્મ કરવા પડે છે, માટે સુખેચ્છા રાખનારાએ એ કામ–ક્રોધાદિકનો પરાભવ કરવો ઘટે છે; અર્થાત્ તેને સમાવી દેવા જોઇએ છીએ.

આ ઉપર દર્શાવેલા પાંચ શત્રુઓને નાના પ્રકારના અનેક ભોગ ભોગવ્યા હોય તો પણ તે તૃપ્ત થતા નથી. એ તો જેમ ભોગ ભોગવે તેમ વિશેષ સતેજ થતા જાય છે, માટે તે જે પ્રકારે શાન્ત થાય એવા ઉપાયો યોજવા ઘટે છે. એ કામાદિક શાન્ત થતાં ત્રિવિધ તાપ ટળી જાય છે, શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૨ ના શ્લોક ૭૦ માં ભગવાને અર્જુનને કહ્યું છે કે:—

आपूर्य माण मचल प्रतिष्ठं समुद्रमापः प्रविशंतिय द्वत् ।
तद्वत्कामा यं प्रविशंति सर्वे स शांति माप्नोति न काम कामी ॥

જેમ સ્વાભાવિક સમ્પૂર્ણ સમુદ્રમાં, અન્ય નદીયોનાં જળ પણ પ્રવેશ કરે છે, અને તે પ્રવેશ થયા છતાં પણ સમુદ્ર એક રુપ રહે છે, તેમ જેની બ્રહ્મજ્ઞાન થવાથી સર્વ કામના પૂર્ણ થઇ ગઇ છે, તે શાન્તિને પામે છે, અને જે કામનાઓની ઇચ્છા કરવાવાળા છે, તે શાન્તિને પામતા નથી.

જેમ સમુદ્ર, પોતાનામાં નદી અને વરસાદ આદિનાં અનેક પાણી આવતાં છતાં તે જળ સઘળું મારૂં છે એમ

જાણી સર્વને પોતાનામાં સમાવી દે છે, અને પોતે વિકાર પામતો નથી, તેમ પુરૂષે પણ જગતમાં જે વિષયાનંદ છે, તે મારા આનંદથી પૃથક્ નથી, એમ સમજી તે વિષયાનંદ સંપાદન કરવાનું યત્ન ન કરતાં જે કામના ઉદ્ભવે તેનો પોતાના આનંદમાં લય કરીને વિકાર ન પામવો, તો તેથી શાંતિ મળે છે; પરંતુ જો પોતાના આનંદથી વિષયના આનંદની નિરાળી ગણના કરવાની જીજ્ઞાસા કરે, તો તે કદિ પણ શાંતિ પામતોજ નથી.

મમતા છે તે દુઃખનું મૂળ છે. હું એવા અભિમાને કરીને જે બદ્ધ છે, તે પુનઃ પુનઃ જન્મ-મરણને પામી દુઃખ ભોગવે છે. હું અને મારૂં એવું જે અભિમાન કરવું તે જ મમતા છે, અને એવી મમતા જ દુઃખનું કારણ છે, પરંતુ જો અહંતા-મમતાનો નાશ થાય, તો મોક્ષ થતાં વાર લાગતી નથી. કહ્યું છે કેઃ—

यदा नाहं तदामोक्षो यदहं बंधनं तदा ॥

જ્યારે હું એવું મમત્વ નથી, ત્યારે મોક્ષ અને જ્યારે હું એવું મમત્વ હોય છે ત્યારે બન્ધન થાય છે.

મમતાના કાર્યાભિમાન અને અવિદ્યાભિમાન એમ બે પ્રકાર છે, તેમાં કાર્યાભિમાનના પણ વર્ણાશ્રમનું અભિમાન અને વય તથા વૈભવનું અભિમાન એ રીતે બે પ્રકાર છે. હું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર છું એવો અહંકાર કરવો તે વર્ણનું અભિમાન, અને હું બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસી છું એવો અહંકાર કરવો તે આશ્રમનું અભિમાન. હું શેઠ, હું પટેલ, હું મહારાજા, હું દિવાન, હું કે ાધ્યાપિ-

પતિ, કે હું મોટો ખાનદાન છું, એવો અહંકાર કરવો તે વૈભવનું અભિમાન છે. આ પ્રમાણે કાર્યાભિમાનના ભેદ છે. અને અવિદ્યાભિમાન તો ઉપર દર્શાવ્યા પ્રમાણે એકજ પ્રકારનું છે. હું ષટ્શાસ્ત્રવેત્તા છું, હું સર્વનો પરાજય કરૂં તેવો છું, મારા સદૃશ કોઇ વિદ્વાન્ નથી, મારા સમાન કોઇ સમજદાર નથી, મારા સરખો કોઇ રહસ્યને જાણનાર નથી, હું ગુરૂ છું, આચાર્ય છું, હું નાટક-ચેટક-આદિનો જ્ઞાતા છું, હું મહન્ત છું, હું માનનીય છું, હું બારિસ્ટર છું, હું ન્યાયાધીશ છું, હું મોટો સામુદ્રિક શાસ્ત્રનો જ્ઞાતા છું. હું મોટો જોશી છું, હું સીવીલસરજન છું, હું વાઇસરાય છું, હું સરવેયર છું. હું ખગોળવેત્તા છું; હું ભુગોળવેત્તા છું, હું વર્ત્તમાન પત્રનો એડિટર છું. હું રેવન્યુ કમિશ્નર છું, હું પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ છું, હું મોટો બુકસેલર છું, હું મોટી મીલનો ધણી છું, હું સારો વક્તા છું, હું સારો લેખક છું કે હું બહુજ રૂપાળો છું, એવું અભિમાન કરવું તે અવિદ્યા અભિમાન કહેવાય. આ પ્રમાણે મમતા અને અભિમાન બેય દુઃખનું મૂળ છે. મહાત્મા શ્રી અષ્ટાવક્રજીએ અષ્ટાવક્ર ગીતાનાં આત્માનુભવોપદેશ નામના પહેલાજ પ્રકરણના ૭ મા શ્લોકમાં કહ્યું છે કેઃ—

अहं कर्तेत्यहं मान महाकृष्णाहिदंशितः ।
नाहं कर्त्तेति विश्वासा मृतं पीत्वा सुखोभव ॥

હું કર્ત્તા છું, એવું જે આત્માને વિષે અભિમાન તે રૂપી જે મોટો કાળો સર્પ છે તે તને કરડેલો છે, તેથી તું

દુઃખ ભોગવે છે; માટે હું તો અકર્ત્તા આત્મા છું, એવું વિશ્વાસરૂપી અમૃતપાન કરીને સુખી થા.

કોઈ શંકા કરે કે-મમતાનો નાશ થવો તો અશક્ય છે, તો તેનું સમાધાન કે-ઉપાયદ્વારા તેનો પણ નાશ થાય છે. જેમકે એક ખાળનો નળ હોય અને તેમાં કોઇ પણ પદાર્થ ભરાયેલ હોય, અને તે એની મેળે તો કોઈ પ્રકારે નીકળે તેમ ન હોય, પણ જો તેને પુષ્કળ જોર લાગે અને જળથી કે લાકડીથી ધક્કો લાગતાં ઠેલાય તોજ તે નીકળે, તેવીજ રીતે મમતા રૂપ કાર્યાભિમાનનો નાશ કરવા માટે, કારણ અભિમાન ગ્રહણ કરે તો ટળી જાય છે. હું બ્રહ્મ છું, મારે વર્ણ કે આશ્રમ નથી, તેમજ ઇંદ્રિયાદિકનો સંગ નથી. તો પછી અભિમાન ઘટેજ શી રીતે ? આ પ્રમાણે જે જાણવું તેનું નામ કારણ અભિમાન છે. અષ્ટાવક્ર ગીતાના પહેલાજ પ્રકરણના ૪ થા શ્લોકમાં કહ્યું છે કેઃ-

नत्वं विप्रादिको वर्णो नाश्रमी नाक्षगोचरः ।
असंगोऽसि निराकारो विश्वसाक्षी सुखीभव ॥

તું બ્રાહ્મણ-આદિ વર્ણ નથી. તેમ બ્રહ્મચારી—આદિ કોઇ આશ્રમમાં પણ નથી. [ત્યાં શિષ્ય કહે છે કે,—હું બ્રાહ્મણ છું, હું સંન્યાસી છું, આદિ લિંગવેશ પ્રત્યક્ષ જણાય છે, માટે આત્મા વર્ણાશ્રમી છે, તેનો પ્રત્યુત્તર ગુરૂ આપે છે કે—] આત્મા ઈન્દ્રિયો તથા અન્તઃકરણના જાણવામાં આવે એવો નથી. જે જાણવામાં આવે તે દેહ. [ત્યારે શિષ્યે પુછયું કે—હું કેવો છું ? ત્યારે ગુરૂએ કહ્યું કે] તું

અસંગ એટલે દેહાદિક્ ઉપાધિ તથા આકાર રહિત વિશ્વનો સાક્ષી આત્મસ્વરૂપ છું, માટે તારે વર્ણાશ્રમપણું નહિ; માટે કર્મની આસકિતને પડતી મૂકીને ચૈતન્ય વિષે વિશ્રામ કરીને સુખી થા.

ઉપર દર્શાવ્યા પ્રમાણે સ્વસ્વરૂપને ઓળખવાથી કાર્યાભિમાન પણ ઉપાયોદ્વારા ટાળી શકાય છે. સર્વ વિદ્યાનું અધ્યયન કરવું, કવિતા કરવી, ચાતુરી દર્શાવવી, વગેરે મારો ધર્મ નથી; પરન્તુ બુદ્ધિનો ધર્મ છે, એમ જાણવાથી વિદ્યાનું અભિમાન ટળે છે, વિદ્યાદ્વારા દ્રવ્યાદિક્ મળે તો પ્રારબ્ધાનુસાર મળે છે. એ પ્રમાણે વિચાર કરવાથી વૈભવનું અભિમાન નાશ પામે છે. શિષ્ય ગુરૂ માને છે, તે શરીરને માને છે, બોધ પણ શરીરથી જ થાય છે. સેવા પણ શરીરનીજ કરે છે, એ સાથે મારે જરા પણ સંબંધ નથી, આવા વિચારથી ગુરૂપણા–આદિનું અભિમાન પણ ટળી જાય છે, અને એમને એમ જે કાંઇ અભિમાન કરવાનો ગુણ કે પદાર્થ હોય, તેનો પોતાનામાં આરોપ કરવો નહિ, એ અભિમાન મટવાનો હેતુ છે, ખાળના નળમાં ખજૂરો ભરાણો હોય તેને કાઢવા માટે જો સાણસીથી તેને પકડીને ખેંચીએ તો તે તુટી જાય અને નીકળે નહિ, પણ જો દીવો કે અંગારો તેની પાસે ધરવામાં આવે તો તેના તાપ વડે તે એની મેળેજ તુરત નીકળી જાય છે, તેવી રીતે સર્વ અભિમાન આ ખાળ સદૃશ દેહમાં ખજૂરારૂપથી ભરાઇને બેઠેલ છે, તેને બળાત્કારે તાણીએ તો નિકળે નહિ; પરન્તુ જો કારણ અભિમાનરૂપ દીપક ગ્રહણ કરવાથી અન્ય અભિમાન એની મેળે તુરત પલાયન કરી જાય છે. આ પ્રમાણે કાર્ય

અભિમાનને કાઢયા પછી કારણુ અભિમાનનો પણુ ત્યાગ કરવો; કારણુ કે કારણુ અભિમાનને તો કાર્ય અભિમાનને કાઢવા માટેજ ગ્રહણુ કરવામાં આવે છે. આ પ્રમાણે જો કાર્યાભિમાનને અને અવિદ્યાના અભિમાનને ટાળતા નથી તે મહાદુઃખ પામે છે, માટે જ કહ્યું છે કે મમતા છે તેજ દુઃખનું મૂળ છે, માટે સર્વથા દુઃખના કારણુરૂપ મમતાનો સત્વર નાશ કરવો, એજ કલ્યાણુકારક છે.

किं मंडनं साक्षरता मुखस्य
सत्यं च किं भूतं हितं तदेव ।
त्यकृत्वा सुखं किं स्त्रियमेव सम्यक्
देयं परं किं त्वभयं सदैव ॥ २२ ॥

अर्थ.

શિષ્ય—મુખનું ઘરેણું શું કહેવાય?

ગુરૂ—સાક્ષરતા.

શિષ્ય—સત્ય શું કહેવાય?

ગુરૂ—જે સર્વના હિતરૂપ હોય તે.

શિષ્ય—શું ત્યાગવાથી સુખ છે?

ગુરૂ—સમ્યક્ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરવાથી.

શિષ્ય—ઉત્તમ દાન શું છે?

ગુરૂ—જે નિરન્તર અભય છે તે.

વિવેચન.

પરબ્રહ્મ પ્રતિપાદક વર્ણ તે સહ વર્ત્તમાન જે સાક્ષર તે મુખનું મંડન છે, બાકી તે વગરનાં કાનનાં આભૂષણો કે કન્ઠનાં આભૂષણો કે બાહુના આભૂષણો–આદિ જે ભૂષણ છે તે મુખની શોભા કરતાં નથી; પરન્તુ મોક્ષ શાસ્ત્ર કથન તેજ મુખનું ભૂષણ છે. રાજર્ષિ ભર્તૃહરિ કથે છે કેઃ—

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला
न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजा ।
वाण्येका समलङ्करोतिं पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाक् भूषणं भूषणम ॥

[બાજુબંધ વિગેરે ઘરેણાં કરતાં વાણીરૂપ ઘરેણું ઉત્તમ છે, એટલા માટે વાણીરૂપ ઘરેણું અવશ્ય મેળવવું જોઇએ એવા અભિપ્રાયથી કહે છે.]

બાજુબન્ધ, ચન્દ્ર જેવા ચળકતા હાર, સ્નાન, ચોપડેલું ચન્દન, પુષ્પ કે સારી રીતે શોભાવેલા વાળ પુરૂષને શોભાવતા નથી; પરન્તુ જે સંસ્કારવાળી વાણીને વિદ્વાનો ધારણ કરે છે, તે વાણીજ કેવળ પુરૂષને શોભાવે છે–બાજુબન્ધ વિગેરે ઘરેણાંઓનો તો નાશ થાય છે, માટે વાણીરૂપ ઘરેણું છે, તેજ અક્ષય ઘરેણું છે.

નાના પ્રકારની વિદ્યા સમ્પાદન કરી હોશિયાર થવું એનું નામ સાક્ષરતા છે; કારણ કે બોલવા સમય તે સાક્ષરતા જણાઇ રહે તેથી તે મુખને શોભા આપે છે, એ સાક્ષરતાના કરતાં પણ બ્રહ્મવિચારમાં કુશળતા મેળવવી, એ સર્વોત્તમ સાક્ષરતા છે. બ્રહ્મના નામસહ મુખથી ' અહં

બ્રહ્માસ્મિ ' એવો દૃઢ અનુભવપૂર્વક ઉચ્ચાર કરવો તે મુખની શોભા છે. અન્ય વાણીના વિલાસમાં મુખની શોભા નથી. બ્રહ્મ વિચારના ઉચ્ચાર અને તે વિદ્યા વગર અન્ય જે કાંઇ ઉચરવું તે વ્યર્થ છે; માટેજ સાક્ષરતા મુખનું ઘરેણું છે.

ભૂત–પ્રાણીનું જેથી હિત થાય તે સત્ય કહેવાય. વાણી, કાયા અને મનથી પ્રાણી માત્રનું હિત કરવું. કહ્યું છે કેઃ—

कायेनवाचामनसाजनानांहितंसदायत्परिचिंतनीयम् ।
तदेव सत्यंच तपस्तदेव तदेव दानंच तदेव धर्म ॥

કાયાથી, વાણીથી અને મનથી જે પ્રાણી માત્રનું નિરન્તર હિત ચિંતવે છે, તેજ સત્ય છે, તેજ તપ છે, તેજ દેવ છે, તેજ દાન છે અને તેજ ધર્મ છે; માટે સર્વથી પ્રાણી માત્રનું હિત ઇચ્છવું. ભારતમાં પણ કહ્યું છે કેઃ—

सत्यंब्रह्मः तपः सत्यं सत्यं विसृजते प्रजाः ।
सत्येन धार्यते लोकः स्वर्गं सत्येन गच्छति ॥

સત્ય છે તેજ બ્રહ્મ છે, સત્ય છે તેજ તપ છે, સત્યથીજ પ્રજા સરજાય છે. સત્યથીજ લોકને ધારણ કરાય છે અને સત્યથી જ સ્વર્ગમાં જવાય છે, માટે સત્યને અનુસરવું એજ ઉત્તમ છે.

સત્ય બોલવું એનું નામ પણ સંસારમાં સત્ય કહેવાય છે; પરન્તુ સર્વોત્તમ સત્ય તો એજ છે કે–જે વડે પ્રાણીમાત્રનું શ્રેય થાય, માટે સાંસારિક દુઃખથી મુકત થવા માટે સ્વસ્વરૂપને જાણીને ઉત્તમ જ્ઞાન સંપાદન કરી જીવન્મુક્ત

થવું એજ સત્ય છે, તે સિવાય વાણીથી બોલવું એ તો મિથ્યા છે, કારણકે તત્સ્પર્શ વિચાર કરી જોઇએ છીએ તો વાણી જ મિથ્યા છે, માટે કોઇને પણ જે થકી મુક્તિ મળે તેવો ઉપદેશ કરવો.

સ્ત્રીનો ત્યાગ કરવાથી સુખ થાય છે, પોતાની પરણેત હોય અને જો પૂર્વે કહ્યા પ્રમાણે દુષ્ટા હોય તો તેનો પણ સત્વર ત્યાગ કરવો, તો પછી પરસ્ત્રીનો ત્યાગ કરવો એમાં તે શું ? આ વિષયના સંબંધમાં પ્રથમ પુષ્કળ વિવેચન થઇ ગયું છે, માટે સુખેચ્છા રાખનારાએ મનથી જ ખરેખરો સ્ત્રીનો ત્યાગ કરવો જોઇએ. મનના ત્યાગ પછી ઉપરનો ત્યાગ ફળીભૂત થાય છે.

નિરન્તર અભય આપવું એજ પરમોત્તમ દાન છે. અહિં અભયદાનનો સંન્યાસ એવો અર્થ જાણવો; કારણકે બ્રહ્માત્મ્યૈક્ જ્ઞાન છે તેજ ઉત્કૃષ્ટ અભય છે; કે જે જ્ઞાનવગર સંન્યાસ પણ વ્યર્થ છે, યાજ્ઞવલ્કયે પણ એજ અભય જનક-રાજને આપેલું હતું. તે વગર કોઇપણ પ્રાણીનો પ્રાણ જવાનો સમય હોય, વા મહાવિપત્તિનું વાદળ ચઢી આવ્યું હોય, તેમાંથી તેને મુક્ત કરવો અને પુનઃ તેવી શોચનીય સ્થિતિમાં આવી ન પડે તેમ કરવું એ અભયદાન કહેવાય છે. નાના પ્રકારની વિદ્યાઓનું શિક્ષણ આપવું કે તે વડે જીવન પર્યન્ત કમાઇ ખાય, એ પ્રમાણે વિદ્યાનું દાન પણ અભયદાન છે; પરન્તુ એ સર્વ દાનો કરતાં ઉત્તમ દાન તો મુક્તિનું છે; કેમકે જ્યાં સુધી મુક્તિ નથી ત્યાં સુધી જ સર્વ ભય છે; પણ મુક્તિ પછી કોઇપણ પ્રકારનો ભય રહેતો

નથી; અને જન્મ મરણ ટળી જાય છે માટે મુક્તિનું દાન આપવું; કારણકે તે અભય છે, અને બાકી સર્વ ભયયુક્ત છે, રાજર્ષિ ભર્તૃહરિએ કહ્યું છે કેઃ—

भोगे रोगभयं कुलेच्युतिभयं वित्ते नृपालाद्भयं ।
मौने दैन्यभयं बले रिपुभयं रुपे जराया भयम् ॥
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं ।
सर्वं वस्तु भयान्वितं भुविनृणां वैराग्य मेवाभयम् ॥

ભોગમાં રોગનો ભય, કુળમાં ભ્રષ્ટ થવાનો ભય, ધનમાં રાજાનો ભય, મૌનમાં દીનતાનો ભય, બળમાં શત્રુનો ભય, રૂપમાં જરાનો ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણમાં ખળનો ભય, અને કાયોમાં કાળનો ભય એમ સર્વ વસ્તુ મનુષ્યોને જગતમાં ભયવાળી છે, (પણ માત્ર) એક વૈરાગ્ય જ અભય છે.

માટે વૈરાગ્યપૂર્વક સાંસારિક ભયથી અન્યને મુક્ત કરવો, તેજ સર્વોત્કૃષ્ટ અભયદાન છે.

कस्यास्ति नाशे मनसो हि मोक्षः
क्व सर्वथा नास्ति भयं विमुक्तौ ।
शल्यं परं किं निजमूर्खतैव
के के उपास्या गुरुवश्च वृद्धा ॥ २३ ॥

અર્થ.

શિષ્ય—કાનો નાશ થવાથી મોક્ષ થાય ?

ગુરૂ—મનનો નાશ થવાથી.

શિષ્ય—સર્વથા ક્યાં ભય નથી?

ગુરૂ—મુક્તિમાં.

શિષ્ય—અતિશલ્ય શું કહેવાય?

ગુરૂ—પોતાનું મૂર્ખત્વ.

શિષ્ય—ઉપાસના કોની કરવી?

ગુરૂ—ગુરૂની અને વૃદ્ધની.

વિવેચન.

મનનો નાશ થવાથી મુક્તિ થાય છે. મનનો નાશ એટલે કે—સ્વવૃત્તિ સંતાનરૂપ પરિણામનો ત્યાગ કરી, મિથ્યાભૂત આ સર્વ છે એમ જાણી, બ્રહ્મનેજ જાણે ત્યારે મોક્ષ થાય છે, મન છે તેજ બન્ધ અને મોક્ષનું નિમિત્ત છે. કહ્યું છે કેઃ—

मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः ।

મન છે તેજ મનુષ્યને બન્ધ અને મોક્ષનું કારણ છે.

હર્ષ, શોક, પાપ, પુણ્ય, સ્વર્ગ, નરક, બન્ધ અને મોક્ષ-આદિ અસંખ્ય વિકારો મનના છે. એ મનનો નાશ થતાં પછી મોક્ષ કોને જોઈએ? કેમકે આત્મા તો નિત્યમુક્ત છે. એ નિત્યમુક્ત આત્માને મન પોતાને બંધને બન્ધન માને છે, બાકી આત્માને તો બન્ધનજ નથી, જેમ કોઇ મનુષ્યને જ્વર આવ્યો હોય, અને તેને જો સાકર ખાવા આપીએ, તો તે સાકરની માધુર્યતા તાવના જોરથી તેને ન લાગતાં ઉલટી તેને કડવી લાગે છે, તેમ મનને લીધે આત્માને

બન્ધન જણાય છે; પરન્તુ જ્યારે મન ટળી જાય છે, ત્યારે આત્મા, તો સ્વભાવે મુક્તજ છે. પ્રથમતો સંકલ્પ વિકલ્પ રૂપી જે મનનો ધર્મ છે તે ટાળવો જોઇએ, પછી સંયમ કરવાથી મન વશ્ય થઈ જાય છે. બાર માત્રિકાએ પૂરક, બાર-માત્રિકાએ કુંભક, અને બાર માત્રિકાએ રેચક એ પ્રમાણે જ્યારે પ્રાણાયામથી પ્રણવ સાધવામાં આવે તે સંયમ કહે-વાય છે. આ પ્રમાણે સંયમ કરતાંની સાથે મન એની જ મેળે નાશ પામે છે. જેમ કોઇ દરમાં સર્પ રહેતો હોય તેના દરમાં તેલ ઉકાળીને રેડયું હોય, તો તેથી તે તુરત મરણ પામે છે, તેમ ઉપર દર્શાવ્યા પ્રમાણે પ્રણવ સાધતાં મન નાશ પામે છે, પણ આ વાર્ત્તા પોતાની મેળે સમજવી અશકય છે, માટે કોઇપણ મનને મારી જાણનાર સદ્દગુરૂ દ્વારા તેનું શિક્ષણ લેવું જોઈએ. સંકલ્પ—વિકલ્પ ટળ્યા એટલે મન મરેલું જ છે, અને મન મર્યું એટલે મોક્ષ છે.

કૈવલ્ય મુક્તિમાં સર્વથા ભય નથી, તે વગર સર્વત્ર ભય છે. મુક્તિ થયા પછી જન્મ—મરણનો મહા ભય પણ રહેતો નથી, પરન્તુ મુક્તિ થવાને માટે ઉત્તમ જ્ઞાન સંપાદન થવું જોઇએ. જ્યાં સુધી હું અને આ એમ છે ત્યાં સુધી જ ભય છે. એ હું અને આનો નાશ જ્ઞાનથી જ થાય છે; પરન્તુ એ જ્ઞાન પોતાની મેળે પ્રાપ્ત થતું નથી. તેમ કોઇ ક્રિયાદ્વારા પણ મળતું નથી, કેમકે તેને મન અને વાણી પોહોંચે તેમ નથી, માટે જ્ઞાન ગુરૂદ્વારા મેળવવું જોઇએ. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૪ થાના ૩૪ મા શ્લોકમાં ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રે અર્જુનને કહ્યું છે કે:—

तद्विद्धि प्राणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यंति तेज्ञानं ज्ञानिन स्तत्व दर्शिनः ॥

આત્મજ્ઞાન, સત્કારપૂર્વક પ્રણામ કરી પ્રશ્ન કરવાથી, અને તત્ત્વદર્શીઓનું સેવન કરવાથી પ્રાપ્ત થશે, તત્ત્વદર્શી જ્ઞાનીઓ તેને આત્મજ્ઞાનનો ઉપદેશ કરશે.

માટે જ્ઞાનવાન્ તત્ત્વને જાણનારા ગુરૂને શરણ જઇ જ્ઞાન સંપાદન કરવું અને તે જ્ઞાન થતાં સ્વરૂપની પ્રાપ્તિ થશે કે જેમાં કશો પણ ભય નથી; એવી મુક્તિ થાય છે.

પોતાની મૂર્ખતાના સમાન એક પણ શલ્ય નથી. દેહમાં અહં બુદ્ધિ છે તેજ શલ્ય છે. નાના પ્રકારના વ્યાધિ કે વિષ પ્રયોગ માટે ઔષધો વિગેરે છે, પણ મૂર્ખ માટે ઔષધ નથી. માટે મૂર્ખતા એ મહા શલ્ય છે; જો કે સંસારમાં નાનાં પ્રકારનાં ઘણાં શલ્ય છે. તેમાં મૂર્ખતા એ મોટું શલ્ય છે. અન્ય શલ્યો સહજ દુઃખદાયક છે; પરન્તુ મૂર્ખતાથી તો અસંખ્ય દુઃખો થાય છે. શાસ્ત્ર જાણતો હોય, ડાહ્યો હોય, ઈતિહાસ જાણતો હોય, મહા ચતુર હોય, પણ જ્યાં સુધી તેણે બ્રહ્મવિદ્યા સંપાદન કરી નથી, ત્યાં સુધી તે મૂર્ખ છે; કારણ કે મૂર્ખ જેમ પોતાના હિતાહિતને સમજતો નથી, અને દુઃખ શાન્ત કરી શકતો નથી તેમ અન્ય વિદ્યાવાળો પણ પોતાનું શ્રેયાશ્રેય સમજતો નથી, અને જન્મ–મરણનાં દુઃખને મટાડી શકતો નથી; કારણ કે જ્યાં સુધી બ્રહ્મવિદ્યા સંપાદન કરી પોતાનું સ્વરૂપ જાણવામાં આવ્યું નથી, ત્યાં સુધી જન્મ–મરણનું દુઃખ મટતું નથી, અને તેને સર્વત્ર દુઃખજ જોવામાં આવે છે. કહ્યું છે કેઃ—

अज्ञस्य दुःखौघ मयं ज्ञस्यानंदमयं जगत् ।

જે અજ્ઞાની છે તેને તો જગત્ દુઃખના પુંજરૂપ છે, અને જે જ્ઞાની છે, તેને આ જગત્ આનંદમય છે.

આ પ્રમાણે જેને જ્ઞાન નથી, તે મૂર્ખતાથી મહા ક્લેશ અનુભવે છે, અને એ ક્લેશનો પાર આવતો નથી. માટે મૂર્ખતા છે તે મહાશૈલ્ય છે; કારણ કે જ્યાં સુધી મૂર્ખતા છે ત્યાં સુધી જ દુઃખ છે, માટે મૂર્ખતાનો નાશ કરી જ્ઞાન સંપાદન કરવું જોઇએ. જ્યાં સુધી જ્ઞાન સંપાદન કર્યું નથી, ત્યાં સુધી સુખ મળવાનું જ નથી, માટે બનતા યત્ને મૂર્ખતાનો નાશ કરવા કાળજી રાખી જ્ઞાન સંપાદન કરવું ઘટે છે, કે જેથી જન્મ-મરણનો ફેરો ટળી જાય છે.

ગુરૂ અને વૃદ્ધજનોની ઉપાસના કરવી જોઇએ. બ્રહ્મ-વિદ્યાનો જે ઉપદેશ કરે તે ગુરૂ, અને જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ અને જાતિવૃદ્ધ-આદિની ઉપાસના કરવી જોઇએ. ગુરૂ અનેક પ્રકારના છે. પોતાને જન્મ આપનાર પિતા ગુરૂ કહેવાય છે. વિદ્યાનું અધ્યયન કરાવનાર ગુરૂ કહેવાય. સાંસારિક બન્ધ-નથી મુકત થવાય તેવું જ્ઞાન આપનાર ગુરૂ કહેવાય. વ્યાવ-હારિક અને પારમાર્થિક રીતિમાં એ સર્વની યોગ્ય સેવા કરવી જોઇએ, તેમજ જે વિદ્યામાં, દ્રવ્યમાં, ગુણમાં, કુળમાં, અધિકારમાં અને વયમાં અધિક હોય તે વૃદ્ધ કહેવાય, તેઓની યથાયોગ્ય સ્નેહ અને વ્યાવહારિક સંબંધમાં સેવા કરવી જોઇએ. ગુણથી, વયથી, વિદ્યાથી, કુળથી, અનુભવથી અને અન્ય પ્રકારથી એક મનુષ્ય વૃદ્ધ હોય, તો તે પોતાના કરતાં વિશેષ માનને યોગ્ય છે. એવા અનુભવીના વિચારો,

વાર્ત્તાઓ અને તેનાં આચરણો બોધ લેવાયોગ્ય હોય છે, માટે જ ગુરૂ અને વૃદ્ધની સેવા કરવાનું કહ્યું છે.

ગુરૂ પાંચ પ્રકારના છે. એક પિતા, ગોર, વિદ્યાગુરૂ, મંત્રગુરૂ, અને પાંચમો જ્ઞાનગુરૂ, જેમ પાંચ ગુરૂ છે, તેમ શરીરની અવસ્થા પણ પાંચ છે. બાલ્યાદિ પ્રત્યેક અવસ્થાનો ગુરૂ પિતા, પૌગંડ અવસ્થાનો ગુરૂ ગોર, કિશોર અવસ્થાનો વિદ્યાદાતા ગુરૂ, યુવાવસ્થાનો મંત્ર આપનાર ગુરૂ અને વૃદ્ધાવસ્થાનો જ્ઞાન આપનાર ગુરૂ, આ પ્રમાણે પાંચ ગુરૂ છે. પિતાએ સર્વ સાધન કરી શકાય એવો દેહ આપ્યો, અને જન્મ્યા પછી તેનું પાલન પોષણ કરી મોટો કર્યો, માટે તે ગુરૂ છે, પણ તે ગુરૂ તો દેહ આપી સંસારના દુઃખમાં નાખે છે. કુળ ગુરૂ વર્ણાશ્રમોચિત્ કર્મ કરાવી તેના બન્ધનમાં નાખે છે. વિદ્યાગુરૂએ અજ્ઞાનનાશક વિદ્યા ન ભણાવી, તેથી તે અજ્ઞાનના બન્ધનમાં જ રાખે છે. મંત્રગુરૂ અન્ય મતથી પોતાના સંપ્રદાયમાં લાવવા અન્ય દેવમાં દ્વેષબુદ્ધિ કરાવી અવળે માર્ગે અથડાવે છે. આ પ્રમાણે ચાર ગુરૂ તો અવિદ્યામાં ઝોંકાવનાર છે, તેથી શ્રેય થતું નથી; પરન્તુ પાંચમા જે જ્ઞાનગુરૂ છે, તે તો સર્વોત્કૃષ્ટ જ્ઞાનદ્વારા સાંસારિક બન્ધન કાપી નાખી સ્વસ્વરૂપનું ઓળખાણ કરાવી મુક્ત કરે છે; માટે જ્ઞાનગુરૂ છે તેજ વૃદ્ધગુરૂ છે; માટે તેવા ગુરૂની અન્યય ભાવથી સુશ્રુષા કરવી. પ્રથમ કહ્યા તે ચાર ગુરૂ છે, પણ તે સાંસારિક બંધનથી મુક્ત કરી શકતા નથી. બન્ધનથી તો માત્ર જ્ઞાનગુરૂજ મુક્ત કરે છે, જેમ અંધારી રાત્રિ ચાર પ્રહરની હોય છે, તે રાત્રિનો અન્ધકાર સૂર્યોદય

થતા મટે છે, તેમ ઉપર દર્શાવેલા ચાર ગુરૂ અંધારી રાત્રના ચાર પ્રહર સદૃશ જાણવા અને પાંચમાં જે જ્ઞાનગુરૂ છે તે સૂર્ય સદૃશ સમજવા; કારણ કે જ્ઞાનગુરૂ મળતાંની સાથે અજ્ઞાન ચાલ્યું જાય છે. જેમ સૂર્યોદય થતાં અન્ધકારના નાશ સાથે કમળ પ્રફુલ્લિત થાય છે તેમ જ્ઞાનગુરૂના બોધદ્વારા અજ્ઞાનરૂપી અન્ધકારનો નાશ થતાં જ્ઞાનરૂપ કમળ પ્રપુલ્લિત થાય છે. ગુરૂ ગીતામાં કહ્યું છે કેઃ—

सर्वश्रुतिशिरोरत्न नीराजितपदांबुजः ।
वेदांतांबुजसूर्याय तस्मै श्रीगुरुवे नमः ॥

સર્વ શિરોરત્ન શ્રુતિયો જેને ચરણે છે, અને વેદાન્તરૂપી કમળને પ્રપુલ્લિત કરવામાં જે સૂર્ય સદૃશ છે તે ગુરૂને હું નમસ્કાર કરૂં છું.

માટે અજ્ઞાનનો નાશ કરી જ્ઞાનને આપનારા વેદાન્તના જ્ઞાતા ગુરૂની યથાર્થ ઉપાસના કરવી જોઇએ. કહ્યું છે કેઃ—

विदलयति कुबोधं बोध यत्यागमार्थं
सुगति कुगति मार्गौ पुण्यपापे व्यनक्ति ।
आ वगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो
भवजलनिधिपोतस्तं विना नास्ति किंचित् ॥

આપણા મનમાં જે નઠારા બોધ બેશી ગયા હોય તેને ટાળે, શાસ્ત્રનો અર્થ સમજાવે, મોક્ષ અને બન્ધ એ બેયનો માર્ગ પૃથક્ પૃથક્ સમજાવે, પાપ અને પુણ્ય એ બેયને ભિન્ન ભિન્ન કરી સમજાવે, તથા કર્ત્તવ્યાકર્ત્તવ્યનો

ભેદ જણાવે એવા જે ગુરૂ છે, તે વગર ભવસાગરથી પાર થવાનું અન્ય એક પણ વાહાણુ નથી.

એટલે કે જે મોક્ષનો માર્ગ જણાવે અને બન્ધના માર્ગથી દૂર રાખે; તેવા જ્ઞાનવાન્ ગુરૂની સુશ્રુષા કરવી; કારણ કે તેવાઓનો અકથનીય મહિમા છે, અને તેવા દ્વારા જેઓએ બોધ લીધો હોય, તેને પછી કશું પણ બાકી રહેતું નથી. કહ્યું છે કે:—

स्वर्गस्तस्य गृहांगणं सहचरी साम्राज्य लक्ष्मीःशुभा
सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेष्मनि ।
संसारः सुतरः शिवं करतले क्रोडे लुठत्यं जसा
यःश्रद्धा भरभाजनं निजपतेः पूजां विधत्ते जनः ॥

ઉપર દર્શાવ્યા તેવા ગુરૂની જે શ્રદ્ધાપૂર્વક સેવા કરે છે, તે મનુષ્યને સ્વર્ગ ઘરના આંગણા જેવું છે. સામ્રાજ્યની લક્ષ્મી દાસી સમાન છે, સૌભાગ્ય—આદિ ગુણની પંક્તિ પોતાની મેળે જ દેહ રૂપ ઘરમાં આવીને રહે છે. સંસાર તરવો સહેલ છે; અને મોક્ષ વગર મહેનત હાથમાં આળોટે છે.

સારાંશ એ છે કે—ઉપર દર્શાવ્યા પ્રમાણે ભવસાગરથી તારનારો ખરો બ્રહ્મવેત્તા હોય તે જ ગુરૂ પદને યોગ્ય છે. તેવાઓની સેવાથી ઉત્તમ ગતિ—મોક્ષ મળે છે. માટે તેની સેવા કરવી, અને સર્વ પ્રકારે પોતાનું શ્રેય થાય તેવું કરવું.

उपस्थिते प्राणहरे कृताते
किमाशु कार्यं सुधिया प्रयत्नात् ।
वाक्कायचित्तैः सुखदं यमघ्नम्
मुरारिपादांबुजमेव चिंत्यम् ॥ २४ ॥

અર્થ.

શિષ્ય—પ્રાણને હરનારો કાળ આવે, ત્યારે સુબુદ્ધિવાળાએ ત્વરાથી શું પ્રયત્ન કરવું ?

ગુરૂ—સુખને આપનારાં અને યમને નાશ કરનારાં મુરારિ પરમેશ્વરનાં ચરણારવિન્દનું વાણી, શરીર અને ચિત્ત વડે ચિંતવન કરવું.

વિવેચન.

મુરારિ પાદાંબુજ—મુર નામના દૈત્યના અરિ પરમેશ્વર તેનાં ચરણકમલ તેનું ચિંતવન કરવું. તે ચરણ કેવાં છે કે, સુખને આપનારાં, યમના દૂતના ભયનો નાશ કરનારાં છે, તેનું ભજન કરવાથી જન્મ સફળ થાય છે. ભગવાન્ શ્રી વેદવ્યાસજીએ કહ્યું છે કેઃ—

आराधनं बहुविधं विहितं मुरारे
स्तत्राप्यनन्य शरणत्व मुदार भक्तिः ।
सर्वं विहाय भगच्चरणार्विन्दे
प्रेम्णाधियः स्थिति रखंड सुखाभिहेतुः ॥

બહુ વિધિથી મુરારિનું આરાધન કરી, ઉદાર ભકિતથી

અનન્ય ભાવે તેનું શરણ લેવું. સર્વનો ત્યાગ કરી પ્રેમ બુદ્ધિથી ભગવદ્ ચરણાર્વિન્દમાં અખન્ડ સ્થિતિ કરવી, એ સુખનો હેતુ છે.

કાળ કોઇને મેલી દેતો નથી, જે જે નામ રૂપાત્મક્ ઉત્પન્ન થાય છે, તેનો નાશ અવશ્ય છે. જ્યારથી બીજ બંધાયું ત્યારથી તેના માથે મરણનો નિશ્ચય થઇ ચૂકે છે. મોત તો જન્મની સાથે જ જન્મેલું છે. શ્રીમદ્ ભાગવતના દશમસ્કન્ધના પૂર્વાર્દ્ધના અધ્યાય ૧ લાના ૩૮ મા શ્લોકમાં વસુદેવજીએ કંસને કહ્યું છે કેઃ—

मृत्युर्जन्मवतां वीर देहेन सह जायते ।
अद्य वाब्दशतांते वा मृत्युर्वै प्राणिनां ध्रुवः ॥

મરણના ભયથી મારતો હો તો, મૃત્યુ કોઇનું મટાડયું મટતું નથી; કેમકે પ્રાણીયોને દેહ સાથે મરણ સરજાઇ ચૂકયું છે, અને વિશેષ જીવવાને માટે મારતો હો, તો હે વીર ! મૃત્યુ આજ અથવા સો વર્ષ પછી અવશ્ય થવાવાળું છે, તેમાં કેવળ વિલમ્બ નાંખવા માટે પાપ કરવું એ ઉચિત્ નથી.

આ વાર્ત્તા પ્રત્યક્ષ છે. આપણે આપણી દૃષ્ટિથી પશુ, પક્ષી, ઝાડ અને મનુષ્યોનાં મરણનો અનુભવ થાય છે. કોઇ મરકીથી, કોઈ કોલેરાથી, કોઈ યુદ્ધમાં, કોઇ ઝેર ખાઇને, કોઇ કુવામાં પડીને, કોઇ ફાંસીને લાકડે લટકીને અને કોઇ અન્ય વ્યાધીથી મુવો એમ લોકમાં કહેવાય છે; પણ તે તો નિમિત માત્ર જ છે. વાસ્તવિક્ રીતે તો પારબ્ધાનુસાર કાળ સર્વનો ક્ષય કરે છે. એ કાળ જ્યારે અચાનક આવે

ત્યારે બુદ્ધિમાને મન વાણી અને શરીરથી ઇશ્વર ચિંતવન કરવું જોઇએ. અન્તકાળે અન્તઃકરણમાંથી સ્ત્રી, પુત્ર, ઘર, દ્રવ્ય, ગાડી, ઘોડા અને ઉદ્યમ વિગેરેને કાઢીને મન ઇશ્વરમાં જ તલ્લીન કરવું, એ બુદ્ધિમાનનું અવસાન સમયે તુરત કરવાનું કર્ત્તવ્ય કર્મ છે, કે જે કરવાથી ઉત્તમોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

के दस्यवः संति कुवासनाख्याः
कःशोभते यः सदसि प्रविद्यः
शातेव का या सुखदा सुविद्या
किमेधते दानवशात् सुविद्या ॥ २५ ॥

અર્થ.

શિષ્ય—ચોર કોણ કહેવાય?
ગુરુ—નઠારી વાસનાઓ હોય તે.
શિષ્ય—સભામાં કોણ શોભે?
ગુરુ—મહાવિદ્વાન્ હોય તે.
શિષ્ય—શાન્તિ સદૃશ સુખ આપનાર કોણ છે?
ગુરૂ—સુવિદ્યા.
શિષ્ય—દાન આપવાથી શું વધે છે?
ગુરુ—સુવિદ્યા.

વિવેચન.

કુવાસના છે તે ચોર છે. કુવાસના એટલે મલીન વાસના, તેમાં લોક વાસના, શાસ્ત્ર વાસના અને દેહ વાસના એ ત્રણ વાસના મલીન છે, તેમાં સર્વ જનો નીંદા ન કરે પણ સ્તુતિ કરે તેમ હું અનુસરીશ, એવો જે આગ્રહ તે લોક વાસના, તે વાસના સંપાદન કરવી અશક્ય હોવાથી તે મલીન વાસના છે. આ લોકમાં ગુણવાન્ તથા વીર્યવાન્ ઇત્યાદિ વાકયથી વાલ્મીકજીએ નારદજીને પુછયું હતું. તેના પ્રત્યુત્તરમાં નારદજીએ કહ્યું છે કે–ઇક્ષ્વાકુ વંશોદ્ભવ શ્રી રામચન્દ્રજી પણ, સાક્ષાત્ લક્ષ્મીના અવતારભૂત, જગત્ માતા સીતાનો લોકાપવાદ સાંભળી શકયા ન હતા, તો અન્ય આ પણ સમાન નીંદા શી રીતે શ્રવણ કરી શકે ? માટે લોક વાસના સંપાદન કરવી અશક્ય છે. માટે સર્વથા સ્વહિત આચરણ કરવું. રાજર્ષિ ભર્તૃહરિ કથી ગયેલ છે કેઃ—

निन्दन्तु नीति निपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम्।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

(ધીર પુરૂષો નિન્દા વિગેરે થવાથી પણ ન્યાય માર્ગથી ચલાયમાન થતા નથી.)

નીતિમાં કુશળ પુરૂષો નિંદા કરો, સ્તુતિ કરો, લક્ષ્મી યથેચ્છ આવો વા જાઓ, આજ મરણ થાઓ વા યુગા-

ન્તરે મરણ થાઓ, પરન્તુ ધીર પુરૂષો ન્યાયમાર્ગમાંથી એક પગલું પણ ચલાયમાન થતા નથી, અર્થાત નિંદા વિગેરે થાય, તો પણ ન્યાયમાર્ગ છોડવો નહિ.

શાસ્ત્ર વાસના પણ ત્રણ પ્રકારની છે. પાઠ વાસના, બહુશાસ્ત્ર વાસના, અને અનુષ્ટાન વાસના. આ સર્વ વાસના નરકમાં નાંખનાર છે, અને તેથી જ વાસનાને મલીન કહેલ છે; કારણ કે પ્રતિકુલ વાસના સંપાદન કરવાથી વિવેક જતો રહે છે. અને તેમ થતાં યથાયોગ્ય જ્ઞાન થતું નથી, અને જ્ઞાન વગર મોક્ષ થતો નથી. કહ્યું છે કે—

लोक वासन या जंतोः शास्त्र वासन या पिच ।
देह वासन या ज्ञानं यथा यनैव जायते ॥

લોક વાસના, શાસ્ત્રવાસના તથા દેહ વાસનાથી મનુષ્યને યથાથોગ્ય જ્ઞાન થતું નથી.

મૈત્રી—આદિની જે વાસના છે તે પ્રતિકુળ વાસના છે; સુખી પ્રાણીને મિત્રના દુઃખથી હૃદયમાં કરૂણા થાય છે, કેમકે તેવું અન્યને દુઃખ થશો નહિ, એવા વિચારથી મલીન વાસનાનો નાશ થાય છે. જેમ દૈવી સંપતિના અભ્યાસથી આસુરી સંપત્તિ નાશ થાય છે. શ્રીકૃષ્ણભગવાને પણ શ્રીમદ ભગવદ્ગીતાના અધ્યાય ૧૬ ના શ્લોક ૧ થી ૩ માં કહ્યું છે કેઃ

अभयं सत्व संशुद्धि र्ज्ञानयोग व्यवस्थितः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्याय स्तप आर्जवम् ॥
अहिंसा सत्यमक्रोध स्त्यागः शांतिरपैशुनम ।
दया भूतेष्व लोलुतं मार्दवं ह्रीरचापलम् ॥

तेजःक्षमा धृतिः शौच मद्रोहो नाति मानिता ।
भवंति संपदं दैवी मभि जातस्य भारत ॥ ३ ॥

અભય, અન્તઃકરણશુદ્ધિ, જ્ઞાનયોગ નિષ્ટા, ન્યાયવડે ઉપાર્જન કરેલું દ્રવ્ય સુપાત્રને આપવું, મનનો નિગ્રહ, ફલાભિસન્ધિરહિત મહાયજ્ઞનું અનુષ્ઠાન, વેદાભ્યાસ, ભગવત પ્રીતિજનક શરીર કલેશ-આદિ સર્વમાં સરળતા, પારકાની પીડાની નિવૃતિ ભૂતહિતવાકય, અક્રોધ, ત્યાગ, ઇન્દ્રિય નિગ્રહ, કોઇની ચાડી કરવી નહિ, સર્વ પ્રાણી માત્રમાં દયા રાખવી, વિશેષ લોભ કરવો નહિ, મૃદુતા, અકૃત્ય કરવામાં લજ્જા, ચપળતાનો ત્યાગ, તેજ, ક્ષમા, ધૈર્ય, શૌચ-અન્તબાહ્ય શુદ્ધિ, અદ્રોહ અને વિશેષ માન ન ઇચ્છવું. હે ભારત ! મારી દૈવી આજ્ઞાનું વૃતિરૂપ સમ્પત્તિ ભોગવવાને માટે જન્મવાળા પુરૂષોમાં આ સર્વ ગુણ હોય છે.*

---

*અસુરપણાનો અભ્યાસ વા સ્વભાવનો ત્યાગ કરીને દેવપણાના કર્તવ્યોનો આશ્રય લે છે, તેજ તત્ત્વજ્ઞાનના અધિકારી થઈને, મુક્તિ માર્ગમાં ચાલવા તથા પોહોંચવાવાળા થાય છે. દૈવી સામગ્રીનાં સાધન વા રક્ષક અભય-આદિ છે. દૈવી સમ્પત્તિના સન્મુખ થયેલ મનુષ્યમાં અભય આદિ તુરત પ્રગટ થાય છે અને અભય આદિ પ્રત્યક્ષ દેખાવાથી કહી શકાય છે કે, અમુક સ્ત્રી તથા પુરૂષાદિ દેવાંશ છે. બ્રાહ્મણ ગ્રન્થોમાં લખે છે કે-' દેવ અને અસુર સૃષ્ટિના આરમ્ભથી જ ચાલ્યા આવે છે, ' એ કથનથી સિદ્ધ છે કે સર્વ સમયમાં સર્વ સ્થાનોમાં વ્યાપી રહેવાથી દેવ અને અસુર સંસારમાં મળીને રહે છે, સર્વથા કદિ ભિન્ન ભિન્ન થતા નથી; તો પણ જેમ પૃથિવી આદિ સર્વ તત્ત્વ સદા એક બીજામાં મળી રહેતાં આકાશ, વાયુ-આદિમાં પણ

આ ઉપર કથેલાથી જે વિપરીત તે કુવાસના. મહા જ્ઞાની પુરૂષને જો કોઇ પદાર્થમાં દેખવાથી કે સાંભળવાથી

સૂક્ષ્મ પાર્થિવ પરમાણુ રહે છે તથા પૃથિની જળ–આદિમાં પણ આકાશ–આદિ સૂક્ષ્માંશથી વ્યાંપી રહે છે જ. તો પણ જ્ય જ્યાં જે જે તત્ત્વની અધિકતા વા પ્રબળતા થાય છે ત્યાં ત્યાં તે તે પૃથિવ્યાદિ મનાતા આકાશ–આદિ ગૌણભાવથી રહેવા છતાં પણ વ્યવહારમાં લાગતા નથી. આ પ્રકારે બન્નેમાં બન્ને વ્યાપી રહેવાથી પ્રબળ વા અધિકાંશમાં જ્યાં દેવતા હોય છે, તેમાં ગૌણતાથી આસુર-ભાવ રહેવાથી પણ દેવ તથા જે વસ્તુ વા મનુષ્યમાં અસુરપણું અધિક વા પ્રબળ હોય, તેમાં ગૌણદેવપણું હોવાથી તે અસુર કહેવાય છે, જો કોઇની અપેક્ષાએ દેવ છે, તેજ પોતાનાથી પ્રબળ દેવની અપેક્ષાએ અસુર કહેવાય છે. આ પ્રકારે દેવ તથા અસુરોથી આ અખિલ જગત વ્યાપ્ત થઇ રહેલું છે; તો પણ ઉક્ત પ્રકાર જેમાં જેની અપેક્ષાથી અભય–આદિની જેવી પ્રધાનતા છે, તે તે તેની અપેક્ષાથી તેવો દેવ છે; પરન્તુ અસીમ, અભય–આદિ પરમાત્મામાં રહે છે; કેમ કે અગ્નિ–આદિ પદાર્થ કોઇ પ્રાણીથી જરા પણ ડરતા નથી; પરન્તુ 'ભયાદ્દયસ્યાગ્નિ સ્તપતિભયાત્તદતિ સૂર્યઃ' પરમેશ્વરના ભયથી જ અગ્નિ સુર્ય–આદિ પોતપોતાનું યથોચિત્ કામ કરી રહેલ છે. અથવા નિર્ભય અગ્નિ–આદિ અસ્મદ–આદિની અપેક્ષાએ દેવ હોવા છતાં પણ પરમેશ્વરથી સર્વદા ભયભિત રહેવાથી તેની અપેક્ષાએ સર્વ દેવ–અસુર કહેવાય છે અને અગ્નિ–આદિ વસ્તુઓના સેવનથી મનુષ્ય–આદિના શરીરોમાં ઉગ્રતર કઠોરતા અને પ્રબળતા વૃદ્ધિ પામીને નિર્ભયતા ગુણ પ્રગટ થતા દેખાવાથી પણ સિદ્ધ છે કે અગ્નિ–આદિ જડ વસ્તુઓમાં પણ નિર્ભયતાદિ ગુણ યથા સમ્ભવ હોય છે, એથી સિદ્ધ થાય છે કે જડ–ચેતન બન્નેમાં દેવત્વ રહે છે, પરન્તુ આ પ્રકરણમાં ચેતન સમ્બન્ધી દેવત્વનું વ્યાખ્યાન કરવું

જો વૃત્તિ ચોટી જાય તો દેહ છુટયા પછી જ્યાં વૃત્તિ ગઇ હોય ત્યાં અવતાર આપે. એ વાતો શ્રીમદ્‌ભાગવતના પંચમ સ્કન્ધમાં ભરતજીના ઇતિહાસથી સ્પષ્ટ છે; કારણ કે મહાત્મા ભરતજીને મૃગયોનીમાં અવતરવું પડયું હતું. આ પ્રમાણે જ્યારે જ્ઞાનીને પણ અવતાર લેવરાવે, તેવી વૃત્તિનું નામ વાસના. એ વાસના અધવચ લટકાવી રાખે છે. જેમકે કોઇ એક મહાન યોગેશ્વર હતો, તેણે અવસાન કાળે પોતાના શિષ્યને આસન પવિત્ર કરવાનું કહ્યું. શિષ્યે આસન પવિત્ર કરી આપતાં યોગી તે ઉપર બેઠો. ત્યારે એક આંબાના વૃક્ષમાં સન્મુખ શાખ વળગેલી હોવાથી તેમાં દૃષ્ટિ પડતાં, વાસના ત્યાં ગઇ, આ પ્રમાણે વાસના ત્યાં જતાં તે મહા યોગી દેહ છુટયા પછી તે શાખમાં કીડો અવતર્યો. આ

ગ્રન્થકારને અભિષ્ટ ગ્રન્થકારે ગ્રહણ કરવા રૂપ ઇષ્ટ અને ત્યાગવા યોગ્ય અનિષ્ટના સાધક વા પ્રવર્તક દેવ અસુર બે ભાવોમાં એકનો ત્યાગ અને બીજા દેવભાવને ગ્રહણ કરવાને માટે મનુષ્યને સ્પષ્ટ ઉપદેશ કરેલો છે તેથી અન્યના સદશ મનુષ્યોમાં પણ દેવ અને અસુર બેય ભેદ સિદ્ધ છે. આ દશામાં જે લોક એમ માને છે કે—કોઇ સ્વર્ગ આદિ ભિન્ન લોકમાં રહેવાવાળા વિલક્ષણ યોનિ અને અમારાથી વિલક્ષણરૂપ વા આકૃતિવાળા અમારાથી પૃથક્ જ કોઇ દેવ યા અસુર છે, એમ કથનારાઓનું સ્પષ્ટ આ સ્થળે ખન્ડન થઇ જાય છે. આ વિચાર મૂળ ગ્રન્થનો આશય જોવા તથા વિચારવાથી ગુપ્ત રહી શકતો નથી. દેવાસુરાદિ નામની વસ્તુ સર્વત્ર વ્યાપ્ત છે, એ નિર્વિકલ્પ, નિર્વિઘ્ન, નિઃસ્સંદેહ વેદનો મુખ્ય સિદ્ધાન્ત છે. એ અનુસાર વેદાનુયાયી સર્વ ગ્રન્થોનો સિદ્ધાન્ત હોવો જોઇએ, એ બુદ્ધિમાનોને વિચારવા યોગ્ય છે.

પ્રમાણે દુષ્ટ વાસનાના જ્ઞાનને નિષ્ફળ કરી, અવતાર લેવરાવે છે; માટે વાસના છે તે મોટો શત્રુ છે. આ પ્રમાણે યોગીને ફેરી જોતાં આટલું બન્ધન થયું તો પછી અન્ય કૃત્યો તે કરે જ કેમ ? દેહનાં કર્મ દેહ કરે છે. તેથી આત્માને કાંઈ બાધ નથી એમ કથનારા શુષ્ક વેદાંતીઓ સાથે સંભાષણ પણ કરવું ઉચિત નથી. તેમ તેવાઓની વાત પણ સાંભળવી નહિ. વાસના બળાત્કારે ખેંચી જાય; તો પણ યત્નપૂર્વક તેને અટકાવી રાખવી; કારણ કે જ્યાં સુધી વાસના છે, ત્યાં સુધી મોક્ષ નથી, મોક્ષ તો સંશય, વાસના અને અજ્ઞાન નાશ પામે ત્યારે એની મેળે જ થાય છે. માટે અહંગ્રંથિ, હું અને મારૂં કર્મગ્રન્થિ પાપ પુણ્ય તથા સંશય–ગ્રન્થિ આમ હશે વા નહિ હોય, તેથી મુક્ત થવાયું તો પછી મોક્ષ જ છે. કહ્યું છે કેઃ—

मोक्षस्य न हि वास्तोति नग्रामांतरे मेव वा ।
अज्ञान हृदय ग्रन्थि नाशो मोक्ष इतिस्मृतः ॥

મોક્ષનો ક્યાંય વાસ નથી, તેમ કોઇ ગામ પણ નથી; પરન્તુ અજ્ઞાનરુપ હૃદયની ગાંઠ ટળે, તેનું નામ મોક્ષ છે. અન્તઃકરણનો સંશય જ્યાં સુધી ન મટે, ત્યાં સુધી મુક્ત થવું કહેવાય જ નહિ. કહ્યું છે કેઃ—

नमोक्षो नभसः पृष्टे पाताले चान्य भूतले ।
संशयस्य क्षये चित्त क्षयो मोक्ष इति स्मृतः ॥

આકાશમાં, પાતાળમાં, અથવા પૃથિવીના પડ ઉપર મોક્ષ નથી, પરંતુ સંશય ટળે અને તેથી ચિત્ત ચિદ્દમાં લય પામે તેનું નામ મોક્ષ છે.

જ્યાંસુધી મન સ્થિર નથી, ત્યાંસુધી મોક્ષ નથી, જ્યારે મન સ્થિર થાય, ત્યારે મોક્ષ સહજ છે. વાસના થવાનું કારણ ચિત્તનું અસ્થિરપણું છે. માટે જે પ્રકારે વાસના જન્મ પામે નહિં, તે પ્રમાણે ચિત્તને ચિદ્રૂમાં લય કરી દેવું. આ સ્થળે કોઈ શંકાને જન્મ આપે કે, તમે જ્યારે નઠારી વાસના કહી, ત્યારે અન્ય સુવાસનાં પણ હશે ખરી? તો તે તેની સત્યવાર્ત્તા છે. નિર્મળ જ્ઞાન પ્રાપ્ત થતાં પોતાના સ્વરૂપનો યથાર્થ અનુભવ થતાં 'અહં બ્રહ્માસ્મિ' એવી અખન્ડાકાર વૃત્તિ રહે, તે સુવાસના છે, આત્મબોધના ૩૭ મા શ્લોકમાં કહ્યું છે કેઃ—

एवं निरंतराभ्यस्ता ब्रह्मैवास्मीति वासना ।
हरत्यविद्याविक्षेपान् रोगानिव रसायनम् ॥

'હું બ્રહ્મ છું' એવી દૃઢ વાસના, જેમ રસાયન રોગોને નાશ કરે છે, તેમ અવિદ્યાથી થએલા ચિત્તના વિક્ષેપોને નાશ કરે છે.

એ વગર અન્ય સર્વ કુવાસના છે. અહં બ્રહ્માસ્મિ એવી અખન્ડાકાર વૃત્તિ થયા પછી શરીરના ધર્મ રહે ખરા, પણ તે દેખવા માત્રજ છે. જેમકે લોઢાનું દાતરડું જો કે નિત્ય ઘાસ કાપે છે; પરન્તુ જો તેને પારસમણિનો સ્પર્શ થાય, તો તે તુરત સુવર્ણ થઇ જતાં ઘાસ કાપવા—આદિ ક્રિયા કરતું નથી, માત્ર આકૃતિ દાતરડા સદૃશ રહે છે, તેમજ બ્રહ્માકાર વૃત્તિ થતાં પુરૂષને ઇન્દ્રિયો દેહ હોય ત્યાં સુધીજ દેખાવા માત્ર છે, અન્ય અજ્ઞાનીના સદૃશ જ્ઞાનીનાં ઇન્દ્રિયો ક્રિયા કરતાં નથી; કારણ કે જ્ઞાની તો બધું બ્રહ્મ-

મય નિહાળે છે, તેને અન્ય કશીપણ ભાવના રહેતી નથી; કેમકે સાક્ષાત્કાર થતાં તેને વ્યાવહારિક કાર્યની સ્ફુરણા થતીજ નથી. જે મુમુક્ષુ સાધક હોય તેમણે તો પ્રમાણ માત્ર પ્રવૃત્તિથી સાધનાકાર વૃત્તિ રાખવી જોઇએ, અને તેજ પ્રમાણે વાણી રાખવી જોઇએ. જ્યાં સુધી સાધનાકાર વૃત્તિ નથી, ત્યાં સુધી પરમ લક્ષ્યને પોહોચાતું નથી, કેમકે કોઇને સેતુ-બન્ધ પરમેશ્વર જવું હોય, તો તે પોતાના ગામમાં બેઠો બેઠો, મજલ, ગામ, ઠામ, ઠેકાણું, તળાવ, નદી, અને ડુંગર આદિ સર્વ કાગળમાં લખ્યાં હોય તે વાંચી જાય અને તેનું સ્મરણ રાખે તો તેથી કાંઇ દર્શનનું ફળ પ્રાપ્ત થતું નથી; પરન્તુ ગામમાંથી ચાલીને તે પ્રમાણે મજલ કરી તે બધાંને પાછળ મૂકતો જાય, તો દર્શનનું ફળ થાય. તે પ્રમાણે જે શાસ્ત્ર ભણ્યો હોય, શબ્દ સાધ્યા હોય, સભા જીતી હોય, તો તેથી જ્ઞાનનું ફળ થતું નથી. જ્ઞાનનું ફળ તો એ બધાં સાધ-નોમાં અવળી રીતે ગુંથાય નહિ તોજ થાય. આ ઉપરથી સમજવાનું એ છે કે, પુરૂષે જ્ઞાન થવા માટે ઉત્તમ સાધનો કરવાં જોઇએ, અને તે ઉત્તમ સાધનો દ્વારા જ્ઞાન થતાં પ્રવૃત્તિ એની મેળેજ ટળી જાય છે. કદાચ કોઇ પ્રમાણ માત્ર પ્રવૃત્તિ રહે, તો તેને પણ નિર્મૂળ કરવા મનમાં વિચારવું અને મનન કરવું કે આટલાં સાધનો કરીએ છીએ તે તે જરા પ્રવૃત્તિ છે, તે કયારે નિર્મૂળ થશે. આ પ્રમાણે કરતાં પણ જો પ્રવૃત્તિ નિર્મૂળ ન થાય, તો અન્ય મનુષ્ય દેહ પામી તેમાં તેટલા પ્રવૃત્તિનો નાશ કરી મુક્ત થવું. જેણે અનેક સાધનો કર્યાં હોય, તેને જો કાંઇક ઓછાશ રહી

હોય, તો તે સ્વર્ગાદિકનાં સુખ અનુભવી પુનઃ પવિત્ર અને શ્રીમંત મનુષ્યને ત્યાં અવતરે છે, એ વિષે શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૬ ઠ્ઠાના શ્લોક ૪૧-૪૨ માં ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રે અર્જુનને કહ્યું છે કેઃ—

प्राप्य पुण्य कृताँ ल्लोकानुषित्वा शाश्वतीःसमाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टाऽभि जायते ॥
अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥

જેમ ભોગની આકાંક્ષાને માટે, યોગથી ભ્રષ્ટ થઇ જાય છે, તેમજ પુણ્ય કરવાવાળાઓના લોકને પ્રાપ્ત થઈને ત્યાં ભોગની તૃષ્ણા પૂર્ણ થતાં સુધી અનેક વર્ષો પર્યન્ત નિવાસ કરીને, પછી ઐશ્વર્ય સમ્પત્તિ યુક્તિ પુરૂષોના કુળમાં જન્મ ધારણ કરે છે. જે પરિપકવ યોગવાળા પુરૂષ યોગથી ચલિત થઈ ગયા હોય, તે તેવો યોગ કરી, ઉપદેશ દેવાવાળા પુરૂષોના કુળમાં ઉત્પન્ન થાય છે. એ બન્ને યોગ્ય અને અયોગ્ય પુરૂષોના કુળમાં જન્મ થવા પ્રાકૃત જનને દુર્લભ છે.

તાત્પર્ય એ છે કે, બ્રહ્માકારવૃત્તિમાં જો કાંઇક ન્યૂનતા રહી હોય, તો મુક્ત ન થતાં અવતાર લેવો પડે છે, માટે તેવી વૃત્તિ કરવા પ્રયત્ન કરવું. પૂર્ણ બ્રહ્માકાર વૃત્તિ થયા વગર 'હું જ્ઞાની છું' એમ જે કથે તેને પૂર્ણ જ્ઞાની સમજવો નહિ. તેવાઓને તો જ્ઞાન ન થતાં અનેક અવતાર લેવા પડે છે. એ વિષે અપરોક્ષાનુભૂતિના ૧૩૩ મા શ્લોકમાં કહ્યું છે કેઃ—

कुशला ब्रह्मवार्त्तायां वृत्तिहीनाः सुरागिणः ।
तेऽप्य ज्ञानितया नूनं पुनरायांति यांतिच ॥

જે પુરૂષો કેવળ બ્રહ્મની વાત કરવામાંજ કુશળ છે, જેઓની વૃત્તિ ક્ષણમાત્ર બ્રહ્માકાર થતી નથી, તથા જેઓ વિષયમાં પ્રીતિવાળા છે, તે પુરૂષો મહા અજ્ઞાની છે, તથા આ સંસારમાં તેઓ વારંવાર જન્મે છે તથા મરે છે, તાત્પર્ય એ છે કે બ્રહ્મકારવૃત્તિ કર્યો વગર કેવળ બ્રહ્મની વાતો કરવાથી કાંઈ પણ ફળ મળતું નથી.

સારાંશ એ છે કે–બ્રહ્મકારવૃત્તિ થયા પછી કુવાસના રહેવી જોઇએ નહિ. ખાવું, પીવું, વસ્ત્ર, આભૂષણ, પ્રજા, નાત, જાત–આદિ અનેક પદાર્થો કુવાસનાના છે, તેમાં જો મરણ સમયે વૃત્તિ રહે તો તે કુવાસના કહેવાય. એ કુવાસના ન થાય તે માટે પૂર્ણ કાળજી રાખવાની અગત્ય છે; કારણ કે શાસ્ત્રકારો કથી ગયા છે કે–' મરણે યા મતિઃ સાગતિઃ ' [મરણ સમયે જેવી મતિ થાય છે, તે મતિ પ્રમાણે ગતિ થાય છે.] આ વાતો કુશાગ્ર બુદ્ધિથી સમજવાની છે, કદાચ ભણવાથી કે શિખવાથી નિરન્તર સારી વૃત્તિ રહેતી હોય તો તેથી વિશેષ આનંદ પામવો નહિ. જ્યાં સુધી વાસના નિર્મૂળ થએલી ન હોય ત્યાં સુધી તેને નિર્મૂળ કરવાનાં સર્વ સાધનો કર્યાં કરવાં; કારણ કે વાસના નિર્મૂળ થતાં દેહ પડયા પછી જન્મ–મરણનું દુઃખ રહેતું નથી. યોગવાસિષ્ઠમાં લખે છે કે–વાસના શમ્યા વગર જે જ્ઞાન થયું માને તે શ્વાન જેવો છે, કેમકે તે અભિમાની જ્ઞાની થયો એમ માનીને પછી જ્ઞાન થવાનાં સાધન કરે નહિ, અને

સાધન કરે નહિ તો વાસના નિર્મૂળ થાય નહિ; કારણ કે વાસના એવી તો સૂક્ષ્મ છે કે તેને ટાળતાં મહાપરિશ્રમ વેઠવો પડે છે, અને જો તે રહી જાય અને જો સારી હોય તો સારૂં અને ખરાબ હોય તો ખરાબ ફળ આપે છે, મન્ડનમિશ્રની સ્ત્રી ઉભયભારતીને શ્રી શંકરાચાર્યે કહ્યું છે કેઃ

वासना यदि भवेत् फलदात्री किं करिष्यति पुरी मम काशी ।
व्यापको भवति चेत्परमात्मा तारकं किमपि नोपदिशेन्नः ॥

જો વાસના ફળને આપનારી છે, તો કાશીપુરી મને શું કરશે ? અને જો પરમાત્મા વ્યાપક છે, તો સંસારને તારવાના મંત્રનો અમને ઉપદેશ નહિ કરે ?

ઉપરના શ્લોકમાં સુવાસનાનું રૂપ દર્શાવ્યું છે, જો કે સુવાસના પણ ટળી જાય, તો ઉત્તમ બ્રહ્માકારવૃત્તિ કહેવાય. તો પણ કદિ ટળે નહિ તો તે કુવાસનાના સમાન દુઃખ દેતી નથી. કુવાસના તો ઘણું દુઃખ દે છે, અને કર્યું કરાવ્યું ધૂળ મેળવી દે છે. યોગવાસિષ્ઠમાં એક દષ્ટાન્ત આપેલું છે કે, કોઈ નગરમાં બે મિત્ર રહેતા હતા, તેમાં એકના મનમાં વેરભાવ હતો, અને બીજાનું શુદ્ધાન્તઃકરણ હતું. પેહેલે મિત્રે વૈરભાવથી ‘ હું મરીશ તો મારો મિત્ર પણ મારી પાછળ મરશે ’ એવું વિચારી ઉંચેથી પડતું મુકયું, જે ખરા ભાવવાળો મિત્ર હતો, તેણે વિચાર કર્યો કે–મારો મિત્ર કહ્યા વગર આમ કરે નહિ, અવશ્ય તે અજાણતાં પડી ગયો હશે, તેનું અચાનક મરણ થવાથી તેને વાસના રહી જવા સંભવ છે, માટે તેનો મોક્ષ થાય તેમ કરૂં ‘ આ પ્રમાણે વિચાર કરી ભલા મિત્રે પણ ‘ મારા મિત્રનો મોક્ષ થજો ’ એમ કહી

ઉંચેથી પડતું મુકયું, આમાંથી થયું એવું કે કપટી મિત્ર તો પોતાના મિત્રને મારવા માટેજ મુવો હતો, તેને પોતાના મિત્રે મરીને મોક્ષ આપ્યો તેથી તેની નઠારી વાસના પડી રહી અને તે મોક્ષ પામ્યો અને ખરો મિત્ર હતો તેને જો કે વાસના મોક્ષની હતી, પણ બીજા માટે હતી, તેથી તેનો મોક્ષ ન થતાં કપટી મિત્રની વાસના ઉલટી તેને વળગી. આ પ્રમાણે વાસના બન્ધનમાં નાંખનાર છે. એ વાસના શમી જતાં અન્ન, વસ્ત્ર-આદિ માટે પરિશ્રમ કરવો પડતો જ નથી, માટે સમજવાનું તો માત્ર એ છે કે-કુવાસના જન્મ-મરણ-આદિ નાના પ્રકારનાં દુઃખોને અપાવનારી અને જ્ઞાનને નિષ્ફળ કરનારી છે, માટે તેને તો નિર્મૂળ કરવી; કારણ કે એ વાસના વગર બન્ધનમાં નાખનાર અન્ય કોઇ પણ નથી, માટે તેને નિર્મૂળ કરવી; કારણ કે અન્તકાળે નિર્મૂળ થવી મહા અશકય છે.

ઉત્તમ વિદ્યા જાણનાર સભામાં શોભે છે. તે ઉત્તમ વિદ્યા બ્રહ્મવિદ્યા સમજવી. બ્રહ્મવિદ્યા બન્ધનથી મુક્ત કરનાર તથા સર્વ વિદ્યાઓમાં ઉત્તમ છે, એ વિદ્યા વગર સત્પુરુષોની સભામાં કોઇ શોભતો નથી. કહ્યું છે કેઃ—

हंसो विभाति नलिनी दल वृंदमध्ये
सिंहो विभाति गिरिगह्वर काननेषु ।
जात्ये विभाति तुरगो रणभूमि मध्ये
विद्वान्विभाति पुरुषेषु विचक्षणेषु ॥

નલિનીના દલના વૃંદ મધ્યે હંસ શોભે છે. કાનનના પર્વતની ગુફામાં સિંહ શોભે છે, અને જાતવાન ઘોડો જેમ

રણભૂમિમાં શોભે, તેમ વિદ્વાન પુરૂષ વિચક્ષણ પુરૂષોમાં શોભે છે, માટે વિદ્યા છે તે જ સુખ આપનારી છે.

શાન્તિ સરખી સુખદા તે જ સુવિદ્યા છે, તે વિદ્યા બે પ્રકારની છે. શાસ્ત્રવિદ્યા અને બ્રહ્મવિદ્યા તેમાં કેવળ પદ વાક્ય જ્ઞાન લક્ષણા શાસ્ત્રવિદ્યા તે મુક્તિ આપનારી નથી, પણ જે 'તત્ત્વમસિ' આદિ મહાવાક્યજન્ય જે બ્રહ્મવિદ્યા તે સુખદા છે. કહ્યું છે કે:—

न योगेन सांख्येन कर्मणानोन विद्यया ।
ब्रह्मात्मैकत्व बोधेन मोक्षः सिद्धति नान्यथा ॥

યોગથી, સાંખ્યથી, કર્મથી કે અન્ય વિદ્યાથી મોક્ષ થતો નથી. મોક્ષ તો બ્રહ્માત્મૈક બોધથી થાય છે. આત્મા સુખરૂપ છે. તે અવિદ્યાથી જીવ થઈ દુખાનુભવ કરે છે; પરન્તુ તે જ આત્મા બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થતાં, જીવ બુદ્ધિનો ત્યાગ કરી શાન્તિ પામે છે. નામરૂપ સાચું છે, એમ પ્રથમ માનવામાં આવતું તે બ્રહ્મવિદ્યાના પ્રભાવે મિથ્યા ભાસતાં શાન્તિ થાય છે; કારણ કે નામરૂપ ખોટું જણાતાં ખોટા ઉપર મન જાય જ નહિ, જેમકે આકડાનું આકોલીચું પડયું હોય તે ઉપર કેરી છે, એવું ભાન થતાં તેને લેવાની અને ખાવાની લાલચ થાય, પણ ક્રમથી તે આકોલીચું છે એમ જણાતાં તેને લેવાની કે ખાવાની ઇચ્છા એની મેળે જ નિવૃત્ત થઇ જાય છે. તેમ બ્રહ્મવિદ્યાથી સર્વ મિથ્યા જણાતાં પછી આડું અવળું ભટકવાનું મટી જાય છે. મિથ્યા ભાન થયા પછી જો શરીર રહે તો પણ તે પ્રારબ્ધાનુસાર ભોગ ભોગવે, પણ તેમાં સત્ય બુદ્ધિ તો થાય જ નહિ. જેમકે

કોઇ એક ભીખારણુ હોય, તે નાના પ્રકારના કાલાવાલા અને ચેષ્ટા કરતી હોય, પણ જો તેના ઉપર રાજાની પ્રીતિ થાય, અને તેની રાણી થાય તો પછી તે પોતાની પૂર્વાવસ્થાના ભીખારણુના ચાળા અને ચેષ્ટાનો ત્યાગ કરી દે છે અને અતિ આનંદ ભોગવે છે, તે પ્રમાણે જેવી વૃત્તિ અજ્ઞાન દશામાં ચેષ્ટા કરતી હોય, તેવી જ્ઞાન દશામાં કરે જ નહિ, અને બ્રહ્મવિદ્યાના પ્રભાવે શાન્તિ પામે.

પ્રથમ જે સુવિદ્યા—બ્રહ્મવિદ્યાનું વિવેચન કરવામાં આવ્યું તે દાન થકી વૃદ્ધિ પામે છે, પણ ન્યૂન થતી નથી. કહ્યું છે કેઃ—

नचौर हार्यं नचभ्रातृ भागो नराजशंका नचभारकर्तृ ।
व्ययकृते वर्द्धते एवनित्यं विद्याधनं सर्वधन प्रधानं ॥

ચોરથી ચોરાતું નથી, ભાઈ ભાગ પડાવતો નથી, રાજા લઈ લે તેની શંકા નથી, ભાર કરે તેમ નથી, વ્યય કરતાં નિત્ય વધ્યા કરે છે, એવું વિદ્યા રૂપી ધન સર્વ ધનમાં પ્રધાન છે.

અન્ન વસ્ત્ર—આદિ જો આપવા માંડીએ તો તે ખૂટી જાય છે, પણ બ્રહ્મવિદ્યા તો આપવાથી ઉત્તરોત્તર વધતી જાય છે. વસિષ્ઠસારમાં પણ કહ્યું છે કેઃ—

सर्वा एव कला जंतोरनभ्यासेन नश्यति ।
इयं ज्ञानंकला नित्यं सकृज्जातापि वर्धते ॥

સર્વ જે કળાઓ છે, તે સર્વ અભ્યાસ વગર નાશ પામે છે, અર્થાત્ તેનો નિરન્તર અભ્યાસ રાખવો જોઇએ

છીએ; પરન્તુ આ જ્ઞાનકળા તો એકવાર ઉત્પન્ન થાય તો પછી નિરંતર વધ્યા જ કરે છે.

આ ઉપરથી સમજવાનું માત્ર એટલું જ છે કે-લખવું, ભણવું, ચીતરવું ઇત્યાદિ જે જે કળા કે વિદ્યા છે, તે જો રોજનો અભ્યાસ ન હોય તો ક્રમે ક્રમે નાશ પામે છે, પણ તત્ત્વજ્ઞાનરૂપ સર્વોત્કૃષ્ટ કલા તો એક વખત ઉદય થઇ તો પછી ઉત્તરોત્તર વૃદ્ધિ પામ્યા જ કરે છે, માટે એ બ્રહ્મવિદ્યા સર્વોત્કૃષ્ટ છે તે આપવાથી તે અહર્નિશ વૃદ્ધિ પામે છે, સારી પૃથિવીમાં અન્ન વાવીએ છીએ તો તે જેમ વૃદ્ધિ પામે છે, તેમ સુપાત્રને આપેલી બ્રહ્મવિદ્યા પણ વૃદ્ધિ પામે છે, માટે વૃદ્ધિ પામતી જે સુવિદ્યા—બ્રહ્મવિદ્યા તેનું દાન આપવું તેજ વાસ્તવિક દાન છે.

कुतो हि भीतिः सततं विधेया
लोकापवादाद् भव काननाच्च ॥
को वास्ति बंधुः पितरौ च कौ वा
विपत्सहायः परिपालकौ यौ ॥ २६ ॥

અર્થ.

શિષ્ય—નિરન્તર ભીતિ કોની રાખવી ?

ગુરૂ—લોકોના અપવાદની અને સંસારરૂપ અરણ્યની.

શિષ્ય—બન્ધુ કોણ કહેવાય અને માતા-પિતા કોણ કહેવાય ?

ગુરૂ—વિપત્તિ આવી પડતાં જે સહાય કરે, તે બન્ધુ અને
જે પાલન પોષણ કરે તે માતા–પિતા કહેવાય.

વિવેચન.

લોકોપવાદથી ડરવું, નીંદા નરકમાં નાખનાર છે; માટે લોકાપવાદથી અહર્નિશ ભીતિ રાખવી. નીંદા થાય તેવું કૃત્ય જ કરવું નહિ, તેમજ ભવ–સંસાર રૂપી જે વન તેનો પણ ભય રાખવો. શ્રીમદ્ ભાગવતના સપ્તમસ્કંધના અધ્યાય ૯ માના ૧૬ મા શ્લોકમાં પ્રહ્લાદજીએ નૃસિંહ ભગવાનને કહ્યું છે કેઃ—

त्रस्तो स्म्यहं कृपण वत्सल दुःसहोग्र
संसारचक्र कदना प्रसतां प्रणीतः ।
बद्धःस्व कर्मभिरु शत्तमतेंध्रिमूलं
प्रोतोपवर्ग शरणं ह्वयसे कदानु ॥

(હે દીનવત્સલ !) દુઃસહ અને ઉગ્ર સંસાર ચક્રના દુઃખથી બહુ જ ડરૂં છું, તેમાં પણ સાધારણ ચક્રથી નહિ, પણ પોતાના કર્મોથી બંધાઇને, હું હિંસક લોકોના વચમાં પડયો છું, એથી મને વિશેષ ભય લાગે છે, માટે હે પ્રિય ! આપ પ્રસન્ન થઈને, મોક્ષરૂપ અને શરણરૂપ આપના ચરણારવિન્દમાં મને ક્યારે બોલાવી લેશો.

આ ઉપરથી સમજવાનું એ છે કે, લોકાપવાદથી અને ભવકાનનથી ડરતા રહેવું, તે નરકમાં નાખનાર છે. વિચાર

શૂન્ય કુતર્કથી અન્ય લોકો ઉપર ખોટું આળ ચડાવે તે લોકાપવાદ છે, માટે લોકાપવાદ જેવું કૃત્ય કરવું જ નહિ. કહ્યું છે કેઃ—

यद्यपि शुद्धंलोक विरुद्धं ना करणीयं नाचरणीयम् ।

જો કે શુદ્ધ હોય, છતાં પણ જો લોક વિરુદ્ધ હોય તો તેવું કામ કરવું નહિ, અને તેવું આચરણ પણ કરવું નહિ. આ વાર્ત્તા એકલા વ્યવહારિકને માટે નથી; પરન્તુ વ્યવહારિક અને જ્ઞાની ઉભયને સમાન છે. આ સ્થળે કોઇ શંકાને જન્મ આપે કે જ્ઞાની તો નિર્ભય છે, તો પછી તેને કોનો ભય હોય ? સમાધાન કે-જ્ઞાનીના રૂડાં આચરણ ઉપરથી અન્યને શિક્ષણ લેવાનું છે માટે જ્ઞાનીઓએ તે મુખ્યત્વે કરીને લોકોપવાદનો ભય રાખી સારાં આચરણ રાખવાં. જેમ કે એક ભીખારી છે, તે શહેરમાં ગમે ત્યાં રખડી-રઝળીને માગી ખાતો હોય, ગમે ત્યાં પડી રહેતો હોય, ગમે તેવો મલીન હોય, પણ તેનાં આચરણ નીરખી કોઇ તે પ્રમાણે અનુસરે જ નહિ, પણ તે ભિક્ષુક પ્રારબ્ધ કર્માનુસાર જ્યારે ભિખારી મટી રાજા થાય, તો પછી તેનાથી પ્રથમના સમાન ગમે તે સ્થળે પડી રહેવાય નહિ, ઘરોઘર માગવા જવાય નહિ, તેમજ માગી લાવેલા પદાર્થ વેચવા પણ જવાય નહિ. જો કે રાજા થયા પછી તેને કોઈનો પણ ભય હોતો નથી; પરન્તુ તેના મનમાંજ સ્વાભાવિક એ વિચાર આવે કે-' હું રાજા થયો માટે હું જો ભિખારીના આચરણ રાખું તો ઠીક જ નહિ, ખોટું જ કહેવાય ' આટલો ભય લોકચર્ચા ન કરે તે માટે, અને બીજો પણ કોઈ

રાજા થઇ તેવું ન કરે તે માટે રાખવો જોઇએ છીએ. તે પ્રમાણે જ કોઇ પુરૂષ અજ્ઞાન દશામાં ગમે તેવાં આચરણુ કરતો હોય, પણ જ્યારે તેને જ્ઞાન થાય ત્યારે તો તેણે લોકાપવાદ જેથી લાગે તેવાં આચરણનો ત્યાગ કરવો જોઈએ. જ્ઞાનીએ વિચારવાનું છે કેઃ–' હું સર્વદા નિર્મળ છું. મારામાં કશો પણ વિકાર નથી. છતાં પણ સ્રીઓનો પ્રસંગ થતાં લોક દોષ આપે એવું શા માટે કરવું જોઇએ ? નિર્મળપણાથી પણ જો સ્રીઓનો જરા પ્રસંગ થાય તો લોકો ઉપરના કુતર્કોથી નિંદા કરી; ચર્ચા કરી, પાપના ભાગી થઈ નરકમાં પડશે, માટે મારે જો કોઇ સ્રી સાથે અર્થ નથી તો પછી મારે શા માટે પ્રસંગ જ રાખવો જોઇએ ' આવા વિચારથી જે અનુસરે તેને લોકાપવાદ આવતો જ નથી. જુઓને ભગવાન્ શ્રી રામચન્દ્રજી જેવાએ લોકાપવાદથી પોતાનાં પવિત્ર લક્ષ્મીના અવતારભૂત પત્ની શ્રી સીતાજીનો પરિત્યાગ કર્યો હતો, માટે લોકાપવાદ આવે એવું કૃત્ય કરવું જ નહિ અને લોકોના શ્રેયાર્થ અપવાદ આવવા દેવો જ નહિ. સ્રીઓના પ્રસંગ જેમ લોકાપવાદ થાય તેમ છે, તેમ દ્રવ્યનો સંગ પણ તેવો જ હોવાથી તેનો (દ્રવ્યનો) સંગ કરવો જ નહિ. મનમાં એવો જ વિચાર નિરન્તર કરવો કે, મારે એ મિથ્યા દ્રવ્યનું શું પ્રયોજન છે. ખાવાને અન્ન અને પહેરવાને વસ્ત્ર–આદિ જે કાંઇ જોઇએ છીએ તે એની મેળે સમય પરત્વે મળી રહે છે. અને જો કદાચ ન મળે તો દેહના પ્રારબ્ધાનુસાર થશે, દ્રવ્ય સંચય કરવું એ મારો ધર્મ નથી, છતાં પણ પ્રારબ્ધાનુસાર કદિ પ્રાપ્ત થાય તો

પણ તેનો સંગ જ કરવો નહિ. આ પ્રમાણે સ્ત્રી અને દ્રવ્યનો સંગ સર્વથા ત્યાગ કરવો. કેટલાક દાંભિક્ જ્ઞાનિઓ ભણતરના પ્રબળથી ભલે જ્ઞાનિ એવું ઉપનામ ધરાવતા હોય, પણ તેઓ બન્નેનો સંગ ત્યાગ કરતા નથી. અને કદાચ કોઇ સંગ ત્યાગ કરવાનું કહે તો સંમતિના પ્રમાણો સંભળાવી કહેનારને શરમીંદો કરી નાંખે છે. એવા મિથ્યાજ્ઞાનીઓ ધિક્કારવા યોગ્ય છે. જે વિદેહી છે તે તો સ્ત્રીની અને દ્રવ્યની વાર્તા થતી હોય તો તે શ્રવણ કરતાં પણ ભય પામે છે, અને વિચાર કરે છે કે–'હું જે પ્રમાણે અનુસરીશ તે પ્રમાણે અન્ય અનુસરશે. મારે તો પ્રયોજન નથી, પણ અન્ય મારૂં જોઈને કરવા જતાં બુડી મરશે. સર્વાત્મપણાવડે તે હું છું, માટે તેવાઓના શ્રેયાર્થ સારાં આચરણથી મારે ચાલવું જોઇએ.' જે પ્રમાણે મહાપુરૂષો અનુસરે છે, તેનું નિરખીને તે પ્રમાણે અન્ય લોકો પણ અનુસરે છે તે માટે શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૩ જાના શ્લોક ૨૧ માં ભગવાને અર્જુનને કહ્યું છે કેઃ—

यद्यदाचरति श्रेष्ट स्तत्तदेवेतरोजनः ।
सयत्प्रमाणं कुरुते लोकस्तदनु वर्तते ॥

જે જે (કર્મ) શ્રેષ્ઠ પુરૂષો કરે છે, તે તે (કર્મ) અન્ય પુરૂષો પણ કરે છે, તે (શ્રેષ્ઠ પુરૂષો) જેને પ્રમાણ કરે છે, તેને મનુષ્ય અનુસરે છે.

જે જ્ઞાની છે તેને સ્ત્રી સંગ સાથે કાંઇ સંબંધ નથી, તેમજ જ્ઞાની ઉપસ્થ ઇન્દ્રિયને પણ વશ નથી. તે માટે

અષ્ટાવક્ર ગીતાના આક્ષેપ દ્વારોપદેશ નામના ત્રીજા પ્રકરણના ૪ થા શ્લોકમાં કહ્યું છે કેઃ—

श्रुत्वापि शुद्ध चैतन्य मात्मान मति सुन्दरम् ।
उपस्थेऽत्यंत संसक्तो मालिन्य मधिगच्छति ॥

ગુરૂમુખે વેદાન્ત વાકય થકી મહા સુન્દર એવું આત્મચૈતન્ય શ્રવણ કરીને તથા સાક્ષાત્કાર કરીને પછી વિ-ષયમાં પ્રીતિ રાખે, તો તે આત્મજ્ઞ પુરૂષ કહેવાય નહિ; પણ તે મલિનતાને પામ્યો છે એમ સમજવું.

જેઓ ખરા જ્ઞાની હોય છે, તેઓની તો સ્ત્રી–ધના-દિકના સંગમાં વૃત્તિ થતીજ નથી અને તેમને પોતાની ઇન્દ્રિય પણ વશ હોય છે. દત્તાત્રેયે કહ્યું છે કેઃ—

आत्मानममृतं हित्वा ह्यभिन्नं मोक्ष मव्यकम् ॥
कुतो विद्वान् प्रवर्तेत काक वन्नरकं प्रति ॥

જે સર્વવ્યાપક, મોક્ષ સ્વરૂપ, નાશ રહિત અને અમૃત-રૂપ આત્મા છે, તેનો ત્યાગ કરીને વિદ્વાન પુરૂષ કાગડાના સમાન નરકમાં વૃતિ કેમ રાખે ?

કાગડાની વૃત્તિ જેમ નરક અને માંસ ઉપર જાય છે તેમ જેઓ જ્ઞાનવાન નથી, તેઓની વૃતિ સ્ત્રી ઉપર જાય છે; પરન્તુ જ્ઞાની તો આત્માના ખરા આનન્દને અનુભવનારા હોવાથી તેઓની વૃતિ તેવા પ્રકારની થતી જ નથી. જેમ બીલાડી આવતાં ઉંદર એની મેળેજ નાશી જાય છે, તેમ જ્ઞાન થતાં નઠારી વાસના એની મેળે જ નાશ પામે છે, તો પણ લોકાપવાદના ભયથી 'મારે આમ કરવું ઉચિત

નથી ' એવો વિચાર કરી સંગ ત્યજવો જોઇએ. જેમ કે ત્રગાળો રાજાનો વેશ લઇને આવે, રાજાના સદૃશ ચેષ્ટા કરે પરંતુ ક્ષણ માત્ર પછી ' મા–બાપ ' કહીને પૈસા માટે હાથ માંડે છે, કેમકે તે વાસ્તવિક રાજા નથી, તેમજ શાસ્ત્રના બળથી વા વેશ પરિધાન કરી જ્ઞાની થઇ વિચરનારા અને અનુભવહીન દાંભીકો ભલે જ્ઞાનીના સમાન આડંબર રાખે, અને જ્ઞાનીના સદૃશ બોલે; પરંતુ વખત આવે સ્ત્રીનો અને ધનનો સંગ કરે છે. તેઓ ખરેખરા જ્ઞાનવાળા હોતા નથી, એમ જાણ્યા પછી કદાચ શંકા થાય કે સુકા સરોવરમાં જેમ જળ આવતાંની સાથે માછલાં–આદિ ઉત્પન્ન થાય છે, તેમ દ્રવ્યનો સંગ જ્ઞાનીઓને છે તો તે કરવો એ ઠીક નથી; પરન્તુ સ્ત્રીનો સંગ શા માટે કરવો નહિ ? શું સ્ત્રીમાં આત્મા નથી ? સ્ત્રીને જો સત્પુરૂષોનો સમાગમ થાય નહિ, તો તેને ઉપદેશ કોણ કરે ? અને તેઓને શી રીતે બોધ થાય ? તેનું સમાધાન એટલું જ કે–સ્ત્રીમાં આત્મા છે, પણ તેનો પ્રસંગ રાખવો એ યોગ્ય નથી. કદાચ બોધ લેવાની કોઇ સ્ત્રીને જીજ્ઞાસા થાય અને જો બોધ કરવો હોય, તો પણ એવો નિયમ રાખવો કે દિવસે પણ એકાન્તમાં બેસવું નહિ, પ્રસિદ્ધ રીતે બાહાર બેસીને બોધ આપવો, તે પણ અન્ય જ્યારે બોધ લેતા હોય ત્યારે સાથે જ આપવો; અર્થાત્ અનુભવના પ્રમાણમાં બોધ આપવો. આ પ્રમાણે કરતાં છતાં પણ લોકાપવાદનો ભય રાખવો; કેમકે સારૂં કરતાં છતાં લોકો તેનો હેતુ નઠારો સમજે છે અને તેથી પરિણામ નઠારૂં જ નિપજે છે; માટે સર્વદા લોકાપવાદનો ભય રાખવો.

જે પ્રમાણે લોકાપવાદની ભયંકર ભીતિ રાખવી જોઇયે

છીએ, તે પ્રમાણે આ સંસારરૂપ કાનનના દુઃખો ભોગવવા સંબંધી પણ બીક રાખવી જોઈએ. વિદેહી હોય તેણે એમ વિચારવું જોઇએ કે જે મિથ્યા વસ્તુ દેખાય છે તેમાં જગતનું ખોટું ભાન થયું છે, જરા પણ તે સત્ય નથી, માટે સંસારની વાર્તા કરવી કે સાંભળવી નહિ. ઈશ્વરજન્ય માયા મોહજનક છે, સંસાર જોવાથી અને તેની વાતો શ્રાવણ કરવાથી તે અસત્ય છે છતાં મોટા મોટા પુરુષો બંધન પામ્યા છે. જરત્કાર ઋષિ સરખા પણ સંસારને શ્રવણ કરી મોહ પામ્યા હતા. સૌભરી ઋષિ મત્સ્યનો સંગમ જોઇને મોહિત થયા હતા, માટે આવો બન્ધનકારક જે સંસાર તેને મારે શા માટે જોવો કે સાંભળવો પડે. આ પ્રમાણે સંસારના બંધનમાં ન આવવા માટે ભય રાખવાની અગત્ય છે. વાસ્તવિક રીતે જોતાં તો ભય તો માત્ર કહેવાનો જ છે, બાકી તો યશ ઘટે અને અપકીર્તિ વૃદ્ધિ પામે, માટે ભય રાખવાની અગત્ય છે, અને અમુક અમુક આચરણનો ત્યાગ કરવો અને મુક્ત છતાં પણ સંસારમાં કદાચ ફસી જઇશું એવો ભય રાખવો જોઇએ.

વિપત્તિમાં જે સહાય કરે, તે બંધુ કહેવાય. વિપત્તિ એટલે અજ્ઞાનજન્ય જન્મ–મરણની વિપત્તિમાં જે સહાય કરે તે બન્ધુ કહેવાય, જન્મ–મરણની વિપત્તિમાંથી મુક્ત કરનાર અને બ્રહ્મને જાણનાર ગુરૂ છે, પણ બીજા લૌકીક બન્ધુ નથી. પોતાનો સગો ભાઇ હોય અને તે જુઠા પ્રપંચો રચીને કે સ્ત્રીઓની વાતો સાંભળીને જો દુઃખ આપે કે શત્રુભાવ રાખે તો તે ભાઇ કહેવાય નહિ, જેમકે મૃગના

શરીરમાંથી કસ્તુરી પણ નીકળે છે અને લીંડીયો પણ નીકળે છે તો તે શું ભાઇ કહેવાશે ? ભાઈ તો જે વિપત્તિ વેળાએ આવીને ઉભો રહે, એટલે દ્રવ્યની કે અન્ય વ્યવહારિક આપત્તિમાં સહાય કરે તે સંસારના દુઃખ આગળ તે દુઃખ કશી પણ ગણનામાં નથી, માટે જે સંસારનાં જન્મ મરણના દુઃખને ટાળે તેજ ખરો બન્ધુ છે. સંસારનું દુઃખ તો મહા જ્ઞાનીના બોધ દ્વારા મટે છે, અને પછી અન્ય વિપત્તિઓ નડતી જ નથી. સંસારનું દુઃખ મહા કલેશજનક છે. શ્રી સદાશિવજીએ પાર્વતીને કહેલ છે કેઃ—

दुःखमूलो हि संसारःस यस्यास्तीति दुःखितः ।
तस्य त्यागः कृतो येन स सुखी नापरःप्रिये ॥

દુઃખનું મૂળ સંસાર છે, એ સંસાર જેને હોય તેજ દુઃખીયો છે. હે પાર્વતી ! તે સંસારનો જે ત્યાગ કરે છે, તેના સમાન અન્ય કોઇ સુખી નથી.

સંસાર મહા દુઃખરૂપ છે, પશુ પક્ષી—આદિના અવતાર જેમ દુઃખરૂપ છે, તેમ મનુષ્ય દેહમાં પણ ઘણું છે, જેને ચાર બાજુ ચોપદાર ખમાખમા શબ્દ કરી રહ્યા હોય છે. સુવર્ણના પલંગ ઉપર શયન કરનારા હોય છે. હજારો ઉપર હુકમ ચલાવતા હોય છે. લક્ષ્મી જેને ત્યાં દાસી થઇને રહેતી હોય છે. મોટા હાથીના હોદાએ બેસનારા હોય છે, એવા પુરૂષો પણ મહા દુઃખી છે, કે જેનો વિચાર કરતાં પાર પમાય તેમ નથી, એ દુઃખરૂપ સંસારના ત્યાગ માટે, શ્રી સદાશિવજીએ પાર્વતીજીને કથેલ છે કેઃ—

प्रभवं सर्वदुःखनामाश्रयं सकलापदाम् ।
आलयं सर्वपापानां संसारं वर्जयेत् प्रिये ॥

હે પ્રિયા ! સર્વ દુઃખોને ઉત્પન્ન કરનાર, સર્વ આપત્તિઓનું નિવાસસ્થાન અને સર્વ પાપોનું ઘર એવો જે આ સંસાર તેનો ત્યાગ કરવો જોઈએ.

આવા દુઃખમય સંસારના ત્યાગ વગર મુક્તિ નથી, જેઓ સંસારનો ત્યાગ કરી શકતા નથી. તેઓની સ્થિતિ વિષે કહ્યું છે કેઃ—

अबंधं बंधनं घोरं स्त्रीशरीरं महाविषम् ।
अशस्त्रं खंडनं देवि संसारासक्तचेतसाम् ॥

હે દેવિ ! સંસારમાં જેનું ચિત્ત આસક્તિવાળું હોય, તેવા મનુષ્યોને સ્ત્રીનું શરીર છે, તે બાંધ્યા વગરનું બન્ધન છે. મહાવિષરૂપ છે, અને હથિયાર વગરનું છેદન છે.

અન્ય બન્ધનો તો બંધાવાથી થાય છે, પણ સ્ત્રીરૂપ બંધન તો બંધ વગરનું છે. સ્ત્રીમાં આસક્તિને લીધે ક્યાંય જવાય નહિ, કામકાજ થાય નહિ, નિંદ્રા આવે નહિ, ચેન પડે નહિ, પરમાર્થનો વિચાર થાય નહિ, અને અહર્નિશ વિષયની અને વ્યવહારિક વાતોમાં દિવસ વ્યતીત થઇ જાય અને એમ વૃથા દિવસો ગાળતાં ગાળતાં કાળ આવે, અને વાસના રહી જાય એટલે પુનઃ પુનઃ જન્મ–મરણ થાય છે. માણસ સાશાસ્ત્રથી વ્યાથા પામે છે અને રુદન કરે છે, પણ સાંસારિક દુઃખો તો શસ્ત્ર વગર હૃદયને વીંધી નાખે છે. સંસારમાં આસક્તિવાળાને મમતા લીધે બન્ધન થઇને દુઃખ છે, સ્ત્રી અને દ્રવ્યમાં આસક્તિવાળાના સંબંધમાં કહ્યું છે કેઃ

लोहदारुमयैः पाशैर्दृढबद्धो विमुच्यते ।
स्त्रीधनादिषु संसक्तो मुच्यते न कदाचन ॥

લોઢાની બેડીથી કે લાકડાંની હેડથી દૃઢ બંધાયલો મનુષ્ય કોઈપણ દિવસ મુક્ત થાય છે, પણ સ્ત્રી અને દ્રવ્ય આદિમાં આસક્ત થયેલ તો કોઇ દિવસ પણ છૂટતોજ નથી.

માટે સંસાર થવાના સાધનોમાં આસક્તિ ન કરતાં જો સંસાર તજવાનાં સાધનો મેળવાય તોજ સુખ છે. કહ્યું છે કેઃ

आदिमध्यावसानेषु सर्वं दुःखमयं यतः ।
तस्मात्संत्यज्य संसारं तत्वनिष्ठः सुखीभव ॥

આદિમાં, મધ્યમાં અને અન્તમાં સંસાર દુઃખમય છે, માટે સંસાર ત્યજીને—આસક્તિ રહિત થઇને તત્વમાં નિષ્ઠા રાખીને સુખી થા.

આ પ્રમાણે સંસાર દુઃખજનક છે, માટે તત્વમાં નિષ્ટા રાખી સંસાર ત્યાગ કરવો જોઇએ. જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી મહાવિપત્તિ છે, આવી સંસારરૂપ આપત્તિમાંથી જે મુક્ત કરે તેજ વાસ્તવિક બન્ધુ છે, અન્ય તો સ્વાર્થી માત્ર નામનાજ છે.

જે આપણને અન્નાદિક પુરાં પાડી, ઉછેરી મોટા કરે તે માતા-પિતા કહેવાય. એ માતા પિતા બાળકના સુખાર્થે પોતાનો પ્રાણ પણ આપી દે છે. આવાં માતા—પિતાનો ઉપકાર શરીરના ચામડાનાં પગરખાં શિવડાવી પેહેરાવવાથી પણ વળતો નથી; પરન્તુ તે માતા પિતા સાંસારિક લાલન પાલનમાં સુખ દેવાવાળાં છે, માટે માતા પિતાની ઈશ્વરના

સદૃશ સેવા કરવી. જેઓ સેવા કરતા નથી તે નર્કના અધિકારી છે. આ વાર્ત્તા તો સાંસારિક્ છે; પરન્તુ જ્યારે તત્ત્વસ્પર્શી વિચાર કરી સૂક્ષ્મ નજરથી જોઇએ છીએ તો એમ જણાય છે કે-જે વડે અખન્ડ સુખની પ્રાપ્તિ થાય, એવું જે કરી આપે તેજ ખરાં માતા-પિતા છે. માતા-પિતાનો બાળકને દુઃખથી મુક્ત કરવાનો ધર્મ છે, તો જે સંસારરૂપ મહાદુઃખમાંથી મુક્ત કરનાર સદાચરણી બ્રહ્મનિષ્ઠ ગુરૂ છે, માટે તેવા ગુરૂનો આશ્રય કરી સાંસારિક્ આફ્તોથી પાર થઇ જવું જોઇએ.

बुधच्या नं बुद्धं परिशिष्यते किं
शिवं प्रशांतं सुख बोध रुपम् ।
ज्ञाते तुं कस्मिन्विदितं जगत्स्यात्
सर्वात्मके ब्रह्मणि पूर्णरूपे ॥ २७ ॥

અર્થ.

શિષ્ય—બુદ્ધિવડે ન જણાય એવું છેવટ શું રહે છે ?
ગુરૂ—સુખરૂપ અને બોધરૂપ એવું જે શાન્ત શિવતત્ત્વ છે તે.
શિષ્ય—કોને જાણવાથી આ જગત્ જાણવામાં આવે ?
ગુરૂ—સર્વના આત્મરૂપ સદૈવ પૂર્ણ પરબ્રહ્મ જાણવાથી.

વિવેચન.

સ્વસ્વરૂપના યથાર્થ બોધનું સુખ બુદ્ધિદ્વારા જણાય

પણ નહિ, અને ઓળખાય પણ નહિ; કેમકે બુદ્ધિ તો જડ છે. બુદ્ધિનો ધર્મ તો અવલંબનવાળી વાત ગ્રહણ કરવાનો છે, અને પરમાત્મ સ્વરૂપ તો નિરાલંબ છે, માટે તે બુદ્ધિનો વિષય નથી. શ્રુતિમાં કહ્યું છે કેઃ—

यतोवाचो निवर्त्तंते अप्राप्य मनसासह ।

વાણી જેને પોચ્યા વગર મનસહિત પાછી વળે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૧૫ માના શ્લોક ૬ ઠ્ઠામાં ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રે અર્જુનને કહ્યું છે કેઃ

नतद्भासते सूर्यो न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्त्तंते तद्धाम परमं मम ॥

જે ધામમાં યોગીજન જઇને નિવૃત્ત થતા નથી, તે મારૂં પરમોત્કૃષ્ટ જ્યોતિઃ સ્વરૂપ ધામ છે. તે આત્મસ્વરૂપ જ્યોતિને સૂર્ય, ચન્દ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી.

પરમાત્મ સ્વરૂપનું વાણીથી વર્ણન થઈ શકતું નથી. મનદ્વારા ચિંતવન થતું નથી. સૂર્ય, ચન્દ્ર કે અગ્નિ તેને પ્રકાશ કરી શકતા નથી; પણ સૂર્ય–આદિ પદાર્થ જેની સત્તાથી પ્રકાશે છે, તે સ્વરૂપનું ઓળખાણ થયા પછી જન્મ મરણ થતું નથી. નિરાલંબ એ આત્માનો બોધ માત્ર અનુભવથીજ થાય છે. જેમ કેટલાક પુરૂષોએ દ્વિતીયાનો ચન્દ્ર ઉગેલો જોયો, તે બીજાને બતાવે, ત્યારે કોઇ કહે કે જો પેહેલાં ઘરની જોડે, કોઇ કહેશે કે જો પેહેલાં ઝાડની ઉંચી ડાળ ઉપર, કોઇ કહેશે કે જો પેહેલું પક્ષી ઉડે છે તેની જોડે, અને કોઇ કહેશે કે જો પેહેલાં વાદળની ઉપર ચન્દ્ર છે. આ પ્રમાણે જેટલાં સ્થળ કહ્યાં તેમાંના એક પણ

સ્થળે વિચાર કરી જોતાં ચન્દ્ર નથી; તે તો જુદો છે; પરન્તુ બતાવેલા સ્થળ ઉપર દૃષ્ટિ રાખી અનુમાન દ્વારા કલ્પના કરી બુદ્ધિને વિશેષ પ્રવેશ કરાવે તો ચન્દ્ર જોવામાં આવે અને વિચાર ન કરે તો જોવામાં ન આવે, તે પ્રમાણે શાસ્ત્રો અને તેના મત ભિન્ન ભિન્ન છે. તેના શબ્દાર્થ ઉપર જ દૃષ્ટિ રાખવાથી વસ્તુની પ્રાપ્તિ થવી અશકય છે. પણ શબ્દના વાચ્યાર્થનો ત્યાગ કરી લક્ષ્યાર્થને ગ્રહણ કરવામાં આવે; તો શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, પણ લક્ષ્યની લક્ષણ વગર કેવળ બુદ્ધિદ્વારા પ્રાપ્તિ થાય નહિ; કારણ કે બુદ્ધિ જડ છે, અને તે આત્માની સત્તાથી જાણવાની શક્તિ ધરાવે છે ખરી, પણ તે આત્માને જણાવી શકતી નથી. જેમ સૂર્યવડે નેત્ર દેખાય છે, પણ સુર્ય નેત્રને દેખતો નથી. જો સૂર્યને જોવા જાય તો તેજમાં તેજ શમાઇ જતાં એકતા થતાં દેખાયજ નહિ; કારણ કે પોતે સૂર્ય થઈ જાય છે, તે પ્રમાણે બુદ્ધિ આત્માને જોડી નથી અને જો જોવા જાય તો આત્માને સન્મુખ થવાથી તે રૂપ થઇ જતાં તેને જોવાપણું રહેતું નથી. જેમકે કોઇ નદિ સમુદ્રને મળવા માટે સમુદ્ર તરફ જાય છે, પણ દૂરથી જ સમુદ્રરૂપ થઈ જાય છે, એટલે પછી જેમ સમુદ્રને જાણવાપણું તેમાં રહેતું નથી, તેમજ બુદ્ધિ આત્માને જાણવા તરફ જતાં દૂરથી આત્મારૂપ થઇ જતાં તેનામાં જાણવાપણું રહેતું નથી, કેમકે એકતા થતાં પોતે પોતાનું શું કહે? માટે શિવરૂપને બુદ્ધિથી ન જણાય તેવું કહ્યું છે. અને સર્વ દૂર થતાં માત્ર એજ એક અવશેષ રહે છે.

સર્વાત્મા પૂર્ણબ્રહ્મ જણાતા બીજું કાંઇ જાણવાનું ર-

હેતું નથી; કારણ કે જે કાંઈ છે તે સર્વ આત્મામાં છે માટે જો આત્માને જાણ્યા વગર બીજું કાંઈ જાણ્યું હોય, તો તે ન જાણવા સમાન છે. જેમ ભોજન થયું એટલે સર્વ પ્રકારની સામગ્રી થઇ ચૂકી અને જો ભોજન ન થયું તો રસોઇ થયેલ થતાં પણ ન થયા બરાબર છે. તે પ્રમાણે જો આત્માને જાણ્યો તો સર્વ જાણ્યું અને જો તેને ન જાણ્યો તો કશું જાણ્યું નથી. પંચકોશ—અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમયની ઉપાસના કરવાથી આત્મા જાણવામાં આવે છે, એ સૂત્રાત્મા સર્વત્ર સમાન જાણવામાં આવે છે. તે બ્રહ્માથી કીડી પર્યન્ત સર્વમાં વ્યાપ્ત છે. તે હિરણ્યગર્ભ કહેવાય છે. તેમાં જગત્ અને જગત્‌માં તે એમ તાણા—વાણાના સમાન છે તે કૂટસ્થ છે. તે સર્વનો સાક્ષી છે. એટલુંજ તો અનુભવદ્વારા વાસ્તવિક રીતે જાણવામાં આવે તો સર્વ જાણ્યું કહેવાય અને તે જાણવામાં ન આવે તો કાંઇ જાણવામાં આવતું નથી; માટે સંસારના જન્મ—મરણના અસહ્ય દુઃખમાંથી મુક્ત થવા માટે તે જાણવાની અત્યાવશ્યકતા છે.

किं दुर्लभं सद्गुरु रस्ति लोके
सत्संगतिर्ब्रह्मविचारणा च ।
त्यागो हि सर्वस्य निजात्म बोधः
किं दुर्जयं सर्वजनैर्मनोजः ॥ २८ ॥

અર્થ.

શિષ્ય—જગત્‌માં દુર્લભ શું છે ?

ગુરૂ—સદ્‌ગુરૂ, સત્સંગતિ અને બ્રહ્મવિચાર.

શિષ્ય—સર્વનો ત્યાગ એટલે શું ?

ગુરૂ—પોતાના આત્માનો બોધ.

શિષ્ય—મનુષ્યથી જીતાય નહિ એવું શું છે ?

ગુરૂ—મનોજ એટલે કામ.

વિવેચન

સદ્‌ગુરૂ, સત્સંગતિ અને બ્રહ્મવિચાર એ ત્રણે ત્રૈલોક્યમાં મળવાં દુર્લભ છે, કારણ કે સ્વર્ગ અને પાતાળમાં તે નથી; પરંતુ મૃત્યુલોકમાં કોઈ સમય, કોકજ સ્થળે પ્રાપ્ત થાય છે. કોઈ શંકા કરે કે ઘણા લોકો 'અમને ગુરૂ મળેલ છે. અમે બ્રહ્મવિચાર કરીએ છીએ' એમ જે કહે છે તેનું સમાધાન કે–મનુષ્ય પોતાની મેળે એમ માની લે તો તેને કોઈ ના પાડી શકતું નથી; પરંતુ સદ્‌ગુરૂ મળવા અને બ્રહ્મવિચાર થવો એ કાંઇ નાનીસુની વાત નથી, મહા અશક્ય છે, નીચેના શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે સદ્‌ગુરૂ મળે તો પછી સંસારમાં પુનઃ જન્મ લેવો પડતો નથી.

ब्रह्मानंदं परमसुखदं केवलं ज्ञानमूर्तिं
द्वंद्वातीतं गगनसदृशं तत्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वदा साक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्‌गुरुं तं नमामि ॥

બ્રહ્માનંદરૂપ છે. પરમ સુખ દેનાર છે. કેવળ જ્ઞાનની

જ મૂર્તિ છે. હર્ષ શોક-આદિથી રહિત છે, આકાશ સદૃશ નિર્લેપ છે. તત્ત્વમસિ-આદિ મહાવાકયોથી જણાય એવા છે; એક છે. નિત્ય છે. વિમળ છે. અચળ છે. નિરંતર સાક્ષીરૂપ છે. કળી શકાય તેવા નથી, અને ત્રણ ગુણથી રહિત છે; એવા સદ્‌ગુરૂને હું નમસ્કાર કરૂં છું.

ઉપર દર્શાવ્યા પ્રમાણેના ગુણવાળા ગુરૂ ભાગ્યેજ મળે છે; પરન્તુ ઉપરના દેખાવથી સાદા રહેનારા અને અંતરમાં રાગ દ્વેષાદિકથી પૂર્ણ સ્વસ્વરૂપને ન જાણનારા જગતમાં ઘણા વેશધારી પાખંડીઓ ગુરૂપદ ધારણ કરે છે, તેવા ગુરૂ પોતે પણ નરકમાં પડે છે, અને શિષ્યને પણ નરકમાં નાંખે છે, માટે તેવા દાંભિકોના, ઢોંગથી ફસાવું નહિ; પરંતુ જ્યારે શુદ્ધ જ્ઞાનવાન સમદષ્ટિવાળા ગુરૂ મળે, ત્યારે તેના સદ્‌બોધ દ્વારા બ્રહ્મવિચાર કરવો જોઇએ, ઉત્તર શાસ્ત્રોનું શ્રવણ, સત્પુરૂષોનો બોધ, સત્પુરૂષોનો સમાગમ, નિરંતર સંસારમાં વૈરાગ્યયુક્ત દૃષ્ટિ રાખી ક્ષણે ક્ષણે ઇશ્વરનો વિચાર કરવો તેનું નામ સત્સંગ છે અને સત્સંગ કરવો એજ મનુષ્ય જન્મનું અગત્યનું કર્તવ્ય છે. સદૈવ સંસારમાં વિરાગી રહીને આત્મ—અનાત્મ વસ્તુનો વિચાર કરી બ્રહ્મનું સ્વરૂપ ઓળખી તેનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં મગ્ન રહેવું તેનું નામ બ્રહ્મવિચાર છે, એ બ્રહ્મવિચાર મૃત્યુલોક વગર અન્ય લોકમાં થઇ શકતો નથી. માટે મૃત્યુલોકમાં મનુષ્યદેહ પામીને, સ્વ શ્રેયાર્થ દુર્લભ એવો બ્રહ્મવિચાર નિરંતર કરવો, તેમાં પણ ઇશ્વરના ખરા સ્વરૂપને ઓળખનારા તો હજારમાં એકાદ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના

અધ્યાય ૭ માના ત્રીજા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રે અર્જુનને કથેલ છે કેઃ—

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ।।

હજારો અધિકારીમાં કોઈ ફળ સિદ્ધિ પર્યન્ત યત્ન કરે છે. યત્ન કરતા એવા તે હજારો યોગીઓમાં તત્ત્વથી મને તો કોઇક જ જાણે છે,

ઘણી જાતની ભાષા શિખવાથી કે શાસ્ત્રના અર્થના જ્ઞાનથી કે વ્યવહારની કુશલતાથી કે શબ્દાદિકના જ્ઞાનથી, તત્ત્વજ્ઞાન થતું નથી; પરંતુ જો તે સાથે અનુભવ થતો હોય તો થાય છે; જાણવાથીજ જો તત્ત્વજ્ઞાન થતું હોય તો અઢાર પુરાણના કર્ત્તા મહાત્મા શ્રીવેદવ્યાસજી પણ પોતાની વિદ્યાથી નિશ્ચિંત થયા ન હતા; પરંતુ દેવર્ષિ નારદજીદ્વારા બોધ પ્રાપ્ત થતાં તે ચિંતાથી મુક્ત થયા. ઉત્તમ બોધ આપનાર પૂર્વનાં પુણ્ય અને ઇશ્વર કૃપા હોય તોજ મળે છે અને ઇશ્વર કૃપા અન્તઃકરણને નિર્મળ કરનાર શુભ કર્મ અને ઉપાસનાદિકથી થાય છે. વાસિષ્ઠસારમાં કહ્યું છે કેઃ—

यावन्नानुग्रहः साक्षाज्जायते परमेश्वरात् ।
तावन्न सद्गुरुं कश्चित्सच्छास्त्रं वापि नो लभेत् ।।

જ્યાં સુધી પરમેશ્વરનો સાક્ષાત્ અનુગ્રહ થયો ન હોય, ત્યાં સુધી કોઇને સદ્દગુરૂ વા સારૂં શાસ્ત્ર પણ મળતું નથી.

આ અસત્ય જગત્ અસત્ય ઇશ્વર માને છે અને અસત્યને સત્ય માને છે. માયાને પરમેશ્વર કરી માનવી તેજ

અસત્યને સત્ય માનવું છે, જેમકે કોઈને દ્રવ્યની, પુત્રની, સ્ત્રીની કે અન્ય પદાર્થની પ્રાપ્તિ થાય તો ઈશ્વર કૃપા થઇ એમ સમજે છે. એ પદાર્થો જો કે કાળે કરીને નાશ પામે છે, ત્યારે પરમેશ્વરની અકૃપા થઈ એમ માને છે. કોઇ રાજા એકાદ પટ્ટો આપે છે તો તે પણ એકદમ જતો નથી. તો ઇશ્વરના આપેલા પદાર્થો શી રીતે જતા રહેવા જોઇએ ? આવો વિચાર કોઈ કરતું નથી. સ્ત્રી—પુત્રાદિક ખોટી માયાના પદાર્થો છે. એ માયા પોતેજ ખોટી છે, તો તેના રચાયેલા જગતના પદાર્થો સત્ય કયાંથી જ હોય ? જેમકે કોઇ કુંભાર માટીનાં નાના પ્રકારનાં વાસણો કરે છે; પરન્તુ જયારે એ કુંભાર જ અસત્ય અને નાશવાન્ છે તો પછી તેનાં બનાવેલાં વાસણ તો સત્ય કયાંથી જ હોય ? તે પ્રમાણે માયા પોતે જુઠી એટલે તેનું રચેલું જગત્ અને તેના પદાર્થો સત્ય કયાંથી જ હોય ? માટે સ્ત્રી—પુત્રાદિકની પ્રાપ્તિથી ઇશ્વરની કૃપા થઇ એમ માનવું તે મિથ્યા છે, અને તેથી કાંઇ પોતાના પદને પમાતું નથી. સાક્ષાત્ કૃપા તો સદ્‌ગુરુ અને સચ્છાસ્ત્ર મળે ત્યારે થઈ એમ કહેવાય, જેમકે કોઇ મનુષ્યને ન્યાયાધીશની જગ્યા મળી હોય, અને તે જો જતી રહી હોય તેને જો પુનઃ પ્રાપ્ત કરવી હોય, તો અમાત્ય મન્ડળની નાના પ્રકારે પ્રાર્થના કરે, ત્યારે અમાત્ય મન્ડળ રાજાને વિનતિ કરે, ત્યારે રાજા પેલા ન્યાયાધીશને પુનઃ તેનું પદ આપે, તે પ્રમાણે પુરૂષ પોતાના રૂપથી ખસી ગયેલો છે, તેથી તે જો વ્રત નિયમાદિક પાળી, પોતાના ઇષ્ટદેવની

ઉપાસના કરે, અને તે ઇષ્ટદેવ પરબ્રહ્મની પ્રાર્થના કરે ત્યારે તેને સદ્‌ગુરૂ અને સત્ શાસ્ત્રની પ્રાપ્તિ થતાં સ્વપદની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે જ્યારે પોતાના પદની પ્રાપ્તિ થાય તો જ સાક્ષાત્ ઇશ્વરની કૃપા થઇ એમ સમજવું. જેમકે જળનો એક લોટો ભરીને રેડિયે કે તુરત તે જળની, નદીના જળની સાથે અને સમુદ્ર સાથે એકતા થતાં વાર લાગતી નથી, તે પ્રમાણે જ્યારે અધિકારીને સદ્‌ગુરૂ મળે કે તુરત પરમેશ્વરમાં એકતા થાય છે. આ પ્રમાણે ઈશ્વર સાથે એકતા કરાવનારા સદ્‌ગુરૂ કે જે મહા દુર્લભ છે, તે મળે તો પછી સત્સંગતિ અને બ્રહ્મવિચાર દુર્લભ નથી. કહ્યું છે કેઃ—

सदा संतोभि गंतव्या यद्यप्युपदि शंतिन ।
याहि स्वैर कथा स्तेषा मुपदेशा भवंतिताः ॥

માટે પ્રથમ તો તેવા સદ્‌ગુરૂને માટે પ્રયત્ન કરવો, અને ત્યાં જવું. નિસ્પૃહી મહાપુરૂષો ઉપદેશ ન આપે, તો પણ તેની વાતો ઉપદેશથી જ પૂર્ણ હોય છે.

જે વિવેક-વિચારથી મુક્ત, નિરામય, નિષ્પ્રપંચ, ક્રોધ રહિત, લોભ રહિત, આશા રહિત, નિષ્પરિગ્રહ, સર્વદા સંતોષી, શાન્ત, ઉપાધિથી રહિત, ઇચ્છા-અનિચ્છા કાંઇ નથી, અને જેને સુખ-દુઃખ કે રાગ-દ્વેષ ન હોય, એવા ઉત્તમ પુરૂષો પરબ્રહ્મને પ્રાપ્ત થયેલાં છે, અને એ પરબ્રહ્મની પ્રાપ્તિનું નામ પરમેશ્વરની પ્રાપ્તિ કહેવાય છે, આવા ઈશ્વરને પ્રાપ્ત થનારા પુરૂષો કલ્યાણને રસ્તે વિચરાવે છે. આ સ્થળે કોઈ શંકા કરે કે-કોઇ દ્રવ્ય લાવીને એવા

પુરૂષોના ચરણ આગળ મૂકે. વા તેઓ સાંસારિક વિષય પ્રાપ્ત થાય તો તેને તેઓ ન રાખે? તેનું સમાધાન-કે એવા સમ-દર્શી પુરૂષો જગત્ના પદાર્થને કાગડાની વિષ્ઠાના સમાન જાણે છે, તેઓ ઉપાધિ માત્રથી બંધન થાય એમ જાણે છે, તેથી તેવા પદાર્થોના સન્મુખ પણ જોતા નથી, તે તો નિરંતર સદ્‌વિચારમાં જ મગ્ન રહે છે. શ્રી શુકદેવજીએ મહારાજા પરીક્ષિત્‌ને, શ્રી ઋષભદેવને સાક્ષાત્કાર થયાની અને સાક્ષાત્કાર થવાથી અષ્ટ મહાસિદ્ધિઓ એની મેળે પ્રાપ્ત થતાં તેને તજી દીધાની વાર્ત્તા કહી. આ કથા શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કન્ધના અધ્યાય ૫ માના ૩૫ મા શ્લોકમાં છે, તે વાત ઉપરથી પરીક્ષિત્ રાજાએ ' જ્ઞાનીને તો આ ગ્રહણ કરવાનું અને આ ત્યાગ કરવાનું એવો ભેદ હોય જ નહિ અને તેમને કશી ઈચ્છા પણ હોય જ નહિ, માત્ર એની મેળે આવે તે ભોગવે છે, ત્યારે ઋષભદેવજીએ સિદ્ધિઓનો શા માટે ત્યાગ કર્યો? એવું પ્રશ્ન પુછ્યું. આ કથા ભાગવતના પંચમ સ્કન્ધના છઠ્ઠા અધ્યાયના પ્રથમ શ્લોકમાં છે, ત્યારે જે શુકદેવજીએ કહ્યું, તે કથા પંચમ સ્કન્ધના છઠ્ઠા અધ્યાયના બીજા શ્લોકમાં છે કે:—અનિત્યનો ત્યાગ કરીને નિત્ય રૂપ થયો એટલે હેયોપાદેયપણું તજ્યું કહેવાય તેમ છતાં પણ જે વડે અનર્થ થાય એવા પદાર્થોનો જ્ઞાની સંગ કરતા નથી. આ ઉપરથી સારાંશ એ લેવાનો કે-ઉપર કહેવાયલા પરમાત્મ રૂપ થયેલા ગુરૂ ઉપાધિનો સંગ કરતા નથી. ઋષભદેવજી જ્ઞાની હતા, તેણે સર્વ ઉપાધિનો ત્યાગ કર્યો.

હતો. દત્તાત્રેય જ્ઞાની હતા અને તેણે પણ સર્વ ઉપાધિ ત્યજી હતી. સમજવાનું એ છે કે-સ્ત્રી અને દ્રવ્ય-આદિ જે અનર્થના મૂળ રૂપ ઉપાધિને ત્યાગ કરે તે જ ખરો જ્ઞાની છે, બાકી કાંઇ ભણવાથી કે શાસ્ત્રાર્થથી જ્ઞાની કહેવાય જ નહિ, માટે જો ઉત્તમ જ્ઞાની મળે તો તે સંસારથી મુક્ત કરે છે, અને જો પ્રારબ્ધાનુસાર ઢોંગી, શબ્દ માત્રને જાણનારો મળે, તો તે સંસારથી મુકત કરી શકતો નથી, જેને જ્ઞાન મેળવવાની આકાંક્ષા હોય છે, તે તો વાદવિવાદ ન કરતાં કેવળ જ્ઞાનમાં જ ઉતરે છે. જે બ્રહ્મના જ્ઞાનમાં કેવળ તલ્લીન હોય છે, તે વાદ કરી શકતા નથી. અને જે વાદ કરવા માટે જ શુકવત્ શીખેલા હોય છે, તે નાના પ્રકારનાં દૃષ્ટાંત આપી સામાને હરાવે છે. કોઇ સારો માણસ ઘેર પરોણો થઇ આવેલ હોય તેને સાંકળ વાસી મેલીએ કે ઉભા રહો કહીએ કે બેસાડીએ તો તે તે પ્રમાણે અનુસરે, પણ જો કોઇ ચોર ચોરી કરવા આવ્યો હોય, તો તે તો ચારે તરફ જોતો આવે, નાસવાના માર્ગને પણ જોતો આવે, છતાં પણ જો ખબર પડે તો ઘણા જણે ઘેર્યો હોય તો પણ નાશી જાય છે, તે પ્રમાણે જે મોક્ષને માટે ભણ્યો હોય, તે તો પરોણા સદૃશ ગરીબ થઇ જાય છે અને જે વાદ માટે ભણ્યો હોય, તે ઢોંગી તો વિવાદથી બીજાનો પરાજય કરે છે. પરાજય કરે છે ખરો, પણ ચોરને જેમ પકડીને સરકાર શિક્ષા કરે છે, તેમ મિથ્યા-વાદીને પરમેશ્વર નરકની શિક્ષા આપે છે. એવા દાંભિકો 'આપણને શું છે ? એ તો શારીરિક ધર્મ છે ' એમ

કહીને સમજાવે છે, પણ તેથી તેનું શરીરપણું રહ્યું. શરીરપણું રહ્યું એટલે જીવપણું પણ રહ્યું અને તેથી તેનું સર્વ ભણતર ફોકટ થયું એમ સમજવું; પરન્તુ જેઓ શુદ્ધ જ્ઞાની હોય છે, તેમાં પ્રપંચ હોતો નથી, પણ તેવા તો જગતમાં ઘણા થોડા છે, માટે સદ્ગુરૂ, સત્સંગતિ અને બ્રહ્મવિચાર એ ત્રણે મહા દુર્લભ છે.

જ્યાં સુધી સ્વસ્વરૂપનો બોધ થયો નથી, ત્યાં સુધી ગમે તેટલા જગતના પદાર્થનો ત્યાગ કરે, પણ તે ત્યાગ કહેવાય જ નહિ. કોઇ ફકીરને રાજ્ય મળે, તો તેને ઘણાં માણસોનો સંગ થાય અને નાના પ્રકારની ઉપાધિઓ પણ વળગે છે. તે જ જો પુનઃ પૂર્વાવસ્થામાં થઇ જાય; અર્થાત્ ફકીર થઇ જાય, તો તે પૂર્વરૂપ પામવાથી તેને કોઇનો સંગ રહેતો નથી તેમજ ઉપાધિ પણ વળગતી નથી. રાજાપણું મળે તો મૃગયા કરી પાપ બાંધે, ચતુરંગીણી ફોજ રાખે, સમયે યુદ્ધ પણ કરવું પડે; અને નાના પ્રકારનો ભોગ પણ ભોગવે, અને ફકીર દશામાં હોય તો તો કાંઈ ન કરતાં જે મળ્યું તે ખાઈ, જળ પીને રૂચી અનુસાર સ્થળે જઈને તાપ રહિત થઇને સુઇ રહે છે. આ પ્રમાણે ભિક્ષુક અને રાજામાં પણ અન્તર છે. આ ઉપરથી સારાંશ તો એ લેવાનો છે કે–અનાદિ જે નિઃસંગ શિવ છે. તેણે અનંત સંગ કરેલ છે, તે જીવપણામાં હોય ત્યાં સુધી ત્યજાતા નથી, પણ પુનઃ શિવપણામાં આવે તો ત્યાગ થાય છે. દેહ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, પ્રાણ અને અહંકાર એ ષડવર્ગ, કામ, ક્રોધ–આદિ છ શત્રુ તથા

અન્નમય-આદિ પંચકોશ, એ સર્વમાં ધણીપણું હોય ત્યાં સુધી જ સંગ અને જીવ કહેવાય છે, અને એ સર્વમાં કંટાળી ઉપાધિપણું લાગે વા એ સર્વ મિથ્યાથી હું ભિન્ન છું એમ અનુભવમાં આવે ત્યારે શિવપણું કહેવાય છે. જેને સ્વસ્વરૂપનો બોધ થાય છે, તે જગત્ સદશ આચરણ કરતા નથી. ઘરબાર—આદિ લૂટાવી દેનારા તો કોઇક નિકળે છે; પરન્તુ કામ—ક્રોધાદિકનો તથા શરીરમાં બંધાયલી મમતાનો ત્યાગ કરનારા તો વિરલા છે, માટે મમતાનો ત્યાગ કરી શરીરથી ભિન્ન પોતાના સ્વરૂપને જાણી અસંગ થઇ રહેવું તે જ ખરો ત્યાગ છે.

કોઇથી પણ જેનો પરાજય થઇ શકે નહિ એવો કામ છે, કેમકે સ્વયં શિવ રૂપ થઇને જીવપણાને પામે છે. કામ વશ થતાં લક્ષ ચોરાશીમાં ફરી તેને દુઃખાનુભવ કરવો પડે છે, કામના પ્રબળ સપાટાથી ઇન્દ્રે ગૌતમની સ્ત્રી અહલ્યા સાથે ગમન કર્યું હતું. ચન્દ્રે ગુરૂપત્ની સાથે ગમન કર્યું હતું. આ પ્રકારે કામે જ્યારે પ્રબળોની આવી દશા કરી, તો પછી આપણ સરખાની શી ગતિ ? શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ત્રીજાના ૪૧ થી ૪૩ શ્લોકમાં ભગવાને અર્જુનને કહ્યું છે કે:—

तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहिह्येनं ज्ञान विज्ञान नाशनम् ॥
इन्द्रियाणि पराण्याहु रिंद्रियेभ्यः परंमनः ।
मनसस्तु पराबुद्धिर्यो बुद्धेः परतस्तुसः ॥
एवंबुद्धेः परंबुद्धा संस्तभ्यात्मान मात्मना ।
जहिशत्रुं महाबाहो कामरूपं दुरासदम् ॥

હે ભરતકુળમાં શ્રેષ્ટ ! એ માટે તું પ્રથમ ઇન્દ્રિય, મન (અને) બુદ્ધિ એઓને વશમાં કરી જ્ઞાન—વિજ્ઞાનને નષ્ટ કરનાર એ પાપી (કામ) નો અવશ્ય નાશ કર્ય. વિદ્વાન્ પુરૂષો જ્ઞાનના વિરોધી કારણોમાં ઇન્દ્રિયોને પ્રબળ (અને) ઇન્દ્રિઓથી મનને પ્રબળ (અને) મનથી બુદ્ધિને પ્રબળ કરે છે. જે બુદ્ધિથી પણ પર છે (તે કામ છે) આ પ્રકારે કામ, વિષય-વાસનાને બુદ્ધિથી પ્રબળ સ્વેચ્છાચારી દુઃસહ જાણીને, આત્માવડે આત્માને સ્થિર કરીને, હે મોટી ભુજાવાળા [અર્જુન] કામરૂપ દુર્જય શત્રુનો નાશ કર્ય.

જો કામને આધીન ન થવાય, તો લક્ષચોરાશીમાં ભટકવું પડતું નથી; પણ કામને વશ થતાં પોતાનાં શિવ સ્વરૂપને ભૂલી, જીવસ્વરૂપ પ્રાપ્ત થતાં કશું પણ જોર ચાલતું નથી, જેમકે કોઇ વ્યાઘ્ર છે, તેને પકડીને કોઈ વશ કરી લે, અને તેને ઘરોઘર નચાવે, તો તે નાચે છે, માર ખાય છે; પરન્તુ વાસ્તવિક રીતે જોતાં તો વાઘ મોટા ગજેન્દ્રોનો પરાજય કરે એવો પ્રબળ હોય છે, છતાં પણ મનુષ્યને વશ્ય થઇ જતાં તેનું જોર ચાલતું નથી. તે પ્રમાણે જીવ પણ કામને વશ થતાં, આશાને આધીન થઇ પરાક્રમ તથા સ્વરૂપ ભૂલી ગયેલ છે; પરન્તુ વાસ્તવિક રીતે જોતાં તો જીવ નિર્વિકાર શિવસ્વરૂપ અને લક્ષચોરાશીના ફેરાનો નાશકર્ત્તા છે. મોટી વાતો કરી તડાકા મારનારા તો જગત્માં ઘણા છે; પરન્તુ અનર્થરૂપ કામનો પરાજય કરનારા જગત્માં ઘણા થોડા છે, કામનો પરાજય કર્યો એમ મુખથી બોલતાં તો જરાપણ વાર લાગતી નથી, પણ તે કામની

ઉર્મીઓ હૃદયમાં ઉદ્‌ભવેજ નહિ, એ પ્રમાણે કામને જીતવો મહા અશક્ય છે. કામનો પરાજય તો મહાપુરૂષોના ઉપદેશથી તથા પૂર્વ પુણ્યથીજ તથા સાધુસંગના શુભ વિચારથીજ હજારે એકજ કરનાર હોય છે. એ કામને જીતનારાઓ કેવા કહેવાય, તે માટે શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયના ૫૫ મા શ્લોકમાં શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું છે કેઃ—

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थित प्रज्ञस्तदोच्यते ॥

હે પાર્થ ! પોતાના પરમાનન્દ સ્વરૂપ આત્મામાં પોતે જ આત્મારામ થઇને પ્રસન્ન રહે છે, અને મનમાં પ્રાપ્ત વિષય–આદિની તુચ્છ કામનાને ત્યજી દે છે, ત્યારે તે નિશ્ચલ બુદ્ધિવાળો કહેવાય છે.

આ પ્રમાણે જોતાં તો મનમાં ઉદ્‌ભવતી કામનાઓનો મોટા વિદ્વાનનો ડોળ દર્શાવનારાઓ પણ ત્યાગ કરી શકતા નથી, અને એમ ન થતાં આત્મામાં સંતોષ પામતા નથી, માટેજ કામનાને ન જીતાય એમ કથેલ છે.

पशोः पशुः को न करोति धर्मं
प्राधीतशास्त्रोपि न चात्मबोधः ।
किं तद्विषं भाति सुधोपमं स्त्री
के शत्रवो मित्रवदात्मजाद्याः ॥ २१ ॥

અર્થ.

શિષ્ય—પશુથી પણ પશુ કોણ કહેવાય ?

ગુરૂ—જે ધર્મ કરતો નથી, અને જેને શાસ્ત્રાભ્યાસ કર્યા છતાં પણ પોતાના સ્વરૂપનો બોધ થયો નથી તે.

શિષ્ય—અમૃત સદૃશ જણાય એવું ઝેર કયું ?

ગુરૂ—સ્ત્રી.

શિષ્ય—મિત્ર સદૃશ લાગે એવો શત્રુ કોણ છે ?

ગુરુ—પુત્ર-આદિ સંબંધીઓ.

વિવેચન.

જે ધર્મ કરતો નથી તે પશુ છે, ધર્મના, નિત્ય, નૈમિત્તક, કામ્ય અને પ્રાયશ્ચિત એવા ચાર ભેદ છે, તેમાં શૌચ, સ્નાન, સંધ્યોપાસન, અગ્નિહોત્ર અને વૈશ્વદેવાદિક એ નિત્યધર્મ છે. દેશ કાળ નિમિત્તિક સ્નાન, દાન, શ્રાદ્ધ અને જપ-આદિ નૈમિત્તિક ધર્મ છે. દેશ, ક્ષેત્ર કુરુક્ષેત્ર અને પ્રયાગ આદિમાં વ્યતિપાત, સંક્રાંતિ, અને ગ્રહણ-આદિમાં ઐહિક ભોગને માટે જે ધર્મ કરવામાં આવે તે કામ્ય ધર્મ છે, અને કૃચ્છ્ર ચાંદ્રાયણાદિક પાપની નિવર્ત્તિને અર્થે જે કરવામાં આવે, તે પ્રાયશ્ચિત ધર્મ કહેવાય છે, તેમાં કામનાથી જે ધર્મ કરવામાં આવે છે તે કામ્ય ધર્મ મુમુક્ષુઓને માટે નથી. તે તો વિરક્તોને માટે છે. મોક્ષની આકાંક્ષાવાળાએ કામ્ય કર્મનો ત્યાગ કરવો. કામનાની નિવર્ત્તિને અર્થે અન્તઃકરણ શુદ્ધિ-દ્વારા મોક્ષના ઉપાયભૂત જ્ઞાનની ઉત્પત્તિના હેતુને અર્થે મુમુક્ષુએ જ્યાં સુધી બ્રહ્માત્મૈક્ય જ્ઞાન થયું ન હોય ત્યાં સુધી નિત્યકર્મનો ત્યાગ કરવો નહિ, બોધસાગરમાં કહ્યું છે કેઃ—

अथातो धर्म जिज्ञासा धर्मः प्रोक्तश्चतुर्विधः ।
नित्य नैमित्तिकःकाम्यःप्रायश्चितमिति क्रमात् ॥
वर्णाश्रम समाचाराः शौच स्नाना दयश्चये ।
आवश्यकास्ते नित्याः स्युरकृत्व प्रत्यवैतियान् ॥
देशकाल निमित्तायें तेतु नैमित्तिकाः स्मृताः ।
संक्रांति ग्रहण स्नानदान श्राद्ध जपादयः ॥
प्रायश्चित्तात्मका धर्माः कृच्छ्र चांद्रायणादयः ।
कामनापूर्वकं काम्य मुमुक्षोर्न विधीयते ॥
हरिप्रसाद काम्याच चित्तशुद्धेश्च कामना ।
मोक्षस्य कामना चेति कामनेयंन कामना ॥
तस्मात्तया कामनया स्नान दान जपादिकं ।
तीर्थव्रत तपोनिष्ठा मोक्षकामै र्विधीयतां ॥
कमर्णां निर्णयेत्वेयं गीताया माहमाधवः ।
सर्वस्थान परित्याज्यं नित्य कर्म मुमुक्षुणा ॥
ज्ञानेजातेपिनत्याज्यं लोकानुग्रह हेतुना ।
योवासना परित्यागः कर्मत्यागः स एवहि ॥
नकर्मणा परित्यागः कर्मत्यागो मनोमयः
यज्ञोदान तपश्चेति पावनानि मनीषिणां ॥
कर्मणा चित्त शुद्धिस्यात्तयातीव्रा मुमुक्षुता ।
ततोविवेकान्मुक्तिः स्यात् कर्मत्याज्यं कथंतुतत् ॥
यंतुबोधेन संप्राप्ता स्तातकर्याति गांदशा ।
नविधेः किंकरास्तस्मास्वछंदं विचरंतुत ॥

ધર્મની જીજ્ઞાસાને માટે ચાર પ્રકારના ધર્મ કહેલા

છે. નિત્ય, નૈમિતિક, કામ્ય અને પ્રાયશ્ચિત, વર્ણાશ્રમના નિયમાનુસાર, શૌચ સ્નાન–આદિ જે આવશ્યક કર્મ નિત્ય, અને દેશકાળના નિમિત્તને અર્થે જે કરવામાં આવે તે નૈમિત્તિક કર્મ અને સક્રાંતિ અને ગ્રહણ સ્નાન તથા દાન, શ્રાદ્ધ અને જપ–આદિ કામ્ય અને પ્રાયશ્ચિત્તાત્મક ધર્મ કૃચ્છ ચાંદ્રાયણ વૃત–આદિ છે. કામના પૂર્વક મુમુક્ષુએ કર્મ કરવાં નહિ, માત્ર હરિની કૃપા અને ચિત્ત શુદ્ધયાર્થ અને મોક્ષની કામના વગર અન્ય કામના નહિ. માટે કામનાથી સ્નાન, દાન, જપ, તીર્થ, વ્રત, તપ, નિષ્ટા મોક્ષેચ્છાથી કરવાં. સ્વસ્થાનનો પરિત્યાગ કરી મુમુક્ષુએ નિત્ય કર્મ કરવું. જ્ઞાન થયા છતાં પણ લોકાનુગ્રહના હેતુથી તેનો ત્યાગ કરવો નહિ, જે વાસનાનો પરિત્યાગ કરે છે તેજ કર્મ ત્યાગ છે, કર્મનો ત્યાગ કરવો તે ત્યાગ નથી; પરન્તુ મનથી કર્મ ત્યાગ થવો જોઇએ. યજ્ઞ, દાન, તપ–આદિ મનુષ્યને પાલન કરનાર છે, અને તીવ્ર મુમુક્ષુઓની કર્મદ્વારા ચિત્ત શુદ્ધિ થાય છે. માટે વિવેકથી મુક્તિને માટે કર્મ ત્યાગ કહ્યાં, એ બોધ પ્રાપ્ત થતાં તેઓને કર્મના કિંકર ન જાણવા તે તો સ્વચ્છન્દ વિચરનાર છે.

સર્વ પ્રાણીમાત્રનો ભાગવત ધર્મ છે, તે સાધારણ ધર્મ છે, તે શ્રીમદ્ ભાગવતના સપ્તમ સ્કન્ધમાં નારદજીએ મહારાજ યુધિષ્ઠિરને અધ્યાય ૧૧ ના શ્લોક ૮ થી ૧૨ માં કહ્યું છે કેઃ—

सत्यं दयात्तपः शौचं तितिक्षेक्षा शमोदमः ।
अहिंसा ब्रह्मचर्यंच त्यागः स्वाध्याय आर्गवम् ॥
संतोषा समदृक्सेवा ग्राम्येहो परमः शनैः ।
नृणा विपर्ययेहेक्षा मौन मात्म विमर्शनम् ॥

अन्नाद्यादेः संविभागो भूतेभ्यश्च यथार्हतः ।
तेष्वात्म देवता बुद्धिः सुतरां नृषुपांडव ॥

श्रवण कीर्त्तनंचास्य स्मरणं महतां गतेः ।
सेवेज्या ऽवनतिर्दास्यं सख्यमात्म समर्पणम् ॥

नृणामयं परोधर्मः सर्वेषां समुदाहृतः ।
त्रिंश ल्लक्षणवान् राजन् सर्वात्मायेव तुष्यति ॥

સત્ય, દયા, તપ, પવિત્રતા, સહનશીલતા, યોગ્યાયોગનો વિવેક, મનોનિગ્રહ, ઇન્દ્રિયનિગ્રહ, અહિંસા, બ્રહ્મચર્ય, દાન, યથોચિત્ જપ, સરલતા, સન્તોષ, સેવા ધીરેધીરે પ્રવૃત્તિના કર્મોથી નિવૃત્તિ, મનુષ્યોની નિષ્ફળ જતી ક્રિયાઓનો વિચાર, મૌન અર્થાત્ વૃથા ભાષણનો ત્યાગ, દેહાદિકથી આત્મા જુદો છે, એવું અનુસન્ધાન, હે યુધિષ્ઠિર ! પોતાના અન્નાદિકમાંથી બીજા પ્રાણીઓનો યથોચિત વિભાગ, સર્વ પ્રાણી માત્રને અને તેમાં પણ વિશેષે કરીને મનુષ્યોને આત્મ અને દેવરૂપ જાણવાં, મહાત્માઓના ગીતરૂપ ભગવાનનું શ્રવણ, કીર્ત્તન, સ્મરણ, સેવા, પૂજા, નમસ્કાર દાસભાવ, અને સ્વાત્મ સમર્પણ. હે મહારાજ ! આ ત્રીશ લક્ષણવાળા ધર્મ, સર્વ મનુષ્યને માટે સાધારણ ધર્મ કહેવાય છે, જેનું આચરણ કરવાથી સર્વના અન્તર્યામી હરિ પ્રસન્ન થઇ જાય છે.

આ પ્રમાણે સત્વ શુદ્ધિદ્વારા જ્ઞાનફળ યુક્ત ધર્મનું જે અનુસરણ કરતો નથી તેજ પશુ છે. કહ્યું છે કેઃ—

आहारनिद्राभयमैथुनंचसामान्यमेतत्पशुभिःर्नराणां ।
धर्मोहितेषामधिकोविशेषो धर्मेणहीनाःपशुभिःसमाना ॥

આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર તો સામાન્ય રીતે જ મનુષ્ય અને પશુઓમાં છે, પણ ધર્મ જેમાં અધિક છે તેજ મનુષ્ય છે. ધર્મહીન છે તે તો પશુ સદૃશ છે.

જેને આત્મબોધ થયો નથી એટલે કે સ્વં પદાર્થનું બ્રહ્મસ્વરૂપથી જ્ઞાન થયું નથી તે શાસ્ત્રી એટલે કે—વ્યાકરણ, ન્યાય, અને મીમાંસા—આદિ શાસ્ત્ર જાણતો હોય તો પણ તે પશુ છે, એટલે કે જે બ્રહ્મવિદ્યા શૂન્ય છે તે પશુ છે.

આ ઉપરથી સમજવાનું એ છે કે—જે વર્ણ અને આશ્રમના અનુસાર નાના પ્રકારના મનુષ્યોના ધર્મ છે, તે ધર્માનુસાર સદાચારથી ન અનુસરે તે પશુ કરતાં પણ નેષ્ટ છે, તેમ જે સ્વરૂપને જાણતો નથી તે પણ પશુ કરતાં પણ નેષ્ટ છે. ધર્માનુસાર અનુસરવાને અને પોતાનું સ્વરૂપ જાણવાની મનુષ્ય શરીરમાં સ્વાભાવિક શક્તિ વિશેષ હોય છે, પશુના શરીરમાં તે શક્તિ નથી. જેથી જ પશુ કરતાં મનુષ્ય ઉત્તમ છે, પરન્તુ તે શક્તિનો જો મનુષ્ય ઉપયોગ કરી શકે નહિ તો પછી તેને પશુત્વ પ્રાપ્ત થાય છે, માટે ધર્મ પાળીને અને જ્ઞાન સંપાદન કરીને મનુષ્ય દેહ સફળ કરવો જોઇએ. અહિં કોઇ શંકા કરે કે—જ્ઞાની તો પરમેશ્વર રૂપ કહેવાય છે, અને અહિં જ્ઞાનીને મનુષ્ય કેમ કહ્યો ? તેનું સમાધાન કે—જેને તત્વજ્ઞાન થયું હોય તેવા જ્ઞાની પરમેશ્વર અને જેને વિવેકનું જ્ઞાન થયું હોય તે જ્ઞાની મનુષ્ય કહેવાય છે, અને તે વગરનું જે અન્ય જ્ઞાન ધરાવે તે પશુ છે, છેલ્લું જે જ્ઞાન કહ્યું તે પ્રાણી માત્રમાં સમાન હોય છે. પશુ, પક્ષી, હાથી, ઘોડા, સર્પ, દેડકાં, કુતરાં, શિયાળ, વ્યાઘ્ર, સિંહ, નોળીયા, ઉંદર, બિલાડાં, ગધેડાં, રોઝ, ઉંટ અને તે વગર પણ જે અન્ય પ્રાણીઓ છે તેને આહાર, નિદ્રા, ભય અને મૈથુન સામાન છે; કેમકે એ સર્વ આહાર કરે છે, નિદ્રા કરે છે, ભય પામે છે અને મૈથુન પણ કરે છે. ઇન્દ્ર હોય અને તેને ઇન્દ્રાણી સાથે સંભોગ

કરતાં જે આનંદ થાય છે તેજ આનંદ કુતરાને કુતરી સાથે સંભોગ કરતાં થાય છે; અર્થાત ઉપર દર્શાવેલ આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ તો પ્રાણી માત્રને છે. મનુષ્યમાં જ્યાં સુધી આ ચાર જ્ઞાન હોય છે ત્યાં સુધી તે પશુ કહેવાય છે. કોઇ મનુષ્ય એમ જાણે કે 'મેં અશ્વમેધ યજ્ઞ કરેલ છે, હું મહાપુણ્યશાળી છું, હું મહાબળવાન છું, મારા સન્મુખ કોણ જોનાર છે, આમ જે જાણવું તે ખોટું છે; કારણ કે ડાઘીયા કુતરા સર્વને ઘુરકાવે છે, તેથી તેના સામું કોઈ જતું નથી, કોઇ એમ જાણે કે—હું કેવો પ્રપંચી અને કુશળ છું કે અન્ય માણસની સ્ત્રી તથા દ્રવ્ય–માલ વિગેરે લઈ લઉં છું. માટે હું મનુષ્ય છું. આ સમજવું તેનું ખોટું છે; કારણ કે ઘણા કુતરાઓ, અન્ય કુતરાંના મુખમાંથી રોટલાના કટકા લઇ જાય છે, કોઇ એમ જાણે કે મેં નાત ઘણીવાર જમાડી છે, તો તે સમજવું એ પણ ભૂલભરેલું છે, કારણ કે પોતાની નાતને તો પક્ષીઓ પણ ભેળી કરીને કલ્લોલ કરે છે, તથા તે શું મનુષ્ય કહેવાય? કોઇ એમ જાણે કે હું મહા હુન્નરી છું, એમ જે જાણવું તે પણ ખોટું છે; કેમકે કેટલાક નાના જીવડાઓ એવા તો કારીગિરી અને હુન્નર બનાવે છે કે તેવા મનુષ્યથી પણ થઈ શકતા નથી. રેશમના કીડા કેવી ચતુરાઇથી રેશમ બનાવે છે, કરોળીઓ કેવી લાળની જાળ બાંધે છે, સુઘરી કેવો માળો બાંધે છે, મધમાખીઓ મધપૂડો કેવો રચે છે, આવા અનેક દાખલા છે. કોઇ એમ જાણે કે હું ઘણોજ ઉત્તમ ગાનાર છું માટે મનુષ્ય છું તો તે જાણવું ભૂલભરેલું છે; કેમકે મધુરસ્વર તો કોયલનો પણ છે, કોઇ હું રૂપાળો છું જેથી મનુષ્ય છું તો તે જાણવું પણ ખોટું છે; કારણ કે મોર–

આદિ પક્ષીઓ જોતાંની સાથે તુરત મનને હરણ કરે છે, કોઇ એમ જાણે કે હું પેલવાન છું માટે મનુષ્ય છું તો તે જાણવું ખોટું છે; કારણ કે ઘોડા અને ગધેડા પણ અંગે રાતા-માતા હોય છે ! તેથી તે કાંઈ મનુષ્ય કહેવાતાં નથી, ધનાઢ્ય લોકો ભવ્ય મકાનો બંધાવી તેમાં કિંમતી ફરનીચર ગોઠવી શયનને માટે સુવર્ણનો પલંગ અને મલમલની સુંવાળી તળાઇ અને તકીઆ બિછાવી શયન કરે અને જાણે કે હું મનુષ્ય છું, તો તે જાણવું પણ તેનું ખોટું છે; કેમકે પક્ષીઓ પણ પોતાના માળા મલમલ કરતાં કોમળ કરી આનંદ કરે છે, તો તે મનુષ્ય કહેવાતાં નથી. આ પ્રમાણે આહાર, નિદ્રા, ભય અને મૈથુનના જ્ઞાનથી થતી સર્વ ચતુરતા પશુ પક્ષીઓમાં પણ હોય છે, માટે તેવા પ્રકારના જ્ઞાનવાળું મનુષ્ય પશુ સદૃશ કહેવાય. લાખો બલ્કે કરોડો રૂપિયાની પ્રાપ્તિ થતી હોય તોપણ અધર્માચરણ ન કરતાં શ્રુતિ સ્મૃતિના અનુસાર વર્ણાશ્રમ કર્મ કરે, અને તે કરતાં જે કમાય, તેટલું દ્રવ્ય લઈને ધર્માચરણથી ધર્મને જે જાળવે તે વિવેક જ્ઞાની કહેવાય છે, જેને વિવેકનું જ્ઞાન થયું હોય તેજ મનુષ્ય કહેવાય છે; એ વિવેકજ્ઞાન શ્રવણ કરવાથી પશુ જ્ઞાનીઓ પણ જો સમજે તો મનુષ્યપણું પામે છે, જેણે સારી રીતે જીવપદને જાણેલ છે, જેને જીવનું કૃત્ય કાંઇ રહેલ ન હોય, જેણે ઇશ્વરપદને સારી રીતે જાણેલ છે, જે ઇશ્વર કૃત્યમાં લુબ્ધ થતા ન હોય, અને જે શારીરિક ભાષ્ય-આદિ શ્રવણ કરીને વૈરાગ્ય પામી જીવપદ જાણી પંચીકરણદ્વારા પિંડસાધ પંચકોશે પિંડની વહેંચણી કરી, પોતે કુટસ્થ સાંક્ષી થઇ બ્રહ્મ પદમાં વિરામ પામેલ હોય તે તત્વજ્ઞાની કહેવાય છે. આવા જે તત્વજ્ઞાની હોય તે પરમેશ્વર સમાન છે. વિવેકજ્ઞાની

તો મનુષ્ય છે અને અન્ય જ્ઞાની તો પશુ છે, જે આહાર, ભય, નિદ્રા અને મૈથુન એ ચાર જાતનાં પશુ જ્ઞાનથી વર્તે અને પુનઃ પુનઃ પ્રાપ્ત ન થાય એવા અમુલ્ય મનુષ્ય દેહને વ્યર્થ જવા દે, તે પશુ છે, પણ જે પુરૂષ પશુજ્ઞાન પ્રમાણે ચાલે છે, અને જગતને બોધ કરવા માટે વેદ શાસ્ત્ર જાણીને મોટી શિખામણ આપે, પરન્તુ પોતે તે પ્રમાણે વર્ત્તે નહિ, તે પશુ કરતાં પણ પશુ છે; કારણ કે પશુ તો શાસ્ત્રની વાણી જાણતાં નથી, તેમ ધર્મ, અર્થ, પાપ અને પુણ્ય કાંઈ સમજતા નથી; તેમ તે પશુ જેવા પુરુષો પણ સમજતા નથી; પરંતુ આ ભણેલો પુરૂષ તો બધું સમજે છે તે છતાં તે કરતો નથી· તેનું સમજવું સર્વ વ્યર્થ છે. શ્રી સદાશિવજીએ કહ્યું છે કેઃ—

वेदागम पुराणज्ञः परमार्थं न वेत्ति यः ।
विडंबनं तुतस्यैव तत्सर्वं काक भाषितम् ॥

જે પુરૂષ વેદ, શાસ્ત્ર અને પુરાણનો જ્ઞાતા છે, પણ પરમાર્થને જાણતો નથી. તે પુરૂષનું બધું કાગડાની બોલી જેવું છે.

બોલીને વાદવિવાદ કરવો એ તો કાગડા જેવાં પક્ષીઓ પણ સાયંકાળે વૃક્ષ ઉપર કકળાટ કરી મૂકે છે. માટે વેદ શાસ્ત્ર અને પુરાણ જાણીને જે પોતાનું કલ્યાણ કરતો નથી, તો તેનું જાણ્યું વ્યર્થ છે, જાણીને વિવેકજ્ઞાન અને તત્વજ્ઞાન સંપાદન કરવું એજ તેનું સફળપણું છે. માટે જો તેમ ન થાય તો તેનું સર્વ સમજવું વ્યર્થ છે; કારણ કે તેઓ જેની કાંધનાં કીડા પડયા હોય છે એવું કુતરૂં આ ઘેરથી પેલે ઘેર આથડયા કરે છે તેમ તે વરૂણી, તથા અહલ્યા જેવી. અગ્યારમાં સવારવાં, શૈયા લેવી તે માટે

કુતરાના સમાન આથડયા કરે છે. માટે જેને શાસ્ત્ર જોવાથી વિવેક ન હોય તો તે પશુ સમાન છે. પણ જેને શાસ્ત્રનું જ્ઞાન હોય પણ આત્મબોધ ન હોય તો તે પશુથી પણ પશુ એટલે તે કરતાં પણ અજ્ઞ છે. એવા દાંભિકોની ગતિ કેવા પ્રકારની થાય છે તે માટે અપરોક્ષાનુભૂતિના ૧૩૩ મા શ્લોકમાં કહ્યું છે કેઃ—

कुशला ब्रह्मवार्त्तायां वृत्तिहीनाःसुरागिणः ॥
तेप्य ज्ञानतया नूनं पुनरायांति यांतिच ॥

જે પુરૂષો કેવળ બ્રહ્મની વાતો કરવામાંજ કુશળ છે. જેઓની વૃત્તિ ક્ષણમાત્ર બ્રહ્માકાર થતી નથી, તથા જેઓ વિષયમાં પ્રીતિવાળા છે, તે પુરૂષો મહા અજ્ઞાની છે. તથા આ સંસારમાં તેઓ પુનઃ પુનઃ જન્મે છે તથા મરે છે, તાત્પર્ય એ છે કે બ્રહ્માકાર વૃત્તિ કર્યા વગર માત્ર બ્રહ્મની વાતો કરવાથી કાંઈપણ ફળ મળતું નથી. ભણેલાઓ પોતાના મનમાં અભિમાન રાખતા હોય, પણ તેઓને બોધ ન હોય તો તેઓને કેવા સમજવા તે માટે શ્રીમદ્ભાગવતના એકાદશસ્કંધના ૧૧ મા અધ્યાયના ૧૮ મા શ્લોકમાં ભગવાન્ શ્રી કૃષ્ણચન્દ્રે ઉદ્ધવજીને કહ્યું છે કે—જે પુરૂષ વેદમાં યથાર્થ રીતિથી નિપુણ થઇને, પંડિત બની ગએલ હોય, પરન્તુ પૂર્વોક્ત સાધનોથી વેદના અર્થમાં નિષ્ટા રાખીને, પરબ્રહ્મનું ધ્યાનાદિક્ કરે નહિ તો તેના શાસ્ત્રાભ્યાસનો શ્રમ વ્યર્થ ગયો સમજવો જોઈએ. જેમ ઘણા દિવસની પ્રસૂત થએલી ગાયમાંથી દૂધ મળવાનો સંભવ ન હોય, તેને દૂધ મળવાની આશાથી રાખવાવાળા પુરૂષના શ્રમનું ફળ જેમ પરિશ્રમજ છે. તેમ પૂર્વોક્ત પુરૂષના શાસ્ત્રાભ્યાસના શ્રમનું ફળ પણ પરિશ્રમજ છે, તેમાંથી કાંઇ પણ પુરૂષાર્થ સિદ્ધ

થનાર નથી. છંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કેઃ—વૃષકેતુ રાજાએ ગૌતમઋષિના પુત્રને શું ભણ્યા છો ? એમ પુછતાં તેણે વેદ, પુરાણ અને શાસ્ત્ર સર્વ ભણ્યો છું એમ કહેતાં રાજાએ કહ્યું કે બ્રહ્મવિદ્યા વગર સર્વ ભણતર ઉપાધિરૂપ છે. જ્ઞાન વગર સર્વ વિદ્યા બોજા રૂપ છે કહ્યું છે કેઃ-

यथा खरश्चंदन भारवाही भारस्यवेत्ता नतुचंदनस्य ।
एवं हि शास्त्राणि बहुन्यधीत्य चार्थेषुमूढाः खरवद्वहंति ॥

જેમ ગધેડો સુખડના ભારને ઉપાડે છે, પણ તે પોતાને માથે ભાર ભરેલો છે એમ જાણે છે; પરન્તુ ચન્દન ભરેલું છે, એમ જાણતો નથી, તે પ્રમાણે ઘણાં શાસ્ત્રો ભણીને તેના અર્થને ન સમજનારાઓ ગધેડાના સમાન કેવળ ભાર જ વહે છે; અર્થાત જ્યાં સુધી તત્ત્વ ન જાણે ત્યાંસુધી સર્વ ભણતર ભાર રૂપ છે.

ભણવાની સફળતા અર્થાત ફળ જ્ઞાન છે, જ્યાંસુધી જ્ઞાન થયું નહિ ત્યાંસુધી ભણતર વ્યર્થ છે. વાણીના વિલાસ માત્રથી કશું ફળ નથી. જેમ કોઈ દ્રવ્યવાન્ છતાં પગરખાં પેહેરે નહિ તો તે દરિદ્રિનો પણ રાજા છે; કારણ કે દરિદ્રિ તો દ્રવ્ય ન હોવાથી પેહેરે નહિ, પણ દ્રવ્યવાન્ તો છતે દ્રવ્યે જાણી જોઇને પેહેરતો નથી. તે પ્રમાણે જે ભણી ગણીને તત્ત્વ સમજે નહિ તે પશુથી પણ પશુ છે.

સ્ત્રી વાણી—આદિથી જનને લોભાડીને, તુચ્છ વિષય સુખ આપે છે, તે વિષય સુખ ઝેરના સમાન નાના પ્રકારનું દુઃખ આપે છે માટે તેજ સુધાની ઉપમાવાળું વિષ છે; અર્થાત સ્ત્રી ઉપરથી અમૃત સમાન જણાય છે; પરન્તુ પરિણામે વિષવત્ છે. રાજર્ષિ ભર્તૃહરિએ શૃંગાર શતનમાં કહ્યું છે કેઃ—

जल्पन्ति सार्धमन्येन पश्यन्त्यन्यं सविभ्रमाः ॥
हृदये चिन्तयन्त्यन्यं प्रियः को नाम योषिताम् ॥

[સ્ત્રીઓને સર્વથા કોઇપણ પ્રિય નથી.]

વિલાસવાળી સ્ત્રીઓ એકને જુએ છે, બીજાની સાથે વાત કરે છે, અને ત્રીજાનું હૃદયમાં ધ્યાન કરે છે, માટે સ્ત્રીઓને કોણ પ્રિય છે?

સ્ત્રીના મુખને નિરખી પુરૂષ આનંદ પામે છે, અને તેના સંયોગમાં અત્યંત સુખ માને છે; પણ તેનો તત્સ્પર્શ વિચાર કરતો નથી; કારણ કે વિચાર કરતાં તેવા પ્રકારની લાલચ લગાડી સ્ત્રી પોતાને પેટ જન્મ લેવરાવે છે. મનુષ્ય વસ્ત્રાભૂષણ–આદિ જે કાંઇ સ્ત્રીને કરાવી આપે છે તે ભોગ ભોગવવા રુપ પોતાના સ્વાર્થથીજ કરે છે, તે વગર અન્ય કશું પણ નથી. આ પ્રમાણે સ્ત્રીમાં અને સ્ત્રીમાં મનોવૃત્તિ રહેવાથી જો મરણ પામે તો તેનેજ પેટ અવતાર આવે છે. કહ્યું છે કે–' મરણે યા મતિઃ સા ગતિઃ ' (મરણ સમય જેવી મતિ થાય છે, તેવી ગતિ થાય છે) આ પ્રમાણ પ્રસિદ્ધ છે. સ્ત્રીના બન્ધનથીજ ચોરાશીલક્ષ યોનિમાં અથડાવું પડે છે. આ પ્રમાણે ઉપરથી સ્વરૂપવાન અને પ્રસન્ન કરે એવી સ્ત્રી લાગે છે; પરન્તુ પરિણામે મહા કલેશ આપનારી છે, માટેજ સ્ત્રીને અમૃતના જેવાં વિષની ઉપમા આપેલી છે.

સ્ત્રી, પુત્ર, પૌત્ર–આદિ સર્વ મિત્ર સદૃશ શત્રુ છે. જો કે તેઓ નિજ સંબંધ ભાવથી મિત્ર સમાન જણાય છે; પરન્તુ શત્રુજ છે; કારણ કે તે સર્વ ધનધાન્યાદિકને હરનારાં છે; જ્યારે પુરૂષ નિર્ધન થઇ જાય છે, ત્યારે તેને

જોઈને ગાળિપ્રદાન અને તાડન આદિ કરે છે. જો કે સ્ત્રી અને સંતાનને નિરખીને પુરૂષનું મન અત્યન્ત આનંદ પામે છે. સ્ત્રી અને છોકરાની ઉપાધિમાં ધર્મ–કર્મમાં ધ્યાન રહેતું નથી, પણ તેનું પાલન–પોષણ કરવા માટે નાના પ્રકારના ઊંધાં ચતાં કામો કરવાં પડે છે. છોકરાંઓને પરણાવવાં પડે છે, અને તે માટે કરજ પણ કરે છે, છતાં પણ જો પુત્ર આદિ મૂર્ખ રહે અને કહ્યું ન માને તો તેથી મહાક્લેશ થાય છે, અને તેમાં જો કોઈ મરણ પામે તો રોવું કુળકુળવું થાય છે. આ પ્રમાણે તેનાથી નાના પ્રકારનાં દુઃખો સહન કરવાં પડે છે, અને મરણ પછી નરકયાતના અનુભવવી પડે છે, અને તે ઉપાધીથી કાંઇ સારૂં સાધન થતું નથી. આ પ્રમાણે વહાલાં છોકરાં પણ પરિણામે શત્રુના સમાન ફળ આપે છે, તે પ્રમાણે અન્ય સગાં મંડળ પણ સ્વાર્થને લીધેજ વળગી રહેલાં હોય છે. આ પ્રમાણે તે સર્વ શત્રુ સમાન છે. સૂર્યવંશી મહારાજા સાગરને સાઠ હજાર પુત્રો હતા, તો તે વડે તેઓ શું સુખ પામ્યા ? ગાંધારીને દુર્યોધન–આદિ સો પુત્ર હતા તો તેથી તે શું સુખ પામ્યા ? સુખને બદલે ઉલટું દુઃખ થયું હતું; માટે પરિણામે છોકરાં–આદિ શત્રુરૂપ છે; કારણ કે તેની ઉપાધિમાં ગુંથાવાથી દેહનું કલ્યાણ થઈ શકતું નથી.

विद्युच्चलं किं धनयौवनायु-
र्दानं परं किं च सुपात्रदत्तम् ।
कंठं गतैरप्यसुभिर्न कार्यं
किं वा विधेयं मलिनं शिवार्चा ॥ ३० ॥

અર્થ.

શિષ્ય—વિદ્યુતના સદૃશ ચંચળ શું શું છે?

ગુરૂ—ધન, યૌવન અને આયુષ્ય.

શિષ્ય—ઉત્તમ દાન કયું કહેવાય?

ગુરૂ—સુપાત્રને આપેલ હોય તે.

શિષ્ય—કંઠે પ્રાણ જાય ત્યાંસુધી પણ શું કરવું નહિ?

ગુરૂ—પાપકર્મ કરવું નહિ.

શિષ્ય—કંઠથી પ્રાણ જાય ત્યાંસુધી શું કરવું?

ગુરૂ—શિવાર્ચન કરવું.

વિવેચન.

ધન, યૌવન અને આયુ એ સર્વ વિદ્યુત—વિજળીના સદૃશ ચંચળ છે. કહ્યું છે કેઃ—

आयुर्नश्यति पश्यतां प्रतिदिनं यातिक्षयं यौवनम् ।
प्रत्यायांति गताःपुनर्न दिवसोःकालो जगद्भक्षकः ॥
लक्ष्मीस्तोयतरंगभंग चपला विद्युच्चलं जीवनं ॥
तस्मान्मां शरणागतं शरणद त्वं रक्षरक्षाधुना ॥

આયુ પ્રતિદિન નાશ પામતું જાય છે, અને તેથી યૌવનનો ક્ષય થતો જાય છે, તે નજરે જોઇએ છીએ. જે દિવસ ગયા તે પુનઃ આવતા નથી. કાલ જગતનું ભક્ષણ કરે છે. લક્ષ્મી પાણીના તરંગના સમાન ભંગ થનારી છે અને વિદ્યુતના સમાન ચપલ જીવન છે, માટે હું શરણે આવ્યો છું માટે શરણને આપનારા તમે અધુના-હમણાં સંરક્ષણ કરો.

આ પ્રમાણે ધન, યૌવન અને આયુ ક્ષણભંગુર છે. આપણે ઘણીવાર નજરે નિહાળેલું છે. તથા કર્ણોપકર્ણ સાંભળેલું છે કે જેઓને ઘેર હજારો લોકો પ્રભાતે અરજ કરવા આવતા હતા, વા માગવા આવતા હતા, જેઓ ભવ્ય મકાનોમાં સુવર્ણના પલંગ ઉપર શયન કરતા હતા, જેઓને ત્યાં મદ ઝરતા હાથી ઝુલી રહ્યા હતા, તથા ઘોડાઓ હણહણાટી કરી રહ્યા હતા, એવા મહા સમર્થ રાજા-મહારાજાઓનું જીવન તથા લક્ષ્મી વિદ્યુતના સદૃશ નાશ થઇ ગયેલ છે. આ પ્રમાણે ધન, યૌવન અને આયુ ચંચળ -નાશવાન્ છે. જેઓએ પગ પૃથ્વી ઉપર મૂકેલો ન હતો અને જેને નોકર-ચાકર ખમાખમા કરી રહેલા હતા, એવાઓ પણ આજે ઉઘાડા પગે આથડયા કરે છે, જેઓને મુખપર મૂછનો દોરો પણ ફુટયો ન હતો તેઓ આજે વૃદ્ધ થઇ ગયેલ આપણે જોઇએ છીએ. જેની હજારો મનુષ્યો ચાકરી કરનારા હતા, જેઓના પ્રત્યે જગતના લોકોનો પૂજ્યભાવ હતો, અને જેઓએ જરા પણ દુઃખ અનુભવ્યું ન હતું તેવાઓને ચિતામાં સૂતેલા જોયા છે. આ પ્રમાણે ધન, યૌવન અને આયુ એ ચંચળ છે, માટે ધન, યોવન અને આયુની સત્તામાં જે સારૂં કામ થાય તે ત્વરાથી કરી લેવું જોઇએ; કારણ કે સ્વાભાવિકજ જનારા પદાર્થ છે. માટે તે શોચનીય નથી. ધન, યૌવન અને આયુ એ સમજુ અને અણસમજુ બન્નેના વ્યતીત થાય છે, પરન્તુ સમજુનાં તે સફળ થાય છે, અણસમજુના વ્યર્થ જાય છે, માત્ર એટલો જ ભેદ છે; માટે ધન, યૌવન અને આયુ તેને ક્ષણભંગુર જાણીને સત્કર્મ કરવાં જોઇએ. દાન રાજસ્, તામસ્, અને સાત્વિક એ પ્રમાણે ત્રણ પ્રકારનું છે, તે ત્રણ પ્રકારના

દાનમાં સાત્વિક દાન શ્રેષ્ઠ છે. સત્ત્વ શુદ્ધિના હેતુ માટે જે સુપાત્રને આપવામાં આવે, સુપાત્રને એટલે કે વૈદિક ધર્મ નિષ્ઠાને માટે વા બ્રહ્મનિષ્ઠાને માટે જે આપવામાં આવે તે દાન સાત્વિક દાન કહેવાય છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના અધ્યાય ૧૭ માના ૨૦ મા શ્લોકમાં શ્રીકૃષ્ણે અર્જુનને કથેલ છે કેઃ—

दातव्यमितियद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥

ભગવદારાધનૈક વેષથી દાન આવશ્યક કર્તવ્ય છે. એ વિચારથી જે દાન અનુપકારિયોને માટે પુણ્યક્ષેત્ર, ગ્રહણ—આદિ પુણ્યકાળે અને પાત્રમાં દાન અપાય છે, તે સાત્ત્વિક દાન કહેવાય છે.

સત્પાત્રને આપેલું દાન પરલોકમાં હિત કરનાર છે, સાત્વિક દાનને માટે જેમ ઉપર કહેવામાં આવેલ છે, તે પ્રમાણે રાજસ્ અને તામસ્ દાનના પ્રકાર પણ શ્રીકૃષ્ણે અર્જુનને ભગવદ્‌ગીતાના અધ્યાય ૧૭ના ૨૧ મા તથા ૨૨ મા શ્લોકમાં કહેલ છે કેઃ—

यत्तुप्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥

જે દાનગ્રહી પુરૂષ પોતાના ઉપકારને માટે વા ફળની ઈચ્છાના ઉદ્દેશથી અમળ દ્રવ્યનું દાન આપે તે રાજસ્ દાન કહેવાય છે.

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामस मुदाह्दतम् ॥

૧અયોગ્ય દેશ, અયોગ્ય કાળમાં કુપાત્ર પુરૂષને અને અસત્કારપૂર્વક જે દાન દેવામાં આવે છે, તે તામસ્ કહેવાય છે.

---

૧ પરમેશ્વરે પૃથિવી-આદિ મહા મહા ઉપકારી વસ્તુ રચીને મનુષ્ય-આદિ પ્રાણીઓના ઉપકારાર્થે સમર્પીત કરેલ છે, વૃક્ષ ફલ અને છાયા સર્વેને આપે છે સૂર્ય અને દીપક સર્વેને પ્રકાશ આપે છે પૃથિવી સર્વને રહેવાને માટે આશ્રય આપે છે, ઇત્યાદિ પ્રકારે જોવાથી પ્રતીત થાય છે કે-પરોપકારરૂપ દાનથીજ સંસારની સ્થિતિ છે. આ પ્રકારે સ્વાર્થ આદિ કારણ વગર પરોપકાર રૂપ સ્વાભાવિક દાન ઇશ્વરની સૃષ્ટિમાં સૃષ્ટિ ક્રમ નિયમના આલોચનથી પ્રવૃત્ત જોઇને પોતે પણ જો પોતાના સ્વાર્થ સિદ્ધિ પ્રશંસાદિ કારણોદ્દેશવગર વિશેષ ઉપકારને માટે દેશકાળમાં ધર્માત્મા વિદ્વાન્ દાન આપે છે, તે ઉત્તમ કક્ષાની સત્ત્વગુણી દાન અને તે ઉત્તમ દાન છે, તથા દાતાઓની સૂચનામાં પ્રસિદ્ધ થવાથી મારૂં નામ થશે, એવા ઉદ્દેશથી જે લોકો કાંઇ આપે છે, તે પણ રજોગુણી છે, કેમકે પ્રતિષ્ઠા ઇચ્છવી એ પણ એક ફળ છે, જે દ્રવ્યના કીડા છે તેને દ્રવ્ય-આદિ અત્યન્ત પ્રિય છે, તે પોતાના સન્તાન-આદિના તુલ્ય ધન-આદિ વસ્તુ અન્યને દેવા ઇચ્છતા નથી, પણ જ્યારે સ્વાર્થથી વિશેષાભિલાષાથી વા કોઇના દબાણથી તેને દેવું જ પડે છે, ત્યારે મહાકષ્ટથી આપે છે, અને પશ્ચાતાપ કરે છે, તે રાજસી દાન પણ રજોગુણી છે, એ દર્શાવવા માટેજ શ્લોકમાં 'પરિક્લિષ્ટ' પદ કેવળ છે; જો કે પ્રત્યુપકારાર્થ આપેલું દાન પણ એક ફળના ઉદ્દેશથી થાય છે; તો પણ જળાશય આદિથી જળદાન કરવાવાળાને તૃપ્તિ ફળ મળે છે' ઇત્યાદિ ધર્મ-

માટે સુપાત્રને દાન આપ્યું હોય તો તે ઉત્તમ છે. કુપાત્રને જો ઉત્તમ દાન આપ્યું હોય; તો પણ તેથી તો વિપરીત ફળ થાય છે, અને સુપાત્રને જો થોડું દાન આપ્યું હોય તો તેથી ઉત્તમ ફળ થાય છે, જે સદ્દગુણી, સદાચારી અને જેને તત્ત્વનું જ્ઞાન હોય તે સુપાત્ર કહેવાય છે, અને તેવાઓને આપેલું દાન ઉત્તમ છે, શિવગીતામાં કહ્યું છે કેઃ—

ज्ञानिभ्यो दीयते किंचित् तत्कोटिगुणितं भवेत् ।

જ્ઞાનીને જો થોડું આપ્યું હોય તોપણ ઘણું થઇ પડે છે.

માટે પાત્ર કુપાત્રની પરીક્ષા કરીને દાન આપવું. સુપાત્રને અને કુપાત્રને દાન આપવાના સંબંધમાં એક આખ્યાઈકા છે કેઃ—

કોઇ વ્યાપારી વ્યાપારાર્થે પરદેશ જવાને વહાણે ચડતો હતો તે સમય એક ફકીર અને એક બ્રાહ્મણ બેય જણે તેની પાસે યાચના કરી, એટલે વાણીએ બેયને અકેકો

શાસ્ત્રોક્ત અદષ્ટ ફળનું ગ્રહણ અહિં ' ફળ ' શબ્દથી જાણવું. 'અસત્કૃત' પદથી દાતાને ઉદાસીનતા અને ' અપ્રજ્ઞાત ' પદથી મનની ગ્લાનિ આપવામાં જણાવવી તથા જેને આપવું પડે, તેને ધમકાવે, તે રજોગુણી દાન કોટિનાં ગણેલ છે. સાત્વિક દાનથી રજોગુણી અને તેના કરતાં પણ તમોગુણી નિકૃષ્ટ છે; પરન્તુ કદિ પણ કોઈને કાંઇ આપે નહિ, યા અન્ય પાપકર્મોથી તમોગુણી દાન પણ સારૂં છે, અને તેથી અવશ્ય રજોગુણી સારૂં છે, પરન્તુ જ્યારે સંસારમાં કુપાત્ર, કુકર્મ નામ માત્રના બ્રાહ્મણો વા અન્ય દુકાનદાર, ભિખારીઓને રજોગુણી તમોગુણી દાન દેવાના અધિક પ્રચાર થઈ જાય છે, ત્યારે પ્રાણીઓના સુખ મૂળ વિદ્યા અને ધર્મ આદિની મહા દુર્દશા થઈ જાય છે,

પૈસો આપ્યો, ફકીરને જે પૈસો આપ્યો. તેમાંથી ફકીરે પૈની દોરી, પૈનો લોઢાનો આંકડો અને પૈનો લોટ લીધો, અને તેથી તેણે હજારો માછલાં મારી નાખ્યાં અને બ્રાહ્મણને જે પૈસો મળ્યો તેમાંથી તેણે અર્ધો પૈસાનો પ્રસાદ અને અરધા પૈસાનાં પુષ્પ, ચંદન–આદિ પદાર્થો લીધા, અને તેણે તે વડે શ્રીસદાશિવજીનું પૂજન કર્યું. આ પ્રમાણે તે બેય જણાએ–ફકીરે અને બ્રાહ્મણે વ્યાપારીના પૈસાની યોજના કરી, ફકીરે માછલાંનો ઘાણ કાઢી નાંખ્યો, તેથી સમુદ્રનો મોટો મઘરમચ્છ 'મારા કુલનો વાણીએ ઘાણ કઢાવ્યો' એમ વિચારી તેનું વહાણ બોળી દેવાને નીચે પેઠો. આ વાતો શ્રીસદાશિવજીના જાણવામાં આવતાં વિચાર કર્યો કે–આ વાણીઆના પૈસાથી બ્રાહ્મણે મારૂં પૂજન કરેલું છે, માટે આનું સંરક્ષણ કરવું જોઇએ. એમ વિચારી પોતાના સાઠ હજાર ગણ મોકલી, મઘરના સપાટામાંથી વાહાણને બચાવી, ત્યાંથી અધર ઉપડાવીને કાંઠે પહોંચડાવી દીધું. આ ઉપરથી આપણે સમજવાનું એ છે કે–પાત્ર જોઇને દાન આપવું. સુપાત્રને દાન આપવાથી સારૂં ફળ મળે છે, અને કુપાત્રને આપવાથી નઠારૂં ફળ મળે છે, માટે પાત્રાપાત્રનો વિચાર કરી દાન આપવું. કોઇ શંકા કરે કે

તથા જ્યારે ધર્માત્મા વિદ્વાનોનો આદર સત્કાર વૃદ્ધિ પામે છે, ત્યારે દાન–આદિના લોભથી વિદ્યા ભણવી તથા ધર્મ કરવાનો પ્રથા વધે છે, એથી સાત્વિકદાન સંસારની ઉન્નતિનું વિશેષ કારણ થાય છે, એ માટે વિચારશીલે રજોગુણી, તમોગુણી દાન પ્રચારના પ્રવાહને રોકી, સાત્વિક દાનનો પ્રચાર કરવા ઉદ્યોગ કરવો જોઇએ.

ધર્મનું કામ કરતાં અનર્થ થાય એ શું ? તો તેનું સમાધાન કે–વિચાર્યા વગર કરે તો તે અવિચાર તેનું કારણ છે. શિવ ગીતાના સોળમા અધ્યાયમાં કહ્યું છે કેઃ—

ब्राह्मं मुहुर्तमारभ्यामध्याह्नं प्रजपेन्मनुम् ।
अत ऊर्ध्वं कृते जाप्ये विनाशो भवति ध्रुवम् ॥

બ્રાહ્મમુહુર્ત્ત–બે ઘડી રાત હોય ત્યારથી તે મધ્યાહ્ન કાળપર્યન્ત મંત્રનો જપ કરવો, અને તેથી વિશેષ જો મંત્રનો જપ કરે તો તે અવશ્ય નાશ થાય છે.

પ્રત્યેક કામ કરવામાં વિચારની અત્યાવશ્યકતા છે. તેમ દાન આપવામાં પણ પાત્રાપાત્રનો વિચાર કરવાની અગત્ય છે. પાત્ર જોયા વગર જો કદાચ કુપાત્રને અપાય તો તેથી લાભને બદલે હાનિ થાય છે. જેમ કે અયુક્ત પંચામૃત જો રાખવામાં આવ્યું હોય તો તેથી વમન–ઉલટી થાય છે. તેમજ જો કુપાત્રને દાન આપ્યું હોય તો તેથી વિપરિત પરિણામ આવે છે. દાન કાંઇ એક લક્ષ્મીનુંજ નથી. બીજાં અનેક દાન છે. અન્નદાન, વિદ્યાદાન, ભૂદાન, ગૃહદાન, ગૌદાન, કન્યાદાન, વસ્ત્રદાન, પાત્રદાન, ક્ષેત્રદાન, અને પુસ્તકદાન. આ પ્રમાણે જગતમાં ઘણા પ્રકારનાં દાન અપાય છે. તે જો સુપાત્ર જોઇને આપ્યાં હોય તોજ કલ્યાણ થાય છે. અન્નદાન આપ્યું હોય તો તે દાન લેનારો શું ઉદ્યમથી તેને પચાવશે તે વિચારવું જોઇએ; કારણ કે અન્ન ખાઇ જો પાપ કર્મ કરી અન્નને પચાવે તો તેનું પાપ દાન આપનારને લાગે છે. કોઇને ઘરનું દાન આપવું હોય તો વિચાર

કરવો જોઇએ કે એ ઘરમાં તે કેવું કૃત્ય કરશે; કારણ કે જો તે ઘરમાં પાપકર્મ થાય તો તેનો દોષ ઘર આપનારને લાગે છે. કોઇને કન્યાદાન આપવું હોય, તો તેનો અવશ્ય વિચાર કરવો જોઇએ કે તેનું કુળ કેવું છે ? જાતિસ્વભાવ કેવો છે ? અને તે શું વિદ્યા જાણે છે ? કેમકે જો તેનો વિચાર ન કરે તો તેના ઘરમાં કન્યા જઇને દુઃખી થાય, તો તેનું પાપ કન્યાદાન આપનારને લાગે છે. આ પ્રમાણે દ્રવ્યના દાનમાં પણ તલસ્પર્શ વિચાર કરી પાત્ર જોઈને દાન આપવું, કારણ કે અનર્થનું મૂળ દ્રવ્ય છે; માટે જો આપેલા દ્રવ્યથી કાંઇ પણ અનર્થ થાય તો તેનો દોષ આપનારને લાગે છે. કોઈ શંકા કરે કે—અન્યદાન તો પાત્ર જોઈને આપવાં તે તો ઠીક પણ ભૂખ્યો કોઇ હોય તો તેને અન્ન આપવામાં વિચાર કરવો કે કેમ ? તેનું સમાધાન કે—તેમાં પણ વિચાર કરવાનો છે; કેમકે કોઈ મચ્છીમાર ક્ષુધાથી તરફડતો હોય, તેની દયા લાવીને તેને અન્ન આપીએ તો તે અન્નથી તૃપ્ત થઇ માછલાં મારવા જાય, તો તેથી શું પુણ્ય થાય ? આવાં ઘણાં ઉદાહરણો છે. કોઇ શંકા કરે કે ઘેર આવે તે તો અતીથિ કહેવાય, અને અતીથિને અન્ન આપ્યા વગર જવા દેવો એ તો દોષ છે ? તેનું સમાધાન કે જો ગૃહસ્થ વિવેકી હોય તો કમળના પાનને જેમ પાણી સ્પર્શ કરે નહિ તેમ તેને દોષ લાગે નહિ; પણ અવિવેકીને દોષ લાગે છે; કેમકે વિવેકી તો કદાચ કોઇ બારણે આવી ઉભો રહે અને જો તે પાત્ર ન હોય તો તેને એવી રીતે સમજાવે અને એટલું ખાવાને અન્ન આપે કે—તે મરણ

પામતો હોય તો મરે નહિ, તેમજ ઉઠીને હિંસા કરવા પણ જઇ શકે નહિ; અર્થાત સમય અને પાત્ર જોઈને આપવું. જે વિચારીને આપે છે તે અપરિમિત ફળને પામે છે.

મલીન, નરકના ફળને આપનાર જેનો શાસ્ત્રે નિષેધ કરેલ છે તેવાં કૃત્ય બુદ્ધિમાને કરવાં નહિ. ભારતમાં કહ્યું છે કેઃ

स्वधर्मस्य परित्यागः परधर्मस्य च क्रिया ।
अयाज्य याजनं चै व तथा ऽभक्ष्यस्य भक्षणं ॥

शरणागत संत्यागो भृत्यसाभरणं तथा ।
रसानां विक्रयश्चापि तिर्यग् योनि वधस्तथा ॥

પોતાના ધર્મનો પરિત્યાગ, પરધર્મની ક્રિયા, અયાજ્ય યાજન તથા અભક્ષ્યાભક્ષ્ય, શરણાગતનો ત્યાગ, ભૃત્યના આભરણ, રસનું વિક્રય તથા તિર્યગ્ યોનિનો વધ એ વિગેરે મલીન કૃત્ય છે, અર્થાત્ નરકમાં નાખનાર છે. તેમજ મદ્ય-પાન, માંસભક્ષણ, અસત્ય ભાષણ, ઠગાઇ, કપટ વિગેરે મલીન કાર્ય બુદ્ધિમાને કરવાં નહિ. આ પ્રશ્નના અન્તર્ગત પ્રશ્ન છે કે ત્યારે શું કરવું ? તેનો પ્રત્યુત્તર કે શિવાર્ચના કરવી, તેથી અન્તઃકરણ શુદ્ધ થાય છે. તથા વૈરાગ્યાદિ સાધન સંપત્તિ, તથા સદ્‌ગુરૂ અને સત્ શાસ્ત્ર શ્રવણની પ્રાપ્તિ થાય છે. પ્રાણી માત્રમાં ઇશ્વર એક છે, એમ જાણી સમભાવ રાખવો, અને એ ઈશ્વર મારામાં છે એમ જાણી તે સાથે એકતા કરી તેમાં તલ્લીન થઈ જવું તે શિવાર્ચના છે. કહ્યું છે કેઃ—

संवीतो येन केनापि येन केन चिदाशितः
शयानो यत्र कुत्रापि मुच्यते सर्वदात्मदृक् ॥

ગમે તે વસ્ત્રથી ઢંકાયલ હોય, ગમે તેવું સારૂં કે નઠારૂં ખવરાવેલ હોય, અને ગમે તે સ્થળે સૂતો હોય, એવી સર્વાત્મ દૃષ્ટિવાળો હોય, તે સંસાર બન્ધનથી મુક્ત થઈ જાય છે.

આ ઉપરથી સમજવાનું એ છે કે-બીજાં ધર્માચરણ થઈ શકે નહિ, એવી અશક્ત સ્થિતિમાં શરીર હોય અને મરણની તૈયારી હોય; તો પણ જેની ઇશ્વરમાં એક નિષ્ઠા બંધાયલી હોય અને જેણે સ્વરૂપને જાણ્યું હોય, તેની અધમ-ગતિ થતી નથી, પણ જો પ્રાણાંત સ્થિતિ ન હોય, અને સ્વસ્થ શરીર હોય તો પણ સન્માર્ગે વિચરી વર્ણાગોચિત્ ધર્મ પ્રમાણે અનુસરી ઇશ્વરમાં નિષ્ઠા રાખી પોતાનું સ્વરૂપ જાણી મનુષ્ય દેહ સફળ કરવો જોઇએ. મનુષ્યદેહ ઉપર દર્શાવ્યા પ્રમાણે અનુસરવાથી સફળ થાય છે. બાકી, ગાડી, વાડી અને લાડીની મોજમજાહમાં પડવાથી કે કસકસતાં કપડાં પહેરવાથી કે સુવર્ણના આભૂષણો પેહેરવાથી કે અત્તર ગુલાબ વાપરવાથી મનુષ્યદેહ સફળ થતો નથી. મનુષ્યદેહ દેવતાઓને પણ દુર્લભ છે, માટે પ્રત્યેક મનુષ્યે પોતાનો દેહ સફળ કરવા પ્રયત્ન કરવાની ઘણી અગત્ય છે.

किं कर्म यत् प्रीतिकरं मुरारेः
क्वास्था न कार्या सततं भवाब्धौ ।
अहर्निशं किं परिचिंतनीयम्
संसार मिथ्यात्व शिवात्मतत्त्वम् ॥ ३१ ॥

અર્થ.

શિષ્ય—કર્મ શું કહેવાય?

ગુરુ—મુરારી ભગવાનને જે પ્રીતિ ઉપજાવે તે.

શિષ્ય—નિરન્તર આસ્થા કયાં કરવી નહિ?

ગુરુ—ભવાબ્ધિમાં.

શિષ્ય—નિરન્તર શું ચિંતવવું?

ગુરુ—સંસારનું મિથ્યાપણું અને શિવરૂપ આત્મતત્ત્વ.

વિવેચન.

મુર દૈત્યના અરિ શત્રુ શ્રી કૃષ્ણચન્દ્ર જે કર્મ થકી પ્રસન્ન થાય તે કર્મ સાત્વિક, રાજસ્ અને તામસ્ ભેદથી ત્રણ પ્રકારનાં છે, તેમાં ફળાકાંક્ષા રહિત પુરૂષ ઇશ્વરાર્પણ બુદ્ધિથી જે કરવામાં આવે, તે વાસ્તવિક કર્મ છે. અહંકારાભિનિવેશથી જે કરવામાં આવે તે રાજસ અને અભિચારાદિ કર્મ તે તામસ્ કર્મ છે. શ્રદ્ધા ભક્તિ સંપન્નથી ઇશ્વરાર્પણ બુદ્ધિથી જે કરવામાં આવે, તે સાત્વિક કર્મ તેજ ભગવંતને પ્રીતિ ઉપજાવનાર છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના નવમા અધ્યાયના ૨૬મા શ્લોકમાં શ્રીકૃષ્ણે અર્જુનને કથેલ છે કેઃ

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामिप्रयतात्मनः ॥

જે ભક્તિપૂર્વક પત્ર, પુષ્પ, ફળ અને જળ મારા અર્થે સમર્પણ કરે છે, તે પરિશુદ્ધ અન્તઃકરણવાળા ભક્તનું ભક્તિથી અર્પણ કરેલ પત્ર આદિનો હું અનુભવ કરૂં છું. ગીતાના અધ્યાય ત્રીજાના નવમાં શ્લોકમાં કહ્યું છે કેઃ—

यज्ञार्थात्कर्मणाऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचर ॥

યજ્ઞ વગરના કર્મ[૧] કરવાથી મનુષ્ય, કર્મબન્ધનમાં પડે છે, તે માટે હે કુન્તીના પુત્ર ! ફળની ઇચ્છાથી રહિત થઇને યજ્ઞ (પરમેશ્વર) ને માટે કર્ય.

જ્ઞાન અનુષ્ઠાન એ વચનથી કૃષ્ણાર્પિત સત્‌સત્વ શુદ્ધ આદિક કર્મ છે. આ વિદ્યક કર્મ પણ જો કે સર્વ કૃષ્ણાર્પિત કરવામાં આવે, તો તે થકી શુદ્ધ થવાય છે. માટે મલીન આચરણનો ત્યાગ કરી મુરારીને પ્રીતિ ઉપજાવે એવું સાત્વિક કર્મ બુદ્ધિમાનોએ કરવું. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય ૫ માના ૧૧મા શ્લોકમાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કેઃ

कायेन मनसा बुद्धया केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्म कुर्वंति संगंत्यक्त्वाऽऽत्म शुद्धये ॥

કર્મયોગિ મનુષ્ય ફળાસક્તિનો ત્યાગ કરીને બન્ધ નિવૃત્તિને અર્થે શરીર, મન, બુદ્ધિ અને અભિનિવેશ રહિત જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિય વડે કર્મ કરે છે.

---

૧ જે વડે પરબ્રહ્મનું યજન થાય, તે યજ્ઞ, યજ્ઞ વગરનાં કર્મ બન્ધનકારક છે. માટે નિષ્કામ કર્મ યજ્ઞ માટે કરવામાં દોષ નથી.

જે કર્મ વડે પરમેશ્વર પ્રસન્ન થાય તેજ કર્મ, ઇશ્વરને પ્રસન્ન કરવા વગરનાં અન્ય જે જે કર્મ છે, વાસ્તવિક કર્મ નથી. જેમ જે કોઇ ગૃહસ્થને ત્યાં કોઈ ફકીર આવીને માથું ફોડીને પૈસો લે, તો તે પૈસો આપનાર ખુશીથી નહિ, પણ ક્રોધ કરીને આપે છે, તેમ જે કામ્ય કર્મ કરવામાં આવે, તો તેનું ફળ પણ પરમેશ્વર કોપ કરીને આપે છે, અને તેથી તેવા કામી પુરુષો ફળ પ્રાપ્ત થતાં પરમેશ્વર પ્રસન્ન થયા એમ માને છે; પરન્તુ પોતે ઉત્તમગતિ રહિત થયા તે તો સમજતાજ નથી. ઇશ્વરનો કોપ તે બન્ધન અને બન્ધન થાય નહિ તે પરમેશ્વરની કૃપા, અકામ્ય કર્મ કરનારા છે તે તો મુક્તિની પણ ઇચ્છા કરતા નથી; માટે વર્ણાશ્રમોચિત અનન્ય ભકિત કરવી, અને તે કરવાથી ઇશ્વર ઉત્તમ ગતિ આપે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય નવના ૨૨ મા શ્લોકમાં કહ્યું છે કેઃ—

अनन्याश्चिंतयंतो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

અન્ય પ્રયોજનથી રહિત થઇ, મારૂં ચિન્તવન નિરન્તર કરતા જે જન મારી ઉપાસના કરે છે, તે મારા વિષે નિત્ય અભિયોગની ઇચ્છાવાળાઓનું હું યોગક્ષેમ કરૂં છું; અર્થાત અપ્રાપ્ત વસ્તુનો લાભ અને પ્રાપ્ત વસ્તુનું પરિપાલન કરૂં છું.

પરમાત્મારૂપ આ સર્વ છે, તે વગર અન્ય કોઇ પણ નથી, એવી રીતે જે જાણવું, તે અનન્ય ભાવ કહેવાય છે. એ ભાવથી ઇશ્વરમાં ચિત્ત જોડી રાખવું એ ઉત્તમ કર્મ છે.

સંસારમાં નિરન્તર આસ્થા રાખવી નહિ. દેહ, ઇન્દ્રિય આદિ સંઘાત અને તેનાં સંબંધી સ્ત્રી, પુત્ર અને પૌત્ર—આદિ લક્ષણ તે સંસાર તેજ સમુદ્ર છે. સ્ત્રી, પુત્ર, સગાં, દ્રવ્ય અને ઘરબાર-આદિમાં મમતા બાંધી તેમાં આસકત થઇ અહર્નિશ તેનુંજ સ્મરણ કરવું, તે સંસારમાં આસ્થા છે. આ મારૂં શરીર ધ્રુવ છે, મારી લક્ષ્મી ધ્રુવ છે, મારી સ્ત્રી, પુત્ર, અને પૌત્ર-આદિ સુખ આપનારાં છે, સવ મારૂં જ છે, આવા ક્ષણભંગુર અને શોક અને ભયના સ્થાનરૂપમાં મમતા બાંધવી તે નઠારી ગતિ કરાવે છે. શ્રી પૂજ્યપાદ શ્રી શંકરાચાર્યે શંકરદિગ્વિજયના પાંચમા સર્ગના ૫૨ તથા ૫૫ મા શ્લોકમાં પોતાનાં માતુશ્રીને કહેલ છે કેઃ—

प्रबलानिलवेगवेल्लितध्वजचीनांशुक कोटिटञ्चले ।
अपि मूढमतिः कलेवरे कुरुते कःस्थिरबुद्धिमंबिके ॥

અતિશય ચંચળ શરીરમાં તે સ્થિર છે, એવી બુદ્ધિ મૂઢ બુદ્ધિનો પુરૂષ પણ કરે નહિ, તો પછી તું તો અતિશય સુજ્ઞ છે, માટે એવી બુદ્ધિ કરવાને યોગ્ય જ નથી, એવો બોધ કરતાં શ્રીશંકરાચાર્ય કહે છે કે—હે માતા! પ્રબળ પવનના ઝપાટાથી કંપાયમાન ચીન દેશના અત્યન્ત સૂક્ષ્મવસ્ત્રની ધજાના છેડાના સમાન ચંચળ શરીર ઉપર, ગમે તો મૂઢ બુદ્ધિવાળો પુરુષ હોય તો તેવો હોઇને પણ, તે સ્થિર રહેશે એવી બુદ્ધિ કોણ રાખે? અર્થાત ક્ષણભંગુર શરીરને સદાય કાળ રહેશે, એમ ધારીને કોઇ મૂર્ખ માણસ પણ શોક કરે નહિ, તો તું મારી માતા થઈને એવો શોક કરે એ તો છેકજ અઘટિત છે.

कवि नाम सुता न लालिताः कति वा नेह वधूर् भुञ्जि हि ।
कनु ते कचताः कवाक्यं भवसङ्गः खलुपान्थसङ्गमः ॥

વળી અનેક જન્મમાં અનુભવ કરેલા પુત્રાદિકનો વિચાર કરતા તેની કાંઇ સંખ્યા પણ કહી શકાતી નથી. તેથી તે સર્વનો શોક કરવો સંભવિત નથી, માટે તેમાંથી આનો શોક કરવો અને આનો શોક ન કરવો, એમ નિર્ણય પણ થઇ શકતો નથી, માટે કોઇનો પણ શોક કરવો યોગ્ય નથી. એવા આશયથી કહે છે કે, મેં કેટલા છોકરાંઓને લાડ લડાવ્યા નથી ! અને આ સંસારમાં મેં કેટલી સ્ત્રીઓ ભોગવી નથી? પણ આજ તે પુત્ર કયાં છે ? ! તે સ્ત્રીઓ કયાં છે ? ! અને અમે પણ કયાં છીએ ! ! જેમ જુદી જુદી દિશાઓમાંથી આવેલા પ્રવાશીઓ એકાદ ધર્મશાળામાં એકઠા મળે છે, તેવો સમાગમ ખરેખર આ સંસારનો છે ! અર્થાત એકઠા મળેલા પ્રવાસીઓના વિયોગથી જેમ તેઓ શોક કરતા નથી તેમ સંસારમાં એકત્ર મળેલાં સ્ત્રી–પુત્રાદિકનો વિયોગ થવાથી પણ શોક કરવો ઉચિત નથી.

સ્ત્રી, પુત્ર–આદિમાં આસ્થા મરણ સમય નઠારી ગતિ આપે છે; કેમકે નિરંતરના અભ્યાસથી ઇશ્વરનું સ્મરણ ન થતાં સ્ત્રી, પુત્રાદિકમાંજ ધ્યાન રહે છે. અને એમને એમ પ્રાણ નીકળી જાય તેથી જયાં વૃત્તિ હોય ત્યાં જન્મ લેવો પડે છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના અધ્યાય ૮ માના છઠ્ઠા શ્લોકમાં શ્રીભગવાને અર્જુનને કહેલ છે કેઃ—

यं यं वापि स्मरन्भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय सदा तद्भाव भावितः ॥

હે કુન્તીના પુત્ર ! જે પુરૂષ અન્તકાળે જે જે ભાવનું સ્મરણ કરતો શરીરનો ત્યાગ કરે છે, તે જીવન કાળમાં નિરન્તર તે તે ભાવનું ચિંતન કરીને વાસિત અન્તઃકરણ થઇને તે ભાવને પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ ભાગવતના ષષ્ઠ સ્કન્ધના અધ્યાય ૧૬ ના ૪ થા શ્લોકથી ૧૧ મા શ્લોક સુધીમાં ચિત્રકેતુ રાજાને તેના મરણ પામેલા પુત્રે કહ્યું કેઃ—હું કે જે કર્મોને વશ થઇને દેવ, પશુ, પક્ષી અને મનુષ્યોની યોનિમાં ભટકયા કરૂં છું, તેને કયા જન્મમાં આ માતા અને આ પિતા થયા હતાં ? મારા મરણથી મને પુત્ર જાણી શોચ થયો છે, તો શત્રુ જાણીને, હર્ષ કેમ કરતાં નથી ? કેમકે સંબંધી, સપિન્ડ, શત્રુ, મધ્યસ્થ, મિત્ર, ઉદાસીન અને દ્વષો અનુક્રમે સર્વ પરસ્પર થાય છે, તે માટે પુત્રાદિકનો સમ્બન્ધ તો તેનો તેજ રહે એમ કાંઇ નિયમ નથી. જેમ સુવર્ણ—આદિ વહેંચવાની વસ્તુઓ તેના તેજ વ્યાપારી વર્ગમાં ફર્યાં કરે છે, તેમ જીવ પણ અનેક યોનીયોમાં તેનો તેજ ફર્યા કરે છે. પશુ આદિના સમ્બન્ધ પણ અનિત્ય જોવામાં આવે છે, કેમકે વહેંચવા—આદિથી સમ્બન્ધ છુટી જાય છે. અને જ્યાં સુધી જેનો સંબધ રહે છે, ત્યાં સુધીજ તેનું તેમાં મમત્વ રહે છે. એ પ્રમાણે જે દેહમાં જીવ આવ્યો હોય, તે દેહમાં તે જીવ જ્યાં સુધી રહે, ત્યાં સુધી તેનું મમત્વ તેમાં રહે છે, મરણ પછી રહેતું નથી, તેથી આ દેહ હવે મારો નથી.

જ્યાં સુધી આ દેહમાં મમતા હતી, ત્યાં સુધી એ મને પુત્ર સમજતા હતા. તો ભલે; પરન્તુ હવે મને આ શરીર સાથે કશો પણ સંબંધ નથી, તેથી એ સાથે પણ કાંઈ સમ્બંધ નથી. અનેક યોનિઓમાં ભટકનારો જીવ તો તેનો તેજ છે, અને વસ્તુતઃ તે અહંકાર રહિત છે. જીવ—નિત્ય, અપક્ષય એટલે ઘટવાથી રહિત, જન્માદિકથી શૂન્ય અને જન્મનાર દેહાદિ પદાર્થોનો આશ્રય તથા સ્વયં પ્રકાશ છે, તેજ પ્રભુ પોતાની માયાના ગુણોથી પોતાના આત્માને જગતરૂપ બનાવે છે. તેને કોઈ અતિ પ્રિય નથી, અપ્રિય નથી, પોતાનો નથી, કોઇ પારકો નથી, તેથી મારે કોની સાથે રહેવું? કોને રાજી રાખવાં? અને કોના સન્મુખ જોવું? આત્મા તો સંગ રહિત અને સારૂં નરસું કરનાર મિત્ર તથા શત્રુ—આદિની વિચિત્ર બુદ્ધિયોનો સાક્ષી છે. આત્મા સુખ, દુઃખ કે રાજ્યાદિકને ભોગવતોજ નથી; કેમકે એ કાર્ય અને કારણોનો સાક્ષી છે, પણ ભોક્તા નથી, તે તો સ્વતંત્ર છે. દેહાદિકને વશ નથી, તેથી હું કે—જે આવો છું, તેને કોઇની સાથે સમ્બન્ધ નથી, તેથી મારો સમ્બન્ધ માનીને કોઇએ શોક કરવો નહિ. મરણ પામેલા પુત્રની આવી વાણી શ્રવણ કરી તે વાર્તા સત્ય લાગવાથી ચિત્રકેતુ રાજાને સંસારમાં વૈરાગ્ય થતાં જ્ઞાન થયું હતું. આ ઉપરથી જોતાં સંસારમાં કો કોઇનું નથી.

જેની સાથે કાંઇ પણ સંબંધ કે સ્નેહ ન હોય, તેવાં પારકાં માતા પિતાની પુત્રી પોતાની પ્રાણપ્રિયા બને છે, અને તે સ્ત્રીના મુખમાંથી પડેલા શબ્દ વિધાતાના આંકડા

જેવા સર્વ માન્ય મનાય છે, અને જો પછી તેના બોલ ચોગ્ય હોય વા ન હોય; તો પણ અંધ પુરુષ તેનો અમલ કરે છે. જેને પ્રાણપ્રિયા માની હોય છે, તે કોઈ વખત વિષથી પણ વિશેષ કડવી લાગે છે અને તે આલોકને અને પરલોકને બગાડે છે. પુત્રનું પણ તે પ્રમાણે સમજવું. આ પ્રમાણે સંસાર કેવળ સ્વાર્થમય છે. માટે સ્ત્રી, પુત્ર અને ધન—આદિને સત્ય જાણી તેમાં મમતા બાંધવી નહિ: પરન્તુ ઇશ્વિરમાંજ આસ્થા રાખવી, જેથી જન્મ—મરણનાં દુ:ખો થાય નહિ. જેમ સંસારમાં આસ્થા ન કરવી, તેમ તેના કાર્યોમાં પણ આસ્થા કરવી નહિ. પ્રપંચથી વ્યવહાર કરવો, તે સંસારનું કાર્ય કહેવાય. એ પ્રપંચ તો પશુ સરખાં પ્રાણી પણ જાણે છે; કેમકે હરાયુ ઢોર હોય અને તે જો કોઇના ખેતર કે ઘરમાં જઇને ખાતું હોય, તો તે મનુષ્યના પગનો ધબકારો સાંભળી તુરત ત્યાંથી નાસે છે. જો તે હું પારકું ખાઉં છું એમ જાણતું ન હોય, તો તો નાસેજ શા માટે! આ પ્રમાણે પશુ સરખાં પણ અન્યાયને સમજે છે, ત્યારે મનુષ્ય કેમ ન સમજે? માટે સર્વે એ વિચારી અન્યાયનાં આચરણને અસત્ય સમજી તેનો ત્યાગ કરવો. અધર્મ જતાં પ્રપંચ તો એની મેળેજ નાશ થઇ જશે. ભરતજીને મૃગલાં ઉપર મમતા હતી, તો તેને મૃગજાતિમાં અવતરવું પડયું હતું, એ વાર્ત્તા શ્રીમદ્ ભાગવતના પંચમસ્કન્ધમાં છે. માટે સંસાર ઉપર આસ્થા બેઠેલી હોય તેનો નાશ કરવો.

સંસાર છે તે મિથ્યા છે, અને શિવરૂપ આત્મતત્વ

સત્ય છે એ પ્રમાણે નિરંતર ચિંતવન કરવું. પંચદશીના મહા ભૂતવિવેક નામના બીજા પ્રકરણના ૧૦૨ શ્લોકમાં કહ્યું છે કેઃ

द्वैतावज्ञा सुस्थिता चेत् अद्वैते धीः स्थिरा भवेत् ।
स्थैर्ये तस्या पुमान् एषः जीवन्मुक्तः इतिर्य ते ॥

દ્વૈતનો અનાદર જ્યારે સમ્યક્ સ્થિત થાય, ત્યારે અદ્વૈત વસ્તુમાં બુદ્ધિ સ્થિર થાય છે, અને તે અદ્વૈત બુદ્ધિના સ્થિર થયેલ પુરૂષ 'જીવ-મુક્ત' કહેવાય છે.

સ્ત્રી પુત્રાદિક પદાર્થો, કે જેને વિષે મમતા બંધાય છે, અને જે જન્મ-મરણના સાધન રૂપ થાય છે, તેમાં મિથ્યાબુદ્ધિ રાખવી, અને નિર્વિકાર ચૈતન્યના અંશરૂપ મારૂં સ્વરૂપ છે એમ જાણવું, અને એમ જાણીને નિરંતર બ્રહ્મ પરાયણ રહેવું. આવા પ્રકારની સ્થિતિ જો થાય તો ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી સંસારમાં મિથ્યાપણું સમજાયું નથી, જ્યાં સુધી આત્મતત્વ ઓળખાયું નથી, ત્યાંસુધી જન્મ—મરણ મટનાર નથી. માટે આત્મતત્ત્વનું ચિંતવન કરવું; કે જેથી ઉભય ભ્રષ્ટ થવાતું નથી, ઉભય ભ્રષ્ટ થવાતું નથી એટલે કે આલોક અને પરલોક બગડતા નથી. માટે બ્રહ્માત્મૈકય પ્રતિપાદક વેદાન્ત શાસ્ત્રનો વિચાર કરવો એજ કર્તવ્ય છે.

---

૧ પ્રપંચની પ્રતીતિ થતાં અદ્વૈત બ્રહ્મસ્વરૂપમાં સ્થિતિ તે જીવન્મુક્તિ છે. અને તે જેને થાય છે તે પુરૂષ જીવન્મુક્ત કહેવાય છે.

कंठं गता वा श्रवणं गता वा
प्रश्नोत्तराख्या मणिरत्नमाला ।
तनोतु मोदं विदुषां प्रयत्नात्
रमेशगौरीशपदौ सुसेव्यौ ॥ ३२ ॥

અર્થ.

સાધન સાધ્ય વિષયક પ્રશ્નનો જેમાં ઉત્તર છે, એવી પ્રશ્નોત્તરાખ્યા 'મણિરત્નમાળા' કે જેમાં પ્રશ્નના ઉત્તર આપેલા છે. તેને વિદ્વાન્ લોકો પ્રયત્નથી એટલે કે તેમાં કહ્યા અનુસાર અનુસરીને, તેને કંઠમાં રાખે; અર્થાત તેનો કંઠે પાઠ રાખે, વા શ્રવણ કરવાથી કાનમાં રાખે, વા અન્યને સંભળાવે, તો તે રમેશરમા કહેતાં લક્ષ્મી તેના ઇશ—પતિ હરિ અને ગૌરી—પાર્વતી તેના ઇશ પતિ હર એટલે કે હરિ—હરનાં ચરણારવિન્દ જેમ વિદ્વાનોને આનંદ આપે છે, તેમ (મણિરત્નમાળા) આનંદ આપો.

સમાપ્ત

યોગવાશિષ્ઠ

વૈરાગ્ય અને મુમુક્ષુ પ્રકરણ.

આ એક વેદાન્તનો સરળ ગ્રંથ સરળ ગુજરાતીમાં લખવામાં આવ્યો છે. આ પુસ્તકના અભ્યાસથી મનુષ્ય જીવન્મુક્તિના અકથનીય સુખનો અનુભવ કરે છે. અદ્યોપાન્ત અવલોકન કરવાથી મનુષ્યના હૃદયમાં સંશયને સ્થાન મળતું નથી. આ વિષય જ્ઞાનીઓને અગમ્ય છે. બ્રહ્મજ્ઞાન સંપાદન કરવાને તથા ભવસાગરથી પાર થવા પ્રત્યેક માણસે આ પુસ્તક ખરીદવું ઘટે છે. આમાં આત્મપ્રાપ્તિ વર્ણન, સાધુરંગ વર્ણન, સંતોષવર્ણન, વિચારવર્ણન, તત્વજ્ઞમહાત્મય વર્ણન વશિષ્ટોપદેશ વર્ણન, કર્મવિચાર વર્ણન, પરમપુરૂષાર્થ વર્ણન, પુરૂષાર્થ પ્રાધાન્ય સમર્થન વર્ણન, મુનિસમાજ વર્ણન અહંકારનિંદા વર્ણન, લક્ષ્મી તિરસ્કાર વર્ણન, તૃષ્ણા ગારૂડી વર્ણન, યુવાનિંદા વર્ણન, સ્ત્રીનિંદા વર્ણન, વિગેરે વિગેરે ઉપદેશોથી ભરપુર ગ્રંથ. કાગળ ગ્લેજ, પાકું પુંઠું કિં. ૦ાા રૂપિયો, પોસ્ટેજ ૪ આના જુદા. મળવાનું ઠેકાણું—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. ત્રણ દરવાજા—અમદાવાદ.

મનુસ્મૃતિ

મૂળ સહિત ગુજરાતી સરળ ભાષાન્તર આપણા ધર્મશાસ્ત્રનો મનુસ્મૃતિ એ સર્વમાન્ય ગ્રંથ છે. આર્ય શાસ્ત્રવેદમાં મુખ્ય **શ્રુતિ** અને **સ્મૃતિ** એ બે અંગ છે. તેમાં સ્મૃતિએ આપણને દુનિયાના, અને ઇશ્વરના કાયદા સમજાવી, ખરૂં શું અને ખોટું શું એ બતાવી આપ્યું છે. ખરૂ **પુછો તો આપણા હિંદુધર્મનો** પાયોજ તેમના ઉપર છે. આપણા આચાર, વિચાર, કર્મ, ધર્મ, પરસ્પરનો સંબંધ, આપણી ફરજો, આપણે શું કરવું જોઇએ, શું ન કરવું જોઇએ, અમુક કામ કરવાથી શું ફળ મળે ? રાજા તથા પરમાત્માના કેવા કાયદા છે ? એ સર્વ અમુલ્ય વિષયો શીખવાનું સ્મૃતિ એ મુખ્ય સાધન છે. કોર્ટ અદાલતમાં હિન્દુના કાયદા તરીકે આ પુસ્તક ગણાય છે. હિન્દુઓના ન્યાય ચુકવતી વખતે યાતો ધર્મ સંબંધી કોઇ જાતનો વાંધો ઉઠે અથવા પાપકર્મ થયું હોય તો તેનાથી નિવૃત થવાનું સાધન આ મનુસ્મૃતિ છે. કાગળ ગ્લેજ ઉંચા. પાકું સોનેરી પુંઠું, મોટી સાઇઝના ૪૭૫ પૃષ્ઠ હોવા છતાં કિંમત માત્ર રૂ. ૪ પોસ્ટેજ ૧૨ આના જુદા.

કાવ્યદોહન મ્હોટું.

ભા. ૧-૨-૩-૪-૫ પ્રાચીન કવિઓની કવિતાનો મોટો સંગ્રહ આમાં છે. આમાં નરસીંહમહેતા, તાનસેન, સુરદાસ, છોટમ, મીરાંબાઇ, બ્રહ્માનંદ, કબીર, ધીરાભક્ત આદિ ૬૦ પ્રાસાદિક ભગવદ્ ભક્તોના ૬૦૦ પદો નીતિ, ભક્તિ, શૃંગાર અને જ્ઞાનથી છલોછલ ભરેલા હોવાથી મુમુક્ષુ જનોને સ્વર્ગની પ્રાપ્તી કરાવનારા છે. આ એક અચલ ભક્તિનું સાધન છે અને પરમાત્માની અચલભક્તિ ભક્તજનોને સ્વર્ગીય સુખ આપનારી છે. ગ્લેજ કાગળ પાકું સોનેરી પુંઠું છતાં કિંમત રૂા. ૨ પોસ્ટેજ ૮ આના જુદા.

વિચારસાગર.

સાધુ નિશ્ચલદાસકૃત—સરળ ગુજરાતી ટીકા સહિત.

તત્વજ્ઞાન (વેદાન્તનો) આ કઠન ગ્રંથ ગુજરાતીમાં ઘણીજ સરળતાથી સમજાવ્યો છે; અદ્વૈત જ્ઞાન પ્રાપ્તીના સંબંધમાં આ પ્રાકૃત ગ્રંથ ઘણોજ ઉત્તમ છે. આ ગ્રંથની ખ્યાતી સર્વ હિન્દુસ્તાનમાં મશહૂર છે. આ પુસ્તક મૂળ હિન્દીભાષામાં છે પણ તેના ભાષાન્તરો ગુજરાતી, બંગાલી, મરાઠી, ઇગ્લીશ આદિ ઘણી ભાષાઓમાં થયા છે એજ એ પુસ્તકનું મહત્વ બતાવે છે. આમાં વિવેકનું લક્ષણ, વૈરાગ્યનું લક્ષણ, શમાદિ છ સંપત્તિ, મુમુક્ષુતાનું લક્ષણ, વિષયનું વર્ણન, જીવબ્રહ્મની એકતાનો અનુભવ, પામર તથા વિષયી પુરૂષનુ લક્ષણ, શીષ્યનું લક્ષણ, આત્માનંદમાં આનંદનું ભાન કેવી રીતે, વિષયમાં આનંદ નથી, જન્માદિ દુઃખ શેમાં છે ? દુઃખનો અભાવ છતાં પ્રત્યક્ષ પ્રતીતિ કેમ ? જગતનું આધાર તથા અધિષ્ટાન કોણ ? જ્ઞાનવડે અજ્ઞાનનો નાશ, જીવ તથા બ્રહ્મ બેઉ એક કેવી રીતે ? બ્રહ્મ તથા મારામાં એકતાનો અભાવ, ચાર આકાશ તથા ચાર ચેતન, ઘટાકાશ, વર્ણન, જળાકાશ વર્ણન, મેઘાકાશનું વર્ણન, મહાકાશનું વર્ણન, જીવવર્ણન, અહં બ્રહ્મ એવું જ્ઞાન કોને થાય.

અભ્યાસ કર્મ કરે છે. આભાસની સાત અવસ્થાના નામ, અજ્ઞાન તથા આવરણ નિરૂપણ, હર્ષ સ્વરૂપનું વર્ણન, અહં શબ્દના બે અર્થ, અજ્ઞાનને આશ્રય ચેતન છે, બાહ્ય પદાર્થમાં વૃત્તિ વગેરેનો ઉપયોગ, સ્મૃતિજ્ઞાન, પ્રમાતા, પ્રમાણ, પ્રમિતિ, તથા પ્રમેય ચેતન, જીવ તથા સાક્ષી આદીનું લક્ષણ, આભાસ વાદની શ્રેષ્ઠતા, અંતઃકરણમાં બે પ્રકારનો પ્રકાશ, પ્રમાતાં આદિ ચાર ચેતનનું સ્વરૂપ અહંબ્રહ્મ પ્રત્યક્ષ કેવી રીતે ? બ્રહ્મને નેત્રની અવિષયતા, બ્રહ્મને ત્વચા ઇન્દ્રિયની અવિષયતા, બ્રહ્મને કર્મેન્દ્રિયની અવિષયતા, તત્વ દષ્ટિના ભેદ ભ્રમનો અંત, મિથ્યા દુઃખનો મિથ્યાવડે નાશ, જીવનું સ્વરૂપ, ઇશ્વરમાં

વિષમ દષ્ટી, જીવને ભોગ અર્થે ઇશ્વરને જગત ઉપજાવવાની ઇચ્છા, અકર્ત્તા, અભોક્તા, તથા નિત્ય મુક્ત આત્માનો બ્રહ્મની સાથે અભેદ, જીવન મુક્તિનો નિશ્ચય, જ્ઞાની તથા અજ્ઞાનીનું ચિન્હ, ગોપ્ય તત્વનો ઉપદેશ, સર્વ અનાત્મનું બ્રહ્મમાં લય, નિર્ગુણ તથા સગુણ પ્રણવની ઉપાસનાનું ફળ, સ્વપ્નની ઉત્પતીની શંકા, હું કોણ છું, આત્મા સુખ દુઃખાદિથી રહિત સાંખ્યમતનું કથન, આત્મા ચૈતન્યરૂપે આત્માની આનંદરૂપતા, બ્રહ્મરૂપ આત્મા, અજન્મા જગતનો કર્તા ઇશ્વર, ઇશ્વર, સર્વજ્ઞ સર્વ શક્તિમાન વગેરે ઘણા ઘણા તત્વજ્ઞાનનાં ગહન ગહન વિષયોનો આમાં સમાવેશ છે. તત્વજ્ઞાની જીજ્ઞાસુઓને ખાસ વાંચવા તથા મનન કરવા યોગ્ય છે. પાકું પુંઠું પૃષ્ઠ સંખ્યા ૬૬૫ છતાં કિં. રૂ. પાા.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, ત્રણ દરવાજા—**અમદાવાદ.**

પ્રાણપ્રયોગ યાને મેસ્મેરીઝમ.

આ દુનિયાની અંદર તરેહ તરેહની વિદ્યાઓ ફેલાએલી છે અને તે દરેક વિદ્યા દુનીઆદારીના ઉપયોગની છે. પરંતુ તે સર્વ વિદ્યાના શિરોમણી આ મેસ્મેરીઝમ યાને પ્રાણપ્રયોગની વિદ્યા સર્વ વિદ્યાથી તદ્દન વિરક્ત અને નિરાળી છે; કેમકે આ વિદ્યાના અભ્યાસીઓ આ વિદ્યાના બળવડે દ્રષ્ટાઓને એવા પ્રયોગો કરી બતાવે છે કે દ્રષ્ટા જોઇને ચકિત થઈ જાય, વળી જે દ્રષ્ટાઓ નાસ્તિક મતમાં પડયા હોય તેવાઓને આસ્તિકની હવાને સ્વાધીન કરે છે. આ ઉપરથીજ આ વિદ્યાનો કેવો ચમત્કાર છે તેનો પોતાના હ્રદયમાં સ્હેજ ખ્યાલ કરશો તો સહેજ જણાશે કે ખુદ દૈવી વિદ્યા તો મેસમેરીઝમ (પ્રાણપ્રયોગ) છે. આમાં ત્રાટક એવી સરળ ભાષામાં જણાવ્યું છે કે, હરકોઈ માણસ સહેલાઈથી શીખી શકે છે. કિંમત ૮ આના. પોરટેજ ૩ આના જુદા.

આપણો ધર્મ.

કર્ત્તા પ્રો. આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ, એમ. એ. એલ. એલ. બી.

પ્રો. ધ્રુવના નામથી ગુજરાતમાં કઇ વ્યક્તી અજાણી હોય? આ પુસ્તકનું આટલું મહત્વ કેમ છે? આમાં ધાર્મિક તેમજ અધ્યાત્મીક વિષયો પક્ષપાત રહિત સમજાવ્યા છે. ધાર્મીક અને આધ્યાત્મીક પુસ્તકોના વાંચન પછી આ પુસ્તક તમને એક કિમીયારૂપ થઇ પડશે. આ પુસ્તક તમને વર્ષોનો વાંચનનો ખોરાક પુરો પાડશે, પુસ્તકમાં નીચે મુજબ વિષયોનો સમાવેશ છે.

આપણો ધર્મ, શ્રવણ, શ્રદ્ધા અને શંકા, બ્રહ્મવિદ્યા, બુદ્ધિ અને હૃદય, આશ્રમવ્યવસ્થા, પુરૂષાર્થ, વ્યવહાર અને પરમાર્થ અધિકાર અને અભેદ, અષ્ટાદશશ્લોકી ગીતા, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, કર્મયોગ, ૧, કર્મયોગ ૨, દિવ્યપ્રભાત, માયાવાદ, "**भागवतोत्तमः** આત્માનિવેદન મુક્તિનાં સાધન, એક અજવાળી, રાત્રિ, "ચાંદલીયો." "દેવાસુર–સંગ્રામ" ચાર ગુરૂઓ. "ખાંડાની ધાર." હીંડોળો, પ્રેમઘટા "હોરી" ૧, "હોરી" ૨. મૈત્ર્યાદિભાવના, વામનાવતાર, બ્રહ્માનન્દ શી રીતે થાય? જ્ઞાન અને નીતિ, આપણા ધર્મનું ભવિષ્ય, વર્ણવ્યવસ્થા જન્મથી કે કર્મથી? જીવાત્મા અને પરમાત્મા, મૂર્તિપૂજા, પરિણામ અને વિવર્ત કેનોપનિષદ્, વિવેક અને અભેદ, ષડદર્શન ષડદર્શનમાં વેદાન્તનું સ્થાન શંકર જયન્તી, શંકર સિદ્ધાન્ત અને યોગ, શાસ્ત્રચિંતન, ષડદર્શનની સંકલના કપિલ નિરીશ્વરવાદી હતા કે કેમ? ગૌતમ બુદ્ધ નિરીશ્વરવાદી કે સેશ્વરવાદી! જડવાદ અને ચૈતન્યવાદ 'જડ અને ચિત્" ૧, "જડ અને ચિત્ત" ૨. ચર્ચાપત્ર, પ્રાર્થના સમાજનો મોક્ષ સંબંધી સિદ્ધાન્ત, હિંદુધર્મનું હાર્દ, એક હરિકીર્તન, યુધિષ્ઠિરનું અસત્ય કથન, શ્રી મહાભારતનું ઉપદેશરહસ્ય, હિન્દુસ્તાનનાં યોગી સંન્યાસી અને સાધુઓ, આપણા ધાર્મીક ઉદ્ધારનો માર્ગ, દેશાન્તરોની ધાર્મિક સ્થિતિ, સેન્ટ્રલ હિંદુકૉલેજ–બનારસ, ધર્મ–શિક્ષણ એ મુજબ ૫૭ વિષયોનો સમાવેશ છે. પુસ્તક ખાસ મનન કરવા યોગ્ય છે. ગ્લેજ કાગળ પાકું પુંઠું પૃષ્ટ સંખ્યા ૫૮૮ કીંમત રૂ. ૪) પોસ્ટેજ ૧૦ આના જુદા.

વેદાન્તનો એક અદ્વિતીય ગ્રંથ

शंकराचार्य द्वादशरत्न

ગુજરાતિ ભાષામાં સંસ્કૃત મૂળ અર્થ તથા સ્પષ્ટ વિવેચન સહિત.

કર્તા—વેદાન્ત કવિ હીરાલાલ જાદવરાય બુચ.

વેદાંત વિલાસી મુમુક્ષુજનોને સદ્વિચાર સત્ક્રિયામાં યોજનાર, બ્રહ્મ વિદ્યાની પ્રાપ્તિ અર્થે દુર્ઘટ ગ્રન્થોનું રહસ્ય સમજવાનું સામર્થ્ય અર્પનાર, શાંતિ, ક્ષમા, શીલ અને સંતોષ જેવા ઉત્તમ સદ્ગુણોથી નિરંતર પોષનાર અને દરેક કુટુંબમાં તથા દરેક સત્પુરૂષો અને શ્રીમંતોની (લાયબ્રેરી) પુસ્તકાલયમાં રાખવા લાયક આભુષણરૂપ આ એક ઉત્તમ ગ્રંથ છે. આમાં શંકરાચાર્યકૃત બાર સ્તોત્રો નીચે મુજબ છે:—

પ્રાત:સ્મરણ, સદાચાર સ્તોત્ર તત્વબોધ, આત્મષ્ટક સ્તોત્ર કાશી પંચક સ્તોત્ર, મનીષા પંચક, નિર્વાણ દસક, હસ્તામલક વીજ્ઞાનનૌકા, સાધનપંચક, શતશ્લોકી ધન્યાષ્ટક.

અભિપ્રાય—પુજયપાદ મહાત્મા નથુરામ શર્મા, પુસ્તક માટે નીચે પ્રમાણે દર્શાવે છે:-श्रीमद् शंकराचार्य द्वादशरत्न એ નામના પુસ્તકમા પૂજય ચરણ શ્રીમદ્ શંકરાચાર્યજીના બાર નાના પણ ઉપયોગી લેખો મૂળ તથા તેના પર ગુજરાતી ભાષામાં ભાવાર્થ ને વિવેચન છે. ભાષાન્તર કર્તાએ લખવામાં સારો શ્રમ લીધેલો છે. પ્રસ્તાવના પણ સારી લખી છે. કર્ત્તાશ્રીના કેવલાદ્વૈત સિદ્ધાતનું સ્ફોટન કરવામાં ભાષાન્તર કર્ત્તાએ આ ગ્રંથના વિવેચનમાં થઇ શકયો તેટલો સારો પ્રયત્ન કર્યો છે.

ગ્રન્થના ભાષાન્તર સંબંધના બીજા ઘણા વિદ્વાનોના અભિપ્રાય છે પણ તે જગ્યાના સંકોચને લીધે આપ્યા નથી. વાંચીને જ ખાત્રી કરશો. પુસ્તકનું કદ સુપરરોયલ ૧૬ પેજી પૃષ્ટ ૪૪૦ ઉત્તમ ગ્લેજ કાગળ, સોનેરી પાકું પુંઠું કીંમત ૨-૮-૦ પોસ્ટેજ પાંચ આના.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, ત્રણદરવાજા—**અમદાવાદ.**

ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલો વેદાન્તનો ગ્રંથ

દત્તાત્રયગીતા

(અવધૂત ગીતા.)

શ્લોક, ગુજરાતી ટીકા તથા વિવેચન સાથે.

વેદાન્ત વિષયનો આ એક ઘણો મહત્વનો ગ્રંથ છે. સંસારમાં એવો કોઇ પંડિત કે મહાત્મા સન્યાસી નથી કે જે ગુરૂ જે દત્તાત્રયજીના નામથી અવિજ્ઞાન હોય. આ અવધૂતગીતામાં બ્રહ્માત્મવાદના પ્રકાશ-પૂર્વક દ્વૈતઅદ્વૈતથી રહિત કેવળ તત્વ જ સ્વભાવથી જ શુદ્ધબુદ્ધ મુક્ત સ્વરૂપ છે એમ દર્શાવેલું છે. પરસ્પર વિચારોના ખંડન મંડનથી મહાત્મા દત્તાત્રેય સ્વાનુભવરૂપ ખંડનમંડન રહીત, કેવલાદ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશુદ્ધદ્વૈત, શુદ્ધાદ્વૈત ઇત્યાદિ ઉપાધિઓ રહિત. શુદ્ધચેતનરૂપ એક જ સદ્દવસ્તુ બ્રહ્મ છે તેનું આ અવધૂત ગીતામાં યથાર્થ બ્યાન છે. આમ આત્મનિરૂપણ, **અહમ** શબ્દનું વ્યાખ્યાન, બ્રહ્મ અને આત્માનો ઐકયભાવ, બ્રહ્મત્વનું સ્વરૂપ, આત્મજ્ઞાનનો ઉપદેશ, અવધૂત અને શિષ્યનો સંવાદ, ગુણાવગુણ સ્વરૂપનું વર્ણન, નિર્દ્વન્દ્વભાવનું કથન, સ્થુલ સુક્ષ્મસ્વરૂપ, પંચમહાભૂતોની પરિસ્થિતિ, જ્ઞાનભેદ, વર્ણન, ગુરૂપ્રસાદના પ્રભાવનું કથન, જીવશિવનું બ્રહ્મૈકય કથન, જીવને ગગનનું સામ્યત્વ, જીવ સઘળા પદાર્થોથી રહિત છે એવું સંદર્ભપૂર્વક વર્ણન, સંસારનો ત્યાગ કરવા વાસ્તે ઉપદેશબ્રહ્મને જીવની સર્વ વ્યાપકતા, પ્રણયના સ્વરૂપનું વર્ણન, વર્ણાક્ષરનું ને બ્રહ્મના સામ્યભાવનું વર્ણન, તત્વમસિ આદિ મહાવાકયોના અર્થના વિવરણપૂર્વક મનનું સમાધાન-કરણ ને જ્ઞાનતત્વનો નિર્ણય, જીવ અને બ્રહ્મ વિષયમાં શ્રુતિઓનો અભિપ્રાય, જીવ અને બ્રહ્મનું સર્વથી પણ સત્યતત્ત કથત, બ્રહ્મ વિના સઘળા યજ્ઞાદિ તુચ્છ છે એવું નિરૂપણ ને મોક્ષનો નિર્ણય, જીવના વસ્તીસ્થાનનું ને પરિસ્થિતિનું દિગમ્બરરૂપથી વર્ણન, યોગી અને ભોગીનું યથાર્થ કથન જીવશિવની જન્મમરણથી રહીતતાનું વર્ણન,

મનની વિષયાદિમાંથી લોલુપ્તાને દૂર કરવા વાસ્તે ઉપદેશ, અવધૂતનું લક્ષણ, અવધૂત શબ્દની વ્યાખ્યા, સ્ત્રીનો ત્યાગ કરવા વિષે નિદ્રારૂપથી વિષયોનું વર્ણન, મનને અવશ્ય જ વશ રાખવું જોઇએ એવું ઉપદેશરૂપથી વર્ણન આદિ બ્રહ્મજ્ઞાનથી છલોછલ ભરેલો ગ્રંથ ખાસ વાંચવાની ભલામણ છે. જ્ઞાનનો વિષય હોવા છતાં ભાષા સહેલી રાખવામાં આવેલી છે. કાગળ ઉંચા એન્ટીક, સુંદર છપાઇ તથા પાકું સોનેરી પુંઠું છતાં કીમત માત્ર રૂ. ૩-૦ ૦ પોસ્ટેજ ૬ આના.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર, ત્રણ દરવાજા—અમદાવાદ.

વેદાંત જ્ઞાનનો મુખ્ય ગ્રન્થ

ચન્દ્રકાન્ત ભાગ ૧ લો

(કર્તા:—સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ)

પ્રથમ પ્રવાહ-પુરુષાર્થ **દ્વિતીય પ્રવાહ-ચૈતન્ય**

આ નવી દશમી આવૃત્તિમાં ચિત્રો આપ્યાં છે. પહેલા પ્રવાહમાં ગુરૂ શિષ્યના પ્રશ્નોત્તરરૂપે શંકા સમાધાનના વિષયો છે અને બીજામાં યજ્ઞભૂ રાજાના વૃત્તાંત રૂપે વેદાંત જ્ઞાન ઉત્તમ રીતે આપેલું છે.

કીંમત રૂ. ૪-૦-૦ **ટપાલ ખર્ચ ૦-૮-૦**

ચન્દ્રકાન્ત ભાગ ૨ જો

તૃતીય પ્રવાહ—અચ્યુત પદારોહણ

શ્રી ચન્દ્રકાન્ત-ભાગ ૨ જો—આ ભાગમાં બટુક અને વરેપ્સુ રાજાના આખ્યાનમાં જગન્નગરથી તે અચ્યુતપદારોહણ નામનો કેવળ ત્રીજો પ્રવાહ છે. એમાં મુમુક્ષુ જીવે ઉત્તરોત્તર પોતાની મુક્તિ માટે શું શું કરવું તે બહુ જ ઉત્તમ રીતે સમજાવેલું છે.

કીંમત રૂ. ૪-૮-૦ **ટપાલ ખર્ચ ૦-૯-૦**

ચન્દ્રકાન્ત ભા. ૩ જો

ચતુર્થ પ્રવાહ--હિમગિરિની પર્ણકુટી.

શ્રીચન્દ્રકાન્ત ભાગ ૩ જો—આમાં હિમગિરિની પર્ણકુટી નામનો ચોથો પ્રવાહ છે. એમાં સતીનું ચરિત્ર, પુરૂષની ફરજ, ગુરૂનું કર્તવ્ય, અને ઉત્તમ વેદાંત જ્ઞાનનો ઉપદેશ છે. એ ઉપરાંત કર્તાનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત અને **ચન્દ્રકાન્તના ચોથા ભાગનું** જેટલું કામ કર્તાએ આરંભેલું તે મૂળ તેમ જ હસ્તાક્ષરોમાં છાપેલું છે.

ઉક્ત ત્રણે ગ્રન્થોમાં ઘણી સરસ રીતે આલોક પરલોકના શ્રેય સાધનનો માર્ગ બતાવ્યો છે. એની લોકપ્રિયતા, એનો બોહળો ફેલાવોજ બતાવે છે. જ્ઞાનથી ભક્તિ શ્રેષ્ઠ કે ભક્તિથી જ્ઞાન, એનું સુંદર દર્શન આ ગ્રન્થોમાં છે, અને જ્ઞાન કર્મસહ ભક્તિ એ સિદ્ધાંતનું સુંદર પ્રતિપાદન કરેલું છે. ભાષા સરળ, વિષયનું સ્ફોટન યથાર્થ ને સુંદર વેદાન્ત જ્ઞાનનો આ ખરેખરો મુખ ગ્રન્થ છે.

નોંધ—આ ગ્રન્થની લોકપ્રિયતા એટલી બધી વધી ગઇ કે તેની **હિન્દી** ભાષામાં માગણી થવા લાગી, તેમજ **મરાઠી** રસિક જિજ્ઞાસુ-ઓએ પણ માગણી કરી. તેથી મોટા ખર્ચે તેનાં સારાં ભાષાંતરો કરાવેલાં છે અને તે પણ લોકપ્રિય થયેલાં છે. દરેક ભાગમાં ગ્રન્થ-કર્તાની તરેહ તરેહની છબી પણ સાથે આપવામાં આવી છે.

કીંમત રૂ. ૪-૦-૦ **ટપાલ ખર્ચ ૦-૮-૦**

અષ્ટાવક્રગીતા.

મહાત્મા અષ્ટાવક્રમુનિના નામથી કોઇ પણ માણસ ભાગ્યેજ અજાણ્યું હશે. મહાત્મા અષ્ટાવક્રની વિદ્વતા માટે હીન્દનો કોઇ પણ માણસ અજ્ઞાત નહિ હોય. તેમની સમર્થ વિદ્વત્તા અને નિષ્પક્ષ-પાતપણાથી લખાયેલું આ પુસ્તક એક રત્નરૂપ છે. અષ્ટાવક્ર મુનિએ આ પુસ્તકમાં મતમતાન્તરોથી રહિત કેવળ આત્માનુભવથીજ જે સ્પષ્ટ વચનો કહેલાં છે તેવાં બીજાં એકે ગ્રંથમાં નથી. પુસ્તક નાનું છે પણ એમજ કહેવું પડશે કે તે છેલ્લુંજ પુસ્તક છે. કાગળ ગ્લેજ ઉંચા, પાકું પુઠું. કિં. રૂા. ૧॥ પોસ્ટેજ ૬ આના.

ભોજપ્રબંધ

મુળસહિત ગુજરાતી સરલ ભાષાન્તર

મનોરંજક તેમજ સુબોધક ભોજરાજા અને કવિ કાલીદાસ, માઘ, ભવભૂતિ, રાજશેખર બાણ વિગેરેનાં પ્રસંગોનું મ્હોટામાં મ્હોટું પુસ્તક આજ છે.

આ મહાન કવિ **બલ્લાલનો** રચેલો સર્વોત્કૃષ્ટ ભાષામાં ગુણમય અને રસિક **ભોજપ્રબંધ** ગ્રંથથી લોકો ભાગ્યે જ અજાણ્યા હશે, કારણ કે **ભોજ**ના દીર્ઘદર્શી વિચારો અને તેના દાનવીરપણાના અસંખ્ય દાખલા જગજાહેર છે એ ગ્રંથસાહિત્યમાં અગ્રગણ્ય ગણાય છે. આ પુસ્તકમાં ભોજની બાલ્યાવસ્થાની સ્થીતિ, ધારાનગરની ઉત્પત્તિ, સિંધુલના મરણ સમયે તેના ભાઇ મુંજને રાજ્યાભિષેક, મુંજનું સાહસ, તેનો પશ્ચાત્તાપ, ભોજની હીંમત ને રાજ્યપ્રાપ્તિ, વિદ્વાનો તથા કવિઓનો આશ્રય, રાજ્યનીતિ, રાજ્યવહિવટ, તેનું ઔદાર્ય, તેની સભામાં મહોટા ૫૦-૬૦ કવિઓના અહેવાલ. આ એક ભોજના વખતમાં જ બનેલા છે. તેમાંના **કાલિદાસ, માઘ, ભવભૂતિ, રાજશેખર, બાણ, મયુર, શ્રીહર્ષ, વરરૂચિ** આદિ મહાન્ પુરૂષોના વિનોદો અને ભોજ તથા મહાકવિ **કાલિદાસની** કેટલીએક **ઉત્તમ વારતાઓનો** સંગ્રહ કરવામાં આવ્યો છે. આ આખા ગ્રંથમાં આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ શ્લોકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથનું ભાષાન્તર જામનગરના શાસ્ત્રી કાળિદાસ ગોવીંદજીએ કરેલું છે. સરળ ગુજરાતીમાં આ ઘણો જ મનોહર ગ્રંથ છે. કાગળ ગ્લેજ ઉંચા ૭॥x૫ ઇંચ સાઇઝનાં પૃષ્ઠ ૮૦૦ પાકું સોનેરી પુઠું છતાં કીંમત માત્ર રૂ. ૩॥ પોસ્ટેજ ૧૦ આના જુદા.

પંચીકરણ

બ્રહ્મનિષ્ટ સદ્ગુરૂ શ્રી રામકૃત

સરળ ગુજરાતીમાં દષ્ટાન્ત અને સિદ્ધાન્ત સાથે ગુરૂ શિષ્યના સંવાદરૂપે ભાષાન્તર કરનાર બ્રહ્મનિષ્ટ સદ્ગુરૂ શ્રીરામના શિષ્ય મહારાજ જયકૃષ્ણ

આના ભાષાન્તર કરનાર સદ્ગુરૂ રામના શીષ્ય મહારાજ જયકૃષ્ણ હોવાથી જ જે ઉપદેશ, દષ્ટાન્ત અને સિદ્ધાન્તના દાખલા આમાં આપવામાં આવ્યા છે તેટલા સારા કોઇ પણ પંચીકરણમાં નથી. આ પુસ્તક એટલું લોકપ્રિય થઇ ગયું છે કે તે પુસ્તક થોડા જ વખતમાં તેર વખત છાપવામાં આવ્યું છતાં તેની માગણી હજુ એટલી ને એટલી જ છે. આમાં વેદાન્તના ગ્રંથો સમજી શકાય એવી ઉપયોગી પ્રક્રીયાઓ વિસ્તારથી દષ્ટાન્ત અને સિદ્ધાન્તરૂપે ગુરૂશિષ્યના પ્રશ્નોત્તર પૂર્વક સમજાવેલી છે. જેના અધ્યયન પૂર્વક વિચારથી વેદાન્ત વિચાર સંબંધી કોઇ પણ ગ્રંથ સહેલાઇથી સમજાઇને બ્રહ્માત્માનું એકતા નિશ્ચયરૂપ યથાર્થ અપરોક્ષજ્ઞાન થાય છે. આ પુસ્તક મુમુક્ષુઓને આ દુસ્તર સંસારરૂપી સાગરને સહજમાં તરવાને બોધરૂપી નૌકા છે. આમાં સ્થુલ અને સૂક્ષ્મ દેહના બે કોષ્ટક તથા વાકયવૃત્તિ વિગેરે ગ્રંથોના પ્રમાણો છે. ગુજરાતી ભાષામાં ગુરૂશિષ્યના સંવાદરૂપે વિસ્તારથી દષ્ટાન્ત સિદ્ધાન્ત, યુક્તિ અને અનુભવ સહિત આ ગ્રંથ ઘણો જ સરળ છે. કાગળ ગ્લેજ ઉંચા પાકું પુઠું કિ. રૂ. ૧।।। પોસ્ટેજ ૬ આના જુદા.

મહા શિવપુરાણ

સાત સંહિતાવાળું ૨૫૦૦૦ હજાર શ્લોકનું સંપૂર્ણ ભાષાન્તર અને અત્યાર સુધી બહાર પડેલા શિવપુરાણોમાં મ્હોટામાં મ્હોટું છે.

આ મહા શિવપુરાણમાં ૧ વિદ્યેશ્વર સંહિતા, ૨ રૂદ્ર સંહિતા, ૩ શતરૂદ્ર સંહિતા, ૪ કોટિરૂદ્ર સંહિતા, ૫ ઉમા સંહિતા, ૬ કૈલાસ સંહિતા, ૭ વાયુ સંહિતા, એમ સાત સંહિતાઓ છે તેમાં વળી રૂદ્ર સંહિતામાં ૧ સૃષ્ટી ખંડ, ૨ સતી ખંડ, ૩ પાર્વતી ખંડ, ૪ યુદ્ધ ખંડ, ૫ કુમાર ખંડ એમ પાંચ ખંડ આપેલા છે. તેમાં પચાસ હજાર શ્લોકનું પૂરેપૂરૂં ભાષાન્તર છે. આમાં શિવપુરાણનાં પાઠનું ફળ, દેવરાજને મુક્તિ, ચંચુબાનો વૈરાગ્ય, ચંચુબાને સદ્‌ગતિ, બિંદુગની સદ્‌ગતી, શ્રવણ વિધિ, મુનીઓએ સુતને પુછેલો પ્રશ્ન, મહાત્મ તથા સંખ્યા, સાધ્ય સાધન નિરુપણ, અનુ વર્ગની પ્રાપ્તિ, શિવલિંગ પૂજનનું કારણ, વિષ્ણુ તથા બ્રહ્માનું યુદ્ધ, બ્રહ્માના એક મસ્તકનું છેદન, શિવરાત્રીનું મહાત્મ, સર્ગાદિ પંચકૃત્યનું લક્ષણ, લિંગની પ્રતિષ્ઠાનો પ્રકાર, ક્ષેત્રોનું મહાત્મ, સદાચાર નિરૂપણ, યજ્ઞાદિનું વર્ણન, પૂજન યોગ્ય દેશકાળ નિરૂપણ, પાર્થિવ પૂજન, પ્રણવાદિનું મહાત્મ, બંધ અને મોક્ષનું સ્વરૂપ, નૈવેદ્ય તથા બિલ્વપત્રનો મહિમા, ભસ્મ રૂદ્રાક્ષ તથા નામ માહાત્મ, નારદ મુનિનું તપ, નારદનું વાનર મુખ, વિષ્ણુને નારદનો શાપ, રૂદ્રગણોની શાપથી મુક્તિ, વિષ્ણુનું બ્રહ્મરૂપ જળમાં શયન, શિવતત્વનું વર્ણન, શિવની પૂજાનો વિધિ, પુષ્પ પુજનનો વિધિ, દૈવી સૃષ્ટિની ઉત્પત્તિ, માનવી સૃષ્ટિની ઉત્પત્તિ, ગુણ નિધિ જુગારી, ગુણ

નિધિ ને શિવ દર્શન, કુબેરને શિવની મિત્રતા, દક્ષયજ્ઞનો નાશ, કામનો પ્રાદુર્ભાવ, બ્રહ્માનો કામને શાપ, શિવપત્ની થવામાં કાલીની સંમતી, દક્ષને વરદાન, સતીનું પાણી ગ્રહણ, બ્રહ્માની સતી તરફ કુદ્રષ્ટી, ભક્તિ નિરૂપણ, સતીએ કરેલી રામની પરીક્ષા, દક્ષ વડે શંકરની નીંદા, આકાશ વાણી, શિવની વિરભદ્રને આજ્ઞા, વિષ્ણુનો પશ્ચાતાપ, દક્ષને બકરાનું મસ્તક, હિમાલયનો મેના સાથે વિવાદ, દેવોએ ઉમાની કરેલી સ્તુતિ, મેનાકપુત્રનો જન્મ, નારદની ભવિષ્ય વાણી, પાર્વતી પરિચારિકારૂપે, તારકાસુરથી દેવોને પીડા, ઇંદ્રની કામદેવને પુરણા ઇંદ્રાદિનું શિવ સમિપ ગમન, પાર્વતી સાથે લગ્નનો સ્વીકાર, પાર્વતીનો અગ્નીપ્રવેશ, શિવનરરૂપે, મહાદેવ ભીક્ષુકરૂપે, વાળખિલ્યોની ઉત્પત્તિ, પવિત્રતાનો ધર્મ, શિવાશિવનું કૈલાસ પ્રતિ ગમન, સ્વામી કાર્તિકનો જન્મ, કૃતિકાનું કુમારને ઉછેરવું, નારદના યજ્ઞની પૂર્ણતા, દેવ તથા દૈત્યનું મહાન યુદ્ધ, તારકાસુરનો વધ, બાણુ તથા પ્રલેખનો વધ, ગણેશ જન્મ, ગણેશનું પરાક્રમ, ત્રિપૂર વડે ભૂતોનો નાશ, તેજનો સમુદ્રમાં ત્યાગ, જાળંધરનો વૃંદા સાથે વિવાદ, વૃંદાનો પાતિવ્રત્ય ભંગ, શંખચૂડની ઉત્પત્તિ, શંખચૂડના વધ માટે દેવોની સ્તુતિ, મહાકાલીનું યુદ્ધમાં ઘૂમવું, તુલસીનો શાપ, અંધકાસુરનો અભિષેક, બાણની ભુજાનું છેદન, ગજાસુરનો વધ, નિહ્લાદિનો વધ, ભૈરવનો અવતાર, નૃસિંહ ભગવાનનું ચરિત્ર, અનસુયા તથા અત્રિના તપનું વર્ણન, નંદિકેશ્વર મહાત્મ, મહાબળેશ્વર શિવમાહાત્મ, ચાંડાલીનું આખ્યાન, બટુક ઉત્પત્તિ, સોમનાથ માહાત્મ, કેદારલીંગનું વર્ણન, કાશિવિશ્વેશ્વરનું માહાત્મ, ત્ર્યંબકેશ્વર માહાત્મ, રામેશ્વર માહાત્મય, પાતાળલોક વર્ણન, જંબુદ્વીપ વર્ણન, સાત દ્વીપનું વર્ણન, કસ્યપ વંશ વર્ણન, સાગરની ઉત્પત્તિ, પીતરોની ઉત્પત્તિ, મહાકાલીની ઉત્પત્તિ, મહાલક્ષ્મીની ઉત્પત્તિ, સરસ્વતીની ઉત્પત્તિ, સન્યાસ પદ્ધતિનું વર્ણન, વિગેરે વિગેરે ઘણી રસિક રસિક કળાનો આ મહાસાગર છે. આટલું મોટું બીજું એક શિવપુરાણ નથી. કાગળ ઉંચા, સુંદર ફોટાઝીંકોના ચિત્રો પાકું પુંઠું ૧૦॥ × ૭ ઇંચ લંબાઇ પહોળાઇનાં પૃષ્ટ ૧૦૬૦ છતાં

કીંમત રૂ. ૮-૦-૦ પોસ્ટેજ ૨ રૂપીયા.

મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે, બુકસેલર, ત્રણ દરવાજા, અમદાવાદ.

મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસ પ્રણિત

કલ્કિ ચરિત્ર

હવે પછી થનારાં શ્રી વિષ્ણુ ભગવાનના દશમા અવતારનું સંપુર્ણ ચરિત્ર.

મૂળ સંસ્કૃત શ્લોક ને નીચે સરળ ગુજરાતી અનુવાદ ફુટનોટમાં ષટશાસ્ત્ર અને અઢાર પુરાણોનું દોહન કરી આપેલી અગત્યની ટીકા આપેલી છે. શ્રી કલ્કિ ચરિત્ર ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપનાર છે. કલ્કિ ચરિત્ર વાર્તા અને નાટકની પેઠે રહસ્યમય છે, કલ્કિ ચરિત્ર ઇતિહાસ ભૂગોળ અને મનુષ્ય ચરિત્રના આદર્શરૂપ છે. કલ્કિ ચરિત્ર ભવિષ્યના ઈતિહાસની રૂષિગણકથિત આશ્ચર્યમયી ભવિષ્યવાણી છે, કલ્કિ ચરિત્ર પઠન કરવાથી રૂષિમંડળની બુદ્ધિશક્તિના ભવિષ્યના દેખાવના આશ્ચર્યથી પણ આશ્ચર્ય. અસંભવથી પણ અસંભવ સત્ય સમાચાર જાણવામાં આવે છે. કલ્કિ ચરિત્રના વાંચનથી સનાતન આર્યધર્મના પ્રાચીન ઇતિહાસ પ્રત્યક્ષ થાય છે તે ઉપરાંત વળી વૈદજ્ઞ બ્રાહ્મણોથી લઇ કલિયુગ સુધીના બ્રાહ્મણોની સમસ્ત જાતિયોની અને સમસ્ત આશ્રમોની ક્યાંસુધી અવનતિ થઇ તે સ્પષ્ટ જાણી શકાય છે. કલ્કિ ચરિત્ર યથાર્થ સનાતન હીંદુ ધર્મ શું છે એ શિખવે છે.

પ્રત્યેક કથા કરનાર વ્યાસજીઓ, સન્યાસીઓ, ધર્મ પ્રચારકો, તેમજ સનાતન હિંદુ ધર્માવલંબીઓ અને ધર્મ જીજ્ઞાસુ મુમુક્ષુજનોને તેની એક પ્રત ખાસ ખરીદવાનો આવશ્યકતા છે; પાકું પુંઠું ગ્લેજ કાગળ કિંમત રૂ. ૩ાા પોસ્ટેજ માફ.
